श्री दशवैकालिक सूत्र प्रारंभ

(मूल-अर्थ-भावार्थ सहित.)

प्रस्तावना.

माहारा वाहाला अने विवेकी सुज्ञ जैन बंधुओना हस्तकमलमां आ अत्युपयोगी उत्तम पुस्तक मूकतां मने अत्यंत आनंद प्राप्त थाय छे. आ सूत्र अद्यापि सुधी जेवुं जोइए तेवुं बहार नहो पडवाथी, ते विषे माराथी बनतो प्रयास करी, मारी अल्पमतिथी सुधारो वधारो करी वांचक वर्गने सुगम पडे तेम छपावी प्रसिद्ध करेल छे. आ सूत्रमां घणी जगाए मुनिराजना आचार विषे अधिकार वांचवामां आवशे, त्यां दिर्घदृष्टिथी तथा गंभीरताथी विचारवुं; तेमज गुरु गम्यथी धारवुं. परंतु एम न थवुं जोइए के अल्पदृष्टिथी अने स्वछंदपणाथी वांचीने पारकां छिद्र जोवामां तत्पर थवाय. तेम करवाथी तो जन्म मरणनो फेरो मटाडवाने बदले अनंत संसार उपराजन करी चतुरगति संसारने विषे परिभ्रमण करवुं पडशे. माटे आ पुस्तकने स्वच्छपणे (बत्रीस अ सज्झाय टालीने) यत्ना पुर्वक वांचीने विचार करवो के, अहो! तिर्थंकरदेवे मुनिमार्ग (मोक्षनो रस्तो) केवो न्यायपूर्वक बताव्यो छे! हे प्रभु! ए मार्गने हुं क्यारे धारण करीश, के जेथी मारा जन्म मरणनो फेरो मटे. आवी बुद्धिथी वांचवा जाणवाथी वांचेलुं जाणेलुं सफल थशे.

आ पुस्तकनी किम्मत रु. २-०-० राखवामां आवी छे, ते तेनी महेनतना प्रमाणमां घणी थोडी छे कारणके धर्मनुं कार्य छे. वली ते खाते मलेलो नफो पण धर्मखाते तेवाज उपयोगमां वापरवामां आवशे. छतां कदापि आ पुस्तकनी किम्मत खरचवाने कोइ माणस अशक्त होइ ते जाणवा-वांचवानी खाएश बतावशे तो तेवा माणसने उपगार निमित्ते कोइ व्रत पच्चख्खाणनी बंधणीथी मफत आपवामां आवशे.

आ पुस्तकना विषे छापवा-सुधारवामां हस्तदोष के दृष्टिदोषथी कांइ भूल चूक रही होय, ते पंडित

...ना सुधारो वांचवा तस्दी लेशे अने प्रसंगोपात मने लखी जणावशे एवी विनंती करवामां आवे छे.
आ पुस्तक उघाडे मूखे तथा दीवाने अजवाले वांचवुं नहि. ॥ तथास्तु ॥

दोशी. जीवराज घेलाभाइ.

अनुक्रमणिका.

७०१२

॥ ॐनमोवित्तरागाय ॥

॥ अथ ॥

॥ श्रीदशवैकालिकम् ॥

अर्थः—॥ दे० ॥ ॐनमः सिद्धं ॥ संसारमांहि धर्म ते सारपदार्थ छे ते नणी प्रथम धर्म कहेछे ध० श्री जिनधर्म्मश्रुत चारित्ररूप तथा धर्म दूरगति पमतां जीवने धरी राखें ते धर्म्म प्रदेसीराजानी परि मं० मंगलीक हितुवस्तुनो देनार हवे बीजो अर्थ मं० पांच प्रकारें मंगलीक कह्या शुद्धमंगलीक पुत्रादिकजन्म १ अशुद्धमंगलीक गृहादिक करावबा २ चमत्कारमंगलीक विवाहादिक ३ क्षीणमंगलीक धनादिकलान ४ सदामंगलीक छकायनी दया पालवीते उक्क० नत् कृष्टु मोटुं छे सर्वकालि महाविदेहादि केंहुइं ॥ ते धर्म किम नीपजे ते कहेछेः अ० सर्वछकायना जीवनी दया पालवी १ सं० सत्तरनेदें संजमनुं पालवुं २ त० बारेनेदें तपनुं करवुं ३ ए त्रिणप्रकारे धर्म नीपजे हवे ते धर्म्मनुं फल कहेछें ॥ दे० नवनपति वाणव्यंतर जोतिषी वैमानिक ए च्यार प्रकारना देवता वि० अपिशब्द थकी चक्रवर्तादिक तं० तेहनें नं० नमस्कार करेंछें ॥ ते धर्मी केहवाछे ज० जेह पुरुष स्त्रीनुं ध० धर्मने विषे स० सदाकालि म० मनहुइ तेहने १

मुलः—॥दं०॥ ॐनमः सिद्धं॥ धम्मो मंगल मुक्कठं। अहिंसा संजमो तवो
देवावि तं नमंसंति। जस्स धम्मे सया मणो॥ १ ॥

ભાવાર્થ—આ સંસારને વિષે સર્વ પદાર્થ કરતાં ધર્મ પદાર્થ તેજ સાર છે. ધર્મ એટલે શું? જીવને દુર્ગતી પડતાં ધરી રાખીને, સદ્‌ગતી પ્રાપ્ત કરે તેજ. હવે દુરગતિ પડતાં જીવને ધરી રાખે તે કીયો ધર્મ? જે જૈન ધર્મ તિર્થંકર માહારાજે, સુત્ર ધર્મ તથા ચારીત્ર ધર્મ રૂપ ભાંખી ગયેલ છે, તેજ ધર્મ. શિષ્ય-તે ધર્મ કેમ નીપજે? ગુરૂ-હે શિષ્ય તે ધર્મ ત્રણ પ્રકારે નીપજે તે કહું છું, પ્રથમ છકાયજીવની રક્ષા, એટલે સર્વે જીવની દયા પાળવી. ૧ બીજે ભેદે સત્તર પ્રકારે સંજમ, અથવા પાંચ ઈદ્રી કબજે રાખવી તે. ૨ ત્રીજે ભેદે બારે પ્રકારનો તપ, અથવા ત્રસનાનો ત્યાગ. ૩ એ ત્રણ પ્રકારે ધર્મ થાય. વળી તે ધર્મ કેવો છે? તોકે ઉત્કૃષ્ટ મંગળીક છે, તે મંગળીકના પાંચ ભેદ છે, તે કહે છે પ્રથમ શુધ્ય મંગળીક તે પુત્રાદિકનો જન્મ, ૧ અશુધ્ય મંગળીક તે ગ્રહાદીક નવાં કરાવવાં તે, ૨ ચમત્કાર મંગળીક તે વિવા પ્રમુખ, ૩ ક્ષીણ મંગળીક તે ધનાદીકની પ્રાપ્તી, ૪ સદા મંગળીક તે સર્વે જીવની દયા પાળવી તેને ઉત્કૃષ્ટુ મંગળીક કહ્યું છે. ૫ હવે શિષ્ય પુછે છે. હે સ્વામી તે મંગળીક ધર્મને અંગીકાર કરવાથી, કોઈ જીવોને દુર્ગતી પડતાં ધરી રાખ્યા હશે? ગુરૂ-હા, પ્રદેશી રાજા, અર્જુન માળી સંજતી રાજા વિગેરે ઘણા જીવો દુરગતિ જવાની તૈયારીમાં મોક્ષ દેવ લોકે ગયા. વળી શિષ્ય પુછે છે હે સ્વામી એવો ધર્મ કરનારને આ લોકને વિષે પ્રતક્ષ ફાયદો શું? ગુરૂ-જે સ્ત્રી પુરૂષનું હમેશાં ધર્મને વિષે મન છે, તે જીવોને ચાર જાતીના દેવતા અને ચક્રુવર્તિ બળદેવ વાસુદેવાદીક આવીને નમસ્કાર કરે છે. ॥૧॥

अर्थः—एहवा धर्मवंत साधू हुई तेहनें आहार लेवानी विधि देखाडे छें ज० जिम यथा दृष्टांत डु० वृक्षना पु० फुलनें विषे ॥ भ० भमरो चउरिंद्री जीव आ० मर्जादाइं थोडुं थोडुं त्रि० पीयें र० फूलनो रस परंते भमरो ॥

न०नउपजावें पु०ते फुलने कि०किलामना बाधा ॥ सो०तेभमरो य०च०पुनः वली पी०त्रप्ति संतोष पमामे अ० आपणा आत्मानें वृक्षसमान गामादिक १ फुलसमान गृहस्थ २ रससमान असनादिक ३ भमरसमान साधू ४ २

मुलः—जहा दुमस्स पुप्फेसु । भमरो आवियइ रसं ॥
नय पुप्फं किलामेइ । सोय पीणेइ अप्पयं ॥ २ ॥

ભાવાર્થ—શિષ્ય-ઉપર કહેલો સર્વથા પ્રકારે ધર્મ કોણ પાળી શકે? ગુરૂ-હે શિષ્ય તે ધર્મ તો સાધુજ પાળી શકે. શિષ્ય-સાધુને આહાર પ્રમુખ ક્રિયા કરવાની છે તેથી ગૃહસ્થિને કદાપી દુખ પેદા થાય તો તે ધર્મ કેમ નીપજે? ગુરૂ-હે શિષ્ય દ્રષ્ટાંતે કરી કહું છું તે સાંભળ, જેમકે વૃક્ષના પુષ્પને વિષે રસનો બીંદુઓ ઠરેલો હોય, તે ફુલને કીલામના ન ઉપજાવતાં ભમરો મર્યાદાએ એટલે અધરથી રસ પીએ, પણ વૃક્ષને તથા પુષ્પને પીડા ઉપજવા દે નહીં, હવે દ્રષ્ટાંતનુ સીધાંત કરે છે વૃક્ષ સમાન ગ્રામાદીક પુષ્પ સમાન ગ્રહસ્થ, રસ સમાન આહારાદીક, અને ભમરા સમાન સાધુ મુનીરાજ, તે આહારાદીક ગ્રહસ્થના ઘરેથી મર્યાદા પ્રમાણે લઈને, આપણા આત્માને સંતોષ પમાડે પણ ગ્રહસ્થને ટોટો પડે અગર તેને દુખ ઉપજે તેમ મુની આહારાદીક લીએ નહીં. ॥૨॥

अर्थः—ए०इमएणें प्रकारें स० साधु मु०मुंकाणा बाह्य अभ्यंतर परिग्रहथी ॥ जे०जेकोई लो०अढीद्वीप रूपलोकमांहि सं०छे सा०ज्ञानादिकें करी मोक्षनें साधेतेसाधू ॥ वि०जिमभमरो मा०आवे पु०घणा फुलनें विषें तिम साधु घणें गृहस्थनें घरें प्रवर्त्ते एक घर उपर नरहें भमरो तो अणदीधुं पणि लीइं अने साधु केहवा छे ॥ दा०दातारनूं दीधुं भ०भातपाणी स०४२ दोष रहित लेवानें विषें र०राताछे ३

मुलः—एमेए समणा मुत्ता । जे लोए संति साहूणो ॥
विहंगमाव पुप्फेसु । दाणनत्तेसणे रया ॥ ३ ॥

ભાવાર્થ—શિષ્ય—ઉપર કહેલા મુનીરાજ કયાં છે? અને તે કેવા ગુણના ધરણુહાર હોય, તેને સાધુ કહીએ? ગુરૂ-તે મુનીરાજ અઢીદ્વીપ રૂપ લોકને વિષે છે, તે મુનીરાજ કેહવા છે, તોકે બાહ્યને અભ્યંતર પરીગ્રહથી મુંકાણા છે, એટલે બાહ્ય તો પૈસાદીકનો ત્યાગ છે, અને અભ્યંતર ક્રોધાદીકનો ત્યાગ છે, અને જ્ઞાનાદીકે કરી મોક્ષને સાધે તેને સાધુ કહીએ. શિષ્ય-તે સાધુને ભમરાની ઉપમાં કેમ દીધી? ગુરૂ-જેમ ભમરો ઘણા પુષ્પને વિષે આવે પણ એક પુષ્પપર તે બેસી રહે નહીં, તેમ સાધુ મુનીરાજ ઘણા ગ્રહસ્થના ઘરને વિષે જાય, પણ એક ઘરનો આશ્રય કરી રહે નહીં, વળી ભમરો તો અણદીધુ પણ લીએ છે, કારણ કે વૃક્ષ પોતાના પુષ્પનો રસ ભમરાને આપતું નથી, ને પોતાની મેળેજ તે રસ પીએ છે, પણ સાધુ તો ગ્રહસ્થે જે આપેલું હોય, તે પણ બેંતાળીસ દોષ રહિત હોય તેજ ગ્રહણ કરે છે. ॥૩॥

अर्थः—सिष्यें कह्युं.व०अम्हे वि०एहवी आहारनी व्रति ल०लहिस्युं॥ न०नही थाइको०कोई प्रथीव्यादिक जीवनी उ०हिंस्यारूपतिम ॥ अ०गृहस्थें आपणा वेटादिकनें निमत्तें ग०रांध्युंछे तेहने विषे री०विचरस्युं॥ पु०फुलनेविषें न०नमरो ज०जिमजाइतिम ४

मुलः—वयंच वित्तिं लप्नामो । नय कोई उवहम्मई ॥
अहागडे सु रीयंते । पुप्फेसु नमरा जहा ॥ ४ ॥

ભાવાર્થ—ઉપર કહેલા ગુરૂના વાકય સાંભળી શિષ્ય ગુરૂ પ્રત્યે આ પ્રમાણે કહેતો હવો, જેમ પુષ્પને વિષે ભમરો જાય પણ પુષ્પને કીલામના ન ઉપજાવે તે પ્રમાણે ગ્રહસ્થીયે પોતાના નીમીતે, આહારાદીક કરેલ હશે તેને વિષે પૃથીવ્યાદીક છકાયજીવની વિરાધના નહીં થાય, તેમ અમે પણ આહારની વૃતીએ વિચરીશું. ॥૪॥

अर्थः—म०भमरसरीखा वु०नवतत्वना जाण साधु जे०जेकोई भ०हुइ अथवा भमे छे अ०कुलादिकनी निश्रा प्रतिबंध रहित विचरे ॥ ना०घणा घरनुं थोडुं थोडुं पिं०आहारनेविषे र०राता दं०इंद्रीनो दमणहार॥ ते०तेहने. वु०कहीयें सा०साधु ॥ ति०सुधर्मस्वामी इं जंबूस्वामी प्रति कह्युं ५

मुलः—महुकारसमा वुद्या । जे भवंति अणिस्सिया ॥
नाणापिंडरया दंता । तेण वुच्चंति साहूणो त्तिबेमि ॥ ५ ॥

ભાવાર્થ—શિષ્ય-સાધુ કોને કહીએ? ગુરૂ-ભમરાની પેરે ઘણા ઘરના થોડા થોડા આહારને વિષે રક્ત અને પાંચ ઇંદ્રીઓના દમણહાર, કુળાદીકની નીશ્રાને પ્રતીબંધપણે કરી રહીત વિચરે તેને સાધુ કહીએ. ॥૫॥

अर्थः—इ०एहवा साधु निर्दोष भात पाणीनः लेणहार तेहनें ब्रह्मचर्य पालवुं ते ऊपरि रहेनेमीनो अधिकार बीजे अध्ययने कहीयें छें १

॥ इति श्री द्रुम्म पुप्फिय नामं पढमंऽज्झयणं सम्मत्तं ॥ १ ॥

ए श्री द्रुमपुप्फियाना पेहेलुं अध्ययन संपूर्ण.

ભાવાર્થ—એ પ્રકારે સુધર્મા સ્વામીએ પોતા જંબુ સ્વામી નામના સિષ્યને કહ્યું, ઉપર કહેલા નિર્દોષ આહાર પાણીના લેવા વાળા સાધુને નિશ્ચળપણે બ્રહ્મચર્ય રાખવું, તે ઉપર બાવીસમા તીર્થંકર નેમનાથ ભગવાનના, નાના ભાઈ રહેનેમી સંજમ લઈ ગીરનાર પર્વતની ગુફામાં ધ્યા ધરી રહેલા, ત્યાં રાજેમતીને નગ્ન મુંદ્રા દેખી બ્રહ્મચર્યથી ક્ષોભના પામતાં, રાજેમતી એ બોધ કરી બ્રહ્મચર્યમાં થીર કર્યા. તેનું ઉદાહરણ આ બીજા અધ્યયનમાં કહીએ છીએ.

अर्थः—कु०इतिवितर्के क०किम कु०पालइ मा०चारित्र साधु ॥ जो०जे शब्दादिक का०कामभोग न०त्यजइ नही इहां हेतु कहेछे ॥ प०ते पुरुष संमने विषे पगले पगले वि०सीदाइ ॥ सं०पाडुआ अध्यवसायने व०वसइं ग०पुहतउ थको ॥ १ ॥

मूलः—कहन्नु कुज्जा सामन्नं । जो कामे न निवारए ॥ पएपए विसीयंतो । संकप्पस्स वसं गउ ॥ १ ॥

ગા. ૧ (ભાવાર્થ) શિષ્ય—સાધુ ચારિત્ર કેમ પાળે? ગુરૂ-સંજમ લઇને શબ્દાદિક પાંચ ઈંદ્રીયોના વિષય ભોગની ભુંડી વાંછનાને નિવારે, અને જો તે ન નિવારે તો તે પુરૂ પગલે પગલે સિદાય (દુખી થાય), અને સંકલ્પ વિકલ્પને વસે પોહોચે. ॥૧॥

अर्थः—व०वस्त्र पट्टकुलादिक चीनदेशना आदि १ गं०सुगंध कपूर कोष्ठ पुडादिक २ म०मुगटादिक अलंकार ३ ॥ इ०स्त्रीयादिक ४ स०पलंगादिक ५ च शब्दथी आसनादिक ६ ॥ अ०रोगादिक कारणथी आपणी इछाविना तथा पोताने वश नथी जे०जे कोइ मनुष्य न०भोगवतापिणनथी ॥ से०ते पुरुषने चा०त्यागी एहवो

वु०नकहीइं. इहां चाणाक्य मेहेंतानी कथा जाणवी ॥ २ ॥

मुल:—वछ गंध मलंकारं । इछिउ सयणाणिय ॥
अछंदा जे न भुजंति । न से चाइत्ति वुच्चइ ॥ २ ॥

ગા. ૨ (ભાવાર્થ) રોગાદીક કારણથી તથા દરિદ્રપણાથી ચીન દેશ પ્રમુખના પટ કુળાદીક વસ્ત્ર, કૃસ્નાગર કસ્તુરી અત્તર પ્રમુખ સુગંધી પદાર્થ, મુગટાદિક આભરણ અલંકાર, સ્રીયાદીક પલગાદીક આસન, એટલા પદાર્થ પોતાની પાસે નથી, તેમ તે પદાર્થને ભોગવતો પણ નથી, અને રાગાદિકે કરી તે પદાર્થને ભોગવવાની ઈચ્છા કરે. ને તેની પ્રીતી રાખે તો, તેહવા પુરૂષને ત્યાગી ન કહીએ, (અર્થાંત્) ભોગીજ કહીએ. ઈંહા ચાણુંકય મેહેતાની કથા જાણવી. ॥૨॥

अर्थ—जे०हवे जे पुरुष त्यागी हुइ ते कहेछे जे०जे कोइ कं०सोज्ञाइ मान पी०वाहालामनने प्रियकारीया ज्ञो० शब्दादिक ज्ञोग ॥ ल०पाम्या वि०विविध प्रकारें शुन्नभावनाइं करो ॥ पिठि०(उफराठां) ठांम्नुं कु० करें सा०स्वाधिन पोताना वस्य हुता च०तेने त्यजें ठांमें ज्ञो०शब्दादिक ज्ञोग ॥ से०ते पुरुष हु०निश्चे चा०त्यागी वु०कहीइं मेघकुमारनो परे एहवुं सांज्ञली शिष्यें पुछयुं स्वामी जे कोइ छतीरोधी ठांमे तेहनेज त्यागी कहीइं बीजाने स्युं न कहीयें तिवारे गुरु उत्तर कहे छे जे कोइ दरीद्री थको स्त्री उदक अग्नि ए त्रिणिवानां छांमी दिक्षा लें तेहनें पण त्यागी कहीयें जेह नणी स्त्री उदक अग्नि लोकनें विषें छांडतां अति दुःकरछें ॥ ३ ॥

मुल:—जे य कंते पीए ज्ञोए । लद्धे विप्पिठि कुव्वइ ॥
साहीणे चयइ ज्ञोए । से हु चाइत्ति वुच्चइ ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—શિષ્ય—ત્યારે ત્યાગી પુરૂષ કોને કહીએ ? ગુરૂ–જે પુરૂષને શબ્દાદીક પાંચ ઈંદ્રીઓના કામ ભોગ મનને પ્રીયકારી (વાલ્હા છે), અને તે કામ ભોગ પોતાના વશમાં છે, મતલબ કે પોતાના સ્વાધીનમાં છે, અને તે કામ
૪ ॥ ભોગને છાંડે. તો તે પુરૂષને નિશ્ચે ત્યાગી કહીએ. તિવારે શિષ્યે પુછ્યું કે હે, સ્વામી, જે કોઈ છતી રીધી છાંડે તેહનેજ ત્યાગી કહીએ, બીજાને શું ન કહીએ ? તિવારે ગુરૂ કહે છે, જે કોઈ દરિદ્રી થકો સ્ત્રી, કાચું પાણી, અને અગ્નિ, એ ત્રણ વાના છાંડીને દિક્ષા લીએ, તો તેહને પણ ત્યાગી કહીએ. કેમકે સ્ત્રી, કાચું પાણી, અને અગ્નિ એ ત્રણ વાના છાંડવા ઘણાંજ દુક્કર છે. ॥૩॥

अर्थ–स०ते त्यागी समता संजमनें विषें परि०विचरतां थकां पे०स्त्रीयादिक देखीने ॥ सि०कदाचित् म० मन नि०नीकलें व०संजम थकी वाहिर एतले स्त्रीयादिक ऊपरि चित्त जाइं तिवारें एहवुं चीतवें ॥ सा०ते स्त्री मे०माहरी न०नही अने नो०नथो अ०हुंपणि तो०तेहनो ॥ इ०इम चिंतवीने ता०ते स्त्रीउ परिथकी वि० फेमे निवर्त्तावे रा०राग स्नेहरूप ४ हवे जेणे उपायें संजम थकी मन वाहिर न निसरें ते कहेते ॥ ४ ॥

मुलः–समाइ पेहाए परि व्वयंतो । सिया मणो निसरई वहिद्धा ॥
न सा महं नोवि अहंपि तीसे । इच्चेवताउ विणइद्य रागं ॥४॥

ગા. ૪ (ભાવાર્થ) શિષ્ય—સ્ત્રીયાદીક દેખીને સાધુનું મન સંજમથી બાહીર જાય તો શું કરવું ? ગુરૂ–તે ત્યાગી પુરૂષને સંજમને વિષે સમતા પરિણામે વિચરતાં સ્ત્રીયાદીક દેખીને, કદાચિત્ સંજમથી મન બાહીર જાય તો એમ ॥ ૪ ॥
ચિંતવે જે એ સ્ત્રીયાદિક માહારી નથી, અને હું તે સ્ત્રીનો નથી, એમ ચિંતવી સ્ત્રી ઉપરથી સ્નેહ રાગ નિવારે, તેમ છતાં જો સંજમથી મન બાહીર જાય તો, આ પાંચમી ગાથામાં કહ્યા પ્રમાણે કરવું. ॥૪॥

अर्थ-आ०तम्के आतापना लें अणोदरी करें च०गांमे सो०सुकुमालपणुं ॥ का०शब्दादिक कामजोग क०अतिकम्यें गांमे क०तो तेणे अतिकम्यां गांड्यां ड०डुःख जे जणी दुखनो उपजावण हार कामजोगज छें खु०निश्चें ॥ छिं०छेदें दो०द्वेषनें अप्रीतिरुप वि०निवर्त्तावे टालें रा०स्नेहरूप रागनें इम करतां ॥ ए०इम सु०सुखी हो०थाइस सं०संसारनें विषें एटलें ए पांच गाथाइं समचें उपदेश कह्यो हवे मन ठाम राखवाने हेते रहेनेमी राजेमतीनुं दृष्टांत कहेछें ॥ ५ ॥

मुलः—आयावयाही चय सोगमल्लं । कामेकमाही किमियंखू डुक्खं ॥
छिंदाहिं दोसं विणइज्ज रागं । एवं सुही होहिसि संपराए ॥ ५ ॥

ગા. ૫ (ભાવાર્થ) શરીરનું સુકુમાળપણું છાંડી તડકાની આતાપના લિએ, ઉણોદરી પ્રમુખ બાર પ્રકારે તપ કરે (મતલબ કે) આહાર કરવામાં કમતી કરતા જાય, ને ક્ષુદ્ધા સહન કરે એમ કરવાથી શબ્દાદિક કામ ભોગ, અને તેનાથી ઉત્પન્ન થતાં રાગ દ્વેષથી દુઃખો નિવર્તાવે, કે જેથી સંસારને વિષે જીવ સુખી થાય. ॥૫॥

ए पांच गाथाये करिने गुरुये शिष्यने, समुचे उपदेश कह्यो. वली वधारे मनठाम राखवाने माटे इहां राजेमतीनें रहनेमीनो कथा कहे छे.

सोरठदेशनें विषे, बारजोजनलांबी नें नवजोजनपहोली. स्वर्गपुरी सरिखी, द्वारकांनामनीनगरीनें विषें, छपन्नकोटो जादव सहित श्रीकृष्णजी राज्य करता हता. तेमना पिताना मोटाभाइ; समुद्रविजय तेहनी सिवादेवी नामनी राणीनो पुत्र, नेमिनाथ जगवान. तेहनुं, उग्रसेन राजानी, धारणीनामनी राणीनो, अत्यंत.

॥ ९ ॥ विजळीना झबकारा जेवो, स्वरुपवान, राजेमती नामनी पुत्रीनी साथे सगपण कर्युं. तेहने श्रावण शुदि छठना दिवसे शुभमुहुर्ते मोटा आडंबरथी, परणवा, तोरणे आव्या, उग्रसेन राजाये, जानैयानें गौरव देवाने माटे, घणां पशू पक्षीनें, पांजरानें विषे पुरेलां, तेहनें जोइनें, नेमनाथभगवान, विचारवा लाग्याके, अहो ! एक स्त्रीने परणता हजारो जीवोनो घात थशे, तो तेथी परणवुं श्रेष्ट नथी, एम चिंतवी, ते जीवोनें, पांजरामांथी छोडावीने, रस्तामांथीज, परण्याविना पाछा वळी, घेर जइने, वरसी दान देइ, एकहजार पुरुष संघाते दिक्षा लिधी. तेवार पछी राजेमती पण. पतिना वियोगथी, वैराग्य पांमीने सातसें सखीयोनी संघाते, दिक्षा लइ, नेंमनाथभगवाननें गीरनार पर्वते वंदणा नमस्कार करवा जतां, रस्तामां, मेघवृष्टिथी भिंजायेली राजेमती, गुफामां जइ, नें ते, तमाम वस्त्रो उतारिने सुकववा लागी. त्यां नेमनाथ भगवानना, रहेनेमी नानाभाइ, दिक्षा लइ, काउसग्ग ध्यानें रहेला, तेमणें ते राजेमतीनें, नग्नमुद्रा जोइने, विषयथी व्याकुळ चित थका, राजेमतीने, आ प्रमाणें, कहेवा लाग्या, के, हे सुंदरी! आवो संसारनां सुख भोगविये. अने भुक्त भोगी थइ अंत्ये दिक्षा लेशुं. एवुं रहेनेमीनुं वचन सांभलीनें, राजेमती, आ छठी गाथामां कया प्रमाणे कहेवा लागी.

अर्थ–प० पर्मे ज० जाजल्यमान बलती जो० अग्निमांहि ते अग्नि केहवी छे ॥ धू० धूमाम्रो के० चिन्हछे जे हनें दु० खमतां दोहिली जीवने एहवी अग्निमांहे पर्मे परं ॥ नि० नवां छें वं० वम्योविष भु० भोगववो पाछो लेवो ॥ अ० अगंधन कु० कुलना जा० ऊपना सर्प्प बले पण विष न लें ते माटे राजेमती रहेनेमी प्रति कहे छे जो तिर्यंच थका एहवा धैर्यवंत हुइ तो आपण मनुष्य जिनवचनना जाण छतां ए विषय दारुण दूखनां देणहार जाणी वम्यां ने वली भोगवावां छे ए तुजने जुगतुं नथो इति भाव ॥ ६ ॥ ॥ ९ ॥

मुल—पखंदे जलियं जोइं । धूमकेउं डरासयं ॥
निछंति वंतयं नुत्तं । कुले जाया अगंधणे ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—હે રહેનેમી ધુમાડે કરિને રહીત જાજ્વળમાં ન ખમતાં દુક્કર એવી અગ્નિને વિષે અગંધન કુળના સર્પ બળી મરે પણ પોતાનું વમેલું વિષ પાછું લિયે નહી.

ઈંહા રાજપુત્રની કથા—વસંતપુર નગરને વિષે, જીત શત્રુ નામનો રાજા રાજ કરતો હતો, તેને વૃદ્ધાવસ્થાને વિષે પુત્ર થયો, ને તેની જન્મોતરી કરાવી તો, નવમે વર્ષે સર્પઘાત છે એ ઘાતથી જો ઉગરે તો, ઘણા વર્ષ સુધી જીવે, એમ જોષીનાં વચન સાંભળી રાજાએ એક સ્થંભવાળો મેહેલ બનાવી, તેમાં જત્ના પૂર્વક તે પુત્રને રાખી, કળાથી ખાન પાનાદીક પહોંચે તેમ ગોઠવણુ કરી, વળી પાંચસેંહ ગારૂડી પણ તેના રખોપાને માટે રાખ્યા. કીયાંય પણ કીડી સંચરે તેટલી જગ્યા તે મેહેલની અંદર રાખી નહીં, એમ કરતાં નવમે વર્ષે, અગંધન કુળનો સર્પ કે જે સર્પના નવ કુળ છે, તેમના તે શ્રેષ્ટ કુળવાળો, તે આકાશ માર્ગે ઉડી આવીને તે રાજપુત્રને ડંખ દઈ આકાશ માર્ગે ચાલ્યો ગયો. કે તરતજ રાજપુત્રે સર્પે ડંખ દીધાની વાત ગારૂડીને કહેવાથી, ગારૂડીએ એક તર્ફ જાજ્વળમાન અગ્નિનો કુંડ ધીખાવીને મુકયો, ને બીજી તર્ફ દુધનો કુંડ ભરીને મંત્ર જપવા લાગ્યા. તેથી ત્યાં આઠ કુળના સર્પ આવ્યા, તે દરેકને પુછ્યું કે તમે રાજપુત્રને ડંખ દીધો છે? જો દીધો હોય તો તે વિષ પાછું લઈ, આ દુધ પીઈને ચાલ્યા જાઓ, તે સાંભળી આઠ કુળના સર્પોએ કહ્યું કે અમોએ ડંખ દીધો નથી, તેથી તે દુધ પીઈને ચાલ્યા ગયા. અને નવમો અગંધનકુળનો સર્પ મંત્રના જોરથી આવ્યો તો ખરો? પણ તેને પુછતાં કહ્યું કે મે ડંખ દીધો છે, તે વારે ગારૂડીએ તે વિષ ચુસી લેવાનું કહ્યું, તે વારે સર્પ કહેવા લાગ્યો કે અમારા કુળના સર્પો કોઈને ડંખ દીએ નહીં, અને જો ડંખ દીએ તો ગંધન કુળના સર્પ ઝેર પાછું લીએ તેમ અમે ઝેર પાછું લઈએ નહીં, તે વારે ગારૂડીએ કહ્યું કે જો વિષ પાછું ન લીએ તો, આ અગ્નિના કુંડમાં પડવું પડશે. તે સાંભળી સર્પ ઘુંચળુ વળીને તે

અગ્નિના કુંડમાં પડવા લાગ્યો, ત્યારે ગારૂડીએ તેને કહ્યું કે રાજાને એક પુત્ર હોવાથી નિરવંસી થાય છે, તે વારે સર્પ કહે કે રાજા નિરવંસી થાય તો ભલે, પણ મારા કુળની રીતી વિષ પાછું લેવાની નથી, એમ કહી પોતે અગ્નિમાં બળી મુવો, પણ વમેલું વિષ પાછું લીધું નહીં.

તે પ્રમાણે રાજેમતીએ રહેનેમીને કહ્યું, કે જુઓ તીર્યંચ સરીખા અજ્ઞાની સર્પ પણ, પોતે ધૈર્યવંત થઈ અગ્નિમાં બળી મરે પણ પોતાનું વમેલું વિષ પાછું લીએ નહીં, તો આપણે મનુષ જીન વચનના જાણ છતાં એ વિષયાદિક કામ ભોગ દારૂણ (ભયંકર) દુઃખના આપનાર જાણીને, વમેલા ભોગને ભોગવવાને તું ઈચ્છે છે એ તુજને યુક્ત નથી. ॥ ૬ ॥

अर्थ—वली राजेमती कहेछे धि०धिकारहो ते०ताहरा पुरुषपणा माहि ज०हे अपजसना का०अभिलाषी ॥ जो०जे भणी तं०तुं जो०असंजम जीवतव्यनें का०कारणें हेतें ॥ वं०भगवंत नेमनाथें हुं वमी इ०तुं वांछेछे एहवाणी पीवुं भोगववुं विषयनुं अथवा व०भगवंतनी साखें हुं परिहरी अनें वली तुं आ०भोगववा इ०वांछेछे से० भलुंछे ते०तुजनें म०मरवुं भ०हुइ पिण अकार्य सेववो रुडो नही ॥ ७ ॥

मुल—धिरत्थुते ऽजसो कामी । जो तं जीविय कारणा ॥
वंतं इच्छसि आवेउं । सेयं ते मरणं भवे ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—વળી રાજેમતી રહેનેમીને કહે છે, હે રહેનેમી? તું અસંજમ જીવતવ્યને માટે વમ્યા ભોગને ભોગવવા ઈચ્છે છે, તેથી હે? અપજશના અભીલાષી? તુજને ધીક્કાર હો? કે જે નેમનાથ ભગવાને મુજને વમી તેને તું ભોગવવા ઈચ્છે છે? તેથી તુજને મરણ શ્રેષ્ટ હોય? પણ વમ્યા ભોગ ભોગવવા રૂપ અકાર્ય સેવવું, તુજને લાયક ન હોય? સાથી કે આપણા કુળ સામું જુવો. તે કેવું ઉત્તમ છે? ॥૭॥

अर्थ–अ० हुं भो० भोजगराजानी पौत्री उग्रसेननी बेटी छुं तं० अनें तुं पिण छे अ० अंधग विष्णु समुद्रविजय॥ नो पुत्र एहवां प्रधान कुल जाणी ॥ मा० रखे कु० गंधन कुलना सर्प्प सरीखो हो० महोश्स तुजनें वारुछुं ए दृष्टांत जाणी ॥ सं० संजमनें विषें नि० अडोल मनपणें च० चालि विचर ॥ ८ ॥

मुल–अहं च भोगरायस्स । तं चऽसि अंधगवण्हिणो ॥
मा कुले गंधणा होमो । संजमं निहुअं चरं ॥ ८ ॥

गा. ८ ભાવાર્થ—હું ભોજગ રાજાની પૌત્રી, અને ઉગ્રસેન રાજાની દીકરી છું, અને તું પણ અંધગ વિશ્નુનો પૌત્રોને સમુદ્ર વિજય રાજાનો દીકરો છે, એવા આપણા પ્રધાન કુળ જાણી રખે? ગંધન કુળના સર્પ સરીખું થવાય? માટે તુજને વારૂ છું કે ગંધન કુળના સર્પ સરીખો થઈસ નહીં, અને સંજમને વિષે અડોળપણે વિચરજે. ॥૮॥

अर्थ–ज० जो तं० तुं का० करिस भा० एहवो भाव मननो परिणाम भोगनी वांछारूप ॥ जा० जेजे ग्रामादिकनें विषे दि० देखोस ना० स्त्रीनें हवें दृष्टांत कहें छें ॥ वा० वायरानुं हण्युं वि० अबंद्धमूल जेम ह० हृम नामा वृक्ष समुद्र मांहि पमे तिम ॥ अ० प्रमादरूप वायरे हण्युं थकुं अनें संजम गुणें करि अबंद्धमूल जो अस्थिर अ० आत्मातुं करिस भवि० तो संसारसमुद्र मांहि पमिस ॥ ९ ॥

मुल–जइत्तं काहि सिभावं । जाजादिछसिनारीउ ॥
वाया विद्धुव्व हडो ॥ अछि अप्पा भविस्ससि ॥ ९ ॥

ગા. ૯ ભાવાર્થ—વળી રાજેમતી કહે છે, હે રહેનેમી ? જો તું સંજમને વિષે આવાં અસ્થિર પ્રણામ રાખીસ, ને વિષયના પ્રણામ રાખીસ તો તું હડનામા વૃક્ષની પેરે દુઃખી થઇસિ, જેમ હડનામા વૃક્ષ સમુદ્રને કીનારે હોય છે તેનું મુળ બરાબર મજબૂત હોતું નથી, અને માથે ભાર ઘણો હોય છે અને સમુદ્રને કીનારે પવનનું જોર ઘણું હોવાથી તે વૃક્ષ ઉખડીને સમુદ્રમાં પડે અને ત્યાં હેરાફેરા કર્યા કરે, તેમ તે પણ સંજમરૂપી ભાર ઘણો લીધો છે. અને વૈરાગ રૂપી મુળ મજબુત નહીં હોવાથી જે જે ગ્રામાદીકને વિષે જઇસિ, ત્યાંહા સ્ત્રીઓને દેખવાથી, મોહરૂપી પવનના જોરથી સંસાર સમુદ્રમાં પડીસ, અને જન્મ મરણ રૂપી હેરાફેરા કર્યા કરીસ. ॥૯॥

अर्थ—ती० ते राजीमतीनां मो० रहनेमीइं व० एहवां वचन सु० सांभल्यां केहवां ते वचन ॥ सं० साधवीइं कह्यां सु० संवेग कारियां श्रेष्टि कारियां ॥ ज० जिम अं० अंकुसें करी ना० हस्तीनें जातो राख्यो थंभनें विषें बांध्यो माहोते तिम राजेमती रूपीयो माहोत रहनेमी रूपीयो हस्ती भगवंतना वचनरूप अंकुस तेणे करी असंजमने विषें पडतो राख्यो ॥ ध० धर्मरूप स्थंभ तिहां आंणीनें प० बांध्यो ॥ १० ॥

मुलः—तीसे सो वयणं सुच्चा । संजयाइं सुभासियं ॥
अंकुसेण जहा नागो । धम्मे सं पडिवाईत ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—તે રહેનેમીએ રાજેમતી સાધ્વીના શ્રેષ્ટકારી વૈરાગ્યમય વચન સાંભળવાથી, જેમ ઉન્મત્ત હાથી ઉવટ રસ્તે જતો હોય તેને માહાવત અંકુસથી વશ કરીને, સ્થંભને વિષે બાંધે તેમ રહેનેમી રૂપી ઉન્મત્ત હાથી, અને રાજેમતી રૂપ માહાવત, ને ભગવંતના વચન રૂપ અંકુસે કરીને અસંજમ રૂપ ઉવટ માર્ગે જતો રાખીને, ધર્મ રૂપી સ્થંભને વિષે લાવીને બાંધ્યો. ॥૧૦॥

अर्थ–ए०ए दृष्टांत कह्या हवे उपदेश कहेछे ए०इणें प्रकारें क०करें कुण सं०सामान्यथी बुद्धिवंत तत्वना जाण ॥ पं०पंडित वम्या जोग सर्व तेह दोषना जाण प०पापथी बीहीने वि०निवर्त्ते ॥ जो०कामजोग थकी ॥ ज०जिम से०ते रहनेमी पु०पुरुष मांहि उत्त०उत्तम हुउ राजमती रहनेमी मोक्ष पहुतां शिष्य कहे तेहनो स्यो पुरुषोत्तमपणुं जे चारित्र लेइ एहवा अजिलाष करे गुरु कहेछे मन चल्युं अने वलो मननें समजावी संजमने विषें रह्या तें पुरुषोत्तमपणुं जाणवुं ॥ ११ ॥

मूलः–एवं करंति संबुद्धा । पंडिया पवियख्कणा ॥
विणियट्टंति जोगेसु । जहा से पुरिसुत्तमो त्तिबेमि ॥११॥

ગા. ૧૧ એ રાજેમતીને રહેનેમીનું દ્રષ્ટાંત કહ્યું, હવે ઉપદેશ કહે છે.

જેમ રહેનેમી વિષય ભોગથી નિવર્તવાથી પુરૂષ માંહી ઉત્તમ થઈ મોક્ષને વિષે પહોંત્યા, ને રાજેમતી પણ મોક્ષે ગયાં. તેમ તત્વના જાણ અતિ વીચિક્ષણ પંડીત સાધુ પાપથી ડરીને, પોતાના આત્માને વિષય ભોગથી નીવર્તાવે.

હવે શિષ્ય પુછે છે હે સ્વામી. કોઈ પુરૂષ ચારિત્ર લઇને રહેનેમીની પેરે વિષય ભોગની ઈચ્છા કરે, તેહને શું? પુરૂષોત્તમપણું કહીએ? ગુરૂ–હે સિષ્ય પોતાનું મન ચળાય માન થયુ, ને વળી તે દુષ્ટ મનને સમજાવીને, સંજમને વિષે સ્થીર થાય તેને પુરૂષોત્તમપણું કહીએ. ॥૧૧॥

एह बीजे अध्ययने धीर्य कह्युं ते धीर्य आचारनें विषें करवुं ते जणी खलुका चारनामा त्रीजुं अध्ययन कहेछे इ०ए सामान्न पुब्विंयं ना०नामे बीयं०बीजुं अ०अध्ययन स०संपूर्ण थयुं ॥ २ ॥

॥ इति श्री सामान्नपुव्वियंनामंद्वीतीयअझयणंसम्मत्तं ॥ २ ॥ श्री ॥

એ પ્રમાણે સુધર્મા સ્વામીએ પોતાના જંબુ સ્વામી નામના શિષ્યને બીજા અધ્યયનનું ઉદાહરણ કહ્યું, ॥૨॥ એ બીજા અધ્યયનને વિષે સંજમને વિષે ધૈર્યપણું કહ્યું, તે ધૈર્યપણું આચારને વિષે પણ કરવું. તેને માટે આ ત્રીજા અધ્યયનમાં સાધુનો આચાર બતાવે છે.

अर्थ—सं०संजमचारित्रनें विषें सु०अतिहो रुमोपरें ठि०सिद्धांतनें अनुसारे रह्यो छे अ०आत्मा जेहनो ॥ वि०अभ्यंतर बाह्य परिग्रहथी मु०मूकाणा ता०छकायनारषपाल अथवा आत्मानारषपाल स्वयंबुद्ध प्रत्येक बुद्धादिक उपदेश देइ परने तारे तीर्थंकर विहनारषपाल उपदेश देइ परने पणि राखें अने आपण पणीतरे ॥ नि०निग्रंथ म०मोटा ऋषिश्वर ते०तेहनां मे०ए आगलि कहीस्यें अणा०अणाचीर्ण ५२ जे साधुने आचरवा जोग्य नही ते अनाचीर्ण कहीइं तथा उश्यरंग मार्गें आचरवां नही ते कहे छे ॥ १ ॥

मुलः—संजमे सुठि अप्पाणं । विप्प मुक्काण ताइणं ॥
तेसिं मेय मणाइन्नं । निग्गंथाणं महेसिणं ॥ १ ॥

ગા. ૧ ભાવાર્થ—સતરે ભેદે સંજમને વિષે જેણે પોતાનો આત્મા રૂડી પેરે સ્થાપ્યો છે, અને બાહ્ય અભ્યંતર પરિગ્રહથી મુંકાણા છે, ને છકાય જીવની રક્ષાના કરણહાર છે, અથવા પોતાના આત્માનું રક્ષણ કરનાર છે, તે સ્વંય બુધ તથા પ્રતેક બુધ (પ્રત્યેક બુધ એટલે કોઈ પણ પ્રકારનો પદાર્થ દેખવાથી સમજે જેમકે કરકંડું બેલને દેખીને

નમી રાજા ચુડીને દેખીને, સમજ્યા તેમ સમજે તેને પ્રત્યેક બુધ કહીએ.) અને સ્વયં બુધ તે પોતાની મેળે સમજે, એવા તિર્થંકર માહારાજ તે પોતાના આત્માને તથા પરના આત્માને ઉપદેશ દઈ બંનેનું રક્ષણ કરે, એવા પરિગ્રહનિ ગાંઠ રહીત મોહોટા રૂષિશ્વર, તેહને બાવન અનાચીર્ણ આચરવા નહીં. (અનાચીર્ણ એટલે તે બાવન બોલ અંગીકાર કરવા નહીં) તે આ બીજી ગાથમાં કહે છે. ॥૧॥

अर्थ—उ०साधुनिमिते आरंभ करी रांधु ते लेवुं ते अनाचीर्ण १. की०साधु अर्थि वेचातु लीधुं ते २ ॥ नि०आमंत्रण देई नित्य मत्यें माहरे घरिथी आटलूं एक वहोरो ३ अ०गामादिक थकी साधु निमित्तें आणी देइ ते ४ ॥ रा० रात्रिभोजन करे ५ सि०देशथो सर्वथी स्नान करे ते ६ ॥ गं०कोष्ट पुष्पादिक सूधें ७ म०फूलनी मालादिकनुं पहिरवुं ८ वि०वोजणादिकें वाय नांषवोए ॥ २ ॥

मुलः—उद्देसियं कीयगडं । नियागं अभिहडाणि य ॥
राइ भत्ते सिणाणेय । गंध मल्ले य वियणे ॥ २ ॥

ગા. ૨ ભાવાર્થ—સાધુને અર્થે રાંધીને આપે ને તે લીયે તો અનાચીર્ણ દોષ ૧ સાધુને અર્થે આહાર પ્રમુખ વેચાતું લઇને આપે ને તે લિયે તો અનાચીર્ણ દોષ ૨ સાધુને નોતરૂં દઇને કહે કે નિત્ય પ્રત્યેક માહરે ઘેરથી આટલું અમુક પદાર્થ વોહોરોને તે લીયે તો અનાચીર્ણ દોષ ૩ આહાર પ્રમુખ ગ્રામાદીકથી સાધુને અર્થે લાવી આપે ને તે લિયે તો દોષ ૪ રાત્રિ ભોજન કરે તો દોષ ૫ સ્નાન કરે તો દોષ ૬ અત્તર પુલેલ પ્રમુખ સુગંધી વિના કારણે શરિરે ચોપડે તો દોષ ૭ પુષ્પાદિકની માળા પેહેરે તો દોષ ૮ વિંઝનાદીકે પવન નાખે તો દોષ ૯ ॥૨॥

अर्थ–सं०घी गुलादिकनो संचय करवो १० गि०गृहस्थनें नाजनें जमवुं ते ११ ॥ रा०राजा चक्रवर्त्ति वासुदेवनो आहारल्ये १२ कि०दानशालानो आहारल्ये १३ ॥ सं०मर्दननुं करावतुं तथा विना कारणें शरीरनुं चंपाववुं १४ दं०आंगुली प्रमुख दांतनुं धोवुं ते१५ ॥ सं०गृहस्थने सुखसातानुं पूछवुं अथवा केहवुं दीसुं छुं इम पूछवुं ते१६ दे०आरीसादिक मांहि मुखनुं जोवुं१७ ॥ ३ ॥

मूलः–संनिही गिहिमत्ते य । रायपिंडे किमिछए ॥
संबाहण दंतपहोयणाय । संपुछण देहपलोयणा य ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—ઘી ગોળ પ્રમુખ ચાર આહાર માંહીલો વાસી રાખે તો દોષ ૧૦ ગ્રહસ્થના વાસણે જમે તો દોષ ૧૧ રાજા ચક્રવતિ વાસુદેવાદિકને જમવાને અર્થે કીધો તે આહાર લીયે તો દોષ ૧૨ દાનશાળાનો આહાર લીયે તો દોષ ૧૩ તેલાદિકનું વિના કારણે મર્દન કરાવે તો દોષ ૧૪ દાતણ કરે તો દોષ ૧૫ ગ્રહસ્થને ક્ષેમ કુશળનું પુછે, તથા હું કેહવો દેખાઉં છું એમ કહે તો દોષ ૧૬ આરસી પ્રમુખમાં મુખ જુવે તો દોષ ૧૭ ॥ ૩ ॥

अर्थ–अ०जुवटानुं रमवुं तथा गृहस्थ प्रतिनिमीत्तनुं कहिवुं१८ ना०मेत्रंजी बाजी यादिक रमवुं१९ ॥ छ० कारण विना कांबलो आदिक मस्तकनुं ढांकवुं२० ॥ ति०आपण परनें मावद्य वइदुं करवुं२१ पा०खासड्यादिकनुं पा०पगें पहिरवुं२२ ॥ जो०अग्निनो स०समारंभनुं करवुं२३ ॥ ४ ॥

मूलः–अठांवए य नालीए । छत्तस्स य धारऽणठाए ॥
तिगिछं पाहणा पाए । समारंभं च जोइणो ॥ ४ ॥

ગા. ૪ ભાવાર્થ—જુવારૂં રમે તો દોષ ૧૮ સેત્રંજ બાજી તથા ગંજીફો રમે તો દોષ ૧૯ રોગાદિક કારણ વિના દીવસે માથે ઓઢે તથા માથે છત્ર ધરાવે તો દોષ ૨૦ સાવદ્ય (એટલે જેમાં જીવની હિંસા થાય તેવું વૈદુ કરે તો દોષ) ૨૧ પગે પગરખાં પેહેરે તો દોષ ૨૨ અગ્નિ પ્રમુખ છકાય જીવનો આરંભ કરે તો દોષ ૨૩ ॥ ૪ ॥

अर्थ–सि० जे साधुनें स्थानक देइनें संसार तरें ते सिय्यांतरनुं पिं० आहारनुं लेवुं ते२४ ॥ आ० मांचीयादिकनें विषें बेसवुं प० पल्यंग ढोल्लोयादिकनें विषें बेसवुं २५ ॥ गि० बिहु घरनें विचें अथवा पाम्रावचेंनिसि० बेसवुं२६ ॥ गा० मात्रनें विषें उगटणादिकें करी मइल उतारवा गा० सरीरें व० पोठीनुं करवुं२७ ॥ ५ ॥

मुलः–सिद्यायर पिंडं च । आसंदी पलियंकए ॥
गिहंतर निसिद्याए । गायसु वट्टणाणिय ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—જે સાધુને રહેવા માટે સ્થાનક આપે તેનો આહાર લિયે તો દોષ ૨૪ સાંગા માંચી તથા હીંડોળાઆટ પ્રમુખે બેસે તો દોષ ૨૫ શરિરે રોગ પ્રમુખથી બીમારી થઈ હોય. ૧ તથા તપસ્વી હોય. ૨ તથા શરિરમાં અશક્તિ હોય ૩ એ ત્રણ કારણ વિના ગ્રહસ્થને ઘરે બેસે તો દોષ ૨૬ શરિરે પીડી ચોળે તો દોષ ૨૭ ॥ ૫ ॥

अर्थ–गि० गृहस्थनुं अनादिकें करी वे० वेयात्रचनुं करवुं तथा गृहस्थपासें वैयावचनुं करावबुं२८ ॥ जा० जाति जणावी तथा जाति ते कुलमांहि रही जो० आजीवकानुं व० करवुं२९ ॥ त० तातूंपाणि शस्त्र अणपरिणमें एतलें तिनें उकाला न वले ते मिश्र पाणी न भोगवें३० ॥ आ० क्षुध्या लागें स० पूरवलुं साधु संभारवुं अथवा रोग ऊपनें गृहस्थनो वेयावचनुं संभारवुं३१ ॥ ६ ॥

मुलः—गिहिणो वेयावडियं । जाइ या जीववत्तिया ॥
तत्तानिव्वुड नोइत्तं । आउर सरणाणि य ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—ગ્રહસ્થની વૈયાવચ કરે તથા ગ્રહસ્થ પાસે વૈયાવચ કરાવે તો દોષ ૨૮ પોતાની જાતીનું ઓળખાણુ કાઢી પેટ ભરાઈ કરે તો દોષ ૨૯ જે વાસણને વિષે પાણી ઉકાળવા ચુલા પર મુકયું છે, તે વાસણના નિચા ભાગને વિષે, તથા વચલા ભાગને વિષે, અને ઉપલા ભાગને વિષે, એ ત્રણે જગ્યાએ અગ્નિ લાગી નથી. (મતલબ કે એ ત્રણે જગ્યાયે પાણી ઉનું થયું નથી, એ ત્રણ જગ્યામાંથી કેટલીક જગ્યાયે અગ્નિનું શસ્ત્ર લાગવાથી પાણી કાચું રહી ગયું છે એવું મિશ્ર પાણી.) ત્રણ ઉકાળા રહિત [ઈહાં ત્રણ ઉકાળા તે ઉપર કહેલી વાસણની ત્રણ જગ્યા સમજવી, પણ ત્રણ ઉભરા સમજવા નહીં,] અચેત નથી થયું એવું મિશ્ર પાણી ભોગવે તો દોષ ૩૦ રોગે પીડયો થકો ગ્રહસ્થની વૈયાવચને સંભારીને ગ્રહસ્થનું સરણુ ગ્રહે તો દોષ ૩૧ ॥ ૬ ॥

अर्थ—मू०मूला प्रसिद्ध ३२ सिं०आदू ३३ ॥ उ०सेलमीना खं०कटका अ०ए सर्व सस्त्र अपरणित सचित्त ३४ ॥ कं०वज्र कंदादिक ३५ मू०सदादिकनां मूल ३६ ए सर्व सजीव जाणवां ॥ फ०दाडिम त्रोसमीयादिक ३७ बी० तोलादिक बीज ३८ आ०सचित्त ए सर्वनुं भोगववुं ॥ ७ ॥

मुलः—मूलए सिंगबेरे य । उच्छु खंडे अनिव्वुडे ॥
कंदे मूले य सचित्ते । फले बीए य आमए ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—મુળા ૩૨ આદુ ૩૩ સેલડીના કટકા ૩૪ એ કાચાં ભોગવે તો દોષ સુરણ ૩૫ જડી બુટી પ્રમુખ ૩૬ આંબાદિકનાં ફળ ૩૭ સાળી ઘઉં બાજરી પ્રમુખનાં બીજ ૩૮ એટલાં કાચાં સચેત ભોગવે તો દોષ ॥ ૭ ॥

अर्थ–सो०संचल खाणिनुं३ए सिं०सिंधव४० लो०लोण काचुं ॥ रो०आगरनुं लूण आ०काचुं४१ ॥ सा०समुद्रनुं ऊपन्युं लूण४२ पं०ऊपरलूण अथवा धूलिरुप खारोनी जाति४३ ॥ का०सिंधवदेशना पर्वत थकुं जे एक प्रदेश ऊपजें ते कालूं लूण४४ आ०काचुं इत्यादिकनुं जोगवुं ॥ ७ ॥

मुलः—सोवच्चले सिंधवे लोणे । रोमा लोणेय आमए ॥
सामुद्दे पंसुखारेय । काला लोणेय आमए ॥ ७ ॥

ગા. ૮ ભાવાર્થ—ખાંણુનો સંચલ ૩૯ સિંધાલુણ ૪૦ કાચું લુણ ૪૧ સમુદ્રનું લુણ ૪૨ ખારો તથા ઉસ ૪૩ સિંધુ દેશના પર્વતથી નિપજેલું કાળુ લુણ ૪૪ એ સચેત ભોગવે તો દોષ ॥ ૮ ॥

अर्थ–धू०आपणा डीलनें तथा वस्त्रनें तथा व्याधि निवर्ताववानें अर्थे धूपनुं करवुं४५ व०मयण हलादिक पाइ वमन करवुं४६ व०गुह्य स्थानका वाटादिकें करी वलनुं वधारवुं अथवा गुह्यस्थानना केशनुं समारवुं४७ वि०ऊषधादिकें रेचनुं लेवुं४ए ॥ अ०आंखी अंजनादिकनुं घालवुं४ए दं०दांत व०रंगावें ते५० ॥ गा०ते लादिकें करी गात्रनुं जजावबुं तथा वलेपन करवुं५१ त्रि०सरीरें विभुषानुं करवुं५२ ॥ ए ॥

मुलः—धूवणित्ति वमणे य । वथीकम्म विरेयणे ॥
अंजणे दंतवणे य । गायाभंग विभूसणे ॥ ए ॥

ગા. ૯ ભાવાર્થ—વસ્ત્રાદિક ધુપે તો દોષ ૪૫ ઓષધ ખાઇને વમન કરે તો દોષ ૪૬ ગુઝ સ્થાનકે વાયાદિકે કરી બળનું વધારવું, તથા ગુઝ સ્થાનકના કેશનું સમારવું, તથા હજામતનું કરાવવું એટલાં વાનાં કરે તો દોષ ૪૭ ઓષધાદકે રેચનુ લેવું કરે તો દોષ ૪૮ આંખે કાચળ આંજે તો દોષ ૪૯ દાંત રંગાવે તો દોષ ૫૦ તેલાદિકે કરી ગાત્રને સીંચે તથા તેનુ વિલેપન કરે તો દોષ ૫૧ શરિરની વિભુષા કરે તો દોષ ૫૨ ॥ ૯ ॥

अर्थ—स०सर्व मे०ए उदेसिकादिक बावन म०अणाचीर्ण आचरवा अयोग्य केहनें ते कहेछें ॥ नि०निग्रंथनें म०महा रिषिनें ते निग्रंथ केहवाछे ॥ सं०सत्तर प्रकारि संजमें करी मिय०बार प्रकारें तपे करी ॥ ल० अल्प उपगरण राखवे करी हलुया वि०वायरानीपरें अप्रतिबंध विहारी ते मागसिरादिक ८ मास अने श्रावणादिक ४मास एवं नवकल्पी विहार करतां तेहने ए अनाचीर्ण जाणवा१० जे ए बावन अनाचीर्ण नसेवे १०

मुलः—सव्व मेय मणाइन्नं । निग्गंथाण महेसिणं ॥
संजमं मिय जुत्ताणं । लहुभूय विहारिणं ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—અલ્પ ઉપ ગરણ રાખવે કરી, હળવા વાયુની પેરે અપ્રતિબંધ નવ કલ્પિ વિહારના કરણહાર, સંજમે કરિને સહીત, એવા નિગ્રંથ મહા રૂષીશ્વરને ઉપર કહેલા બાવન અનાચીર્ણ આચરવા નહીં. ॥ ૧૦ ॥

अर्थ—पं०हिंसादिक पांच आश्रव प०ज्ञान परिज्ञाइं जांणीनें पचखाण परिज्ञाइं करि छांड्या छे जेणें ॥ ति०मनादिक त्रिणि गुप्ते करी गु०सहित छ०छकायनी सं०जतना करेछे ॥ पं०पांच इंद्रीयनो नि०जित्तणहार धो०बुद्धिवंत अथवा संजमनि विषें धीर्यवंत ॥ नि०साधु उ०मोक्ष मार्गनें विषें सरल कपट रहित दं०दर्शन छे जेहनुं एतलें संजमनें विषें प्रतिबद्ध इत्यर्थः ॥ ११ ॥

मुलः—पंचासव परिन्नाया । तिगुत्ता छसु संजया ॥
पंच निग्गहणा धीरा । निग्गंथा उज्जु दंसिणो ॥११॥

ગા. ૧૧ ભાવાર્થ—એ બાવન અનાચીર્ણને ન સેવે તે મુનિરાજ કેહેવા હોય? હિંસ્યાદિક પાંચ આશ્રવ (હિંસ્યા ૧ જુઠ ૨ ચોરી ૩ મૈથુન ૪ પરિગ્રહ ૫) ને જ્ઞાને કરી જાણીને પચખાંણ પરિજ્ઞાએ કરીને જેણે છાંડ્યા છે, મન વચન અને કાયા એ ત્રણ ગુપ્તિએ કરીને સહીત છકાય જીવની જતના કરે છે, પાંચ ઇંદ્રિયોને વશ કરે બાવીસ પરિસહ ખમવાંને ધૈર્યવંત, કપટ રહિત શરલ સ્વભાવી એવા ગુણના ધરણહાર નિગ્રંથ હોય. ॥ ૧૧ ॥

अर्थ—एहवा साधु स्युं करे ते कहेछे आ०आतापना लेइ गि०ग्रीष्मम् ते उन्हाले वइशाख जेठें ॥ हे०हेमरत पोस माह तथा सीआले अ०वस्त्रादिक रहित हुइ ॥ वा०वाछ्त्रो आमो वर्षारत तथा वर्षाकाल चउमासें प०एक स्थानके आश्रो रहें ५इंद्रा गोपवीने ॥ सं०साधु संजतो सु०ज्ञानदर्शन चारित्रनें विषेंज तनवंत तथा क्रोध रहित ॥ १२ ॥

मुल:—आयावयंति गिम्हेसु । हेमंतेसु अवाउडा ॥
वासासु पडिसंलीणा । संजया सुसमाहिया ॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—સંજમવંત ભલી સમાધી સહિત એવા મુનિરાજ સિયાળો ઉનાળો વર્ષારૂતુને વિષે શું શું કરે તે કહે છે. ઉનાળાને વિષે તડકાની આતાપના લિયે, શિયાળાને વિષે વસ્ત્ર વેગળાં મુંકીને ટાઢ ખમે, વર્ષાકાળને વિષે પોતાનાં અંગોપાંગ ગોપવિને પોતાનાં શરિરની શક્તિ પ્રમાણે તપશ્ચર્યા કરે. ॥ ૧૨ ॥

अर्थ—प०बावीस परीसह रुपीया रि०वैरीनें दं०क्षमारुपीइं खग्गें दमीनें उपसमाव्या ॥ धु०फेड्यो टाल्यो जेणें मो०अज्ञानरुप मोह वलो कहेवा जि०पांच इंद्रीना जीणहार ॥ स०सर्व दु०दुखमानसी सरीरी प्प०खय करवानें ठा०अर्थें ॥ प०इम प्रवर्ते तथा उद्यम करें कुण म०मोटा ऋषिश्वर हुइ ते हवे एहनें फल कहेछे १३

मुल:—परिसह रिऊ दंता । धुय मोहा जिइंदिया ॥
सव्वदुःख प्पहीणट्ठा । पक्कमंति महेसिणो ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—એવા મોટા રૂષિશ્વર શું કરે છે, બાવીશ પરિસહ રૂપિ વૈરીને ક્ષમારૂપી ખડગે કરી હણીને ઉપસમાવ્યા છે, પાંચ ઇંદ્રિયોને વશ કરીને જેણે મોહને ટાળ્યો છે, સર્વ શરિરી માનશી દુખ ક્ષય કરવાને અર્થે સંજમને વિષે ઉદ્યમ કરે છે. ॥ ૧૩ ॥

अर्थ—डु०डुःकर करणी उद्देसकादिकनो त्याग क०करीनें ॥ दु०आतापनादिक सहितां दोहिलां स०ते सहीनें ॥ के०कोइ एक इ०इणि संसारी तथा एह मांहिथी दे०देवलोक सौधर्म्मादिकनें विषें जायें ॥ के० कोइ एक सि०तेऍज जवि सिद्ध थाइ नी०आठ प्रकारि कम्मरूप रज रहित हुइ हवे जे देवलोकें गया छे तेहनी सीवात छें ते कहेछें ॥ १४ ॥

मुलः—डुक्कराइं करित्ताणं । डुस्सहाइं सहितु य ॥
केइथ देवलोएसु । केइ सिज्झंति नीरया ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—શિષ્યઃ—આવી ક્રિયા કરવાવાળાને ફળ શું? ગુરૂ-ઉપર તેરમી ગાથામાં કહેલી ક્રિયા જીવને કરતાં ઘણીજ દુક્કર છે, તો એવી દુક્કર ક્રિયા કરિને કેટલાએક સુધર્માદિક દેવ લોકને વિષે ઉપજે, ને કેટલાએક તેજ ભવે કર્મરૂપી રજને ખપાવીને સિદ્ધ થાય ॥ ૧૪ ॥

अर्थ—ख०तिहांथी चवी मनुष्य गतिइं ऊपजी चारित्र लेइ खपावें टालें स्युं पु०पाछल्यां ॥ क०ज्ञानावरणी यादि शेष थाकतां जे छें कर्म्म केणीपरें ते कहे छे सं०१७ जेदे संजमे करी त०१२ जेदे तपें करी ॥ सि०मोक्ष-ना म०मार्ग्रप्रति म०पोहता ॥ ता०छकायना राखणहार प०क्रोधादिकनें छांमर्वें आतमा सीतलीभूत करी सिद्धि पामेंत्तिबेमि ॥ १५ ॥

मुलः—खवित्ता पुव्व कम्माइं । संजमेण तवेणय ॥
सिद्धि मग्ग मणुप्पत्ता । ताइणो परिनिवुडे। त्तिबेमि ॥१५॥

ગા. ૧૫ ભાવાર્થ—શિષ્યઃ—જે દેવલોકને વિષે જાય તેની શી હકીગત થાય ? ગુરૂ૦-તે દેવલોકથી ચવી મનુષ ગતિને વિષે ઉપજી ચારિત્ર લઈને પૂર્વ ભવનાં જ્ઞાનાવર્ણિયાદિક કર્મ કરેલાં તેને સતરે ભેદે સંજમે અને બારે ભેદે તપશાયે કરીને ખપાવે, વળી છકાય જીવની રક્ષાના કરણહાર, એવા મુની તે જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ મોક્ષ માર્ગ પ્રત્યે પામ્યા, કર્મ રૂપ દાવાનળ ઓલવવાથી શીતળી ભુત થઈ સીદ્ધી પદ પામે. ॥ ૧૫ ॥

इति श्री खु०खुम्मीयाम ना०नामे त्रीजुं अध्ययन संपूर्ण हवे त्रीजें अध्ययनें आचारनें विषें धीर्यकरवुं कह्युं ते धीर्य छ जोवणीया नामे चतुथु अध्ययन कहेछे तिहां छ अधिकार छे जीवी १ जीवाजि गमो २ चरित्तध म्मो ३ तहेवजयणाय ४ उवएसो ५ धम्मफलो ६ छ जोवणीया ए अधिकारो१ ॥ ३ ॥

॥ इति श्री खुम्मीयाग नामं तइयं अज्झयणं सम्मत्तं ॥ ३ ॥ श्री ॥

ભાવાર્થ—એ પ્રમાણે સુધર્મા સ્વામિયે પોતાનાં જંબુ સ્વામી નામના શિષ્યને ત્રીજા અધ્યયનનું ઉદાહરણ કહ્યું. ૩ જે મુની અનાચિર્ણ દોષ ટાળે તે છકાય જીવની દયા પાળે, માટે આ ચોથા અધ્યયનને વિષે છકાય જીવનું સ્વરૂપ કહે છે. આ અધ્યયનને વિષે છ અધીકાર છે, પ્રથમ તો છકાયના જીવનાં નામ ૧ છકાયના જીવનું જાણપણું ૨ ચારિત્ર ધર્મ ૩ તેમજ જત્નાં ૪ ઉપદેશ ૫ ધર્મ કરવાનું ફળ ૬ એ છ અધીકાર છે.

अर्थ-सु०सांभल्युं मे०में आपणये आ०हे आउखावंत जंबू तेहनें आमंत्रण वचन ॥ भ०भगवंतें ए०एहवुं म०कह्युं इ०ए प्रवचननें विषें ॥ ख०निश्चें । छ०छजोवणो । ना०एहवें नामें । अ०अध्ययन । स०श्रमणतपस्वी भ०भगवंत ज्ञानवंत । म०श्रीमहावीरदेवें । का०कासपगोत्रनें धणीइं केवलज्ञानें करी जाणो । प०केवलज्ञाने

करी जाणी । सु० देवमनुष्यसुरनीपरपदामांहे रुडीपरें कह्युं । सु० भलीपरें प० प्रूपी । अ० ए छ जीवणी भणवी मे० मुझनें से० भलुं सांभलवीते । अ० ए अध्येन ध० धर्म्मनी परुपणानें हेतें पहिला अध्ययनमांहि पुण धर्म्मज कह्युं तो इहां धर्मपरुपणा कही ॥ १ ॥

मुलः—सुयंमे आउसंतेणं भगवया एव मक्खायं इहखलु
छज्जीवणिया नामऽज्झयणं समणेणं भगवया
महावीरेणं कासवेणं पवेइया सु अक्खाया
सु पणत्ता सेयंमे अहिज्जिउं अज्झसणं धम्म पन्नत्ती ॥ १ ॥

ભાવાર્થ—સુધર્માસ્વામી પોતાના જંબુસ્વામિ નામના શિષ્યને કહે છે, હે આયુંષવંત જંબુ!! નિશ્ચે એ જૈન શાસનને વિષે છજીવણી નામે અધ્યયન દેવાદિકની પ્રખદાને વિષે કાશ્યપ ગોત્રિ શ્રમણ તપસ્વી ભગવંત જ્ઞાતવંત શ્રીમહાવીર દેવસ્વામિએ ભલીપેરે પરૂપ્યું. એ ધર્મની પરૂપણારૂપ અધ્યયન ભણ્યાથકી મુજને કલ્યાણકારી?

अर्थ—शिष्य पूछेछे क० कुण । ख० निश्चें । सा० ते । छ० छजीवणी । ना० एहवेंनामें । अ० अध्ययन स० तपस्वी इं । भ० भगवंत महिमावंते । म० श्रीमहावीरे । का० कासपगोत्रीइं । प० केवलज्ञाने जाणीने । सु० देवादिकपरख दामांहि रुडीपरिइं कह्युं । सु० रुडीपरें परुपो । मे० एछ जीवणी मुजनें अ० भणवी से० तेभलुं । अ० अध्ययन ध० धर्म्मनी परुपणानें हेतें ॥ २ ॥

मुलः—कइरा खलु सा छज्जीवणिया नामऽज्झयणं समणेणं
भगवया महावीरेणं कासवेणं पवेईया सु अक्खाया
सु पण्णत्ता सेयंमे अहिज्झित्त अज्झयणं धम्म पण्णत्ती॥ २ ॥

ભાવાર્થ—શીષ્ય૦ કોણ નિશ્ચે તે છજીવણી નામા અધ્યન દેવાદિકની સભાને વિષે કાસ્યપગોત્રી. શ્રમણ તપસ્વી ભગવંત જ્ઞાનવંત શ્રીમહાવિર દેવસ્વામિએ ભલીપેરે પરૂપ્યું એ ધર્મની પરૂપણારૂપ અધ્યયન ભણ્યાથકી મુજને કલ્યાણકારી ??

अर्थ—हिवें गुरु कहेछें इ०ए ख०निश्चेंकरी सा०ते । छ०छ जीवणि एहवें । ना०नामे । अ०अध्ययन । स०तपस्वीइं । भ०भगवंते । म०श्रीमहावीर देवें । का०काशपगोत्राइं । प०केवलज्ञानें जाणीनें । सु०देवतादिक बारे भपदामांहि रुडीपरें कह्युं । सु०रुडोपरि प०परुपो । मे०ए छ जीवणी मुजनें । अ०भणवो से०तेश्रेयभलुं । अ०अध्ययन ध०धर्म्मनी परुपणा हेते ॥ ३ ॥

मुलः—इमा खलु सा छज्जीवणिया नामऽज्झयणं समणेणं
भगवया महावीरेणं कासवेणं पवेईया सुअक्खाया
सु पण्णत्ता सेयंमे अहिज्जित्त अज्झयणं धम्म पण्णत्ती ॥ ३ ॥

ભાવાર્થ—ગુરૂ—એ નિશ્ચે તે છજીવણી નામા અધ્યયન દેવાદિકની સભાને વિષે કાસ્યપગોત્રી શ્રમણ તપસ્વી ભગવંત જ્ઞાનવંત શ્રીમહાવીર દેવસ્વામિએ ભલીપેરે પરૂપ્યું એ ધર્મની પરૂપણારૂપ અધ્યયન ભણ્યાથકી મુજને કલ્યાણકારી ?

अर्थ–तं०तेहनानाम ज०जिमछे तिम कहेछे । पु०पृथवी का०अंगछे जेहनें अथवा का०समूह कठनरुप ॥ १ ॥ आ०पाणी सीतल लक्षणरुप । २ । ते०अग्नि उश्नलक्षण वर्ण धोलो । ३ । व०वायरो चलण लक्षणरुप । ४ । व०वनस्पतीकाय तृणालतारुप । ५ । त०त्रसकाय बीहीनें त्रासवानो स्वभावछे जेहने । ६ ।

हवे छकायनां लक्षण कहेछें पृथवीकाय कठिन लक्षण कठिन शरीर माटे १ अपकाय द्रव्यलक्षणें ढीला शरीर माटे झरेंश्रवें २ तेऊकाय उश्नवलक्षणे उन्हा शरीर माटे अग्निकाय ३ वाऊकाय चलणलक्षणे चलावाना स्वभाव माटे वाऊकाय ४ वेलमी प्रमुख आघोपाछी हालें ते माटि वनस्पतिकाय ५ त्रसकाय चलण लक्षणें हींडवाना स्वभाव माटे ६ ए छकायनां चिन्ह कह्यां पृथवी ते स्या माटे कहीयें सर्व जीवनें आधार भूत छे ते भणी १ अप ते स्या माटे कहे पृथवीनें आधारे भूत पृथवीतले घनो दधिछे तेहने आधारे रहीछे ते भणी २ अग्नि स्या माटे कही पाणीनुं प्रतिपक्ष छे समुद्रमांहि वडवाग्निछे तेभणी ३ वायु ते स्या माटे कह्यो अग्निनें अवष्टंभ हेतुछे अग्निनें वधारे तथा दीवा प्रमुखनें उलहवें ते भणी ४ वनस्पती स्यामाटे कहो संख्याता असंख्याता अनंता जीवनो गणसमूह छे तेभणी ५ त्रस ते स्यामाटे कही जे पृथव्यादिक छकायना जीवने उपसर्ग करे छे ते भणी ६ ॥

मुल:—तंजहा पुढवि काइया ।१। आउकाइया ।२।
तेउकाइया ।३। वाउकाइया ।४।
वणस्सइ काइया ।५। तसकाइया ।६।

ભાવાર્થ—તે છ કાયજીવના નામ કહે છે—પ્રથ્વી કાયના જીવ. ૧ પાણીના જીવ. ૨ અગ્નીના જીવ. ૩ વાયુના જીવ. ૪ વનસ્પતીના જીવ. ૫ હાલતા ચાલતા સર્વે ત્રસજીવ. ૬

પ્રથ્વીનો સ્વભાવ કઠણ હોય છે. પાણીનું શરિર ઘણુંજ ઢીલું ને શીતળકારી સ્વભાવ છે. ૨ અગ્નીનો ઉન્હાપણાનો સ્વભાવ છે. ૩ વાયુનો ચલણ સ્વભાવ છે. ૪ વનસ્પતીનો વિસ્તરવાનો સ્વભાવ છે. ૫ ને ત્રસનો દુઃખાદીક દેખીને ત્રાસ પામવાનો સ્વભાવ છે. ૬

પ્રથ્વી તે સ્યા માટે કહીયે સર્વ જીવને આધારભુત છે તેથી. પાણી તે સ્યા માટે કહીયે પ્રથ્વીને આધારભુત છે. પ્રથ્વી તળે ઘનો દધી છે તેને આધારે પ્રથ્વી રહી છે તેથી. ૨ અગ્ની સ્યા માટે કહીયે પાણીનો પ્રતિપક્ષ સમુદ્રને વિષે વડવાગ્નિ છે તે પાણીને સુકવે છે તેથી. ૩ વાયુ તે સ્યા માટે કહીયે. અગ્નીને વધારે તથા દીવા પ્રમુખને ઓલવે તેથી. ૪ વનસ્પતી સ્યા માટે કહીયે. સંખ્યાતા અસંખ્યાતા અનંતા જીવનો સમુદાય એકઠો રહેછે તેથી. ૫ ત્રસ તે સ્યા માટે કહીયે. પ્રથ્વીયાદીક છયે કાયના જીવને માંહોમાંહે દુખ દેનાર છે તેથી. ૬

अर्थ—पु०प्रथवी । चि०चैतन्यवंत सजीव म०कही सर्वज्ञें । अ०अनेक असंख्याता जीवछे जे मांहिइं । पु०जू जूआ आंगुलनें असंख्यातमें भागें अनेकजीव आश्राछे । अ०अनेरो । स०अग्नि प्रमुख शस्त्रें प०परिणामें अचित्त थाइ ॥

मुलः—पुढवि चित्तमंत मक्काया अणेगजीवा पुढोसत्ता अन्नथसथ परिणएणं॥

ભાવાર્થ—પ્રથ્વી પોતે જીવ સહીત છે. અને આગુળના અસંખ્યાતમા ભાગને વિષે જુદી જુદી કાયાને વિષે અસંખ્યાતા જીવ રહ્યા છે. તેહને અનેરૂ (બીજું) અગ્ની પ્રમુખનું શસ્ત્ર પ્રણમે (એટલે વાગ્યેથકે) તે પ્રથ્વી અચેતન (એટલે જીવરહીત) થાય છે.

अर्थ—आ०पाणी। चि०सचित्त सजीव । अ०कह्युं । अ०असंख्याता जी०जीव । पु०जूजूया स०जीवछे जिहां। अ०अनेरुं स०अग्नि प्रमुषशस्त्रं प०परगमें अचिंत्त थाइं ॥

मुलः—आउ चित्त मंत मऽक्काया अणेगजीवा पुढोसत्ता अन्नथ सथपरिणएणं॥

ભાવાર્થ—પાણી તે પણ જીવસહીત કહ્યું છે અને એક પાણીના બીંદુને વિષે અસંખ્યાતા જીવ છે તે પાણીને અનેરૂ અગ્ની પ્રમુખનું શસ્ત્ર પ્રણમ્યું નથી ત્યાંસુંધી તે સચેત રહે અને તે શસ્ત્ર લાગેથી અચેત. થાય.

अर्थ—ते०अग्नि सचित्त । मं०कही। अ०असंख्याता जीव । पु०जूजूया स०जीवछे। अ०अनेरुं पाणी यादिक स०शस्त्र प०परिणम्य अचित्तथाइ ॥

मुलः—तेउचित्त मंत मक्काया अणेगजीवा पुढोसत्ता अन्नथसथं परिणएणं ॥

ભાવાર્થ—અગ્નીકાય જીવસહીત કહી છે. અને એક અગ્નીના તણખાને વિષે અસંખ્યાતા જીવ છે તેને અનેરૂ પાણી પ્રમુખનું શસ્ત્ર પ્રણમવાથી અચેત થાય છે.

अर्थ–वा०वायरो चि०सचित्त म०कह्यो । अ०असंख्याताजीव । पु०जूजूया जीवछे । अ०अनेरुं चामरादिक शस्त्र प०परिणम्यें अचित्तथाइ ॥

मुलः–वाउचित्त मंत मख्काया अणेगजीवा पुढोसत्ता अन्नथसछ परिणएणं॥

ભાવાર્થ—વાયુકાય જીવ સહીત કહેલ છે. અને તે એક વખત ઉઘાડે મુખે બોલે તેથી અસંખ્યાતા જીવ મરેછે. અને અસંખ્યાતા જીવ જુદા જુદા કહ્યા છે. તેને અનેરૂ ચામરાદીક વીંઝવારૂપ શસ્ત્ર પ્રણમવાથી અચેત થાય છે.

अर्थ–व०वनस्पती सचित्त कही । अ०मंख्याता असंख्या अनंताजीवछे । पु०जूजूया स०सत्वछे । अ०अनेरुं लूणादिक स०शस्त्र प०परिणम्यें अचित्त थाइ ॥

मुलः–वणस्सइचित्त मंत मऽख्काया अणेगजीवा पुढोसत्ता अन्नछ सथ परिणएणं॥

ભાવાર્થ—વનસ્પતીકાય જીવ સહીત કહી છે. ને જુદી જુદી કાયાની વિષે સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા, જીવ કહ્યા છે તેને અનેરૂ લુણ પ્રમુખનું શસ્ત્ર પ્રણમવાથી અચેત થાયછે.

अर्थ—तं०तेकहेछे । अ०जेहनुं अग्र तेहज बिनछे ते कोरंटादिक । १ । मू०मूल बीजछे जेहनु ते उत्पल कंदादिक ।२। पो०कातलोइं बीज सेलमोयादिक ।३। खं०डालें बोज ते वडसलकादिक ।४। बी०बीजथो ऊपजें बीज ते २४ जातिना धानादि ।५। स०बीजविना ऊगें तृणादि । लतादिक । व०वनस्पती । का०काय । स०बीज सहित । चि०सचित्त । म०कही । अ०असंख्याता अनंताजीव । पु०जूजूया स०जीवछे । अ०अनेरे अग्निलूणादिकशस्त्र प०परिणम्यें अचित्तथाइं ५ हवे त्रसकाय कहेछें ॥

मुलः—तंजहा अग्गबीया मूलबीया पोरबीया खंधबीया बीयरूहा समुछिमा तण लया वणस्सइ काइया सबीया चित्तमंत मक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नथ सथ परिणएणं ॥

ભાવાર્થ—હવે વનસ્પતીના ભેદ કહેછે. જેહુને અગ્રે (ટોચપર) બીજ હોય તે કોરંટાદીક વૃક્ષ. ૧ જેને મુળને વિષે બીજ છે તે ઉત્પળ કંદાદીક તથા કમળ પ્રમુખ. ૨ કાતળીએ બીજ તે સેલડી પ્રમુખ. ૩ ખંધ (ડાળ) ને વિષે બીજ તે વડપીંપર પ્રમુખ. ૪ બીજને વિષે બીજ તે ચોવીસ જાતનાં અનાજ પ્રમુખ. ૫ બીજ વીના ઊગે તે અંકુરાદીક. ૬ તરણાં તે દ્રો પ્રમુખ. ૭ લતા (વેલડી) ચાંપાદીક. ૮ એ બીજાદીકે કરી સહીત વનસ્પતિકાય અનેક જીવે કરી સહીત છે. તેને અનેરૂ લુણ પ્રમુખનું શસ્ત્ર પ્રણમવાથી અચેત થાયછે.

अर्थ—से०ते जे०जे पु०वली इ०ए प्रत्यक्ष आगलि कहीस्यें । अ०अनेक ब०घणा त०त्रस बेंद्रीयादीक

पा०जीव तं०ते कहेछे हवे एहनी आठखाणि कहेछे ॥ अं०इंमाथी उपना पंखीयादिक ।१। पो०चामडेकरी वीटियुंज जन्मे हाथी वागुलादि ।२। ज०जराइं वीत्याजणें गाइभिंसादिक।३। र०रसथी ऊपजे दहीयादिक।४। सं०प्रसेवाथी उपजे जूमांकणादिक ।५। स०समुर्छिम कीडीयादिक ।६। उ०भूइंफाडी नीसरें तीडादिक ।७। उ०गर्भविना उपजें देवता नारकी ।८। हवे ते त्रसनुं लक्षण कहेछें जे०जेहनां के०केहनां । पा०जीवनां ॥

मुल:—से जे पुण इमे अणेगे वहवे तसापाणा तंजहा अंडया पोयया जराउया रसया संसेइमा समुछिमा उब्भिया उववाइया जेसिंकेसिंच पाणाणं ॥

ભાવાર્થ—ત્રશકાયના ભેદ કહેછે—એ પ્રત્યક્ષ. બે ઇંદ્રીયાદીક ત્રસ જીવ ઘણા છે. તેને ઉત્પન્ન થવાની મુખ્ય આઠ ખાણુ છે. તે કહેછે ઇંડાથી ઉત્પન્ન થાય તે પંખી પ્રમુખ. ૧ ચામડીએ કરી વીંટેલા જન્મે તે હાથી વાગોળાદીક. ૨ ઓરથી વીંટેલા જન્મે તે ગાય; ભેંશ પ્રમુખ. ૩ ચલીત (બગડી ગએલા) રસને વિષે ઉપજે તે બેઇંદ્રિયાદિક. ૪ પરસેવાથી ઉપજે તે જુ, માંકણુ પ્રમુખ. ૫ સમુર્છીમ (માતા પીતાના જોગવિના) ઉપજે તે માંખી, કીડી પ્રમુખ. ૬ ધરતી ફોડીને નીકળે તે તીડ, પતંગીયા પ્રમુખ. ૭ ગર્ભવીના ઉપજે તે દેવતા નારકી પ્રમુખ. ૮

अर्थ—अ०सांमो आवी जाणें ।१। प०पाछावली जाणें ।२। सं०जे जीव आपणुं गात्र संकुची जाणें ।३। प०जे जीवगात्र पसारी जाणे ।४। रु०शब्द बोली जाणे ।५। त्र०जे अरहापरहा भमी जाणे ।६। त०बीहाव्या बीहीजाणे ।७। प०नाहसी जाणे ।८। आ०आववो ।९। ग०जायवो ।१०। वि०जांणे ११ ॥ ॥१७॥

मुत्तः—अभिकंतं पडिकंतं संकुचियं पसारियं रुयं भंतं
तसियं पलाइयं आगइ गइ विन्नाया ॥

ભાવાર્થ—હવે ત્રસજીવના લક્ષણ કહેછે—કે જે લક્ષણથી ત્રસજીવ ઓળખી શકાય. જે આપણા સામા આવવાનું જાણે. ૧ પાછા જવાનું જાણે, ૨ પોતાનું શરિર સંકોચી જાણે. ૩ પોતાનું શરીર પસારી (વિસ્તારી) જાણે. ૪ શબ્દ બોલી જાણે. ૫ આઘા પાછા ફરવાનું જાણે. ૬ ડરાવ્યા ડરી જાણે. ૭ નાશી જાણે. ૮ આવવું જાણે. ૯ જવાનું જાણે. ૧૦

अर्थ—जे०जे कीमा । प०पतंग जा०जे वली कुंथुया पि०कीमी हवे आप आपणी जाति ममचे कहेछे॥ स० सघला बेंद्री कीमा प्रमुख बे लाख ।१। स०सघला तेंद्री कीमीयादिक बे लाख ।२। स०सघला चतुरिंद्री भम राप्रमुख बे लाख ।३। स०सघला पंचेंद्री । स०सघला तिर्यंचजोना ४ लाख जलचरादिक । स०सघलाइं नारकी रत्नप्रभादिकना ४ लाख ॥ .स०सघला मनुष्य भरतादिकनां १४ लाख स०सघला देवता भवनपत्यादिक ४ लाख ॥

मुत्तः—जेयकीड पयंगा जाइकुंथु पिपीलिया सव्वे बेइंदिया
सव्वेतेइंदिया सव्वे चउरिंदिया सव्वे पंचिंदिया सव्वे
तिरिक्ख जोणिया सव्वे नेरइया सव्वे मणुया सव्वे देवा ॥

ભાવાર્થ—એ ત્રસનાં લક્ષણ કહ્યા પણ ત્રસજીવ કેહને કહીયે પુર્વોક્ત દસ બોલ જાણે તે કુંથુવા કોડી પ્રમુખ સર્વે. બે ઇંદ્રીજીવ કીડીમાં કણ પ્રમુખ સર્વે તે બે ઇંદ્રીજીવ પતંગીયા ભમરી પ્રમુખ સર્વે ચોઇંદ્રીજીવ નારકીતિર્યંચ મનુષ્યને દેવતા એ સર્વે પચેંદ્રીજીવ એ સર્વે જીવ ઉપર કહેલા દસ બોલને જાણે છે.

अर्थः-स०एतला सघला पा०जीव कह्या छें ते ॥ प०मुखना ह०अभिलाषी छे । ए०ए पूर्वोक्त ख०निश्चे । छ०छठो । जी०जीवनिकाय । त०त्रसकाय प०कह्यो हवें ए छकायनुं स्वरुप जाणीने स्युं करवुं ते कहे छे ॥

मुलः—सव्वे पाणां परमा हम्मिया एसो खलुछठो ॥
जीव निकाउ तस काउत्ति पव्वुच्चई ॥

ભાવાર્થ—પ્રથ્વીકાયથી માંડીને જીવ ત્રસકાય સુધીના જીવ કહ્યા તે જીવ કેહેવા છે એકાંત નિશ્ચય સુખનાજ અભીલાષી છે.

अर्थः-इ०ए पूर्वोक्त छ०छ प्रकारे। जी०जीवनिकायने । न०नकरे । स०आपणपें दं०घातरुप । स०आरंभ । ने०नकरावें अ०अनेरापासे। दं०घातरुप स०समारंभ दं०घातरुप सं०समारंभ । अ०अनेरो करतांनें न०अनुमोदें नही कि०जां लगें जा०जां लगें जीवुंतांलगें । ति०त्रिविधें त्रिविधें । म०मनेंकरी । वा०वचनेंकरी । का०कायाइंकरी । न० पोते नकरें । न०अनेरा पाहिन करावे । क०अनेरा करतां नें न०अनुमोदे नही तं०ते दंड संबंधीउपाप अतितकालनो पडिकमें वर्त्तमानकालनुं संवरें आगमि कालनुं पचखे । भं०हे पूज्य । प०गुरुसाखि निवरतो । निं० ॥१८॥

आत्मा साक्षि निंडुं । ग॰ परसाखि गरहुं । आ॰ आत्माने अतीतदंडथो वो॰ अलगो करुं एतले सामान्यदंडरूप कह्युं हवे विशेषथी पंचमहाव्रत अंगीकार कीधाथी हुइं ते कहे छे ॥

मुलः—इच्चेसिंछन्हं जीवनीकायाणं नेव सयं दंडं समारं
भिज्जा नेव न्नेहिं दंडं समारंभा विज्जा दंडं समारंभं
तेवि अन्ने नसमणु जाणिज्जा जावजीवाए तिविहं
तिविहेणं मणेणं वायाए काएणं नकरेमि नकारवेमि
करंतंपिअन्ने नसमणु जाणामि तस्स भंते
पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥

ભાવાર્થ—એ નિશ્ચય છકાયના જીવ તિર્થંકરે કહ્યા તે છકાયના જીવનો જાવ જીવ સુધી હિંસારૂપ દંડ પોતે કરે નહી અનેરા પાસે તે હિંસારૂપ દંડ કરાવે નહિ અનેરો કોઈ હિંસારૂપ દંડ કરતો હોય તો તેને ભલું પણ ન જાણે તે વારે શિષ્ય કહેછે હે પુજ્ય? હું પણ તે છકાયની હિંસારૂપ દંડથી નિવર્તુ છું તે એવી રીતે કે જ્યાં સુધી મારો જીવ આ શરિરમાં છે ત્યાંસુધી મન, વચન અને કાયા એ ત્રણ જોગે કરી તે છકાયની હિંસારૂપ દંડ હું પોતે કરૂં નહિ અનેરા પાસે કરાવું નહી અનેરો કોઈ કરતો હોય તેને ભલું પણ ન જાણું અને પૂર્વે જે અતિતકાળે હિંસારૂપ દંડ કર્યા હોય તેને આત્માની સાક્ષીએ નિંદુંછું (ધિક્કારૂંછું) ગુરૂની સાક્ષીએ ગ્રહુંછું (તે પાપની હિલણા કરૂંછું) અને એવા પાપકારી આત્માને હવેથી તજુછું.

अर्थः-प०पहिले भं०हे पूज्य म०महाव्रते स्युं करवुं एहवुं सिष्ये कह्युं हुंते गुरु बोल्या महाव्रत कह्या ते किस्यो अर्थ अणुव्रतनी अपेक्षाइं मोटोव्रत तेह भणी महाव्रत कहे ॥ पा०इंद्रीयादिक प्राण तेहनो अइं०विनास तेहथी वि०निवर्त्तिवुं हिवें सिष्य कहे छे ॥ स०सर्व भं०हे भगवांन पा०प्राणनी अइं०घात तेहनुं हुं प०पचखुं छुं ॥ से०ते सु०सुक्ष्म कुंथुआदिकसुक्ष्म। वा०बादरना वे भेद त०त्रस सुक्ष्म कंथुयादि थावर सुक्ष्म वनस्पती। था०बादर त्रस गाइयादिक बादर थावर प्रथ्वीयादिक ने०नकरे स०आपणपे। पा०जीवनो। अ० घात। ने०न करावुं अनेरापाहे। पा०प्राणातिपात। पा०प्राणातिपात करतो। अ०अनेरो तेहने। न०अनुमोद्ये नही किहां भगे जा०जांभगें। जी०जीवुं त्यांभगें। ति०त्रिविधे। ति०त्रिविधें। म०मनेकरी। वा०वचनेकरी का०कायाइंकरी। न०आपणपे करु नही। न०अनेरापासे करावुं नही। क०अनेरानें करतां। नस०अनुमोडुं नही। त०ते अतीतकाल संबंधिउंपाप भं०हे पूज्य। प०तेहथी निवर्त्यो। निं०आत्मा साखें निंदुं। ग०परमाक्षि प्रायछित्तनें लेवुं। अ०आत्माने ते पापथी। वो०अलगो करुं। प०पहिलुं भं०भगवान् म०महाव्रतनें विषे। उ०समीपें उद्यमवंत हुउ किसें करी। स०सर्वथा प्रकारे पा०प्राणातिपातने वे०छांडवेकरी ॥१॥

मुलः—पढमे भंते महव्वए पाणाइवायाउ वेरमणं सव्वं भंते
पाणाइवायं पच्चक्खामि से सुहुमं वा बायरं वा तसं वा
थावरं वा नेव सयं पाणे अइवाएज्जा नेवन्नेहिं पाणे अ
इवायावीज्जा पाणे अइवायंतेवि अन्ने नसमणुजाणि

या जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं नकरेमि नकारवेमि करंतंपि अन्ने नसमणु जाणामि तस्सभंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि पढमेभंतेमहव्वए उवठिओमि सव्वाओ पाणाइ वायाओ वेरमणं ॥ १ ॥

ભાવાર્થ—પુર્વોક્ત પ્રકારે સાધુએ કરવાના ત્રિવિધ દંડ પરિત્યાગ સામાન્ય કરી કહ્યો તેહને હવે વિશેષે કરી પંચ મહાવૃત રૂપે કહેછે. શિષ્ય—હે પુજ્ય ? પહેલા મહાવૃતને વિષે શું કરવું ? ગુરૂ—જીવની ઘાતથકી નિવર્તવું એમ ગુરૂએ કહ્યાથી શિષ્ય બોલ્યો તો હે પુજ્ય ! હું પણ સર્વથા પ્રકારે પ્રાણાતિપાત હિંસાને પચખુઙ્ગું (પરિહરૂંછું) પણ જે બીજા સાધુએ કર્યું હોય તેમ હું કરૂં. તે વારે ગુરૂ—બીજા સાધુ એવી રીતે કરે કે સુક્ષ્મ તે નાના શરિરવાળા, બાદર તે સ્થુળ (મોટા) શરીરવાળા એવા જે બેઇંદ્રિયાદિક ત્રસજીવ તેમાં કુંથુવાદિક જે છે તે સૂક્ષ્મ ત્રસ જાણુવા હાથી પ્રમુખ જે છે તે બાદર ત્રસ જાણુવા તથા સ્થાવર જીવ તેમાં વનસ્પત્યાદિક જે છે તે સૂક્ષ્મ સ્થાવર જાણુવા અને પૃથ્વીયાદિક જે છે તે બાદર સ્થાવર જાણવા તેની હીંસા પોતે કરે નહી અનેરા પાસે હિંસા કરાવે નહી અનેરો કોઈ હિંસા કરતો હોય તેને ભલું પણ ન જાણે તે વારે શિષ્ય—હે પુજ્ય ! હું પણ તે જીવને હણુવાથી નિવર્તું છું તે એવી રીતે કે જ્યાંસુધી મારો જીવ આ દેહમાં છે ત્યાંસુધી મન, વચન અને કાયા એ ત્રણ જોગે કરી તે જીવને હું પોતે હણું નહી અનેરા પાસે હણાવું નહી અનેરો કોઈ હણુતો હોય તેને ભલું પણ

ન જાણું અને પૂર્વે જે અતિતકાળે હિંસારૂપ દંડ કર્યો હોય તેને આત્માની સાક્ષીએ નિંદુછું (ધિક્કાર છું) ગુરૂની સાક્ષીએ ગરહું છું (તે પાપની હિલણા કરૂંછું) અને એવા પાપકારી આત્માને હવેથી તજુંછું. હે પુજ્ય ! એ પ્રમાણે પહેલા મહાવૃતને વિષે પ્રાણાતિપાતથી નિવર્તી સાવધાન થયોછું. ૧

अर्थः—सि०कदाचित एकदा प्रस्तावे भि०साधु इ०वांछे ॥ सि०उपाश्रे मा०आवीनें भु०जिमवुं ॥

स०आहार सहित पा०पात्र हाथमां ग्रतां मा०थानके आवी बाहिर उज्जो रही ॥ उ०वमी नीत लघुनीति नी जायगा थानकद्वार थकी बाहिर प०दृष्टि जोइं ॥ ८७ ॥

मुल:-सियाय भिक्खु इच्छिज्जा । सिज्जमागम भुत्तुयं ॥
सपिंडपाय मागम्म । उन्दुयं पडिलेहित्ता ॥ ८७ ॥

ગા. ૮૭ ભાવાર્થ—હવે સ્થાનકને વિષે આહાર કરવાની વીધી કહે છે. કદાચિત્ સાધુ એમ ઈચ્છે જે થાનકને વિષે આવીને આહાર પાણી કરશું. તે વારે તે સાધુ ગૌચરી કરી આવતા થકા પોતાની પાસે આહાર સહીત પાત્રા લઇ સ્થાનકે આવીને બાહીર ઉભા રહી લઘુનીતી વડીનીતીની જગ્યા જોઇ. ૮૭

अर्थ:-वि०विनय सहित निस्सही मथएण वंदामि एम कहितो थको प०मस्तके हाथलगामी थानकमाहि ॥ प०से गु०गुरुने स०समीपिइं मु०साधु ॥ इ०इरिया वहियाए मा०ए सूत्र आदि छे जेहनें एटले इरीयावही ॥ आ०आवीनें प०कहे काउसग्ग करें ॥ ८८ ॥

मुल:-विणएण पविसित्ता । सगासे गुरुणो मुणी ॥
इरियावहिय मायाय । आगउय पडिक्कमे ॥ ८८ ॥

ગા. ૮૮ ભાવાર્થ—પછી તે સાધુ વિનય સહિત નિસરી મથએણ વંદામિ એમ કહેતા થકા સ્થાનક માંહી પેસે, પછી ગુરૂની સમીપે આવીને સાધુ ઈરીયા વહી સુત્ર આદી છે જેહને એવી ઈરીયા વહી પડીકમે. ૮૮

अर्थः—आ०काउसग्गमांहिइं जाणीने नि०समस्त नाहना मोटा हीइं संभारे ॥ अ०अतीचार ज० जिम क०अनुक्रमे लागा हुइं तिम ॥ ग०गोचरी जातां आग०आवतां२ ॥ भ०भात३ पा०पाणी४ खादिम ५ सादिम६ वहिरतां स०साधु ॥ ८९ ॥

मूलः—आभोइत्ताण निसेसं । अइयारं च जह क्कमं ॥
गमणाऽगमणे चेव । भत्त पाणेव संजए ॥ ८९ ॥

ગા. ૮૯ ભાવાર્થ—કાયોત્સર્ગને વિષે સર્વ નાના મોટા જીવને સંભારે, આહારના દોષ જતાં આવતાંના અતીચાર, આહાર પાણી લેતાં અતીચાર જેમ લાગ્યા હોય તેમ અનુક્રમે સાધુ આલોવે (સંભારે.) ૮૯

अर्थः—विधि करी काउसग पारीने उ०सरल प०मज्झाइं अ०उदवेगपणा रहित ॥ अ०अनेरे ठामि अण करतो चे०मन ॥ आ०आलोइं गु०गुरुने स०आगलि ॥ जं०जे आहारादिक जं०जिम ग०वहिर्यो हुइं तिम ॥ ९० ॥

मूलः—उज्जुप्पन्नो मणुव्विग्गो । अव्वखित्तेण चेयसा ॥
आलोए गुरु सगासे । जं जहा गहियं भवे ॥ ९० ॥

ગા. ૯૦ ભાવાર્થ—પછી કાયોત્સર્ગ પાળીને જેમ ગૌચરી કરેલ હોય તેમ [કપટ] રહીત વ્યગ્ર ચિત્ત (ઉદવેગપણાયે) કરી રહીત સ્થિર ચીત્તે કરી, શુદ્ધ મને કરી, સર્વ અતિચાર ગુરૂની સમીપે આલોવે (કહી બતાવે.) ૯૦

अर्थः—स०सम्यक् प्रकारि मा०आलोयुं नहो०नहुइं ॥ पु०दातारे पूर्व पश्चातकर्म्म जं०जे क०कीधुं ल गाग्निंं हुइं वे जणी पु०वली प०इग्गामि पडिकमिउं गोयरचरीयाए इत्यादिक जणीने त०तेहनो ॥ वो०का उसग करी काया वोसरावोने चिं०चिंतवे इ०एहवुं ॥ ए१ ॥

मुलः—नसम्म मालोइयं होज्जा । पुविं पच्छाव जंकडं ॥
पुणो पडिक्कमे तस्स । वोसग्गो चिंतए ईमं ॥ ए१ ॥

ગા. ૯૧ ભાવાર્થ—અહો ! ! જીન તિર્થંકર—ભગવંતે સાધુને અસાવદ્ય નિર્દોષ અઢાર પાપ રહીત વૃતી (આજીવીકા) કેવી દેખાડી છે ? ૯૧

अर्थः—अ०इति आश्चर्ये जि०रुषजादिक तोर्थकरे अ०पाप १० रहित ॥ वि०वृत्तिकायानो निरवाह सा०साधुने दे०देखाडी साहने अरथे ॥ मो०मोक्ष सा०सांधवाने हे०हेते ॥ सा०वलो साधुने दे०शरीरना धा०आधार जणो संजम निरवाह जणी ए जिक्षावृति कही ॥ ए२ ॥

मुलः—अहो जिणेहिं असावज्जा । वित्ती साहुण देसिया ॥
मोख साहण हेउस्स । साहु देहस्स धारणा ॥ ए२ ॥

ગા. ૯૨ ભાવાર્થ—અને તે વૃતી મુક્તીના મારગને સાધવાનું કારણ છે. સાધુના શરીરને લાભની વેળાએ આધારભુત છે, સંજમના નિર્વાહને અર્થે છે. ૯૨

अर्थः—न०नोकारना पांच पद कहीने पा०काउसग पारीने ॥ क०करीनें जि०जिनस्तवन लोगस्स उद्योयगरे इत्यादिक ७ गाथानी ॥ स०सज्ञाय प०करीनें ॥ वि०विसामो लेइं ख०क्षणमात्र एटले एकघमी नो उगो जाग इत्यादिक मु०साधु एटलि बीजा साधु जिक्षाइं गया हूइं ते सहु आवे ॥ ए३ ॥

मुलः—नमुकारेण पारित्ता । करित्ता जिण संथवं ॥
सज्झायं पठवित्ताणं । विसमिज खणं मुणी ॥ ए३ ॥

ગા. ૯૩ ભાવાર્થ—પુર્વોક્ત પ્રકારે કાયોત્સર્ગને વિષે ચિંતવીને પછી તે કાયોત્સર્ગ નમો અરીહંતાણં એમ કહીને પાળે, પછી તિર્થંકરની સ્તુતિ રૂપ લોગસ્સ સંપુર્ણ કહે, સિદ્ધાંતની પાંચ ગાથાની સજ્ઝાય કરીને ક્ષણ માત્ર સાધુ વિસામો લે. ૯૩

अर्थः—वी०वीसामो मं०लेतो थको इ०एहवुं चिं०चितवे ॥ हि०कल्याण जे मोक्ष म०तेहनुं अरथी ला०ए कर्म निर्जरारुप लाजनुं म०अरथी ॥ ते स्युं करे ज०जो मे०माहरो आणित आहार अ०प्रसाद कु०करे ल्ये तो ॥ सा०ते साधु हु०हुइं मी०मुझने ता०संसार समुद्रनो तारणहार ॥ ए४ ॥

मुलः—वीसमंतो इमं चिंते । हियमठं लाज मठिउ ॥
जइ मे अणुग्गहं कुज्जा । साहु हुज्जा मि तारिउ ॥ ए४ ॥

ગા. ૯૪ ભાવાર્થ—તે સાધુ વિસામો લેતો થકો એમ ચિંતવે જે હીતને અર્થે, જ્ઞાન દર્શન ચારિત્રના લાભના અર્થે, બીજા સાધુને આહાર આમંત્રુ, જો બીજા સાધુ મુજ ઉપરે કૃપા કરી માહારો લાવેલો એ આહાર લીયે તો બહુ સારૂં એમ ચિંતવિને, હે સાધુજી મુજને સંસાર સમુદ્રથી તારણુ હાર થાઓ, જો મારા ભાગનો આહાર તમો લિઓ તો હું તરૂં. ૯૪

अर्थः–सा०साधु वो०गुरुनी आज्ञा थको चि०मननी प्रीतिइं करी विनती करे ॥ नि०आमंत्रे ज०जिम क०अनुक्रमें प्रथम गुरुने पछे तेथी लघु साधुने कहे जे मुजने तारो लाभ द्यो माहरुं आण्यो आहार ल्यो ॥ ज०आमंत्रण दीधा पछी जो त०तिहां के०कोइ साधु इ०वांछे तो ॥ ते०तेहने स०संघाते भु०सविभाग देईने भोगवे जिमे ॥ ए५ ॥

मुलः–साहवोतो चियत्तेणं । निमंतिद्य जह क्कमं ॥
जइ तछ केइ इछिद्य। । तेहिं सद्धिंतु भुंजए ॥ ए५ ॥

ગા. ૯૫ ભાવાર્થ—તે વારે મન સુધિએ કરી, પેહેલા સૌથી મોટા સાધુને પુછી અનુક્રમે નાના સાધુને આમંત્રણુ કરે જે આ આહાર લ્યો ને જો એમ કહેતાં તે સાધુ કોઈ સાધુ લેવાની હા ભણે તો તેહને આહાર આપીને તે સાધુ સંઘાતે પોતે આહાર કરે. ૯૫

अर्थः–अ०अथवा को०कोइ साधु न०नवांछे स०संविभाग आहार न ल्ये ॥ त०तिवार पछी भु०भोगवे ए०एकलो रागद्वेष रहित स्या माहि ॥ आ०प्रकाशकारोइं भा०पात्रनें विषे सा०साधु. ॥ ज०जतन सहित अ०अण नाखतो हाथ मुहमें करी ॥ ए६ ॥ हवे भोजननी विधि कहेछे ॥

मुलः—अह कोइ न इच्छेद्या । तउ भुंजिद्य एगउ ॥
आलोए नायणे साहु । जयं अप्परिसाडियं ॥ ए६ ॥

ગા. ૯૬ ભાવાર્થ—એમ આમંત્રણ કરતાં કોઈ સાધુ આહાર લેવાને ઈચ્છે નહીં તો એકલો રાગ દ્વેષ રહીત સાધુ પોહોળા પ્રકાશ સહીત પાત્રાને વિષે જત્નાએ સીથ બીંદુ (ચોખા પ્રમુખનો દાણો) અણ નાખતો થકો. ૯૬

अर्थः—ति०मरच पलुंक वालुकादिक तीखी जीति१ ॥ अं०आंबिलो कांजो प्रमुख खाटो४ म०मीठो साकर प्रमुख५ ल०जेह मांहिइं लुण घणूं पड्युं हुइं६ ॥ ए०एहवो सिद्धांतनी रीते ल०लाधु पाम्युं म०अनेरा ने ठ०अरथें प०नीपनुं हुइं ते अथवा ॥ पउ०मोक्षनुं साधक एहवुं करी म०खांड घ०घीनी परिलेखवीने भु० भोजन करे स०साधु ॥ ए७ ॥ परंवर्णादिक वधारवाने काजे न भोगवें ॥

मुलः—तित्तगं च कडुयं च कसायं । अंबिलं च महुरं लवणं वा ॥
एय लद्ध मन्नठ पउत्तं । महु घयंव भुजिद्य संजए ॥ ए७ ॥

ગા. ૯૭ ભાવાર્થ—જો તે આહાર મરચાં તથા મરી ઘણા હોવાથી તીખો હોય, કડવો તે તુબડાદીકનું સાક હોય, કસાઈલો તે ખાખટી પ્રમુખ હોય, ખાટો તે આંબલી પ્રમુખ ઘણી હોય, મીઠો તે ગોળ ઘણો હોય, ખારો તે લુણ ઘણું હોય, એહવો અનેરાને અર્થે નીપજેલો આહાર સીદ્ધાંતની રીતી પ્રમાણે લીધેલો તેને ખાંડ ઘીની પેરે લેખવીને સાધુ પુર્વોક્ત આહાર કરે. ૯૭

अर्थः—अ०हाग तेलादिक वघार रहित वि०जूना धाननुं नीपनुं ॥ मु०व्यंजनादिक सहित अ०व्यंजनादिक रहित ॥ उ०ढीला सरस करवो तथा वली सांगरी सेलमां प्रमुखनो राइनुं दही सहित ज०जद्यपि वा०अथवा मु०मूकुंखाखरादिक मं०बोरकुट कु०उडदनुं जो०भोजन ॥ ९८ ॥

मुलः—अरसं विरसं वा वि । सुइयं वा असुइयं ॥
उल्लं वा जइ वा सुक्कं । मंथु कुम्मास जोयणं ॥ ९८ ॥

ગા. ૯૮ ભાવાર્થ—રસ રહીત, વઘાર રહીત, જુના ધાનનું નીપજેલો સાક સહીત અથવા સાક રહીત, સારો અથવા નીરસ, સાંઘરી સેલડા પ્રમુખનું દહીં સહીત રાઈતું, સુકું ખાખરાદીક બોરકુટ, અડદના બાકળા ઈત્યાદી આહાર ગૌચરી કરતાં. ૯૮

अर्थः—उ०सिद्धांतनी विधि पांम्युं जे आहार ना०हीले नही ॥ अ०थोडुं वा०अथवा ब०घणुं फा०निर्दोष ॥ मु०सहजें ल०लाधु माया आलाप रहित तेहना काम ॥ विण कीधे मु०निरदोष आहारे जीवे साधु ॥ मु०भोजन करे दो०संजोयणादिक पांच मांडलाना दोष व०रहित ॥ ९९ ॥ हवे गुरु उपदेश कहे छे दो०दहि गासिमांहि स्वादने अर्थे जीरालूण ल्ये स्याकमाहि मरीचनो भूको नांखे जाजीमांहे लींबु नीचूइं दूधमांहि साकर नांखे खीर सेव मांहि खांम जेले ए संयोग दोष कहीइं ॥

मुलः—उप्पन्नं नाइहीलिज्जा । अप्पं वा बहु फासुयं ॥
मुहा लद्धं मुहाजीवी । भुंजेज्जा दोस वज्जियं ॥ ९९ ॥

ગા. ૯૯ ભાવાર્થ—એહવો પુર્વોક્ત આહાર મળવાથી તે આહારની તથા દાતારની નિંધા ન કરે. થોડો અથવા ઘણો નિર્દોષ આહાર મળેલો જાણી એમ ચિંતવે જે [ગ્રહસ્થનો] આલાપ સંલાપ તથા તેહના કામ કર્યા વિના તથા જાત્યાદીક દેખાડ્યા વિના સેહેજે નિર્દોષ આહાર લાધ્યો છે તે માટે એ આહાર કરૂં એમ જાણી પાંચ માંડલીયાના દોષ રહીત તે આહાર પાણી કરે. ૯૯

अर्थः—ड०ते दोहिला थोमा संसारमांहि मु०जे स्वारथ विना सहिजें साधुनां गुण जाणी अनादिक दाणदिइं ॥ मु०मंत्र तंत्र विना निरदोष आहार लेइ जीवे तेपणि संसारमांहि ड०दोहिला थोडा ॥ मु०निर्दोषना दातार सुमुख गाथापती रेवती चंदन बालादि मु०निर्दोष आहारना लेणहार सुदत्तघना अणगारादिक दो०ते दातार१ अने साधुर ए बि ग०जाए सु०मोक्षमति कदाचि शेष कर्म्म रहेतो देवलोक मनुष्यलोक परपराइं पणि मोक्ष पामें त्तिबेमि ॥१००॥

मुलः—दुल्लहाउ मुहादाइ । मुहा जीवीवि दुल्लहा ॥
मुहादाइ मुहाजीवी । दोवि गच्छंति सुग्गइं तिबेमि ॥१००॥

ગા. ૧૦૦ ભાવાર્થ—હવે તિર્થંકર ઉપદેશ કહે છે. સંસાર માંહી સ્વાર્થ વિના આપે તેવા દાતાર થોડા અને નિસ્પૃહી ભાવે આહારના લેવાવાળા એવા સાધુ પણ થોડા.

[નિર્દોષ આહારના દાતાર—સુમુખ ગાથાપતી રેવતી ચંદન બાળાદીક—નિર્દોષ આહારના લેનાર—સુદત્ત અણુગાર ધના અણુગારાદીક.] એવા દાતાર ને એવા સાધુ બેહુ જણ મોક્ષ જાય, અને કદાચિત્ સેષ કર્મ રહેતો સદ્ગતી વૈમાનીક દેવતા માંહી જાય. ૧૦૦

पहिला उद्देसानें विषे जे आहारनो विधि कही अने जे एहने विषे नथी कही
ते बीजे उद्देसे कहे छे ॥

इतिश्री पिंडसणाए नामं पंचमंऽज्झयणस्स पढमो उद्देशो संपूर्णं ॥ ५ ॥

એમ સુધર્મા સ્વામીએ જંબુ સ્વામીને પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશાનું એ પ્રમાણે ઉદારણ કહ્યું—એ આહારની વીધીનો પેહેલો ઉદ્દેસો પુર્ણ થયો. એ જે પેહેલા ઉદ્દેસાને વિષે આહારની વીધી કહી અને જે એહને વિષે નથી કહી તે બીજે ઉદ્દેસે કહીએ છીએ.

अर्थः—प० आहार करीनें पछे पातरुं सं० आंगुलीइं तथा लूणादिक लूहीनें मुके ते स्या माटे ॥ ले० लेप मात्र खरडितं न राखि स० साधु रात्रि वासी दोष माटि ॥ ड० जुना धाननुं खोरुं स्वाद रहित सु० स्वाद सहित मोदिकादिक ॥ स० ते सर्व जिमें न० छांडे नही ॥ १ ॥

मुलः—पडिग्गहं संलिहित्ताणं । लेव मायाए संजए ॥
दुगंधं वा सुगंधं वा । सव्वं भुंजे न छड्डुए ॥ १ ॥

અધ્યયન ૫ ઉદ્દેશો ૨.

ગા. ૧ ભાવાર્થ—સાધુ આહાર કરીને પાત્રુ લુસીને મૂકે, (તેનું કારણ) રાત્રીએ વાસી દોષ ટાળવાને માટે

લેશ માત્ર પાત્રું ખરડયું ન રાખે. જુના ધાનનો બનાવેલો આહાર, તેમાંથી દુર્ગંધી નીકળે તેવો આહાર તથા લાડુ પ્રમુખ સુગંધી આહાર તે સર્વે આહાર કરે પણ છાંડે નહીં. ૧

अर्थः-सि०उपाश्रानें विषे नि०सझायक करवाने स्थानकें रहियां थकां ॥ स०संप्राप्त थयो गो०गोचरीनें कालें पुहतो थको गोचरीनें विषे थोडो आहार लाधो ते लेइ थानकें आवी आ०संजमजात्रा निर्वाहनी अर्थे नो०नोजन करीनें ॥ ज०जो ते०ते आहार न०नसरे क्षूधा न मिटें ॥ २ ॥

मुलः-सिज्जा निसिहीयाए । समावन्नोय गोयरे ॥
आया वइया नोच्चाणं । जइ तेण न संथरे ॥ २ ॥

ગા. ૨ ભાવાર્થ—સ્થાનકને વિષે સજ્ઝાય કરવાની જગ્યાએ રહેતાં થકાં ગૌચરીનો વખત થયો જાણીને ગૌચરી કરવા જાય, ત્યાં મર્યાદાએ આહાર લઈ સ્થાનકે આવી, સંજમ યાત્રા નિર્વાહ કરવાને અર્થે ભોજન કરે. કદાચિત્ જો તેટલા આહારથી ક્ષુધા ન મટે તો. ૨

अर्थः-त०तिवार पछी का०वेयावचादिक कारण स०उपनें ॥ न०नात्त पा०पाणी ग०गवेखें ॥ वि०विधि जे पु०पहिले उदेसें कही तेणी विधें ॥ इ०एणें उद्देसें उ०आगलि कहिस्यें तेणी विधें ॥ ३ ॥

मुलः-तत्र कारण समुप्पन्ने । भत्त पाण गवेसए ॥
विहिणा पुव उत्तेणं । इमेणं उत्तरेणय ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—તે વાર પછી ક્ષુધાને કારણે આહારનો અર્થ ઉપને છતે, વળી બીજી વાર પુર્વે, પેહેલે ઉદ્દેસે કહ્યું, તેમ તથા આ બીજે ઉદ્દેસે વીધી કહી છે, તે પ્રમાણે આહાર પાણી લેવાની ગંવેષણા (શોધ) કરે. ૩

अर्थः—का० जे गामादिकनें विषे जिवारे आहारनी वेला हुइं ते अवसरे नि० गोचरीइं जाजे भि० हे साधु ॥ का० सझायनें काले प० पाछो वलजे थानके आवजे ॥ अ० भिक्षानो काल नथी वि० ते वर्जीनें ॥ का० भिक्षानो अवसर जाणी का० तेणे प्रस्तावे स० जाजे जिम आहार लेइने समताइं सझाय ध्यान करे ४

मुलः—कालेण निक्खमे भिक्खु । कालेणेय पडिक्कमे ॥
अकालं च विवज्जित्ता । काले कालं समायरे ॥ ४ ॥

ગા. ૪ ભાવાર્થ—સાધુ ગુરૂની આજ્ઞા લેઈને જે ગામને વિષે, જે વારે આહારની વેળા હોય, તે કાળને વિષે ગૌચરી નીકળે. અને ગૌચરીની વેળા ટળી ગયેલી જાણી સમયને કાળે પાછો વળી સ્થાનકે આવે. ગૌચરીની વેળા થઈ નથી, તથા આહારની વેળા વહી ગઈ, તે અકાળને વરજીને ગૌચરીની વેળાએ ગૌચરી જાય એમ સમતાએ આહાર કરી સજાય ધ્યાન કરે. ૪

अर्थः—अ० जो अकालें च० जाइस भि० हे साधु ॥ का० भिक्षानी वेला सझायादिकना रसेंकरी न० नही जोइतो ॥ अ० आत्माने घणुं भमवाथो, कि० किलामना थासें भुखे पीड्यो थको ॥ स० गामनी गृहस्तनी ग० निंदा करीस ए गामने विषे कोइ दातार नथी साधुने वहिरावे नही पोतानुं पेट भरी जाणे छे इत्यादि कहीश ॥५

मुलः—अकाले चरिसि भिक्खू । कालं न पडिलेहसि ॥
अप्पाणं च किलामेसि । सन्निवेसं च गरिहिसि ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—હે સાધુ! વેળા વિના અકાળે જો ગૌચરી જઈશ, અને અવસર નહીં જુવે તો આહાર નહીં મળવાથી દુઃખ્ખ પામશે, ને ક્ષુધાએ પીડાયો થકો, દુઃખ પામશે. પછી ગામ લોકની નીંધા કરીશ, જે એ ગામનાં લોક દાતાર નથી, ને પોતાનું પેટ ભરે છે, એમ કહીશ. ૫

अर्थः—स०गोचरीनी वेला हुई तिवारे च०भिक्षा लेवा जाजे भि०हे साधु ॥ कु०करजें पु०उद्यम ॥ अ०एम करतां भिक्षा अण लाधे न०सोच नकरे तो शुं करे ॥ त०तप इत्ति०एहवुं अ०खमें एटले अंतराय कर्मनें उदे आहार न लाधु तो तपनी वृद्धि थइ एम जाणी क्षुधा परिसह खमजे ॥ ६ ॥

मुलः—सइकाले चरे भिक्खू । कुज्जा पुरिस कारियं ॥
अलाभोत्ति न सोएज्जा । तवोत्ति अहियासए ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—તે માટે હે સાધુ! છતે અવસરે આહારની વેળા હોય, તે વેળાએ લેવા જવાનો ઉદ્યમ કરજે. તેમ છતાં, જો ગૌચરી કરવાને ગયો, ને આહાર ન મળે તો પછી સોચના કરીશ નહીં, ને એમ જાણજે જે મારે લાભાંતરાય છે, તેથી તપની વૃદ્ધી થઈ. એમ જાણીને ક્ષુધા, પરી સહ ખમજે. [ઈહાં ઢંઢણ કુમારનું ઉદાહરણ સમજવું.] ૬

इहां ढंढणकुमारनों दृष्टांत ढंढणकुमारनो जीव पाछिलें नवें पांचसें हलवाहक ऊपरी राजानी तरफनो अधिकारी हुतो। ते मध्यान वेलाइं जात पाणी आव्या पछी एकेको चास पोतानें खेत्रे देवरा व्यापछे। तेहनें खावा घे। पांचसें खेडूत अने एकहजार बलद एवं पन्नरसें जीवनें। नित्यप्रति अंतराय करे ते जीव काल समे मरण पांमी कृष्णमहाराजानी ढंढणा नामें, राणीनी कुखें। पुत्रपणे ऊपनो। पूर्णमासें जन्म पांम्यो, महाम होछव कीधो, मातानें नामें तेहनुं नाम दीधुं। जोग्य समर्थ जाणी परणाव्यो। पछे श्री नेमनाथनें पासें धर्म उप देश सांजली वैराग पांमी। माता पितानी आज्ञा मांगीनें दीक्षा लीधी। शुद्ध संजम पाले। द्वारकां नगरीमांहि वोरवा गया घणें घरे आहारने अर्थे जम्या। पण निर्दोष जिक्षा न लहे। पाछिला जवना अंतराय कर्मनें उदें करी तेवारे अजिग्र लीधुं। जे बीजा साधुनो लाव्यो आहार पाणी माहरें न लेवुं। आपणी लबधि सु ऊतो आहार पाणी मिलसें तो जिमसुं। नहीतर तपवृद्धि। इम करतां घणा दिवस थया। एकदा प्रस्तावे श्री कृष्णमहाराजाइं श्री नेमनाथजीनें वांदीनें पूछयुं। तम्हारे अढारहजार साधुमांहि कोण महादुकर करणीनो करणहार। तिवारि श्री नेमीश्वरें कह्युं। तमारो पुत्र ढंढणकुमार। महादुकर करणीनो करणहार। एहवो सांज ली। जगवंतनें वांदी पाछा वल्या एहवे ढंढणकुमार साहमा आवता दीठा। ते देखी हाथी थकी हेठा ऊतरी। त्रिण प्रदक्षणा देइ। हाथ जोडी विनय सहित। ढंढणकुमारनें वांद्या। एहवे एक व्यवहारीइं वांदतां दीठा। जे ए मोटा ऋषिश्वर दीसें छे। जे जणी एहने कृष्णजीइं वंदना करी। इम विचारीनें। तेणें मोटा मोदिक वो हराव्या। निरदोष जाणी ढंढण अणगारें विहरया पछे आवी जगवंतने वांदीनें पूछयुं। हे स्वामी। माहरा अंत रायकर्म क्षय गयो। तेवारे जगवंति कह्युं। ए कृष्णनी लब्धि लाडू लाधा। ताहरी लबधि नही। एम सांजली ने पछे ढंढणकुमारि। वे मोदिक चूर्ण करी। अचित भूमिपर ठवतां थकां इम विचारयुं। जे अहो!! प्राणी अंत

राय कीधानां एहवां मोटां फल छे। इम शुभध्यान धाता। जिम२ मोदिकपर ठर्वे तिम२ कर्मना दल क्षय थाइं केवलज्ञान पामी मोक्ष पहुतो इम ढंढणा अणगारनो परिसिक्षा अण लाधे सोच नकरवो दृढ चित्त परोसो खमवो बीजे साधुइ पण इति ढंढणाअणगार दृष्टांत ॥ १ ॥

अर्थः–त०तिमज गोचरी जाता मारगमांहि उच्चा०हंसादि व०कागमादि पा०जीव ॥ उ०उत्त पाणी चूणिवाने ग०अरथें स०आव्यां हुइं ॥ त०तेहनें उ०साहमुं न०न जाए ते जीव त्रास पामीनें उमो जाइ ते हनें अंतराय पडे ते जणी ॥ ज०जतनाइं ते माणीनें जय न उपजे तिम प०जाइं ॥ ७ ॥

मुलः–तहेवुच्चा वया पाणा । भत्तठाए समागया ॥
तं उज्जुयं न गच्छिज्जा । जयमेव परक्कमे ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—તેમજ ગૌચરી જાતાં થકાં મોટા કાગ પ્રમુખ પંખી, નાના ચરકલી પ્રમુખ પંખીની જાતી દાણા ચરવાને માટે આવેલાં છે. તેના સામો ચાલ્યો ન જાય, જેથી તે પંખી ત્રાસ પામીને ઉડી જાય, તે માટે જત્ના સહીત પાછો વળે. જેમ તે જીવને અંતરાય ન પડે તેમ કરે. ૭

अर्थः–गो०गोचरी प०गयो थको ॥ न०न बइसें क०किहांइं गृहस्थना घरनें विषे ॥ क०धर्मकथा पण न०न कहे ॥ चि०उजो रहो सं०साधु ॥ ८ ॥

मुलः–गोयरग्ग पविठ्ठोय । न निसीइज्ज कच्छइ ॥
कहं च नपबंधिज्जा । चिठ्ठित्ताणव संजए ॥ ८ ॥

ગા. ૮ ભાવાર્થ—સાધુ ગૌચરીએ ગયો થકો ગ્રહસ્થનેધરે બેસેનહીં, ને ઉભા રહીને ધમ કથા પણ ન કહે. ૮

अर्थः-अ०जोगलनों गामि१ फ०जांपानें२ दा०बारणानो बारसाखानेश ॥ क०कमाडनें सं०साधु ॥ अ०वलगी ठंगोगोरनें न०कज्ञो न रहे ॥ गो०गोचरो ग०गयो थको मु०साधु ॥ ए ॥

मुत्तः-अग्गलं फलिहं दारं । कवाडं वावि संजए ॥
अवलंबिया न चिठिज्जा । गोयरग्ग गत्त मुणी ॥ ए ॥

ગા. ૯ ભાવાર્થ—સાધુ ગૌચરીએ ગયો થકો કોઈ ઠેકાણે ભુંગળને, ઝાંપાને, બારણાને, કમાડને, ઓઠીંગણ દઇને ઉભો રહે નહીં. ૯

अर्थः-स०शाक्यादिक१ मा०ब्राह्मण२ ॥ कि०कृपण पोतानुं ठतु धन संचोनें जोख मागें निमतोयादि३ व०रांक दलिद्रो४ ॥ उ०समीपि ढुंकर्मो आवतो ज०जातनें ग०अरथें ॥ पा०पाणीनें ग०अर्थे सं०साधु ॥ १० ॥

मुत्तः-समणं माहणं वावि । किविणंवा वणीमग्गं ॥
उवसंकमंतं भत्तठा । पाणठाएव संजए ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—સાકયાદીક મતના સાધુ, તથા બ્રાહ્મણ, અથવા કૃપણ પોતાનું ધન સંચીને ભીખ માગે, તેની

મીતિયા, પ્રમુખ રાંક દરિદ્રી, ભીક્ષાચર ઈત્યાદી ભીક્ષા લેવાને અર્થે ગ્રહસ્થને ઘરે પેહેલાં આવ્યા હોય, તેને ઊભા દેખીને સાધુ આહાર પાણીને અર્થે. ૧૦

अर्थः-तं०तेहनें अ०उल्लंघीनें न०न पइसें गृहस्थना घर मांहे ॥ न०ऊजो नरहे च०तेहनी दृष्टि गो०पमे तिहां ॥ ए०एकांतते न देखे तिहां म०जईनें ॥ त०तिहां चि०ऊजो रहे सं०साधु ॥ ११ ॥

मुलः-तं अइक्कमित्तु न पविसे । न चिठे चक्खू गोयरे ॥
एगंत मवक्क मित्ता । तठ चिठेज संजए ॥ ११ ॥

ગા. ૧૧ ભાવાર્થ—તેહને ઓલંઘીને તે ઘરમાં ન પેસે, તેમજ દાતાર તથા ભીક્ષાચર દેખે તેમ ઊભો પણ રહે નહીં, ને એકાંત જગા જોઇને તિહાં સાધુ ઊભો રહે. ૧૧

अर्थः-तिहां ऊजा रहे तों दोष कहेछे ॥ व०भिक्षाचरने त०तेहनी दा०दातारनें ऊ०णविहुनें ॥ अ०अप्रतीति सि०कदाचित हु०हुइ मनमां खेद पामे भिखारी जाणे जे अन्नमां भाग पडशे अने दातार जाणे जे बेनेविहचि आपे ते माटे तिहां ऊजो न रहे ल०अथवा लघुतापणुं होय प०सिद्धांतनुं जे साधु अने भिखारी बेएकठा आहार लिछे ॥ १२ ॥

मुलः-वणीमगस्स वा तस्स । दायगस्सु भयस्स वा ॥
अप्पत्तियं सिया हुज्जा । लहुयत्तं पवयणस्स वा ॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—ત ભાખારા અને દાતાર એ બેઉને અપ્રતીત ઊપજે, જે ભીખારી જાણે ભીખમાં ભાગ પડશે, અને દાતાર જાણે જે બનેને વેહેંચી આપું, તથા પ્રવચન લઘુતાપણું પામે, જે સાધુ અને ભીક્ષાચર બેઉ એકઠા આહાર લે છે, તેથી સાધુ ભીક્ષાચરની પાસે ઉભો રહે નહીં. ૧૨

अर्थः—प०गृहस्थ ते भिक्षाचरने नाकही पाछो वाले अथवा दि०देईने पाछो वाले ॥ त०तिवारपछी त०तेवणी मगादिक नि०गये थके ॥ उ०तिहां गृहस्थनें घरे जाए भ०भात्तने ठा०अरथें ॥ पा०पाणोनें ठा०अरथें ॥ सं०साधु ॥ १३ ॥

मुलः—पडिसेहिएव दिन्ने वा । तउ तंम्मि नियत्तिए ॥
उवसंकमिज्ज भत्तठा । पाणठाएव संजए ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—તે ભીક્ષાચરને દાતારે આપ્યા વિના પાછો વાળ્યો અથવા આપીને પાછો વાળ્યો, તે વાર પછી તે ભીક્ષાચરને પાછા વળ્યા જાણીને, તે ગ્રહસ્થના ઘર માંહી સાધુ આહાર પાણીને અર્થે પેસે. ૧૩

अर्थः—उ०नीलोकमल१ प०रातु अरिवंदकमल२ ॥ कु०धउलुं कमल३ मग०मेदीना पांनमां तथा मालतीना मोगराना फुल४ ॥ अ०अनेरो कोइ पु०फुल जाति विशेष स०सजोव५ ॥ तं०ते फुलने सं०छेदोने द०दिइ दातार ॥ १४ ॥

मुलः—उप्पलं पउमं वावि । कुमुयं वा मगदंतियं ॥
अन्नं वा पुप्फ सचित्तं । तंच संलुचिया दए ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—લીલાં કમળ, રાતાં કમળ, ધોળાં કમળ, માલતીનું પુલ, બીજાં પણ સચેત પુલ, તે પુલને છેદીને આપે. ૧૪

अर्थः-तं०ते । ज०हुइ जात । पाणी । साधुनें । अ०अकल्पनीक । दिं०देता प्रति । प०ना कहे । नक०नकल्पें मे०मुझनें ता०तेहवो अनादिक ॥ १५ ॥

मुलः-तं भवे भत्ते पाणंतु । संजयाण अकप्पियं ॥
दिंतियं पडिआइरके । नमे कप्पइ तारिसं ॥ १५ ॥

ગા. ૧૫ ભાવાર્થ—તે હવો અકલ્પનીક આહાર દાતાર દિયે, તે વારે સાધુ કહે, તે હવો સદોષ આહાર મુજને ન કલ્પે. ૧૫

अर्थः-उ०नीलोकमल१ प०रातुकमल२ ॥ कु०धवलोकमल३ म०महिदोना पानमां तथा मालतोनुं मोगरादिकना फूल४ ॥ अ०अनेरो कोइक जातिना पु०फूल स०सजिव ॥ तं०ते फूलने सं०पगे मरदी चांपीनें द०आपे ॥ १६ ॥

मुलः-उप्पलं पउमं वावि । कुमयं वा मगदंतियं ॥
अन्नं वा पुप्फ सचित्तं । तंचसंम्मंद्दिया दए ॥ १६ ॥

ગા. ૧૬ ભાવાર્થ—લીલાં કમળ, રાતાં કમળ. માલતીનું પુલ, બીજાં પણ સચેત પુલ, તે પગે તથા હાથે કરીને ચ્યરીને આહાર આપે. ૧૬

अर्थः—तं०ते भ०हुइ भ०भात पाणी ॥ सं०साधु । अ०अकल्पनीक । दिं०देतांप्रति । प०नाकहे । न०नकल्पे मे०मुझने ता०तेहवो आहार ॥ १७ ॥

मुलः-तं भवे भत्त पाणंतु । संजयाए अकप्पियं ॥
दिंतियं पडि आइक्खे । नमे कप्पइ तारिसं ॥ १७ ॥

ગા. १७ ભાવાર્થ—તે હવો અકલ્પનીક, આહાર દાતાર દીએ, તે વારે સાધુ કહે, તેવો સદોષ આહાર મુજને ન કલ્પે. १७

अर्थः-उ०नीलोकमल१ प०रातुकमल२ ॥ कु०धवलोकमल म०मांहिदीना पानमां तथा मालती मोगरादिकना फुल ॥ अ०अनेरो कोइक जाति विशेष पु०फुल स०सजीव ॥ तं०ते फुलादिकनें सं०संघटी फरसीने दं०दिइं ॥ १८ ॥

मुलः-*उप्पलं पउमं वावि । कुमयं वा मग दिंतियं ॥
अन्नं वा पुप्फ सचित्तं । तंच संघट्टिया दए ॥ १८ ॥

ગા. १८ ભાવાર્થ--લીલાં કમળ, રાતાં કમળ. માલતીનું પુલ, વગેરે બીજાં પણ સચેત પુલ તેહને હાથ પ્રમુખે સંઘટો કરીને આપે. १८ *આ ગાથા કેટલાએક સૂત્રમાં નથી ને કેટલાએકમાં છે.

अर्थः—तं०ते ज०हुइ जात पाणी ॥ साधुनें । अजोग्य । ते देतांप्रति । प०नाकहे । न०नकल्पे मे०मुझने ॥ ता०तेहवो ॥ १९ ॥

मुलः—तं जवे जत्ते पाणंतु । संजयाण अकप्पियं ॥
दंतियं पडि आइखे । नमे कप्पइ तारिसं ॥ १९ ॥

गा. १९ ભાવાર્થ—તેહવો અકલ્પનીક આહાર દાતાર દીયે, તો સાધુ કહે તે હવો સદોષ આહાર મુજને ન કલ્પે.૧૯

अर्थः—सा०नीला उत्पलनो कंद बि०पलासनो कंद ॥ कु०धोळलाकमलनी उ०नीलाकमलनी ना०डामी ॥ मु०रातोकमलनी सा०सरसवनी ना०मांमीमांजरि ॥ उ०सेलमीना खं०कटका अ०सचित २०

मुलः—सालुयं वा बिरालियं । कुमयं उप्पल नालियं ॥
मुणालियं सासव नालियं । उच्छु खंडं अनिवुडं ॥ २० ॥

गा. २० ભાવાર્થ—કમળનો કંદ, પલાસનો કંદ, ધોળા કમળની નાળ, લીલા કમળની નાળ, કમળના તંતુવા, સરસવની ડાંડલી, સેલડીના કટકા, એ સર્વે સચેત વર્જે. ૨૦

अर्थः—त०कुलु । प०पल्लव । रु०वृक्षनो । त०तृणानुं । अ०अनेरी कोई । ह०नीलवणनो पल्लव । आ०काचो । प०वर्जे ॥ २१ ॥

मुल:-तरुणगं वा पवालं । रुक्खस्स तणगस्स वा ॥
अन्नस्स वावि हरियस्स । आमगं परिवज्जए ॥ २१ ॥

ગા. ૨૧ ભાવાર્થ—નવી કુંપળી, વૃક્ષની તૃણુંની, તથા બીજી પણ વનસ્પતીની કુંપળીઓ તે સર્વે કાચાં વર્જે. ૨૧

अर्थः-त०कुंपली जेहमां दांणो बंधाणो नथी एहवी छि०मगादिकनी फली ॥ आ०काची ज०सेकी स०एकवारनी । दिं०देतां प्रति । प०नाकहे । न०नकल्पे मे०मुझने ता०ए लेवो ॥ २२ ॥

मुल:-तरुणियं वा छिवाडिं । आमियं भज्जियं सयं ॥
दिंतियं पडिआइक्खे । नमे कप्पइ तारिसं ॥ २२ ॥

ગા. ૨૨ ભાવાર્થ—જેહતું બીજ બંધાણું નથી, એહવી ચોળા ફળી પ્રમુખ તે એકવાર છમકારી (વધારેલી) હોય, તથા કાચી હોય, તે દાતાર દીયે તે વારે સાધુ કહે, તે હવો સદોષ આહાર મુજને ન કલ્પે. ૨૨

अर्थः-त०तिम को०बोरनुं फल पाकुं अणु०अग्नि अणपाकुं ॥ वे०वंश करेल्लां का०श्रीपणी वृक्षनो फल ॥ ति०तिलनी पापडी काची नी०कदंब वृक्षना फल ॥ आ०काचां । प०वर्जे ॥ २३ ॥

मुल:-तहा कोलं मणुस्सिसं । वेलुयं कासव नालियं ॥
तिलपप्पडगं नीमं । आमगं परिवज्जए ॥ २३ ॥

ગા. ૨૩ ભાવાર્થ—તેમજ બોરકુટ, ઠળીઆ સહીત. અણુ રાંધેલું, વંશ કરેલું નાળીએરીનું ફળ. (શ્રી ફળ કાચી) તલ પાપડી, કદંબ વૃક્ષનાં ફળ એ સર્વે, કાચાં ફળ વર્જે. ૨૩

अर्थ–त०तिमज चा०वांटया चोखानो धोरो लोक प्रसिद्ध ॥ वि०नदीयादिकनुं काचु पाणी त०त्रि पातकाला रहित पाणी ॥ तिं०कूट्या तिल पू०कोद्यो पिणा०सरसवनो खोल ॥ आ०काचा । प०वर्जे २४

मुलः–तहेव चाउलंपिठं । वियडं वा तत्त निवुडं ॥
तिल पिठ पुईपिन्नागं । आमगं परिवज्जए ॥ २४ ॥

ગા, ૨૪ ભાવાર્થ—તેમજ તરતનું ખાંડેલું ચોખાનું પીઠું. (બે ઘડી થયાં પેહેલાંનું) ધોવણ બરાબર ઊનું થયું નથી એવું મીશ્ર પાણી, તલને ખાંડી તથા સરસવને ખોળ કર્યો હોય તે સર્વે કાચું વર્જે. ૨૪

अर्थः–क०कउठ मा०बीजोरुं ॥ मू०मूलनो पानडां सहित मू०मूलानी डांखली ॥ आ०काचुं । अ०सस्त्र परिगम्यु नथी ॥ म०मनेंकरी न०नवां छे साधु ॥ २५ ॥

मुलः–कविठं माउलिंगंच । मूलगं मूल गत्तियं ॥
आमं असथ्थ परिणयं । मणसावि न पत्थए ॥ २५ ॥

ગા. ૨૫ ભાવાર્થ—કોઠ, બીજોરૂ, પાંદડાં સહીત મુળો, મુળાની ડાંડલી, એ સર્વે કાચાં તેહને અગ્ની લુણુ પ્રમુખનું શસ્ત્ર પ્રણમ્યું નથી તેવું મને કરીને પણ વંછે નહીં. ૨૫

अर्थः—त०तिमज । फ०बोरना फलनुं मं०चूर्ण बोरकुट । बी०जवद्धारिनुं म०साथुत्त जा०जाणीनें ॥
वि०बहिमानुं फल पि०राइणनुं फल ॥ आ०काचु । प०वर्जे ॥ २६ ॥

मुलः—तहेव फल मंथूणि । बीय मंथूणि जाणिया ॥
विहेलगं पियालंच । आमगं परिवज्जए ॥ २६ ॥

ગા. ૨૬ ભાવાર્થ—તેમજ ફળનું ચુર્ણ, જવ પ્રમુખનું ચુર્ણ, તથા બેહેડાં, રાયણનાં ફળ, એ સર્વે કાચાં સચેત જાણીને વર્જે. ૨૬

अर्थः—स०घणा घरनी भिक्षानें विषे च०चाले भि०साधु ॥ कु०कुल उंचा व०नीचां स०हुइ तिहां सदा प्रवर्ते ॥ नी०नीचा घर म०उल्लंघोनें ॥ उ०ऊंचे घरें न०नजाइं ॥ २७ ॥

मुलः—समुयाणं चरे भिक्खु । कुलं उच्चा वयंसया ॥
नीयं कुलं मइक्कमं । ऊसढं नाभि धारए ॥ २७ ॥

ગા. ૨૭ ભાવાર્થ—ધનવંતના મોટા કુળને વિશે, નિર્ધનના નાના કુળને વિશે, સદાય સાધુ સામુદાણી ગૌચરી કરવાને જાય. પણ નિઃરસ આહાર જાણી, નિર્ધનનું ઘર ઓલંઘી સરસ આહારની લાલચે ધંનવંતને ઘેર ન જાય. ૨૭

अर्थः—अ०दीनपणा रहित वि०आहार मे०गवेखें ॥ न०आहार न मिले विषवाद नकरे प०साधु ॥
अ०मूर्छा नकरि भो०भोजनने विषें ॥ मा०आहारनी मरजादानो जाण ए०४२दोष रहित लेवानें र०रातो २८

मुलः—अदीणो वित्ति मेसेज्जा । नविसीएज्ज पंडिए ॥
अमुच्छित्त भोयणंमि । माइन्नेएसणारए ॥ २८ ॥

ગા. ૨૮ ભાવાર્થ—નિર્દોષ આહાર લેવાને વિષે રક્ત અને આહારની મર્યાદાનો જાણ એહવો, પંડીત સાધુ દીન (કંગાળ) પણા રહીત, આહારની ગવેષણા કરે ને સરસ આહારને વિષે, મુર્છા લાલચ ન કરે ને [કદાચિત) જે આહાર ન મળે તો સીદાય (દીલગીર) પણ નહીં. ૨૮

अर्थः—ब०घणुं प०गृहस्तने घ०घरें अ०छे ॥ वि०नाना प्रकारना खा०फलादिक सा०मुखवास लवंगादिक ॥ त०अए।दीधें तिहां गृहस्थ उपरि प०साधु नकु०कोप नकरे ॥ इ०इछा आवेतो दि०दिई प०गृहस्थ वा०अथवा नघे तथा इ०इछा तुम्हारी हुइ तो दि०दिउं प०नहुइं तुमदिउ ॥ २९ ॥

मुलः—बहु परघरे अत्थि । विविहं खाइमं साइमं ॥
नतत्थ पंडित्त कुप्पे । इच्छादिज्ज परो नवा ॥ २९ ॥

ગા. ૨૯ ભાવાર્થ—સાધુ ગોચરી કરવાને ગયો છે, તિહાં ગ્રહસ્થને ઘરે ઘણું ને ઘણા પ્રકારનું અન્ન પાણી મેવા, મુખવાસ છે, તે સાધુને આપે નહીં તો, ગ્રહસ્થના ઊપરે પંડીત સાધુએ ક્રોધ કરવો નહીં, ને એમ ચિંતવે જે ગ્રહસ્થને દાનાંતરાયનો ક્ષયોપસમ થાય તો દેવાની ઈચ્છા ઊપજે તો આપે, ને ઈચ્છા ન ઉપજે તે ન આપે. ૨૯

अर्थः—स०पाटि तृणादिक१ आस०बाजोट्टादिक२ व०वस्त्र३ ॥ ज०जातव४ पा०पाणो५ स०साधु ॥

अ०नदीधें गृहस्थ प्रति कोप नकरे ॥ पं०प्रत्यक्ष वि०अपि निश्चे दि०दीसे छे तोहि पणि ॥३०॥

मुलः–सयणा सणवत्थं वा । भत्त पाणंच संजए ॥
अदिंतस्स न कुप्पेज्जा । पच्चक्खे विय दिसउ ॥ ३० ॥

ગા. ૩૦ ભાવાર્થ—પાટ્ય, બાજોઠ, વસ્ત્ર અથવા આહાર પાણી પ્રમુખની ગ્રહસ્થની પાસે સાધુ યાચના કરે. ને વળી વસ્તુ નિર્દોષ પ્રત્યક્ષ દેખે ને જો ગ્રહસ્થી આપે નહીં તો, તેના ઉપરે ક્રોધ ન કરે, તથા તેના અવગુણ પણ ન બોલે. ૩૦

अर्थः—इ०स्त्री पु०पुरुष नपुसक ॥ ड०बालक म०गरढो मध्यम बयनो ॥ वं०वांदतां हुतां न०अ नादिक जाचे नही तथा अनादिक अणदीधे तेहनें नो०ते बोले ॥ फ०कठण वचन फोक ताहरुं वांदिवुं इत्यादि ॥ ३१ ॥

मुलः–इत्थियं पुरिसं वावि । डहरं वा महल्लगं ॥
वंदमाणं न जाएज्जा । नोयणं फरुसंवए ॥ ३१ ॥

ગા. ૩૧ ભાવાર્થ—સ્ત્રી, પુરૂષ, બાળક, વૃધ, સાધુને નમસ્કાર કરે તે વખતે તેને હાવ ભાવ ન કરે, નેં કોઈ પણ વસ્તુ તેની પાસે જાચે નહીં ને કદાચીત્ જાચી, અને તે આપે નહીં તો. તેહને ધીક્ તારૂં વાંદવું ઈત્યાદી કઠોર વચન ન બોલે. ૩૧

अर्थः-जे०जे गृहस्थ न०नवांदे से०ते उपरि साध नकु०क्रोध नकरें ॥ वं०राजादिके वांद्या तो न० अहंकार नकरें ॥ ए०इम म०विहुनें स०सरखा जाणें एटले जे वांदे ते उपरि राग नही नवांदे ते उपरि द्वेष नही इम जिनाज्ञा पालता साधुनें ॥ सा०चारित्र अणु०थिर रहे ३१ हवे स्वपक्षनुं अदत्त कहे छे ॥

मुलः-जे न वंदेन से कुप्पे । वंदिउ न समुक्कसे ॥
एवं मन्ने समाणस्स । सामन्न मणु चिठ्ठइ ॥ ३२ ॥

ગા. ૩૨ ભાવાર્થ—જો કોઈ સાધુને નમસ્કાર ન કરે તો તેહના ઉપરે ક્રોધ ન કરે અને જો કોઈ રાજા પ્રમુખ નમસ્કાર કરે, તો અભીમાન આણે નહીં. એમ નમસ્કાર કરે તથા ન કરે એ બેહુને સરખા જાણીને સમભાવે ચારિત્ર પાળે.૩૨

अर्थः-सि०कदाचित ए०एकदा प्रस्तावें सामान्य साधु एकला गोचरीइं गयो ल०उत्कृष्ट भोजन लाधुं तिवारि ॥ लो०लोभें करीनें ए०गोपवे ते सरस आहार ऊपरि निरस आहार ढांकें ॥ मा०रखे मे० माहरुं ए भोजनादिक दा०देखाड्युं सं०थकुं ॥ द०देखीनें स०आचार्यादिक पोतें मा०लेस्ये ॥ ३३ ॥

मुलः-सिया एगईउ लद्धं । लोभेणंवि ए गूहइ ॥
मामेयं दाइयं संतं । दठ्ठूणं सय मायाए ॥ ३३ ॥

ગા. ૩૩ ભાવાર્થ—કદાચિત્ કોઈ એક વખતે સાધુને ગૌચરી કરતા સરસ આહાર મળ્યો તો તે વારે આહાર

ના હોસે ફરી પોતાના મનમાં ચીંતવે જે એ આહાર ગુરૂને દેખાડવાથી રખે તે આહાર ગુરૂ લીયે!!! માટે તે સરસ આહાર ઉપર નીરસ આહાર ઢાંકે જેથી ગુરૂના દેખવામાં આવસે નહીં તેથી તે આહાર હું લઇશ. ૩૩

अर्थः–एहनें दोष कहे छे ॥ अ० आत्मानोज ग० अर्थ गु० प्रधान छे जेहने लु० सरस भोजननो लोभी उ ॥ ब० घणो पा० पाप प० करें तेहनें इह लोके दोष देखाडे छे ॥ दु० दोहिलो सं० संतोषनो से० तेहनें पोतानो आत्मा एटले ते सदाइं ॥ असंतोषी हुइ इह लोक परलोक नि० मोक्ष न० नपामें ॥ ३४ ॥

मुलः–अत्तठा गुरुउ लुघो । बहु पावं पकुवइ ॥
दुत्तो सउय से होइ । निव्वाणंच न गच्छई ॥ ३४ ॥

ગા. ૩૪ ભાવાર્થ—આહારનો ઘણોજ લાલચું તે પુર્વોક્ત સાધુ કે જેને પોતાનું પેટ ભરવાનો જ અર્થ છે, તેને પોતાનો આત્મા જ સંતોષતા દોહીલો થાય એમ પુર્વોક્ત રીતી એ કરતા તે સાધુ ઘણું પાપ કર્મ ઉપાર્જવાથી મુક્તિ ન જાય ને પુર્વોક્ત કર્મથી ન મુકાય. ૩૪

अर्थः–सि० कदाचित साधु ए० एकलो गोचरीइं गयो ल० लाधुं ॥ वि० विविध प्रकारें घणु पा० पाणी खाद्यादिक भो० भोजन मोदिकादिक ॥ भ० सार सार भलो भलो आहारादिक भो० भोगवी करीने ॥ वि० माठउ वि० रस रहित असार निरस आहार उपाश्रे लेइ आवे मा० ते गुरुवादिक देखतां जिमें ॥ ३५ ॥

मुलः–सिया एगइउ लद्धं । विविहं पाण भोयणं ॥
भद्दगं भद्दगं भोच्चा । विवस्रं विरस माहरे ॥ ३५ ॥

ગા. ૩૫ ભાવાર્થ—કદાચિત્ એકદા પ્રસ્તાદે ગૌચરી કરતાં, ઘણા પ્રકારને। આહાર પામીને, તેમાંથી સારો સારો આહાર કરીને, ટાઢો બળેલો નીરસ આહાર સ્થાનકે લઈ આવે, ને તે ગુરૂના દેખતાં ભોગવે. ૩૫

अर्थः—ते स्या माटे इम करे ते कहे ढे जा०मुजने जाणें ता०तेहवो स०नपासराना साधु ॥ आ०आत्मानो अर्थी मोक्तनो अर्थी अ०ए मुनि दीसे ढे जेह नणी ॥ सं०संतोष थको से०सेवे ढे प०निरस आहारादिक लू०लूखवरती लूखा परिणामनो धणी सु०संतोषी ३६ एटलुं साहाने अर्थि करे ते कहेढे ॥

मुलः—जाणंतु ताइमे समणा । आय अठी अयं मुणी ॥
संतुठो सेवई पंतं । लूह वित्ती सुतोसउ ॥ ३६ ॥

ગા. ૩૬ ભાવાર્થ—પુર્વે કહ્યું તેમ તે શા માટે કરે તે કહે છે. બીજા સાધુ મુજને એમ જાણે, જે એ સાધુ નીરસ લુખા આહારને। કરણહાર હોવાથી આત્મા, અર્થી સંતોષીને લુખા પ્રણામને। ધણી દેખાય છે, ને એને। આત્મા સંતોષતા, સોહીલો છે. ૩૬

अर्थः—पू०स्वपक्त परपक्त मांहि पूज्या हुस्ये तेहनो अरथी ज०जशनो का०अनिलाषी ॥ मा०मानते वांदवुं नठी नभा थावुं स०सन्मानते वस्त्रादिकनो देवुं तेहनो का०अनिलाषी ॥ ब०घणा प०पाप कर्म्म प०नपराजे ॥ मा०मायारूप स०सल्ल कु०करे नपराजें ॥ ३७ ॥

मुलः—पूयणग जसोकामी । माणसंमाण कामए ॥
बहु पसवइ पावं । माया सल्लंच कुवइ ॥ ३७ ॥

ગા. ૩૭ ભાવાર્થ—હવે તીર્થંકર કહે છે. પુજા પામવાનો અર્થી, જસ મહીમાનો અર્થી, માન સનમાન પામવાનો અર્થી તે સાધુ કપટનો કરણહાર, માયા (કપટ) રૂપ સલ્ય કરવાથી ઘણું પાપ કર્મ ઊપાર્જે. ૩૭

अर्थः—सु० द्राखनो तथा आटानो दारु मे० महुडानो नीपनो दारु ॥ अ० अनेरोइ म० मदनो करणहार र० तामो ताडवृक्षनो खजूरीनो रस ॥ स० केवलीनो साखे प्रगट अथवा छांना न० न पीइं भि० साधु ॥ ज० चारित्र सा० राखतो म० आपणुं ॥ ३८ ॥

मुलः—सुरं वा मेरगं वावि । अन्नं वा मज्जगं रसं ॥
ससरखं न पिवे भिक्खु । जसं सारक्ख मप्पणो ॥ ३८ ॥

ગા, ૩૮ ભાવાર્થ—પોતાનો આતમા વસ કરીને, જે સંજમના રાખણહાર ને વીતરાગની સીખામણના માનવા વાળા સાધુ, દ્રાક્ષનો દારૂ, આટાનો દારૂ, મહુડાનો દારૂ, તે સીવાય ખજુરીનો રસ તાડ વૃક્ષનો રસ (તાડી), કેવલીની સાક્ષીએ કરી છાનો તથા પ્રગટ પણ એવો દારૂ પીએ નહીં. ૩૮

अर्थः—पो० पीइं ए० एकलो ते० चोर कहीइं जगवंतना अदत्तनो लेणहार ॥ न० म० मुझनें को० कोई

नवि०नथी जाणतो त०ते मदीराना पीणहारनें ॥ प०देखो जोउ दो०दोष इहलोक संबंधिया ॥ नि०निवड मायानो केवलो कोइ पूछे जे तें मदीरा पीधुं छे तेवारे जूठो बोले च०पुनः वली सु०सांजलो मे०मुज कहितां प्रति तेहना अवगुण ॥ ३९ ॥

मुलः—पीया एगइउ तेणो । नमे कोइ वियाणई ॥
तस्स परसह दोसाइं । नियडिंच सुणेहमे ॥ ३९ ॥

ગા. ૩૯ ભાવાર્થ—બીજા કોઈ સાધુ મુજને જાણુતા નથી, એમ જાણીને પુર્વોક્ત દારૂ પીએ તો તેને ચોર કહીયે [કેમકે મદીરા પીવાની તિર્થંકરની આજ્ઞા નથી]. તે મદીરા પીનારને કેટલા પ્રકારના દોષ ઉત્પન્ન થાય તે દેખો !!! ને હું કહું છું તે સાંભળો !!! પ્રથમ તો નિવડ માયા (જાણી ન સકાય તેવું કપટ) કરે.૩૯

अर्थः—व०वाधें सु०जोजनुं लुलुतापणुं त०ते मदोराना पीणहारने ते साधुने ॥ मा०कपटनुं करवुं मो०जुठानो बोलिवुं नि०साधुने वाधें ॥ अ०अपयश हुइ अ०न पामे नि०मोक्ष ॥ स०निरंतर सदा अ०असाधु पाछलि साधु कह्या ते स्या जणी जे विवहारें लोक साधु जाणें परं परमार्थें असाधु जाणवो ॥ ४० ॥

मुल—वढ्ढई सुंडिया तस्स । माया मोसंच जिखुणो ॥
अयसोयं अनिव्वाणं । सययंच असाहुया ॥ ४० ॥

ગા. ૪૦ ભાવાર્થ—વલી લલુતા તૃષ્ણા તેની વૃદ્ધી થાય. જુઠુ બોલે, ધર્મથી ભ્રષ્ટ થાય, મદીરા પીયે તેને કુ સાધુ કહીયે. તે દ્ર૦યે વેષ ધારો સાધુની દુનીઆમાં અપ કીર્તી થાય ને તેને મુક્તિની ગતિ પણ ન હોય. ૪૦

अर्थः-नि०नित्य सदाउ वि०उद्वेग चित्त थको भमे ज०जिम ते०चोर पारको द्रव्य ताके तिम ते मद्यने वांछे ॥ अ०पोताना आत्माने क०कर्मे करी घणु दुख पांमे दु०दूरमति ॥ ता०तेहवो दुष्ट चित्तनो धणी म०मरणने अवसरे ॥ स०चारित्रने ना०नआराधे ॥ ४१ ॥

मुलः-निच्चु व्विग्गो जहा तेणो । अत्त कम्मेहिं दुम्मई ॥
तारिसो मरणं तेवि । नाराहेइ संवरं ॥ ४१ ॥

ગા. ૪૧ ભાવાર્થ—તે પૂર્વોક્ત સાધુ સંવરને આરાધે નહીં. સાધુનો આચાર પાળે નહીં, વળી મરણાંત સુધી વિભ્રમ ચિત્ત વડે કરી જેમ ચોર પારકા ધનને તાકે તેમ મદિરાને ઈચ્છતો થકો નિત્ય પ્રત્યે ઉદ્વેગ ચિત્તમાં ભમે. તે દુર્બુદ્ધિનો ધણી પોતાના કર્મે કરી ઘણીજ દુઃખની અવસ્થા પામે. ૪૧

अर्थः-आ०ते आचार्य तथा उपाध्यायने ना०न आराधे ॥ स०बीजा साधुने पिण न आराधे ता०तेहवो मद्यनो पीणहार तेहने ॥ गि०गृहस्थपणि ग०निंदा करे ॥ जे०जेणे करी जा०जाणे ता०तेहवो दुष्ट आचारी ॥ ४२ ॥

मुलः-आयरिए नाराहेइ । समणे आवि तारिसो ॥
गिहिछाविणं गरहंति । जेण जाणंति तारिसं ॥ ४२ ॥

ગા. ૪૨ ભાવાર્થ—તે દ્રવ્ય વેશ ધારી સાધુ, આચાર્ય ઉપાધ્યાયને, તથા બીજા સાધુને આરાધે નહીં, તેહની શીખામણ પણ માને નહીં. તેહવો મદિરાનો પીનાર દુષ્ટ આચારનો ધણી જાણીને ગૃહસ્થી પણ તેહની નિંધા કરે. ૪૨

अर्थः—ए०इणें प्रकारे अ०प्रमादादिक अवगुणनो प्पे०सेवणहार तथा अनेराना छिद्ररूप अवगुणनो प्पे०देखणहार ॥ गु०गुण जे अप्रमादरूप तेहनें वि०वर्जे नसेवें तथा द्वेष करी अनेराना गुण वर्जे ॥ ता०तेहवो साधु म०मरणने अंते ॥ ना०न आराधे स०चारित्र ॥ ४३ ॥ एटलि तेहने व्रत पच्चखाण अंतसमे पिण उदे न आवे ॥

मुलः—एवं तु अगुणप्पेही । गुणाणं च विवज्जउ ॥
तारिसो मरणं तेवि । नाराहेइं संवरं ॥ ४३ ॥

ગા. ૪૩ ભાવાર્થ—એ પુર્વોક્ત પ્રમાદાદિક અવગુણના સ્થાનકનો સેવણ હાર, અનેરાના છીદ્ર રૂપ અવગુણનો દેખણુ હાર વિનયાદિક ગુણનો વર્જણ હાર તેહવો વેષ ધારી સાધુ મરણાંત લગે પણ સાધુપણાને આરાધે નહીં. [એ પુર્વોક્ત મદિરાના અવગુણ જાણીને સાધુ પીએ નહીં] ૪૩

अर्थः—हवे जे मरणने अंते चारित्रने आराधे ते कहे छे त०तप १२ भेदि कु०करे मे०बुद्धिवंत साधु ॥ प०सरस आहार व०वर्जे र०रस घृतादिक२ ॥ म०जात्यादिक८ मद३ प०निंद्रादिक प्रमाद तथा मद्य पीवा रूप प्रमाद वि०तेहथी रहित४ ॥ त०तपसी अ०अतिहिं उ०अहंकार रहित हुं तपसी एहवो उत्कर्ष नकरे ४४

मुलः—तवं कुव्वइ मेहावी । पणीयं वज्जए रसं ॥
मज्ज पमाय विरउ । तवस्सी अइ उक्कसो ॥ ४४ ॥

ગા. ૪૪ ભાવાર્થ—હવે મદિરા તજવાથી જે ગુણ થાય તે કહે છે. બુદ્ધિવંત સાધુ તપશ્યા કરે. મદીરા પાનને વર્જે. (જાત્યાદીક આઠ મદ નિંદ્રાદિક પ્રમાદ) તથા મદિરા પીવા રૂપ જે પ્રમાદ તેહ થકી નિવર્ત્તે. તે મદિરાનો ત્યાગી હોવાથી ઉત્કૃષ્ટો મોટો તપસ્વી કહીએ. ૪૪

अर्थः—त०तेहवा साधुने प०देखि क०गुणनी संपदारुप संजम ॥ अ०अनेक घणा साधुइं पू०पूज्य सेवी तो मदिरा पानना त्याग कीधा माटि ॥ वि०विस्तीर्ण अ०अर्थ सं०सहित एहवो सिद्धांत जाणवो पामे जेहथो कर्मनो निर्जरा हुइं अने मोक्षना सुख लहें हवे गुरु कहे छे ॥ कि०तेहना गुण कहिसुं ते सु०सांभलि हे शिष्य मे०मुझ कहितां प्रति ॥ ४५ ॥

मुलः—तस्स पस्सह कल्लाणं । अणेग साहु पूइयं ॥
विउलं अत्थ संजुत्तं । कित्तइस्सं सुणेहमे ॥ ४५ ॥

ગા. ૪૫ ભાવાર્થ—તે સાધુને કલ્યાણનો રસ્તો દેખાડે છે? કે જેણે અકલ્પનીક આહાર મદિરા પાન છાંડવાથી ઘણા સાધુનો પુજનીક હોય, ને ઘણું સિદ્ધાંતનું અર્થ સહિત ભણવું પામે કે જેહથી કર્મની નિર્જરા હોય ને મુક્તિનાં સુખ પામે. હવે ગુરૂ કહે છે, હે શિષ્ય? તેહના ગુણ હું કહીશ તે તું સાંભળ. ૪૫

अर्थः-ए०इम गु०गुण अप्रमादादिक रुप प्पे०तेहनो से०एहार अ०अवगुण प्रमादादिकरुप त्रि०तेह-नो टालणहार ॥ ता०तेहवो साधु म०मरणने अंति ॥ आ०आराधे स०चारित्रनें ॥ ४६॥

मुलः-एवंतु गुणप्पेही । अगुणाणं च विवज्जए ॥
तारिसो मरणंते वि । आराहेइ संवरं ॥ ४६ ॥

ગા. ૪૬ ભાવાર્થ—એમ ગુણનો અર્થી, ક્ષમા, દયાદિ ગુણ આદરે, અવિનય, ક્રોધ, હિંસાદિક અવગુણને વર્જણહાર તેહવો ગુણવંત સાધુ મરણાંત લગે પંચ મહા વ્રત રૂપ ચારિત્રને આરાધે. ૪૬

अर्थः-आ०संजमज्ञानादिक दातार ते धर्म्माचार्यने आ०आराधे ॥ स०बीजा साधुने पिण आराधें ता०तेहवो गुणवंत ॥ गि०गृहस्थपणि तेहनें पू०पूज्यें ॥ जे०जेणे करी जा०जाणें ता०तेहवो आचारी गुणवंत ॥ ४७ ॥

मुलः-आयरिए आराहेइ । समणेया वि तारिसो ॥
गिहत्था विणं पूइयंति । जेण जाणंति तारिसं ॥ ४७ ॥

ગા. ૪૭ ભાવાર્થ—એહવો જે સાધુ હોય તે આચાર્યાદિકની આજ્ઞા પાળે, એહવા ગુણવંત સાધુને આચારી જાણીને ગૃહસ્થી પણ પુજે. સેવા ભક્તિ નમસ્કાર કરે. ૪૭

अर्थः—त॰तपनो ते॰चोर१ । व॰वचनकलानो ते॰ते चोर२ । रु॰रुपनो ते॰चोर३ जे॰जे न॰साधु आ॰ आचारनो चोर४ भा॰सुत्रार्थना ते॰चोर५।कु॰ते पामे दे॰देवतामांहि कि॰किल्लमखी यापणुं ॥ ४८ ॥

तेहीज गाथानो विस्तारीने अर्थ कहेछे. त॰कोइक स्वाभावेज तप कर्या विना शरीरे दुरबल हुइं तेहने देखीनें गृहस्थ पूछे जे तमे मास मास खमण करोछो ? तिवारे पोतानो महिमा वधारवाने अर्थे गृहस्तने कहे जे साधु सदाइ तप करे अथवा सांभलीने मौन करीनें रहे तिवारे गृहस्त जाणें जे ए मोटा तपस्वी पोताने मुखे पोतानो वखाण किम करे !! ते माटे उत्तर देता नथी. परं तप न करे अने नाम तपस्वी धरावे ते तपनो चोर कहीइं १ व॰ते धर्मकथक तुम्हे ते कहे हां एटले शास्त्रनी वारता न जाणें पण वचन कलाइं करी सभाने रीझवें तिवारे लोक पूछे जे तुम्हे आचारंगादिक १२ अंग बार उपांग सर्व भण्या छो तिवारे कहे जती भण्याज हुइ ए माहिस्युं पुछिवुं ? तिवारि लोक जाणे जे माहा मोटा पंडित छे ए वचननो चोर २. रु॰साधुनें राजकुमर सरीखो. रुपवंत देखीने कोइ पूछे, जे तुम्हे राजकुमर छो ? तिवारे कहे हा ते रुपनो चोर३ ॥ आ॰कोइक विराग विना बाह्य क्रिया करतां देखीने पूछे हे स्वामिन् ? अमुकडा आचार्यना शिष महा आचारवंत सांभल्या ते तुम्हे तिवारे कहे हा ते आचारनो चोर४ भा॰कोइक सुत्रार्थना संदेह सहित हुइं ते कोइक गातार्थने पूछे ते गोनार्थना मुखथी सांभलीने कहे जे हुं पण इम जाणुं छुं परं तुम्हारो पारखो जोवा पूछयुं इम कहे पिण पाधरो न बोले ते भावनो चोर५.

मुलः—तव तेणे वय तेणे । रूव तेणे य जे नरे ॥
आयार भाव तेणेय । कुवई देव किव्विसं ॥ ४८ ॥

ગા. ૪૮ ભાવાર્થઃ—તપનો ચોર, વચનકળાનો ચોર, રૂપનો ચોર, વળી જે કોઈ આચારનો ચોર, તેમજ સુત્રાર્થનો ચોર, તે સાધુ કાળ કરીને, દેવતા માહી કીલભીષીપણું પામે. ૪૮

अर्थः—ल०पामोने दे०देवतापणुं उ०ऊपनो दे०देवकिलमखोत ते देव डरगति कहीइं एहवी देव डरगतिमाहि ॥ त०तिहां रह्या थको से०ते देवता निर्मल ज्ञान विना न०नजाणे ॥ किं०स्यो मे०में कि० कीधुं पूर्वजवे पाप कर्म्म जे मुझने इ०ए प्रत्यक्ष फ०फल थयो ॥४ए॥

मुलः—लहुणयवि देवत्तं । उववन्नो देव किब्बसे ॥
तब वि से न याणइं । किंमे किच्चा इमं फलं ॥ ४ए ॥

ગા. ૪૯ ભાવાર્થ—તે પુર્વોક્ત દેવ લોકથી બહાર કિલ્વિષી દેવતાપણે ઉત્પન્ન થકો મેં, પુર્વ ભવે શું, પાપ, કર્મ કર્યાં કે જેથી હું, આ દેવતામાં, દુર્ગતિ રૂપ ફળ પામ્યો, એમ તે કિલ્વિષી દેવતા ન જાણે.·૪૯

अर्थः—त०तिहां थकी से०ते किलमखो देव च०चवीनें (मरीने) ॥ ल०पामें ए०बोकमानीपरि मु०मूगापणुं ॥ न०नरकनी ति०तिर्यचनी जो०जोनिनें विषे जाइं ज०जिहां गयां ॥ बो०जिनधर्मनी प्राप्ति सु०अतिहि डल्दोहिली हुइं ॥ ५० ॥

मुलः—तत्तोवि से चइत्ताणं । लनइ एल मुयगं ॥
नरगं तिरिक्क जोणिं वा । बोही जब सु डल्लहा ॥ ५० ॥

ગા. ૫૦ ભાવાર્થ—તિહાંથી તે કિલ્વષી દેવતા મરીને બોકડાપણું પામે તથા મુંગાપણું અને પછી તિહાંથી મરીને નરક તિર્યંચની જીવા જોની માંહી પરિભ્રમણ કરે પછી તેહને જૈન ધર્મની પ્રાપ્તિને સમકિત રૂપ બોધ બીજ પામવું ઘણુંજ દોહિલું હોય. ૫૦

अर्थः–ए०एहवो जे पूर्वे कह्यो दो०दोष ते द०देखीनें ॥ ना०श्री महावीरें । भा०कह्युं । अ०थोमीइं पिण मे०साधु । मा०माया मो०अनें जूठो व०वर्जे ॥ ५१ ॥

मुलः–एयंच दोसं दठुणं । नाय पुत्तेण भासियं ॥
अणु मायंपि मेहावी । माया मोसं विवज्जए ॥ ५१ ॥

ગા. ૫૧ ભાવાર્થ—એ પુર્વોક્ત, કપટને જૂઠું બોલવાના દોષ દેખીને જ્ઞાત પુત્ર સર્વજ્ઞ શ્રી મહાવીર દેવે ભાંખ્યું તે જાણીને પંડિત સાધુ કપટ અને જૂઠું બોલવાનું વિશેષે વર્જે. ૫૧

अर्थः–सि०सीखीनें भि०गोचरीनी एस०एसणा समति सोहि०शुद्धि निरदोषपणुं ॥ सं०साधु बु०बुद्धवत्वना जाण बहु श्रुत पंडित आचार्यने स०पासे विनय सहित ॥ त०तिहांएखणा समतिनें विषे भि०साधु मु०निश्चल चित्तें समत्ता भावें इंदि०इंद्रीयनो धणो ॥ ति०छतम संजमनी ल०लाजनो०धणी गुण०मुलगुण उत्तरगुण दोष रहित वि०विचरे संजम मार्गे त्ति०इति इम बे०श्री गुरु कहेछे तेम हुं कहुंछुं ॥ ५२ ॥

मुलः-सिक्खिऊण भिक्खेसण सोहिं । संजयाण बुद्धाण सगासे ॥
तत्थ भिक्खु सुप्पणिहिंदिए । तिव्वलज्ज गुणवं विहरे
ज्जासि त्तिबेमि ॥ ५२ ॥

ગા. ૫૨ ભાવાર્થ—ગુર્વાદિક બહુ શ્રુત પંડિત, સાધુની પાસે વિનય સહિત ગૌચરીની એષણા સુમતીને સીખીને, તે એષણા સુમતિને નિધાનની પેરે રક્ષા કરતો થકો, પાંચ ઇંદ્રિયના વિષય વિકારને જીતીને સંયમની ઘણીજ લજ્જાને નિર્વાહ કરતો થકો જ્ઞાન, દર્શન, ચારિત્રને વિષે મુળ ગુણ, ઉત્તર ગુણ દોષ રહિત થકો ગુણવંત સાધુ વિચરે. ૫૨

अर्थः-पूर्वे पांचमे अध्ययने साधुने निरदोप आहार लेवो कह्यो तेतो संजमवंत हूइ ते रये ते भणी छठे अध्ययने १८ स्थानक रुप संजमनो आचार कहे छे. ॥

॥ इति श्री पिंडेसणाएनामं पंचमऽझयणस्सबीउद्देशो सम्मत्तं ॥५॥२॥

ભાવાર્થ—એ પ્રમાણે સુધર્મા સ્વામિએ પોતાના જંબુ સ્વામિ નામના શિષ્ય પ્રત્યે કહ્યું. પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશાનું ઉદાહરણ. ઇતિ પીંડેષણા નામે પાંચમું અધ્યન સંપુર્ણમ ૫

अर्थः-ना०ज्ञान मति श्रुतादिक दं०दर्शन खायोपसमादिक सं०ते बिहु करी सहित ॥ सं०१७ संजम

त०१२ जेरे तपनें विषे र०राता आसक्त ॥ म०एहवा आचार्य मा०आचारंगादिक बार अंगना सं०जणएहार गामानुगाम विहार करता थका ॥ उ०वननें विषे स०आवी उतरया वनपालनो आज्ञा लेइने उपदेश देवा लाग्या तिवारें ॥ १ ॥

मुलः—नाण दंसण संपन्नं । संजमेय तवे रयं ॥
गणि मागम संपन्नं । उज्जाणंमि समोसढं ॥ १ ॥

અધ્યયન ૬ ઠું.

પાંચમે અધ્યયનને સુધ્ધ આહાર લેવો એમ કહ્યું. તે તો સંજમવંત હોય તે લીએ તે માટે છઠે અધ્યયને અઢાર સ્થાન રૂપ સંયમનો આચાર કહીએ છીએ.

ગા, ૧ ભાવાર્થ—જ્ઞાન સમ્યક્ત (સદહણા) રૂપ તેણે કરી તથા સંયમને ગુણે કરી સહિત તપને વિષે રક્ત એહવા આચાર્ય આગમનો પેટી સમાન એટલે આચારંગાદિક બાર અંગ તેણે કરીનેસહિત ગ્રામાનું ગ્રામ વિહાર કરતા થકા વનને વિષે સમોસર્યા વનપાળકની આજ્ઞા લઈ નિર્દોષ જગ્યાએ ઉપદેશ દેવા લાગ્યા. ૧

अर्थः—रा०राजा१ रा०राजानो अम०प्रधान२ मा०ब्राह्मण३ अ०अथवा ख०जातिवंत सूर्यवंसी ॥ क्षत्रियध अनेरावली सेठादिक आवीनें ॥ पु०पूछे नि०निश्चल चित्त थका बे हाथ जोडो अ०आपणपे ते राजादिक ॥ क०कहवो जे०हे मुनी ! तुम्हारो आ०आचार ज्ञानादिक गो०क्रियानुं करवुं ते ॥ २ ॥

मुलः-रायाणो राय मच्चाय । माहणा अडुव खत्तिया ॥
पुछंति निहुय अप्पणो । कहं मे आयार गोयरो ॥ २ ॥

ગા. ૨ ભાવાર્થ—તે વારે રાજા તથા રાજાનો પ્રધાન, બ્રાહ્મણ, અથવા ક્ષત્રી, અનેરા વણીક, ગાથા પતી પ્રમુખ નિશ્ચળ આત્માનો ધણી એ હાથ જોડીને પૂછે કે હે સ્વામિ! તુમારો પંચ મહા વૃત રૂપ આચાર તથા પાંચ સુમતી રૂપ ગોચર અથવા (તુમારો આચાર કેવો છે) તે કીરપા કરીને અમને કહો? ૨

अर्थः-ते०ते राजादिक प्रतें सो०ते आचार्य केहवा छे नि०निश्चल चित्त द०दंम्या छे ५ इंद्रिय जेणे॥ स०सर्व भू०जीवनें सु०सुखनो व०दातार सातानो उपजावणहार दयावंत सि०पाम्मोहारुं निर्दोष लेवो तथा ज्ञाननो सिषवो ते ग्रहण सिक्षा१ निरतिचार व्रतनुं पालवुं ते आसेवन सिक्षा २ स०ए बे शिक्षाइं करी सहित थको तथा ३६ गुणे करी सहित आ०कहे वि०पंम्डित साधु ॥ ३ ॥

मुलः-तेसिं सो निहुउ दंतो । सव्वभूय सुहावहो ॥
सिरकाए सु समाउत्तो । आइरकइ वियरकणो ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—તે વારે સાધુ નિશ્ચળ આત્માનો ધણી, પાંચ ઇંદ્રિયોને દમણહાર, સર્વે જીવનો સુખ દાતા, સાતાનો ઉપજાવણહાર, દયાવંત જ્ઞાનાભ્યાસ તે આસેવણા શિક્ષા ને પંચમહાવૃત તે, ગૃહણ શિક્ષા, એ બે પ્રકારની શિક્ષા એ બેને સહિત એવો, વિચિક્ષણ સાધુ આ પ્રમાણે પૂછેલા પ્રશ્નનો ઉત્તર દેતા હવા. ૩

अर्थः—हं० आमंत्रणें तथा हंदो इति संबोधने हे श्रोताउ ! तुम्हे ध० श्रुतचारित्ररुप धर्म्म अन्न० तेहनो अर्थ प्रयोजन मोक्ष ते पामवानो ॥ का० अभिलाखछे जेहनें नि० साधुनो ॥ सु० सांजलुं मे० मुझ कहितां प्रति आ० ज्ञानादिक आचार गो० क्रिया ते केहवो छे जी० ते कर्म्म शत्रु जीतवाने रौद्र जयंकर स० सघला ॥ ड० अल्प सत्वना धणीनें आश्रतां करतां दोहिलुं !!! ॥ ४ ॥

मुलः—हंदि धम्मछ कामाणं । निग्गंथाण सुणेहमे ॥
आयार गोयरं जीमं । सयलं डुरहिठियं ॥ ४ ॥

ગા. ૪ ભાવાર્થ—હે શ્રોતાઓ ! તમે એક ચિતે કરીને સાંભળો, મોક્ષના અભિલાષી એવા સાધુનો શ્રુત ધર્મને ચારિત્ર ધર્મના અર્થ પ્રયોજન તે સઘળા કાયર જીવને પાળતાં દોહિલો, ને કર્મ શત્રૂ જીતવાને માટે રૌદ્ર (બિહામણો) એ હવે જે આચાર સાધુનો કહું છું. ૪

अर्थः—न० नथी अनेरें कपिलादिक ३६३ पखंडोना मतनें विषे ए० एहवो आचार गोचर वु० कह्यो जे० जे लोकने विषे ॥ प० अतिहिं कायरनें ड० दोहिलुं छे च० आचरतां वि० मोटा ठा० थानक मोक्ष अथवा वि० विस्तीर्ण ठा० मोक्ष जा० संजमना सेवणहारनो ॥ जिनमत कहेतां श्री वीतरागना धर्म्म विना बीजा ३६३ मतने विषे न० पूर्वे नहुत अतितकालें १ वर्त्तमानकालिनथी २ आगमियेंकालि हुस्यें पणि नहि३ ॥ ५ ॥

मुलः—नमछ एरिसं वुत्तं । जे लोए परम डुच्चरं ॥
विउलं ठाण जाइस्स । न जूयं न जविस्सई ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—જે આચાર લોકને આચરતાં ઘણોજ દોહિલો છે, તે એહવો આચાર અનેરા ત્રણુસેંને ત્રેસઠ પાંખંડી મિથ્યા મતને વિષે કહ્યો નથી. વળી મોટું મોક્ષનું સ્થાનક, તેહનું ભાજન તે સંયમનું સેવવું. તે સંયમ શ્રી જીનેદ્રના ધર્મવિના, બીજા ત્રણુસેંને ત્રેસઠ પાખંડીના મતને વિષે થયો નથી, ને થશે પણ નહીં!!! ૫

अर्थः-स०ते खु०बालिक द्रव्यें अने जावेइं करी वि०योवनवंतनें वा०गरढानें तथा ॥ वा०व्याधियानें च शब्दथी अव्याधियानें जे०जे गुण १८ थानकरूप आचार ते ॥ अ०देश विराधना रहित फु०सर्व विराधना रहित का०करवुं ॥ तं०ते सु०सांजली ज०जिम ऋषनादिक तीर्थंकरें कह्यो छे त०तिम हुं कहिस्युं ।६।

मुलः-स खुडग वियत्ताणं । वाहियाणं च जेगुणा ॥
अखंड फुडिया कायवा । तं सुणेह जहा तहा ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—જે આગળ કહીશું તે આચાર નાનાને મોટાને રોગીયાને વૃદ્ધને જુવાનને થોડી વિરાધના રહિત તથા સર્વ થકી વિરાધના રહિત સંપૂર્ણ પાળવો, તે આચાર જેમ તિર્થંકરે કહ્યો છે, તેમ હું કહું છું. ૬

अर्थः-द०दश अने आठ एटले १८ थानक ॥ जा०जे थानक बा०बालतत्वना अजाण अ०सेवे ॥ त०ते अढार मांहिलुं अ०अनेरुं ठा०एके थानक विराधें तो ॥ नि०साधुपणा थकी ज०भ्रष्ट थाइं व्रत जागें ते स्थानक कुण ते कहे छे ॥ ७ ॥

मुलः—दस अठ्ठ्य ठाणाइं । जाइं बालो वरज्झइ ॥
तञ्च अन्नयरे ठाणे । निग्गथा ताउ नस्सइ ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—અઢાર સ્થાનક ૩૫ આચાર, જે કોઈ અજ્ઞાની અઢાર માંહેલું એક પણ સ્થાનક વિરાધે તો તે નિગ્રંથ સાધુ પણા થકી ભ્રષ્ટ થાય. ૭

अर्थः—व०अहिंसादिकव्रत छका०पृथिवी कायादिक छकाय एवं बार ॥ अ०अकल्पनीक आहारादिनों लेवो१३ गि०गृहस्थना भाजन कांशादिकनें विषे जिमवो१४ ॥ प०ढोलीये सूवुं१५ नि०गृहस्थने घरि जइ बेसवुं१६ ॥ सि०स्नाननुं करवुं१७ सो०सोभा भणी रोमादिकनुं समारवुं तथा विभूषानो करवो १८ ॥८॥

मुलः—वयछक्कं कायछक्कं । अकप्पो गिहि भायणं ॥
पलियंक निसिज्झाय । सिणाणं सोभ वजणं ॥ ८ ॥

ગા. ૮ ભાવાર્થ—હવે તે અઢાર સ્થાનક કહેછે. પંચ મહાવૃત અને છઠું રાત્રી ભોજન ૬, પૃથ્વી પ્રમુખ છકાય જીવની દયાએ ૧૨, આહારાદિક કલ્પનીક લેવો ૧૩, ગૃહસ્થના કાંસાદિકના વાસણ માંહી જમવું નહીં ૧૪, પલ્યકાદિક આસને બેસવું નહીં ૧૫, ગૃહસ્થને ઘેર બેસવું નહીં ૧૬, સ્નાન ન કરવું ૧૭, શરીરની શોભા ન કરવી ૧૮, એ અઢાર બોલ ૩૫ આચાર પાળવો. ૮

अर्थः-त०ते अढार स्थानकमांहिलुं इमं०प्रत्यक्ष ए प०पहिलुं ठा०स्थानक ॥ म०महावीरदेवे दे०कहितं ॥ अ०जीवदया ते नि०आधा कर्मीयादिक दोष टालिवाथी निपुण साक्षात् नजरे मोक्षना सुखनो आपणहारी दि०दिठी ॥ स०सर्व भू०जीवने विषे स०संजमनी करणहार ॥ ए ॥

मुलः-तछिमं पढमं ठाणं । महावीरेण देसियं ॥
अहिंसा निउणा दिठा । सवभूएसु संजमो ॥ ए ॥

ગા. ૯ ભાવાર્થ—તે અઢાર માંહેલું પહેલું સ્થાનક શ્રી મહાવીર દેવે વિસ્તારીને કહેલું છે તે આ પ્રમાણે કહે છે. પ્રથમ, જીવદયા પાળવી તે, સર્વ જીવને વિષે, યત્ન કરવું. તે જીવ દયા, સુખની દાતાર દીઠી. ૯

अर्थः-जा०जेटला लो०लोकनें विषे पा०प्राणो जीव छे ॥ त०त्रस बेंद्रीयादिक था०थावर पृथिवीयादिक अ०अथवा ॥ ते०तेहनें जा०जाणतां म०अजाणतां ॥ न०आपणपे हणें नही नो०अनेरापाहिं हणावें नही न्पलक्षणथी हणताने अनुमोदे नही ॥ १० ॥

मुलः-जावंति लोए पाणा । तसा अडुव थावरा ॥
ते जाण मजाणं वा । न हणे नोविघायए ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—ઉર્દ્ધ (ઊંચા) લોક, અધો (નીચા) લોકને ત્રીછા લોકમાં જેટલા ત્રસને સ્થાવર જીવ

છે, તે જીવને જાણતાં અગર અજાણતાં પોતે હણે નહીં, અનેરા પાસે, હણાવે નહીં, હણતાંને ભલો પણ ન જાણે. ૧૦

अर्थ—स०सघलाइं जो०जीवपणि ॥ इ०वांछे । जी०जीविवुं जे जीवीइं न०पणि नमरीइं कोइ मरवो नवां छे ॥ त०तेहजनणी पा०जीवनी व०हिंस्या घो०रौद्र नरगादिक दुःखनु हेतु छे ते माटि ॥ नि०साधु व० वर्जे छांडे जीवनो वधणं०वाक्यालंकारें ॥ ११ ॥ ए प्रथम थानक कह्यो १ ॥

मुलः—सव्वे जीवा वि इच्छंति । जीवीउं नमरिज्जिउं ॥
तम्हा पाण वहं घोरं । निग्गंथा वज्जयंतिणं ॥ ११ ॥

ગા. ૧૧ ભાવાર્થ—જે ભણી સંસાર માંહી સર્વ જીવ જીવવાનું ઇચ્છે છે, પણ કોઈ મરવાનું ઇચ્છતા નથી. તેથી જીવ હિંસાનું પાપ નરકનું કારણ જાણીને ધર્મવંત સાધુ તે હિંસાને છાંડતા, એ પ્રથમ વ્રત. ૧૧

अर्थः—हवे बीजो स्थानक कहीयें छे अ०आपणे ठा०अर्थे एटले अग्लाण हुइ अने कहे हुं गलयाण माहरे ॥ काजें ए वस्तु जोइए छे इत्यादिक प०परनें अर्थे एटले परनो प्रीतिनें काजें ॥ को०क्रोधें करी इम मान माया लोभे करी जाणिवुं ज०जयथी एटले दोष कांइक लागों ते प्रायछितना जयथी ॥ हिं०हिंसाकारी परजीवनें पीडाकारीउ मु०जुठुं नस०पोते न बोले ॥ नो०अनेरा पाहें जुठुं व०बोलावे नही उपलक्षणथी बोलतांनें अनुमोदे नही ॥ १२ ॥

मुलः—अप्पणठा परठा वा । कोहा वा जइ वा जया ॥
हिंसगं न मुसं बुया । नोवि अन्न वयावए ॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—હવે બીજું વૃત કહેછે. પોતાને અર્થે અથવા પરને અર્થે ક્રોધે કરી માને કરી માયાએ કરી, લોભે કરીને ભયે કરીને, હિંસ્સાકારી મૃષા (જુઠું) વચન બોલે નહીં, અનેરાને બોલાવે નહીં, કોઈ અનેરો બોલતો હોય તેને ભલું પણ ન જાણે. ૧૨

अर्थः-स्युं जाणीने मु०जुटुं लो०लोकमांहे ॥ स०सघलाइं सा०साधु पुरुषें ग०निंद्युं माठुं जाणीनें त ज्युं सामाटे ॥ अ०जे जूठा थकी अविश्वास उपजे भू०भूत प्राणीने ॥ त०ते जणा मो०जुटुं वि०वर्जे ए बीजो थानक कह्यो हवे त्रीजो थानक कहेछे ॥ १३ ॥

मुलः—मुसावाउ य लोगंमि । सव्व साहूहिं गरहिउ ॥
अविसासो य भूयाणं । तम्हा मोसं विवज्जए ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—જૂઠું વચન બોલવા વાળાનો, લોકને વિષે કોઈ વિશ્વાસ કરે નહીં. અને તે જુઠ વચનને માઠું જાણીને સર્વ સાધુએ નીંદીને પચખાણ કર્યું છે, તે માટે જુઠું બોલવાનું વિશેષે વર્જવું. એ બીજું વૃત. ૧૩

अर्थः-चि०सचित्त द्विपदादिक म०अचित्त हिरणादिक ॥ अ०थोडुं ज०अथवा ब०घणुं ॥ दं०दांत सोधन सलो मि०मात्रपणे ॥ उ०गृहस्थनी आज्ञा से०जेहनुं छे तेहनो अ०अणजाचे अणमागें ॥१४॥

मुलः—चित्त मंत मचित्तं वा । अप्पं वा जइ वा बहु ॥
दंत सोहण मित्तंपि । उग्गहं से अजाईया ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—હવે ત્રીજું મહાવૃત કહે છે. સચેત અને અચેત થોડા મૂલની અથવા ઘણા મૂલની વસ્તુ દાંત ખોતરવાની સળી પણ જેહની જગ્યા માંહી હોય તેહ ગૃહસ્થની વગર આજ્ઞાએ ન લીએ. ૧૪

अर्थः—तं०ते सचित्तादिक वस्तु अ०पोते न०लोइं नहो ॥ गि०ग्रहावे नो०नहो प०अनेरापार्हि अदत्त ॥ अ०अनेरो कोइ गि०अदत्त लेतां प्रति ॥ ना०अनुमोदे नही स०साधु१५ ए त्रीजा स्थानकनो विधि कह्यो२ हवे चउथा थानकनो विधि कहे छे ॥ १५ ॥

मुलः—तं अप्पणा न गिन्हंति । नो वि गिन्हा वएपरं ॥
अन्नंवा गिन्हंमाणं पि । नाणुजाणंत्ति संजया ॥ १५ ॥

ગા. ૧૫ ભાવાર્થ—સાધુને અદત્ત (અણ દીધેલી) વસ્તુ પોતે લીએ નહીં, અનેરા પાસે લેવરાવે નહીં, અનેરા કોઈ અદત્તાદાન લેતો હોય તેહને ભલું પણ ન જાણે એ ત્રીજું વૃત. ૧૫

अर्थः—अ०अब्रह्मचर्य मैथुननुं च०सेविवुं घो०दुर गतिना हेतुथी घोर रौद्र छे ॥ प०विषय ते प्रमाद छे दु०अनंतभवना हेतुथा ॥ ना०न आचरें मु०माधु लो०लोकने विषे ॥ भे०चारित्रना भेद थाइ तेमाटे भेदनुं आय०स्थानक वि०वर्जवुं ॥ १६ ॥

मुलः—अबंभचरियं घोरं । पमायं दुरहिठियं ॥
नायरंति मुणी लोए । भेयायणं विवज्जिणो ॥ १६ ॥

ગા. ૧૬ ભાવાર્થ—હવે ચોથું વૃત કહે છે. લોકને વિષે અબ્રહ્મચર્ય (મૈથુન) નું સેવવું, તે નર્કાદિક દુર્ગતિનું કારણ છે, અને વિષય તે પ્રમાદ છે. તે પ્રમાદને વિષે રહેવાથી તે દુઃખ દાયક છે. વળી સંયમની વિરાધનાનું સ્થાનક છે, તેથી સાધુ અબ્રહ્મચર્ય સેવે નહીં, ને તે અબ્રહ્મચર્યને વિશેષે વર્જ્યું છે. ૧૬

अर्थः—मू० मूल मे० ए मइथुन कुसील अह० अधर्मनुं छे॥ म० मोटा दोषनुं म० समुह छे॥ महा० मोटा दोषनो समूहछे ए मइथुन(यडक्तं) आ पाठ भगवती सूत्रनो छे एग जीवस्सणंभंते एगभवग्गहणेणं केवइया जीवा पुत्तत्ताएह व्व मागच्छइं गोयमा जहन्नेणं एगोवा दोवा तिन्निवा उक्कोसेणं सयपुहुत्तं जीवा पुत्तत्ताए हव्वमागच्छइ मेहुणेणंभंते सेव माणस्स केरिसे असंजमे कज्जइ गोयमा सेजहानामए केइपुरिसे रुयनालियंवा बूरनालियंवा तत्तेणंकणएणं समभिधंसेज्जा एरिसएणं गोयमा इत्थीनरमेहूणाउ समुच्छिम पंचिंदिय माणुस्साउ इत्यादि दोषनो समूह छे ॥ त० तेह कारणथी मे० मैथुननो सं० सेववुं ॥ नि० साधु व० वर्जे णं० वाक्यालंकारे १७ ए चउथा थानकनी विधि कहीध हवे पांचमा थानकनी विधि कहे छे ॥ १७ ॥

मूलः—मूलमेय म्महम्मस्स । महादोस समुस्सयं ॥
तम्हा मेहुण संसग्गिं । निग्गंथा वज्जयंतिणं ॥ १७ ॥

ગા. ૧૭ ભાવાર્થ—અધર્મનું મૂળ અબ્રહ્મચર્ય છે. ચોરી જુવારીપણું જુઠ બોલવું, એ વીગરે મોટા દોષનો સમુહ છે, તે માટે મૈથુનનો સંસર્ગ (સંયોગ) મન વચન કાયાએ કરી સાધુ વર્જે. એ ચોથુ વૃત. ૧૭

अर्थः—वि० विलवण गोमुत्रादिके पाकुं मु० समुद्रादिकनुं अथवा फासु अफासु इं० मतपक्क लो० लोवण॥

बिडु प्रकारनुं ति०तैल स०घी फा०ढीलो गोल ॥ ते०ते साधु सं०रात्रि वासी राखवुं मि०वांछे न०नही ॥ ना०श्री महावीरना व०वचनने विषे जे र०राता हुइं ते १८. हवे वासी राखवाना दोष कहेछे ॥

मुलः—बिड मुप्रे इमंलोणं । तिल्लं सप्पिं च फाणियं ॥
न ते संन्निहि मिछंति । नायपुत्ते वउ रया ॥ १८ ॥

ગા. ૧૮ ભાવાર્થ—હવે પાંચમું મહાવ્રત કહે છે, શ્રી મહાવીર દેવનાં વચનનાં જે સાધુ રક્ત છે, તે બળવણુ (બળેલુંમીઠું) તથા અથાણું પ્રમુખનું લુણ, તેલ, ઘી, ગોળ તે વસ્તુને રાત્રીએ વાસી રાખવી ઇચ્છે નહીં. ૧૮

अर्थः—लो०जे राखवो ते लोभने एस०एह प्रत्यक्ष अणु०अनुभाव जाणिवो जे वासी राखे तेहने ॥ म०ऋषभादिक तीर्थंकर कहे अ०अनेरूपणि ॥ जे०जे कांइ सि०हुइ सं०वासी राखवानो का०अभीलाषी ते-हते गृहस्थ ॥ गि०गृहस्थपणि प०प्रवर्जितपणि न०न कहिइं ॥ मे०तेहने गृहस्थ नही ते स्यायणी जेहभणी गृहस्थनो लिंग पाघमीयादिक नथी अने प्रवर्जित नही स्यायणी जेहभणी प्रवज्यापणुं नथी एटले तेहने दर्शनी कहीइं ॥ १९ ॥

मुलः—लोभस्से सणु फासे । मन्ने अन्नयरामवि ॥
जे सिया संन्निहि कामे । गिही पवइएनसे ॥ १९ ॥

ગા. ૧૯   ભાવાર્થ—જે લોભે કરી થોડી પણ વસ્તુ વાસી રાખવી ઈચ્છે તેને સાધુ થકી અનેરો જાણવો, એટલે તે સાધુ ન કહીએ. [અને વાસી રાખવાનો અર્થિ તેહુને ગૃહસ્થીજ કહીએ. કારણકે ગૃહસ્થીને તો માથે પાઘડી પ્રમુખ વેષ હોય તેઓને નથી. વળી સાધુ પણ ન કહીએ, કારણકે સાધુપણાના ગુણ નથી, તેથી તેહને સાધુ થકી એટલે અનેરો દર્શની કહીએ.] ૧૯

अर्थः—जं०जे कोइ व०वस्त्र पा०पात्र ॥ कं०कांबलो पा०पाग्ररो बिमवानुं लुगडुं तथा रजोहरण ॥ तं०तेपणि स०संजम पालवानें ल०लज्यानें ठा०अर्थिइं ॥ धा०राखें । प०भोगवे ॥ २० ॥

मुलः—जंपिवत्थं च पायं वा । कंबलं पाय पुछणं ॥
तंपि संजम लज्जठा । धारंति परिहरंतिय ॥ २० ॥

ગા, ૨૦   ભાવાર્થ—શિષ્ય.—જો પૂર્વોક્ત પ્રકારે એમ કહોછો તો શું ? વસ્ત્રાદિક વાસી ન કહીએ ?

ગુરૂ:—જે કલ્પનીક માનો પેત વસ્ત્ર તથા પાત્ર, કાંબળી પાય પુછણું રજોહરણ તેપણ સંયમની લાજને અર્થે તથા શરીરની લજ્યા રાખવાને અર્થે મૂર્છા પરિહરતો થકો સાધુ રાખેને ભોગવે. ૨૦

अर्थः—सो०ते ममता रहित वस्त्रादिक राखतां प०परिग्रह नवुं०न कह्युं कुणें ॥ ना०वर्द्धमानस्वामीइं ता०छकायनें रखपालें ॥ मु०मुर्छा ममता ते वस्त्रादिक उपरि होइं तो प०परिग्रह वुं०कह्यो ॥ इ०एहवुं वु०कहिउं म०महाऋषि सुधर्मस्वामी पांचमा गणधरे ॥ २१ ॥

मुलः—न सो परिग्गहो वुत्तो । नाय पुत्तेण ताइणा ॥
मुछा परिग्गहो वुत्तो । इय वुत्तं महेसिणो ॥ २१ ॥

ગા. ૨૧ ભાવાર્થ—છકાય જીવના રક્ષણના કરણહાર શ્રી મહાવીર દેવે પૂર્વોક્ત વસ્ત્ર પાત્ર પ્રમુખને પરિગ્રહ ન કહ્યા ને તેતો ધર્મોપગરણ કહ્યા છે, પણ જો તે વસ્ત્રાદિક ઉપરે મમતા ભાવ રાખે તો મોટા રૂષિશ્વરોએ પરિગ્રહ કહ્યા છે. ૨૧

अर्थः—स०सघले वस्त्रादिक उचित्त क्षेत्रकालने विषें उव०आगमोक्त विधि सहित उपधो छते वु०तत्वना जाण ॥ सं०छकायना जीवने र०राखवाने काजें प०वस्त्रादिक उपधि राखें पणि ॥ अ०निश्चें अ०आपणो ॥ दे०देहने विषे ना०न करे म०ममताभाव तिम वस्त्रादिक उपरि ममता नकरे २२ ए पांचमो स्थानक कह्यो ५ हवे छठा स्थानकनी विधि कहे छे ॥ २२ ॥

मुलः—सव्वछं वहिणा वुघा । स रक्कण परिग्गहिं ॥
अवि अप्पणावि देहंमि । नायरंति ममाइयं ॥ २२ ॥

ગા. ૨૨ ભાવાર્થ—સર્વ વસ્ત્ર પાત્ર પ્રમુખ ઉપધી રાખે તેનું મમત્વભાવે મૂર્છાએ કરી રક્ષણ કરેતો કેવળજ્ઞાનીએ પરિગ્રહ કહેલ છે. પોતાના શરીરની પણ જો મૂર્છા રાખેતો તેહને પણ પરિગ્રહ કહીએ, એમ જાણીને કોઈ વસ્તુ ઉપર મમતા ભાવ કરે નહીં. ૨૨

अर्थः—अ०इति आश्चर्य विस्मये नि०नित्यि प्रतिइं सदाइं त०तपनो क०अनुष्टांन ॥ स०रुषभादिक सघले बु०तीर्थंकरें व०कह्युं ॥ जा०जे ल०संजम स०तेह सरखी वि०वृत्ति एटलि संजमनें अविराधी देहने पालवारुप वृत ॥ ए०एकासणों करे एटले दिवसे एकवार जिमें अने रात्रि भोजन नकरें २१ ते स्या माटे रात्रि न जिमे जीवदयाने ॥ २३ ॥

मुलः—अहो निच्च तेवा कम्मं । सव बुद्धेहिं वंन्नियं ॥
जाय लज्जा समावित्ती । एगभत्तं च भोयणं ॥ २३ ॥

ગા. ૨૩ ભાવાર્થ—હવે છઠું રાત્રી વૃત કહે છે. સર્વ તિર્થંકરે તપશ્યાના કરણહાર જે સાધુ હોય તેહને આશ્ચર્યકારી ! સદાકાળ તપની કરણી કહી ? જે સંયમ લજયા સરખી વૃતી એટલે સંયમનો નિર્વાહ કરવાને અર્થે [ભોજન બે પ્રકારનાં, એક દીવસનું ભોજન, ને બીજું રાત્રીનું ભોજન, તે બે ભોજનમાં સાધુ એક ફક્ત દીવસનું જ ભોજન કરે છે, અને રાત્રીનું ભોજન તજે છે, તેથી તેને નિત્ય તપસ્વી કહીએ તથા દિવસને વિષે એકાસણું કરે ને રાત્રીએ ભોજન ન કરે તેથી પણ] એક ભક્ત ભોજન કરવાથી નિત્ય તપસ્વી કહીએ. ૨૩

अर्थः—अर्थे ते कहेछें सं०छे इमे०ए प्रत्यक्ष सु०सुक्ष्म नान्हा पा०जीव ॥ त०त्रस अ०अथवा था०थावर प्रथव्यादि पांच ॥ जा०जे जीव रा०रात्रि अ०दृष्टि दीसे नही ॥ क०किम एस०शुद्ध निर्दोष एखणानें विषे च०चाले रात्रि इर्या नपेखे २४ हवे रात्रि भोजनना दोष ग्रहण करवाने काजे सत्र कहे छें ॥२४॥

मुलः—संतिमे सुहुमा पाणा । तसा अदुव थावरा ॥
जाइं राउ अपासंतो । कहं मे सणियं चरे॥ २४ ॥

गा. २४ ભાવાર્થ—રાત્રીએ ભોજન ન કરવું તેનું કારણ શું તે કહે છે. એ ધરતીને વિષે સુક્ષ્મ નાના ત્રસ અને સ્થાવર જીવછે, તે જીવનાં શરીરને રાત્રીએ દેખીએ નહી, તો એષણા સુમતી તે આહાર લેવાને કેમ જવાય.૨૪

अर्थः—उ०पाणोइं उ०जोनुं बी०बीज साल्यादिक सं०सहित ॥ पा०प्राणी जोव नि०पतंगादिक पड्या हुइ म०पृथिवीनं विषे ॥ दि०दिवसे ता०ते जीव व०वर्जे क०केणें प्रकारे करी च०चाले ॥ रा०तो रात्रि तं०तेहनें विषे हवे उपसंहार कहे छे ॥ २५ ॥

मुलः—उद उल्लंबीय संसत्तं । पाणा निव्वडिया महिं ॥
दिया ताइ विवज्जिज्जा । राउ तउ कहं चरे ॥ २५ ॥

ગા. ૨૫ ભાવાર્થ—પાણીએ કરીને ધરતી ભીની હોય, ધરતીને વિષે બીજ પડચાં હોય, કીડી, કુંથુવા, ઉદેહી પ્રમુખ જીવ ધરતી ઉપરે પડયા છે, તે જીવને વિશેષે કરી દીવસે ઉગારવા દોહિલા? તો રાત્રીએ તે જીવને કેમ ઉગારી શકે, અને રાત્રીએ તિહાં ઈર્યા સુમતિ તે જોઇને કેમ ચાલે!! ૨૫

अर्थः—ए०ए प्राण हिंसारूप दो०दोष द०देखाने ॥ ना०ज्ञातपुत्र वर्द्धमानस्वामीइं भा०कहिउ ॥

स०सर्व आहा०असनादिक च्यारि प्रकारना आहार न०नभोगवे ॥ नि०साधु रा०रात्रि भोजन नकरें २६ ए टलें ए छ व्रतना ठ स्थांनक कह्या हवे छकायनो छ स्थानक कहे छे ए ठगो स्थानक कह्यो ६ ॥

मुलः–एयंच दोस दट्ठुणं । नाय पुत्तेण भासियं ॥
सव्वाहारं न भुंजंति । निग्गंथा राइ भोयणं ॥ २६ ॥

ગા. ૨૬ ભાવાર્થ—શ્રી મહાવીર દેવે એ જીવહિંસારૂપ દોષ દેખીને કહ્યું, જે સાધુ રાત્રીએ ચાર પ્રકારના આહાર ન ભોગવે, એ છઠુ વૃત. ૨૬

अर्थः–हवे सातमो थानक कहे छें पु०पृथिवीकाय न०नहणें आलेखनादिके करी ॥ म०मनेकरी व० वचनेकरी का०कायाइंकरी ॥ ति०त्रिविधें करवुं१ कराविवुं२ अनुमोदिवुं३ जो०मन वचन कायाने जोगे करी ॥ स०साधु । सु०भलो स०समाधिवंत ॥ २७ ॥

मुलः–पुढविकायं नहिंसंति । मणसा वयसा कायसा ॥
तिविहेण करण जोएणं । संजया सुसमाहिया ॥ २७ ॥

ગા. ૨૭ ભાવાર્થ—હવે પૃથ્વી કાયાની દયા દેખાડે છે. ભલા સમાધીવંત સાધુ, કરવું. કરાવવું ને ભલું જાણવું એ ત્રણ કરણે કરી મન વચન અને કાયાએ ત્રણ જોગે કરી પૃથ્વીકાયને ન હણે. ૨૭

अर्थः-पु०पृथिवीकाय । हिं०हणतायको । हिं०हणे । त०ते पृथिवीकायनें स्सि०आश्रा अनेराजीव ॥ त०त्रस बेंद्रोयादिक वि०घणा प्रकारना अने थावर पा०जीव ॥ च०दृष्टि आवे अने अ०दृष्टें न आवे २८

मुलः-पुढविकायं वि हिंसंतो । हिंसइ तयस्सिए ॥
तसेय विविहे पाणे । चक्कुसेय अचक्कुसे ॥ २८ ॥

ગા. ૨૮ ભાવાર્થ—પૃથ્વી કાયને હણતો થકો તે પૃથ્વીને આધારે રહેલા દ્રષ્ટીએ દેખાય અગર ન દેખાય, એવા વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવરના જીવને પણ તે હણે. ૨૮

अर्थः-त०ते जणी एहवो दोष वि०जाणीनें ॥ दो०दोष पृथिवी आश्रित जीव हिंसादिक डु०दुरगतिनो व०वधारण हार ॥ पु०पृथ्विकायनु विराधना ते ॥ स०जा०जाव जीव लगें व०वर्जे २९ ए सातमुं स्थानक कह्यु हवे आठमुं स्थानक कहे छे ॥

मुलः-तम्हा एयं वियाणित्ता । दोसं डुग्गई वड्ढणं ॥
पुढविकाय समारंभं । जाव जीवाए वज्जए ॥ २९ ॥

ગા. ૨૯ ભાવાર્થ—તે ભણી દુર્ગતિને વધારનારો એહવો પૃથ્વી કાયાના આરંભનો દોષ જાણીને જાવ જીવ લગે વર્જે એ સાતમું સ્થાનક. ૨૯

अर्थः–आ० अपकायने न० हणें नही ॥ म० मनेकरी व० वचने ॥ का० कायाईकरी ॥ तिं० त्रिविधे करण करावण अनुमोदने जो० जोगे करी ॥ सं० साधु सु० जलो स० समाधिवंत ॥ ३० ॥

मुलः–आउकायं नाहिंसंति । मणसा वयसा कायसा ॥
तिविहेण करण जोएण । संजया सुसमाहिया ॥ ३० ॥

ગા. ૩૦ ભાવાર્થ—હવે અપકાયની દયા કહેછે. ભલા સમાધીવંત સાધુ, કરવું, કરાવવું, ને અનુમોદવું એ ત્રણ કરણે કરી મન વચન અને કાયાએ ત્રણ જોગે કરી અપકાય (પાણી) ને હણે નહીં. ૩૦

अर्थः—आ० अपकायनें । हिं० हणतो थका । त० ते अपकायने आश्री अनेरा तेहनें पिण हिं० हणें ॥ त० त्रस अने थावर वि० घणे प्रकारें पा० जीव ॥ च० द्रष्टी आवे अने अ० न आवे ॥ ३१ ॥

मुलः–आउकायं वि हिंसंतो । हिंसइउ तयस्सिए ॥
तसेय विविहे पाणे । चक्खुसेय अचक्खुसे ॥ ३१ ॥

ગા. ૩૧ ભાવાર્થ—અપકાયને હણતો થકો તે અપકાયને આધારે રહેલા મોટા જીવ દ્રષ્ટીએ દેખાય અગર ન દેખાય એવા વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર જીવને તેપણ હણે. ૩૧

अर्थः–त०ते माटे ए०ए दोष वि०जाणीने ॥ दो०ते दोष दु०दुरगतिनी व०वृद्धिनो करणहार ॥ आ०सचित्त पाणीनो स०आरंभते ॥ जा०जाव जीव लगें व०वर्जे ए आठमुं स्थानक कह्युं ॥ ३१॥ हवे नवमुं स्थानक कहे छे ॥

मुलः–तम्हा एयं वियाणित्ता । दोसं दुग्गइ वड्ढणं ॥
आउकाय समारंभं । जावजीवाए वज्जए ॥ ३२ ॥

ગા. ૩૨ ભાવાર્થ—તે ભણી દુર્ગતિનો વધારનાર એહવો અપકાયના આરંભનો દોષ જાણીને જાવ જીવ સૂધી વર્જે, એ આઠમુ સ્થાનક. ૩૨

अर्थः–जा०अग्निनें न०नवांछें मनादिकें करी ॥ पा०अग्नि ज०उजालिवुं वृद्धि करवुं ॥ ति०तीखुं म०एहथकी अनेरुं कोइ स०सस्त्र नथी ॥ स०सघळाइं थकी जालारुप शस्त्रं दु०खमतां दोहिलु ॥३३॥

मुलः–जाय तेयं नइच्छंति । पावगं जलइत्तए ॥
तिख मन्नयरं सत्थं । सव्वउवि दुरासयं ॥ ३३ ॥

ગા. ૩૩ ભાવાર્થ—હવે તેઉકાય (અગ્નિ) ની દયા પાળવી તે કહે છે. સામાન્ય અગ્નિ ઉપની છે, તેહને જાજ્વલ્યમાન કરવી ન ઇચ્છે, બીજા લોહાનાં શસ્ત્ર થકી અગ્નિરૂપ શસ્ત્ર ઘણું તિક્ષ્ણ તે સર્વ પ્રકારે સહન કરતાં દુષ્કર છે. ૩૩

अर्थः-पा०पूर्वदिशिनें१ प०पश्चिमदिशिने२ ॥ उ०ऊंचीदिशिनें३ अ०विदिशि च्यारि कुणिने७ ॥ अ०नीची दिशिने८ दा०दक्षिणदिसिने९ ॥ द०बाले उत्तर दिशिनें पणि बाले १० ॥३४॥

मुलः-पाईणं पडिणं वावि । उद्धंअणु दिसा मवि ॥
अहे दाहिणउ वावि । दहे उत्तरउ विय ॥ ३४ ॥

ગા. ૩૪ ભાવાર્થ—પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ એ ચાર દિશાને તે ચાર દિશાના ચાર ખુણાએ ને ઊંચી દિશા, ને નીચી દિશા, એ દશ દિશાને વિષે જીવ છે, તેહને અગ્નિ બાળે છે. ૩૪

अर्थः-ते माटे भू०घणा जीवनुं मे०ए अग्नि स०सम्यग् प्रकारे मा०घात करवानो हेतु ह० अग्नि न०ते माहे सांसो नहीं ह०तथा तत्काल हणवा न०इहां संदेह नहीं ॥ तं०ते अग्निने प०दीवा प्रकास मात्र प०अनादिक पचवाने सीतादिक टालवानें ठा०अर्थे स०साधु किं०संघटादिक ना० न करे ॥ ३९ ॥

मुलः-भूयाणं मे समाघाउ । हववाहो नसंसउं ॥
तं पईव पयावठा । संजया किंचि नारंभे ॥ ३५ ॥

ગા. ૩૫ ભાવાર્થ—તે અગ્નિ સંશય રહિત શીઘ્રપણે જીવોની ઘાત કરનાર છે. તેથી સાધુ દીવાને અર્થે તથા રાંધવા પ્રમુખને અર્થે થોડો પણ અગ્નિનો આરંભ ન કરે. ૩૫

अर्थः—त०तेहथी ए०एहवो वि०जाणीनें ॥ दो०अग्निविराधनारूप दोष दु०दुरगतिनो व०वधारणहार ॥ अ०अग्निनो । स०आरंभ । जा०जावजीव लगे व०वर्जे ॥ ए नवमुं स्थानक कह्युं ॥ हवे दशमुं स्थानक कहे छे ॥ ३६ ॥

मुलः—तम्हा एयं वियाणिता । दोसं दुग्गइ वद्धणं ॥
अगणिकाय समारंभं । जावजीवाए वज्जए ॥ ३६ ॥

ગા. ૩૬ ભાવાર્થ—તે ભણી દુર્ગતિનો વધારનાર અગ્નિકાયના આરંભનો દોષ જાણીને જાવ જીવ સુધી વર્જે એ નવમું સ્થાનક. ૩૬

अर्थः—अ०वाउकायनो स०आरंभ वीजणादिके करी ॥ बु०तीर्थंकर म०मानें ता०तेहवुं ॥ सा०जीवहिंसानो पाप ब०घणुं चे०एवायुनुं आरंभ ॥ ने०न करयो ता०साधुइं से०ने सेवउ ॥ ३७ ॥

मुलः—अनिलस्स समारंभं । बुधा मनंति तारिसं ॥
सावजं बहुलं चेयं । नेयंताइहिं सेवियं ॥ ३७ ॥

ગા. ૩૭ ભાવાર્થ—હવે વાયુ કાયની દયા પાળવી તે કહેછે. અગ્નિના સરખો વાયુકાયનો આરંભ શ્રી તિર્થંકર દેવે કહ્યો છે. વળી એહને વિષે જીવની હિંસા ઘણી છે. તેથી વાયુકાયનો આરંભ સાધુ કરે નહીં. ૩૭

अर्थः—ता०वीजणें करी प०पानमें करी ॥ सा०वृक्षनी डालें वि०एक पमे वीजणेंकरी ॥ तें०ते वा-

पुन वी०वीझवुं नमि०वांछे नही ॥ वी०आपणयें वे०वीझावबुं प०अनेरा पाहिइं ॥ ३७ ॥

मुलः-तालियं टेण पत्तेण । साहा विहुयणेण वा ॥
न ते वीईउ मिछंति । वीयावेऊण वा परं ॥ ३७ ॥

ગા. ૩૮ ભાવાર્થ—ચામડાએ કરી, બે પડા વીંઝણે કરી, પાનડે કરી, વૃક્ષની ડાળ હલાવવે કરી, એક પડવાળા વીંઝણે કરી, વાયુ નાંખવાનું સાધુ ઇચ્છે નહીં, બીજા પાસે વાયુ નંખાવે નહીં, અનેરા વાયુ નાંખતો હોય તો ભલું પણ ન જાણે. ૩૮

अर्थः-जं०जे व०वस्त्र पा०पातरां तेणें करी ॥ कं०कांवलें करी पा०पाय पुंछणुं रजोहरणादिकें करी ॥ ते०ते साधु तेणे करी वा०वायरानो नमु०उदीरणा नकरे ज०पडिलेहणादिक जइणाइं करे प०भोगवें ३ए

मुलः-जंपि वछंच पायंवा । कंवलं पायपुछणं ॥
न ते वाउ मुईरंति । जयं परिहरंतिय ॥ ३ए ॥

ગા. ૩૯ ભાવાર્થ—જે વસ્ત્ર કાંબળી પાય પુછણું, રજોહરણાદિક છે, તેણે કરીને સાધુ વાયુની ઉદીરણા (વાયુ ઉત્પન્ન થાય તેમ ન કરે ને જત્ના સહિત તે ઉપગરણ ભોગવે. ૩૯

अर्थः-त०ते जणी एहवुं वि०जाणीनें ॥ दो०दोष दु०दुर्गतिनो व०वधारणहार ॥ वायरानो स०

आरंभ ॥ जा०जावजीव लगें व०छांडे ॥ ४०॥ ए दशमुं स्थांनक कह्युं हवे अग्यारमुं स्थांनक कहे छे ॥

मुलः—तम्हा एयं वियाणित्ता । दोसं डुग्गई वढ्ढणं ॥
वाउकाय समारंभं । जावज्जीवाए वज्जए ॥ ४० ॥

ગા. ૪૦ ભાવાર્થ—તે ભણી દુર્ગતિનો વધારનાર વાયુકાયના આરંભનો દોષ જાણીને જાવ જીવ સૂધી વર્જે, એ દશમું સ્થાનક. ૪૦

अर्थः—व०वनस्पतीकाय न०नहणें ॥ म०मने व०वचने का०कायाइं करी ॥ त्रि०त्रिण प्रकारि करणकरावण अनुमोदन जो०जोगेंकरो ॥ स०साधु सु०भलो समाधिवंत ॥ ४१ ॥

मुलः—वणस्सइकाय नहिंसंति । मणसा वयसा कायसा ॥
तिविहेण करण जोएणं । संजया सु समाहिया ॥ ४१ ॥

ગા. ૪૧ ભાવાર્થ—હવે વનસ્પતિની દયા પાળવી તે કહે છે. ભલો સમાધીવંત સાધુ કરવું, કરાવવું ને અનુમોદવું, એ ત્રણ કરણે કરી, મન વચન અને કાયા એ ત્રણ જોગે કરી વનસ્પતિ કાયને હણે નહીં. ૪૧

अर्थः—व०वनस्पतीकाय हिं०हणतो थको ॥ हिं०हणें । त०ते वनस्पतीनें आश्रा छे ॥ त०त्रस थावर वि०घणा पा०जीव ॥ च०दृष्टि आवे अ०दृष्टि न आवे ते पिण ॥ ४२ ॥

मुलः-वणस्सइ काय वि हिंसंतो। हिंसईउ तयस्सिए॥
तस्सेय विविहे पाणे। चक्खुसेय अचक्खुसे॥ ४२॥

ગા. ૪૨ ભાવાર્થ--વનસ્પતિકાયને હણુતો થકો તે વનસ્પતિકાયને આધારે રહેલા દ્રષ્ટીએ દેખાય અથવા ન દેખાય એવા વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર જીવને પણ તે હણે. ૪૨

अर्थः-त०ते माटि ए०एहवुं वि०जाणीने॥ दो०दोष दु०नरगादि दुरगतिनो व०वधारणहार॥ व०वनस्पतीकायनो स०आरंभ॥ जा०जावजीव लगें व०छांडे॥४३॥ ए अग्यारमुं स्थानक कह्युं. हवे बारमुं स्थानक कहे छे॥ ४३॥

मुलः-तम्हां एयं वियाणित्ता। दोसं दुग्गई वड्ढणं॥
वणस्सइकाय समारंभं। जावजीवाए वज्जए॥ ४३॥

ગા. ૪૩ ભાવાર્થ—તે ભણી દુર્ગતિને વધારનાર વનસ્પતિ કાયના આરંભનો દોષ જાણીને જાવ જીવ સુધી વર્જે એ અગીઆરમું સ્થાનક કહ્યું. ૪૩

अर्थः—त०त्रस बेंद्रोयादिक जीव न०नहणें॥ म०मनें व०वचने का०कायाइं करो॥ ति०त्रिण प्रकारि करण करावण अनुमोदन जो०जोगें करी॥ स०साधु। सु०ज्ञानी समाधिवंत॥ ४४॥

मुलः—तसकायं तिनहिंसं । मणसा वयसा कायसा ॥
तिविहेण करण जोएण । संजया सु समाहिया ॥ ४४ ॥

ગા. ૪૪ ભાવાર્થ—હવે ત્રસકાયની દયા પાળવી તે કહે છે. ભલો સમાધીવંત સાધુ કરવું કરાવવું ને અનુમોદવું એ ત્રણે કરણે કરી મન વચન અને કાયા એ ત્રણ જોગે કરી ત્રસકાયને હણે નહીં. ૪૪

अर्थः—त० त्रस बेंद्रीयादिकने हिं० हणतो थको ॥ हिं० हणें त० त्रसनें आश्राजे तेपिण ॥ त० त्रसथावर । वि० घणा पा० जीव ॥ च० दृष्टि आवे अ० दृष्टि न आवें ॥ ४५ ॥

मुलः—तस्सकायं वि हिंसंतो । हिंसईउ तयस्सिए ॥
तस्सेय विविहे पाणे । चक्कुसेय अचक्कुसे ॥ ४५ ॥

ગા. ૪૫ ભાવાર્થ—ત્રસકાયને હણતો થકો, તે ત્રસકાયને આધારે રહેલા દ્રષ્ટીએ દેખાય અથવા ન દેખાય એવા વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર જીવને પણ તે હણે. ૪૫

अर्थः—त० ते माटि ए० एहवुं वि० जाणीने ॥ दो० दोष त्रस विराधनारुप ॥ ते दु० दुरगतिनो व० वधारणहार ॥ त० त्रसकायनो स० आरंभ । जा० जावजीव लगें ए बारमुं स्थांनक कह्युं व्रत छ छकाय एवं बार ए मुल गुण कहिया व० गांडे ॥ ४६ ॥

मुल:-तम्हा एयं वियाणित्ता । दोसं दुग्गई वढ्ढणं ॥
तस्सकाय समारंभं । जाव जीवाए वज्जए ॥ ४६ ॥

ગા. ૪૬ ભાવાર્થ—એ ભણી દુર્ગતિનો વધારનાર ત્રસકાયના આરંભનો દોષ જાણીને જાવજીવ સૂધી વર્જે. એ બારમું સ્થાનક કહ્યું. ૪૬

अर्थः-हवे अकल्पनीक च्यारवांना छांमवा ते कहे छे जा०जे च०च्यारवानां कल्पे भुं०भोगववां ॥ इ०साधुने आहा०च्यार आहार१ ॥ मा०आदि देई सिज्या२ वस्त्र३ पात्र४ ता०तेहनें तु०चपुनः वि०वर्जतो ॥ सं०१७भेदी संजम अ०पाले ॥ ४७ ॥

मुल:-जाइं चत्तारि भुंजाइं । इसिणा हार माइणि ॥
ताइं तु वि वज्जंतो । संजमं अणुपालए ॥ ४७ ॥

ગા. ૪૭ ભાવાર્થ—હવે અકલ્પનીક ચાર બોલ છાંડવા તે કહે છે. જે આસનાદિક ચાર વાનાં સાધુને ભોગવવાં તે અકલ્પનીક તેહને વિશેષે વર્જતો થકો સંયમને વિશેષે પાળે. ૪૭

अर्थः-ते च्यार बोल देखामे छे पिं०आहार१ सि०स्थांनक उपाश्रो२ व०वस्त्र३ ॥ च०चउथें बोले पा०पात्र४ ए मांहिलुं ॥ अ०अकल्पनीक होइं ते न०साधु लेवुं नवांछे ॥ प०लीइं । क०निर्दोष ४८

मुलः—पिंडं सिज्जंच वत्थं च । चउत्थं पाय मेवयं ॥
अकप्पियं न इछेज्जा । पडिगाहिज्ज कप्पियं ॥ ४८ ॥

ગા. ૪૮ ભાવાર્થ—તે ચાર બોલ કહે છે. આહાર, સ્થાનક, વસ્ત્ર, ને પાત્ર એ ચાર વાનાં સદોષ લેવાં ઈચ્છે નહીં, ને એ ચાર નિર્દોષ જાણીને લીયે. ૪૮

अर्थः—जे०ने कोइ द्रव्य साधु नि०नित्य आमंत्रो मुके म०जे माहरे घरें थकी एटलो पिंडले जो ॥ की० साधु निमते वेचातो लेइ देइ मु०साधुने रांधीने दिइं आह०साम्हो आणीदिइं व०वधस्थावरादिकनो ते०ते- द्रव्य साधु स०अनुमोदे ॥ इ०एहवुं वु०कहिउं म०रुपनादिक श्री महावीरे ॥ ४९ ॥

मुलः—जे नियागं ममायंति । कीय मुद्दे सियाहडं ॥
वहं ते समणु जाणंति । इयवुत्तं महेसिणा ॥ ४९ ॥

ગા. ૪૯ ભાવાર્થ—જે સાધુને ગૃહસ્થી આમંત્રી રકે જે, એટલો આહાર માહરા ઘેરથી નિત્ય લઈ જજો. તથા સાધુને નિમિતે આહાર પ્રમુખ વેચાતું લઈને દીયે, તથા સાધુને રાંધીને દીએ, સાધુને નિમીતે સામું આણીને દીએ તથા ભિક્ષાચરને નિમીતે કાઢી મૂકેલું, તે અગ્રપીંડ કહીએ—એ પૂર્વોક્ત આહારાદિક લીએ તો તેને દ્રવ્ય લીંગી સાધુ કહીએ, ને છકાયના જીવની ઘાતને ભલો જાણનાર કહીએ, એમ મહાવીરાદીક મોટા રૂષીશ્વરે કહ્યું. ૪૯

अर्थः—त० ते माटै अ० अन्न पा० पाणीप्र आहर ॥ की० वेचातो आण्यो मु० साधुनें काजे रांधो आह० साम्हो आण्यो ॥ व० वर्जे ठि० रहि ठ० संजमनें विषे ३० आत्मा जेहनो तेणे ॥ नि० साधु ध० क्षमादिक दश प्रकारि जती धर्म्म जो० जीववुं ॥ ५० ॥ ए १३ मुं थानक कह्युं हवे १४ मुं थानक कहे छे हवे गृहस्थना भाजन आश्री कहे छे ॥

मुलः—तम्हा असण पाणाइं । कीय मुद्दे सियाहडं ॥
वज्जयंति ठिय अप्पणो । निग्गंथा धम्म जीविणो ॥ ५० ॥

गा. ५० भावार्थ—जे साधु संजम जीवतव्यने धर्मे करी जीवे छे, ने जेणे संयमने विषे पोतानो आत्मा स्थीर कर्यो छे, ते साधु पूर्वोक्त अन्न पाणी प्रमुख सदोष जाणीने वर्जे ते न लीए. ए १३ मुं स्थानक कह्युं. ५०

अर्थः-कं० वाटिकादिकनें विषे कंसपा० थालियादिकनें विषे ॥ कु० तांसला मोटा हाथीना पगने आकारे अथवा वली त्रांबा पीतल प्रमुखना भाजनने विषे ॥ भु० भोजन करता थको अ० अन्न पाणी प्रमुख ॥ आ० साधुना आचारथी प० भ्रष्ट थाइं ॥ ५१ ॥

मुलः—कंसेसु कंस पाएसु । कुंडमोए सुवा पुणो ॥
भुंजंतो असण पाणाइं । आयार परिभस्सई ॥ ५१ ॥

ગા. ૫૧ ભાવાર્થ—હવે ગૃહસ્થીના ભાજન આશ્રી કહે છે. કાંસાના વાટકા, કાંસાની થાળી. તથા ત્રાંબા પીતળ પ્રમુખ ધાતુના વાસણને વિષે જમતાં થકાં સધુ આચાર થકી ભ્રષ્ટ થાય ને સંયમનો વિરાધીક હોય. ૫૧

अर्थः-सी०सचित्त पाणीनो स०आरंभथाइं ॥ म०भाजन धो०धोतां छ०नांखे ॥ जा०जे जि०हणे भू०अपकायादिकनें अत्र इहां गृहस्थनें भोजन जमतां ॥ दि०दीठो त०तिहां अ०असंजम ॥५२॥

मुत्तः—सीउदगं समारंभे । मत्त धोवण छडुणे ॥
जाइं छिसंति भूयाइं । दिठो तछ असंजमो ॥ ५२ ॥

ગા. ૫૨ ભાવાર્થ—પૂર્વોક્ત ધાતુના વાસણને વિષે જે દોષ ઉપજે તે કહે છે. તે વાસણને કાચા પાણીએથી ધોવાથી કાચા પાણીનો આરંભ થાય, તથા તે વાસણને ધોઇને જીહાં તે પાણી નાંખે તીહાં જે જીવ હોય તે જીવ ઘાત પામે. તે જીવની વિરાધનાથી કેવળી મહારાજે અસંયમ દીઠો. ૫૨

अर्थः-गृहस्थनें भाजनें जिमतां प०पछे धोइं पु०पहिलां धोइं ॥ सि०कदाचित् त०तिहां पात्रनें अभावे न०नकल्पें ॥ ए०एम०अर्थे न०न जिमें ॥ नि०साधु गृहस्थनें भा०भाजनें ॥५३॥ ए चउदमुं स्थानक कह्युं हवे पन्नरमुं स्थानक कहे छे. ॥

मुत्तः—पच्छाकम्मं पुरेकम्मं । सिया तछ नकप्पई ॥
एयमठं न भूंजंति । णिग्गंथा गिहिभायणे ॥ ५३ ॥

ગા. ૫૩ ભાવાર્થ—કદાચિત્ પાત્રનો અભાવ હોય તોપણ પૂર્વોક્ત ગૃહસ્થના કાંસાદિક પાત્રને વિષે ન જમે તેનું કારણ કે તે જમતાં થકાં તે પાત્ર ધોવાથી પૂર્વ તથા પશ્ચાત્ દોષ લાગે તે દોષ નિવારવાને માટે સાધુ ગૃહસ્થને વાસણે ન જમે. એ ૧૪ મું સ્થાનક. ૫૩

अर्थः आ०भद्रासन मांचीनें विषे प०ढोलियाने विषे ॥ मं०खाटलाने विषे आसा०नठीगण सहित सिंघासणने विषे ॥ अ०आचरिवुं नही म०आर्य साधुने ॥ आ०बइसवुं स०सुवुं ॥ ५४ ॥

मुलः—आसंदी पलियंकेसु । मंच मासालए सुवा ॥
अणायरिय मज्जाणं । आसइतु सइतुवा ॥ ५४ ॥

ગા. ૫૪ ભાવાર્થ—હવે ૧૫ મું સ્થાનક કહે છે. આર્ય સાધુને માંચીને વિષે પલ્યંકાદિકને વિષે ખાટલાને વિષે, ઓઠીંગણુ સહિત બેસવાના આસન, તે ખુરસી પ્રમુખને વિષે બેસવું, અથવા સૂવું, કે ભોગવવું ન કલ્પે. ૫૪

अर्थः आस०भद्रासण मांचीने विषे पल्लंग ढोलीयाने विषे ॥ न०रू तथा गादी सहित सुखासने तथा नेत्रैं भरये आसने नपी०नबेसे ॥ नि०साधुइं प०ते मांचादिक प्रतिलखाइं नही ते भणी ॥ बु०तीर्थकरनां कह्या बु०वचननें विषे म०रह्या ॥ ५५ ॥

मुलः—नासंदी पलियंकेसु । न निसिज्जाए नपीढए ॥
निग्गथा पडिलेहाए । बुद्ध वुत्त महिठ्ठगा ॥ ५५ ॥

ગા. ૫૫ ભાવાર્થ—તિર્થંકરની આજ્ઞાના પાલણહાર એવા સાધુને ગાદીને વિષે પલંગને વિષે, ૩ તથા ગાદી સહિત સુખાસન હોય તેહને વિષે નેત્રે કરી ભર્યું હોય તે આસનને વિષે બેસવું કે ભોગવવું ન કલ્પે તેનું કારણ કે પૂર્વોક્ત આસનને વિષે જીવની જત્ના ન થાય તેથી. ૫૫

अर्थः गं०अप्रकाश वि०आश्रइ ए०आमंदियादिक ॥ पा०तेहनें विषे जीव दु०दोहिला प्प०प्रतिले-ख्या जाइं ॥ आ०नइासण मांचीने विषे प०पल्लंगनें विषे ॥ ए०ए दोष टालवानें म०अर्थे वि०वर्ज्या साधे ए पनरमुं स्थानक कह्युं हवे सोलमुं स्थानक कहे छे. ॥ ५६ ॥

मुलः—गंभीरं विजयाए ए। पाणा दुप्पडि लेहगा ॥
आसंदी पलियंकेसु। एयमठं वि वज्जिया ॥ ५६ ॥

ગા. ૫૬ ભાવાર્થ—તે પૂર્વોક્ત આસન ઉપર ન બેસે તે એટલા માટે કે તે આસનમાં બરાબર પ્રકાશ (નજર) નહીં પડવાથી તીહાં પ્રાણી જીવ હોય તે બરાબર દેખાય નહીં. તો તે જીવની દયા કેમ પળે ? તે માટે પૂર્વોક્ત માંચી પલંકાદિક આસનને વિષે બેસવું, સૂવું, કે ભોગવવું વિશેષે વર્જ્યું છે. એ ૧૫મું સ્થાનક કહ્યું. ૫૬

अर्थः—गो०गोचरीइं प०गयो थको ॥ नि०गृहस्थने घरे बेसवुं ज०जे कोई क०करे ते साधु ॥ इ०ए आगलें कहीस्ये अणा०अणाचार ॥ आ०ऊपजें अ०जे मिथ्यात्म फल पामे ॥ ५७ ॥

मुलः—गोयरग्ग पविठस्स। निसिज्जा जस्स कप्पई ॥
इमेरिस मणायारं। आवज्जइ अबोहियं ॥ ५७ ॥

ગા. ૫૭ ભાવાર્થ—હવે ૧૯મું સ્થાનક કહે છે. જે સાધુ ગૃહસ્થીને ઘેર બેસવાનું કરે તેહને એ આગળ કહીશું તે અણાચાર (દોષ) ઉપજે ને જેથી મિથ્યાત્વનું ફળ પામે. ૫૭

अर्थः—वि०विनास बं०ब्रह्मचर्यनो थाइं ॥ पा०स्त्रीना परिचइंथी आधा कर्मीयादि लेवे प्राणीनो व० वध हुइ व०जीखारीनें प०अंतराय हुइं ॥ प०क्रोध ऊपजे अ०गृहस्थने स्त्री उपरि तथा साधु उपरि ५८

मुलः—विवत्ती बंभचेरस्स । पाणाणंच वहेवहो ॥
वणीमग पडिघाउ । पडिकोहो अगारिणं ॥ ५८ ॥

ગા. ૫૮ ભાવાર્થ—બ્રહ્મચર્યનો વિનાશ થાય. સ્ત્રીના પરિચયથી આધાકર્મી આહાર નીપજાવતાં પ્રાણી જીવનો વધ થાય, તે આહાર ભોગવતાં સંયમનો તથા બ્રહ્મચર્યનો વિનાશ થાય. વળી તીહાં બેસવાથી ભીખારીને પણ અંતરાય પડે, તથા ગૃહસ્થને સ્ત્રી ઉપરે તથા સાધુ ઉપરે ક્રોધ ઉપજે. ૫૮

अर्थः—अ०भंग थाइं । बं०ब्रह्मचर्यनो । इ०स्त्री थकी सं०संका उपजे सीलना फल छे के नहीं ॥ कु० कुसील व०वधवानो ठा०स्थानक ॥ दू०वेगलाथो व०वर्जे ॥ ५९ ॥

मुलः—अगुत्ती बंभचेरस्स । इत्थिउ वावि संकणं ॥
कुसील वट्ठणं ठाणं । दूरउ परिवज्जए ॥ ५९ ॥

ગા. ૫૯ ભાવાર્થ—તે ઘરમાંહી સ્ત્રી પાસે બેસતાં બ્રહ્મચર્યની વાડ ભાંગે ને બ્રહ્મચર્ય પાળવાનું ફળ છે કે નહીં એવી શંકા ઉપજે તેથી કુશીલરૂપ અણાચાર વધવાનું સ્થાનક જાણીને વેગળેથી ગૃહસ્થીને ઘેર બેસવાનું વર્જે. ૫૯

अर्थः–ति०त्रिणकारणमांहि म०अनेरेकारणि ॥ नि०गृहस्थनें घरे बइसवुं ज०जेहने क०कल्पे ते कहे छे ज०जराइं करी अ०व्यापो होइं१ ॥ वा०रोगित होइं२ त०तपस्वीने ॥ ६० ॥ ए सोलमुं स्थानक कह्युं हवे सतरमुं स्थांनक कहिछे ॥

मुलः–तिन्ह मन्नयरागस्स । निसिज्जा जस्स कप्पई ॥
जराए अन्नि भयस्स । वाह्यियस्सय तवसिणो ॥ ६० ॥

ગા. ૬૦ ભાવાર્થ—હવે ગૃહસ્થને ઘેર બેસતાં દોષ નહીં તે કહે છે. વૃદ્ધ અવસ્થાવાળા ૧, રોગીયાને. ૨, ઘણા તપસ્વી, એ ત્રણ સાધુને શરીરને વિષે અશક્તિથી, તથા ફેર, ચક્રી, પ્રમુખ આવે તો ગૃહસ્થીને ઘેર બેસવું કલ્પે. એ ૧૬ મું સ્થાનક કહ્યું. ૬૦

अर्थः–वा०रोगीत अ०रोगरहित ॥ सि०स्नानकरवुं । जो०जे कोइ प०वांछे ॥ वु०भ्रष्ट हो०हुइ आ०साधुना आचारथी ॥ ज०ठालो ह०हुइ सं०संजमथी ॥६१॥ प्राशुक पाणीये स्नान करतां संजमनो त्याग किम हुइं ते कहे छे ॥

मुलः–वाहित्त वा अरोगी वा सिणाणं जोत पछए ॥
वुक्कंतोहोइ आयारो । जढो हवइ संजमो ॥ ६१ ॥

ગા. ૬૧ ભાવાર્થ—હવે ૧૭મું સ્થાનક કહે છે. રોગી હોય અથવા રોગ રહિત એવો જે કોઈ સાધુ સ્નાન કરવાનું ઈચ્છે તે સંયમે કરીને ઠાલો ને સાધુના આચારથી ભ્રષ્ટ હોય. ૬૧

अर्थः—सं०छे इम०ए प्रत्यक्ष सु०सुक्ष्म पा०बेंद्रीयादिक जीव ॥ घ०पोली भूमिने विषे भि०भूमिनी सांधिरायत्रफिनें विषे ॥ जे०जे भि०साधु सि०स्नान करे ॥ वि०अचित्त पाणीइं प्पि०तणाइं जीव संजम भागे ॥ ६२ ॥

मुलः—संति मे सुहुमा पाणा । घसासु भिलुगासुय ॥
जेय भिकुसिणायंते । वियम्हेणुं प्पिलावए ॥ ६२ ॥

ગા. ૬૨ ભાવાર્થ—ઉષ્ણ પાણીથી સ્નાન કરવા વડે સંયમથી ભ્રષ્ટ કેમ થાય? ગુરૂ ધરતીને વિષે તથા પોલી ભૂમિને વિષે તથા ફાટી ભૂમિકાને વિષે પ્રત્યક્ષ સૂક્ષ્મ બેંદ્રિયાદ ત્રસજીવ ઘણા છે, તેથી તે સ્નાનનું પાણી તે ભૂમિકામાં જવાથી તે જીવોની વિરાધના થાય તથા (નકોર ભૂમિ હોય તો) તે સ્નાનના પાણીના ખળકામાંહી તે જીવ તણાઈ જાય. ૬૨

अर्थः—त०ते माटि ते०ते साधु न०स्नान नकरे ॥ सी०ताढें पाणीइं उ०उन्हे पाणीइं ॥ जा०जीवे वां लगें व०ए व्रत घो०सामान्यने आचरतां दोहिलो ॥ अ०स्नान रहित व्रतनें विषे म०रहिवुं ६३

मुलः—तम्हा ते न सिणायंति । सीएण उसीणेण वा ॥
जावज्जीव वयंघोरं । असिणाणं महिठगा ॥ ६३ ॥

ગા. ૬૩ ભાવાર્થ—તેથી ઉષ્ણુ પાણીયે તથા શીતળ પાણીયે સાધુ સ્નાન ન કરે એ વૃત જાવજીવ સુધી પાળતાં દુષ્કર છે તેથી અસ્નાનવ્રત સાધુ પાળે. એ ૧૭મું સ્થાનક કહ્યું. ૬૩

अर्थः—सि०स्नांन अ०अथवा क०चंदनादिक ॥ लो०लोद्र प०सुगंध द्रव्य तथा कुंकुम केसरादि ॥ गा०सरीरना व०उगटणानें ठा०निमित्तिइं ॥ ना०आदरें नही । क०किवारि पणि ॥ ६४ ॥ ए १७ मु स्थांनक कह्यु हवे अढारमुं स्थानक कहे छे ॥

मुलः—सिणाणं अडुवा कक्कं । लोध्दं पउमगाणिय ॥
गायसु वट्टणगाए । नायरंति कयाइवि ॥ ६४ ॥

ગા. ૬૪ ભાવાર્થ—હવે ૧૮મું સ્થાનક વિભૂષા ન કરે તે કહે છે. સ્નાન અથવા સુગંધ ચંદન પ્રમુખ લોદ્ર પદમ કમળ કપુર કાચલીનાં ચૂર્ણુ શરીરે પીઠી મર્દન કરવું તે એટલાં વાનાં કીંવારે પણુ ન ભોગવે. ૬૪

अर्थः—नि०प्रमाणोपेत वस्त्र राखे मु०लोच करावे ॥ दी०मोटा बांह प्रमुखना रो०रोमकेश न०हाथ पगना नख वध्या छे ॥ मे०मइथुन थकी उ०निव्रतिउ छे एहवा साधुने ॥ किं०किस्युं वि०विभूखा करवानु का०कार्ज एटले विभूखा नकरे ॥ ६५ ॥

मुलः—निग्गणस्स वावि मुंडस्स । दीहरोम नहंसिणो ॥
मेहुणा उवसंतस्स । किंविभूसाए कारियं ॥ ६५ ॥

ગા. ૬૫ ભાવાર્થ—માનોપેત વસ્ત્ર રાખે, લોચ કરાવે, બાંહુ પ્રમુખનાં કેસ લાંબા છે તથા નખ પણ વધ્યા છે જે મૈથુન થકી નિવર્ત્યા છે, તેહવા સાધુને વિભુષા કરવાનું શું કારણ છે? ૬૫

अर्थः-वि०विभूषा । व०करतो । भि०साधु । क०ए कर्म्म बं०बांधे चि०चीकणां छुटतां दोहिलां सं० संसार रूपीया ॥ साय०समुद्रने विषे घो०बीहामणो तेहनें विषे ॥ जे०जेणें कर्म्मे करी प०पडे दु०तरतां दोहिलो एहवा संसारमांहिइं ॥६६॥ ए बाह्य विभूषाना दोष कह्या हवे संकल्प विभूषाना दोष कहे छे ॥

मूलः-विभूसा वत्तियं भिक्खु । कम्मंबंधइ चिक्कणं ॥
संसार सायरे घोरे । जेणं पडइदुरुत्तरे ॥ ६६ ॥

ગા. ૬૬ ભાવાર્થ—જે સાધુ વિભૂષા કરે તે ઘણાં કાળ લગી પોહોચે તેહવાં ચીકણાં (છુટતાં દુષ્કર એવાં) કર્મ બાંધે, અને જેહુનો પાર પામતાં દોહીલો ને દુઃખે કરી પરીપુર્ણ ને બીહામણો એવા સંસાર રૂપી સમુદ્રને વિષે પડે. ૬૬

अर्थः-वि०विभूषाना व०करणहार साधु चे०एहवां ॥ बु०रूपभादिक तीर्थंकरें म०माने ता०तेहवुं ॥ सा०पाप ब०घणूं च०ए एयं०ए विभूषा ता०साधुइं नसे०न सेवीए अढारमुं स्थानक कह्युं हवे ए अढार स्थानकना पालणहार साधुनें लाभ थाइ ते कहे छे. ए उत्तर गुण कह्या हवे उपदेश कहे छे ॥ ६७ ॥

मूलः-विभूसा वत्तियं चेयं । बुद्धा मन्नंति तारिसं ॥
सावज्जं बहुलं चेयं । नेयं ताईहिं सेवियं ॥ ६७ ॥

ગા. ૬૭   ભાવાર્થ—એહવી શોભાના કરણુહાર સાધુને ઋષભાદિક તિર્થંકરે પૂર્વે કહ્યું તેહવા દોષ સહીત અયોગ્ય પાપકર્મની ઘણી ગાંઠના બાંધનાર જાણે એવી વિભુષા (દુખદાયક) છે માટે છકાયના રક્ષણના કરણુહાર એવા સાધુએ એ વિભુષા કરવી નહીં—એ ૧૮મું સ્થાનક કહ્યું. ૬૭

अर्थः—खब॰सोघे अ॰आपणा आत्मा प्रतें अमो॰मोह रहित सम्यग् दृष्टी साधु ॥ त॰तपनें विषे र॰ रातां स॰संजमना अ॰अने सरलपणाना गु॰गुणछें जेहने एटले क्षमा दयाइं करो सहित एहवा साधु ॥ धु॰ खपावे टालें पा॰कर्म्म पु॰पूर्व्विइं घणा नवनां क॰कीधां ज्ञानावरणीयादिक ॥ न॰संजम लीधां पछी नवां पा॰अशुभ कर्म तें॰ते साधु न क॰करे नहो पचखाण करया नणी ॥ ६८ ॥ ते साधु केहवा छे ॥

मुलः—खवेंति अप्पाण म मोहदंसिणो । तवेरया संजम
अज्जवे गुणे ॥ धुणंति पावाइं पुरे कडाइं । नवाइं
पावाइं नते करेंति ॥ ६८ ॥

ગા. ૬૮   ભાવાર્થ—હવે પુર્વોક્ત અઢાર સ્થાનકનાં પાલણુહારને લાભ થાય તે કહે છે. સંયમે કરી આર્યવગુણે કરી, ક્ષમાયે કરી, દયાયે કરી સહીત ને તપને વિષે સાવધાન. વળી જેહનું દર્શન સફળ (લાભ) કારક છે ને મોહ રહીત એવા સમ્યક દ્રષ્ટી સાધુ આપણા આત્મા થકી આઠ કર્મને ખપાવે—અને પુર્વે ઘણા ભવનાં અશુભ કર્મ કરેલાં તેહને ટાળે અને સંયમ લીધા પછી નવાં અશુભ કર્મ બાંધે નહિ. ૬૮

अर्थः-स०सदाकाल ज०उपशांत क्रोध रहित अ०ममता रहित द्रव्यथी सुवर्णादिकभावथी मिथ्यात्वादि तथा शरीर उपरि ममता नथो ॥ जेहने अकिं०परिग्रह रहित स०आपणी वि०परलोकनें उपगार कारिणो श्रुतज्ञानरुप सिद्धांतरुप विद्या तेणे करी अणु०सहित ॥ ज०जशरूंत इसि०ऋषीश्वर उ०सरदरुतनो प्प०प्रशांत वि०निर्मल चं०चद्रमा एटले आसो कार्त्तिकीनो पूर्नमिनो रात्रि सोल कला सहित जिम चंद्रमा सोभे तिम साधुना २७ गुण ते रुप कला आठ कर्म्मरुप वादल रहित सोभे ॥ सि०ते साधु मोक्ष पामें अथवा कांइक शेष कर्म्म रहितो वि०विमानीक देवतापणे उ०उपजे कोण ता०साधु छकायना पीहर त्तिबेमि६९

मुलः-स उवसंता अममा अकिंचणा । सविज्ज विज्जाणु
गया जसं सिणो उउ प्पसण्णेविमलेव चंदिमा ॥
सिद्धिं विमाणाइं उवेंति ताइणो । त्तिबेमि ॥ ६९॥

ગા. ૬૯ ભાવાર્થ—તે સાધુ કેહવા છે. સદાય ઉપસાંત ક્રોધ રહિત જેહુને દ્રવ્યથી વસ્તુ ઉપરે ને ભાવથી કાયા ઉપરે મમતા ભાવ નથી. વળી સુવર્ણાદીક પરિગ્રહે કરી રહિત છે અને પોતાની સીધાંત રૂપણી વિદ્યા તે જ્ઞાન વિજ્ઞાને કરી સહિત છે, એવા સાધુ ભાવથી સંયમ રૂપને દ્રવ્યથી કિર્તિ રૂપ યશ સહીત છે. જેમ સરદરૂતુ તે આસો ને કાર્તીકી પુનમે આકાસને વિષે વાદળાંયે કરી રહીતને સોળ કળાયે પરીપુર્ણ નિર્મળ ચંદ્રમા શાભે તેમ પુર્વોક્ત સાધુના ગુણ રૂપ કળાને કર્મરૂપ વાદળાંયે કરી રહીત શોભે—તે છકાયના રાખણહાર સાધુ સીધ ગતી પામે અને કદાચિત્ શેષ કર્મ રહ્યાં હોય તો વૈમાનીક દેવતા પણે ઉપજે, એમ સુધર્મા સ્વામીયે જંબુ સ્વામી પ્રતે છઠા અધ્યયનનું ઉદાહરણ કહ્યું. ૬૯

पूर्वे ठ्ठे अध्ययने अढार बोले साधुनो आचार पालवो कह्यो तेतो जाषा सुमतिवंतपाले ते जणी सातमे अध्ययनें जाषानो विचार कहे ठे ॥ ६ ॥

॥ इतिश्री धम्मथकाम श्रयणं सम्मत्तं ॥ ६ ॥

એ ધર્માર્થ કામ નામે ૬ઠું અધ્યયન સંપૂર્ણ થયુ. ૬

अर्थः—च०च्यार प्रकारें जा०जाषा साची१ जूठी२ मिश्र३ व्यवहार४ ए स्वरुप स०निश्चे ॥ प०जाणीनें प०प्रज्ञावंत बुद्धिवंत साधु ॥ ड०विजाषानो वि०विनय सिखें एटले साचो१ अने व्यवहार२ ए बे जाषा बोले तु०पुनः वली ॥ दो०जूठो १ अने मिश्र २ ए बे जाषा स०व०सर्वथा प्रकारे मरणांत लगो न जा० न बोले बुद्धिवंत साधु ॥ १ ॥ हवे एहिज गाथादिपावाने अर्थे विशेष अर्थ कहे ठे ड०बेजाषानो प्रयोग सोखें कार्य विशेषें बेजाषा बोले ते प्रथम सत्यजाषा दश प्रकारे (उक्तंच) जणवय१ सम्मय२ ठवणा३ नामे४ रूवे५ पडुच्च६ सच्चेय७ ववहार८ जावजोगेए दशमे उवसच्चेय१० । १बीजी असत्या मृषा ते ववहार जाषा बार प्रकारे (उक्तंच) आमंतणी१ आणवणी२ जायणी३ तहपुछणी४ पणवणी५ पच्चक्खाणीजासा६ भासा इछाणु लोमीया७ १अणभिगहियाजासा८ जासाअभिग्गहंमिबोधव्वाए संसयकारणीजासा१० वोगमा११ अवोगमाचेव१२ २एवंबेभेद२२ दो०बेभाषानबोले तिहां प्रथम मृषा भासा दश प्रकारें (उक्तंच) कोहे१ माणे२ माया३ लोजे४ पिज्जे५ तहेव दोसेय६ हासे७ जए८ अभरकाणए उवघाय निसियादसमो१ तथा बीजो सत्या मृषा ते मिश्रभाषा ते पिण दश प्रकारें उक्तंच उप्पन्नमिसिया१ विगयमिसिया२

उप्पसविगयमिसिया३ जीवमिसिया४ अजीवमिसिया५ जीवाजीवमिसियाद् अणंतमिसिया७ परत्तमिसिया८ अद्धामिसियाए अणद्धामिसिया१० एवं ४२ प्रकारनी भाषा

मुलः—चउन्हं खलु भासाणं । परिसंखाय पन्नवं ॥
इएहं तु विणयं सिरके । दो न भासिज्ज सव्वसो ॥ १ ॥

અધ્યયન સાતમું.

ભાવાર્થ—પુર્વે છઠે અધ્યયને અઢાર બોલે આચાર પાળવો કહ્યો. તંતો ભાષા સુમતીવંત પાળે તે માટે સાતમું અધ્યયન ભાષાના વિચારનું કહે છે.

ગા. ૧ ભાવાર્થ—પ્રજ્ઞાવંત સાધુ ચાર પ્રકારની ભાષાના ભેદને જાણીને બે પ્રકારની ભાષા બોલે. અને બે પ્રકારની ભાષા સર્વથા પ્રકારે ન બોલે. તે ચાર ભાષાના નામ. ૧ સાચી. ૨. જુઠી. ૩ મિશ્ર. ૪ વ્યવહાર. એ ચાર ભાષા માંહીથી સાચી અને વ્યવહાર એ બે ભાષા પંડીત સાધુ બોલે, જુડી અને મિશ્ર, (સાચી અને જુઠી) એ બે ભાષા ન બોલે. ૧

अर्थः—जा०जे य०वली स०साची छे पणि हिंसाकारो छे अ०तेपणि न बोलवी ते स्या जणी कोइ आहेडो पूछे हे मुनी मृग जातो दीठो तथा गृहस्थ पूछे बजारमांहि तरकारी मांमो छे तिवारि मृग जातो दीठ हुइ तथा तरकारी माडी दीठी हुइ तोहि पणि न कहे आरंभ जाणीने तिवारे इम कहे जे देखे छे ते बोलतो नथी (आंख) अने जे बोले छे ते देखती नथी (जीभ) इम उत्तर दिइं ए साचीपण जूठा जेहवी जाणवो ॥

स०कांई साची कांई जूठी ते मिश्रजाषा१. जा०जे मु०जूठी२ ॥ जा०जे भाषा बु०बुद्धतत्वनें जाणे ना०आचरी नही ॥ तं०ते जाषा नजा०नबोले प०साधु प्रज्ञावंत ए भाषा न बोलवी कहो ॥ २ ॥

मुल:–जाय सच्चा अवत्तवा । सच्चा मोसाय जामुसा ॥
जाय बुद्धेहिं नाइन्ना । न तं जासिज्ज पन्नवं ॥ २ ॥

ગા. ૨ ભાવાર્થ—જે ભાષા સાચી છે પણ હિંસાકારી છે, તો તે ભાષા બોલવી નહીં તે કેમ, કોઈ આહેડી પુછે જે હે મુની ઈંહાંથી મૃગ જાતાં દીઠાં તથા કોઈ ગૃહસ્થ પુછે જે બજાર માંહી લીલોતરી માંડી છે (વેચાય છે) તે વારે મૃગ જાતાં દીઠાં હોય તથા લીલોતરી માંડેલી દીઠી હોય તોપણ તે સાચી ભાષા છે પણ સાધુ બોલે નહીં. મીશ્ર ભાષા તથા જુઠી ભાષા પણ બોલવી નહીં. વળી જે મિશ્ર અને જુઠી ભાષા તિર્થંકર દેવ પણ બોલ્યા નથી તેથી પ્રજ્ઞાવંત સાધુ તે ભાષા ન બોલે. ૨

अर्थ:–हवे बोलवी कहे छे अ०ते विवहारजाषा१. स०जे साचीजाषा२ ए बे जाषा च०पुन: वली ॥ अ०निरवद्य नि०पाप रहित म०अनें अकरकस सुकुमाल कठोर वचन रहित परजीवने हितकारी ॥ स०तेपणि विचारीनें म०संदेह रहित एहवी ॥ गि०एहवी वाणी जा०बोले प०प्रज्ञावंत साधु ॥ ३ ॥

मुल:–असच्च मोसं सच्चं च । अणवज्ज मकक्कसं ॥
समुप्पेह मसंदिद्धं । गिरं जासिज्ज पन्नवं ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—સાચી અને વ્યવહાર ભાષા એ બે ભાષા કેહવી છે. પાપ રહીત કઠોર વચન રહીત સંશય રહીત પ્રજ્ઞાવંત સાધુ એહેવી યથાતથ્ય ભાષા બોલે. ૩

अर्थः—ए०ए अ०अर्थ निषेध सावद्य पाप सहित कठोरजाषा म०अनेरी पणि जाणोने ॥ जं०जे भाषा बोलो थको ना०नमामे त्यजें सा०सास्वनुं मोक्षपद एटले मोक्ष न पामे ॥ स०ते जा०भाषा स०मिश्र जाषा कांई साची कांई जूठी अपि शब्दथी साची पणि तथा भूत ॥ तं०ते पणि जाषा धी०बुद्धिवंत वि०वर्जे टालें ॥ ४ ॥ हवे मृषाजाषानो रक्षा कहि छे ॥

मुलः—एयंच अठ मस्संवा । जंतुना मेइ सासयं ॥
स जासं सच्च मोसंच । तंपि धीरो वि वज्जए ॥ ४ ॥

ગા. ૪ ભાવાર્થ—જુઠી અને મિશ્ર ભાષા બોલવાથી જે સાશ્વતી મુક્તિ તે ન પામે તેથી સંજમને વિષે રહેલા બુધિવંત સાધુયે બે ભાષા વર્જવી. ગા. ૪

अर्थः—वि०खोटी त०तिम मु०स्त्रीनी मूर्त्तिने देखीनें इम कहि जे स्त्री ए आवे छे एटलें मूलगो तो ते पुरुष लिंगे छे स्त्रीनो वेश बनाव्यो छे तथा स्त्रीइं पुरुषनो वेश लीधो छे ते देखीने कहे जे ए नर छे इम एहवी जाषा बोलतो थको ॥ जं०जे कोई गि०वाणी जा०बोले ए०जेए न०पुरुष आवे छे ॥ त०तेणे कारणें सो०ते बोलणहार पु०फरस्या बंधाई पा०पापकर्मे करी ॥ कि०तो तेहने स्युं कहिवुं पु०वली जो०जे मु०मृषा जाषा बोले तेतो निश्चे पापकर्म्म बांधेज ॥ ५ ॥

मुलः-वितहंपि तहामुत्तिं । जंगिरं नासए नरो ॥
तम्हा सो पुठो पावेणं । किं पुण जो मुसं वए ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—હવે મૃષા ભાષાની રક્ષા કહે છે. કોઇ પુરૂષે સ્રીનું રૂપ કર્યું છે તથા કોઈ સ્રીયે પુરૂષનું રૂપ કર્યું છે તેહને જોઈને અજાણપણાથી કહે કે એ સ્રીજ છે અથવા એ પુરૂષજ છે એમ બોલવાથી તે સાધુ પાપે કરીને લેપાય ને પાપ કર્મની ગાંઠ બાંધે (તો જાણી જોઈને) મૃષા બોલે તેહેનું તો કેહેવુંજ શું! તે તો નિશ્ચેજ પાપ કર્મ બાંધે । ૫

अर्थः-त०तेणें कारणें निश्चय नाषा न बोलवी ग०अम्हे प्रनाति इहांथी जास्युंज व०तेहनें सर्व समाचार कहिस्युंज ॥ अ०अमुको एक उपाश्रादि वाणे०अम्हारें न०हस्ये ॥ अ०हुंतंकालि लोचादिक क०करोस ॥ ए०एह वाणं०माहरुं काम क०करस्येंज एहवो नाषा न बोले ॥ ६ ॥

मुलः-तम्हा गछामो वखामो । अमुगं वाणे नविस्सई ॥
अहं वाणं करिस्सामि । एसो वाणं करिस्सई ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—વળી નિશ્ચે ભાષાનું સ્વરૂપ કહે છે. અમે પ્રભાતે અહિંયાંથી જરૂર જઈશું જ ને તેહને સર્વ સમાચાર કહીશુંજ. અમુક એક ઉપાસરાદિક અમુક દિવસે થશેજ. અમુક કામ હું કરીશજ, અમુક માણુસ તે મારૂં કામ કરસેજ એ નિશ્ચે ભાષા સાધુ ન બોલે. ૬

अर्थः—हवे भाषानो विचार कहेछे ए०इत्यादिक पूर्वली जा०जे जा०जाषा ॥ ए०ए आगमीया का० कालने विषे सं०संदेह सहित छे स्यां जणी एक मुहुर्त्तमांहि घणा विघन छे तेह जणी ॥ सं०वर्त्तमानकालें अथवा अतीतकालनें म०अर्थे ॥ तं०ते जाषा अपि निश्चें धी०बुद्धिवंत वर्जे ॥ ७ ॥

मुलः—एव माईउ जाजासा । एस्स कालंमि संकिया॥
संपयाईय मठेवा । तंपि धीरो वि वज्जए ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—હવે ભાષાનો વિચાર કહુ છે. પુર્વોક્ત જે ભાષા તે ભવીષ્ય કાળને વિષે સંશય સહીત છે તે કેમ એક મુહુર્ત (બે ઘડી) માંહી ઘણા વિઘ્ન આવી પડે તેથી ભૂત ભવીષ્યને વર્તમાનકાળને વિષે નિશ્ચયકારી ભાષા બુધિવંત સાધુ વર્જે. ગા. ૭

अर्थः—अ०अतोत ते गया का०कालनें विषें ॥ प०वर्त्तमानकालनें विषे म०आगमियाकालने विषे ॥ ज०जेहनो म०अर्थ न०नजाणें ॥ ए०इम मे०एहवुं नो०साधु न बोले ॥ ८ ॥

मुलः—अईयंमिय कालंमि । पच्चुप्पन्न मणागए ॥
ज मठंतु न जाणिज्जा । एवमेयंति नोवए ॥ ८ ॥

ગા. ૮ ભાવાર્થ—ભુત ભવિષ્ય ને વર્તમાન કાળને વિષે જે કાર્યના અર્થને જાણુતો નથી તે એમજ થયું ને એમજ થશે એમ ન કહે ગા. ૮

अर्थः-अ०अतीत गया का०कालने विषें ॥ प०वर्त्तमानकालने विषे म०आगमोयाकालने विषे ॥ ज०जिहां कामने विषे सं०संदेह हुइ एटले अर्थ विचार नाम रुडीपरि नजाणे तिहां ॥ ए०इम मे०एहवुं नो० न बोले साधु ॥ ९ ॥

मुलः-अईयंमिय कालंमि । पच्चुपन्न मणागए ॥
जत्थ संका भवे तं तु । एवमेयंति नो वए ॥ ९ ॥

ગા. ૯ ભાવાર્થ—ભુત ભવિષ્ય ને વર્તમાનકાળને વિષે જે કામને વિષે સંશય હોય એટલે અર્થ વિચાર નામ રૂડી પેરે જાણુતો ન હોય તો એમજ છે એમ ન કહે. ૯

अर्थ-अ०अतीत गया का०कालनें विषे ॥ प०वर्त्तमानकालनें विषे म०आगमियाकालनें विषे ॥ नि०संदेह रहित भ०हुइ जं०जे अर्थ शब्दथी निरवद्यपणें जे अर्थ कामवार्त्ता ॥ ए०इम मे०एहवुं नि०कहे साधु१० (उक्तंच) हुमरं१ निकणं२ थोवं३ कद्यावडियं४ अगवियं५ मतुच्छं६ अणवज्ज७ मसंदिद्धं८ जणंतिजिए धम्म संजुत्तं१ ॥

मुलः-अईयंमिय कालंमि । पच्चुपन्न मणागए ॥
निस्संकियं भवे जंतु । एवमेयंति निद्दिसे ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—ભુત ભવિષ્ય ને વર્તમાન કાળને વિષે જે કાર્ય સંશય રહીત તથા નિરવદ્ય હોય તો એ-મજ છે એમ કહે. ૧૦

अर्थः—त०तिमज फ०कठोर कठिन जा०जाषा जे हे दास हे गुलाम इत्यादिक काकखर शब्दवत् ॥ गु० महाअतिहि भू०जीवनें उ०विनाशनी करणहारी ॥ सच्चा०साची तेपणि जाषा न०नबोलवी सा०ते आगलानें असमाधि ऊपजे अने आपणनें ॥ ज०जेह जाषाथी पा०पापना आ०बंध हुइं मेतार्य रुषिनीपरि ॥११॥

मुलः—तहेव फरुसा जासा । गुरु नूउ वघाइणी ॥
सच्चावि सा न वत्तवा । जउ पावस्स आगउ ॥ ११ ॥

ગા. ૧૧ ભાવાર્થ—તેમજ કઠોર ભાષા તથા પૃથ્વીયાદીક છકાયના જીવને નાસની કરણહારી એહવી ભારે ભાષા, વળી જે ભાષા બોલવાથી બીજાને અસાતા (દુઃખ) ઉપજે તથા પોતાના આત્માને પાપ કર્મ બંધાય તેવી સાચી હોય તો પણ તે ભાષા ન બોલવી [મેતાર્ય મુનીની પેરે] [અહીંઆં મેતાર્ય મુનીની કથા બીજી જગ્યાએથી સમજવી.] ૧૧.

अर्थः—त०तिमज का०कोइ एक एक आंख कांणो हुइं तेहने का०हे कांणा इम न कहिवुं ॥ पं०नपुंस-कनें पं०हे नपुंसक इम न कहिवु वा०तिम व्याधि ॥ रो०रोगीयानें कोढीने हे रोगीष्ट हे कांढीया इत्यादिक ॥ ते०तिमज चोरनें चो०हे चोर नो०न कहें साधु ॥१२॥ एटले साची छे तोहि पणि एहवी जाषा नबोलवी ॥

मुलः—तहेव काणं काणंत्ति । पंडगं पंडगीत्ति वा ॥
वाहियंवावि रोगीत्ति । तेणं चोरेत्ति नोवए॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—તે પુર્વોક્ત કઠોરાદિક ભાષાનું સ્વરૂપ કહે છે, જેમકે આંખે કાણો હોય તેહને હે કાંણાં! નપુસકને કહેજે હે નપુસક! રોગીયાને કહેજે હે રોગી! ચોરને કહે કે હે ચોર! એમ ન કહે. એ પુર્વોક્ત ભાષા સાચી છે પણ પરને અસાતા (દુઃખ) ઉપજે તેથી એવી ભાષા ન બોલવી. ૧૨

अर्थः—जे सांभलोने परने असाता उपजें ते जणो ए०एणे अ०अनेरि अ०वचनेंकरी प०परआगिल्या॥ जे०जेणे करी ह०दुहु वाइ ॥ आ०आचार ज्ञानादिक तेहना भाव दो०तेहना दोषना ज्ञु०जाण साधु ॥ त० ते भाषा न भा०नबोले कोण प०प्रज्ञावंत म्हाह्यो साधु ॥ १३ ॥

मुलः—एएणन्नेण अठेण । परो जेणेव हम्मई ॥
आयार भाव दोसन्नु । न तं भासेय पन्नवं ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—પુર્વે કહી તે વીના આગળ કહીશું તેણે અર્થે, આચારનો ભાવ રહસ્યના દોષનો જાણુ ભાષા બોલવા થકી છ કાય જીવ હણાય ને દુઃખ પામે તેહવી ભાષા પ્રજ્ઞાવંત સાધુ ન બોલે. ૧૩

अर्थः-त०तिमज हो०हे होलरे मूर्ख हाली गो०हे गोलरेत्रजात ए देशांतरने विषे अनिष्ट वचन छे ॥

सा०हे कुतरी व०हे डीनाल अनाचारनी सेवणहारी ॥ द०हे दुमक हे भीखारी ड०हे दो जागी जाग्यहीन ए- टलें देश विशेषे निष्टुर आमंत्रण ॥ एवं०एहवा डुर्वचन नजा०नबोले प०मज्ञावंत साधु ॥१४॥ ए स्त्री पुरु- षने सामान्य मकारि जाषा निषेधी हवे स्त्रीने न बोलाववी ते कहे छे ॥

मुलः—तहेव होले गोलेत्ति । साणे वा वसुलित्तिय ॥
दमए डुहएवावि । नेवंजासेज्ज पन्नवं ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—તેમજ હે મુર્ખ! હે જાર (લંપટ) જાત! હે કૂતરા! હે અન્યાયના કરણહાર! હે રાંક! હે ભાગ્ય હીંણ! એમ પ્રજ્ઞાવંત સાધુ ન બોલે. ૧૪

अर्थः—अ०हे आजी पीतानी माता प०आजीनी माता वड आजी तथा प०मातानी माता ॥ अ०हे जन्म माता मा०हे मासी मानी बहिन ॥ पि०हे फोई पितानी बहिन जा०हे जाणेजी बहिननी बेटी ॥ धू० हे बेटी न०हे नतुइं दोहित्री बेटानी बेटी एहवे नामें साधु न बोलावे स्त्री जातिनें ए अलाप शब्द छे १५

मुल—अज्जिए पज्जिए वावि । अम्मो माउसिउ त्तिय ॥
पिउसिए जायणिज्जत्ति । धूए नतुणियत्तिय ॥ १५ ॥

ગા. ૧૫ ભાવાર્થ—આર્જિકાતે (બાપની માતા તે હે દાદી!) પાર્જિકાતે (માતાની માતા તેને કહે હે માતા)

હે માશી ! હે ફઈ! હે ભાણેજી ! હે બેટી ! હે બેટાની બેટી તથા બેટીની બેટી તેને ત્તુણી કહીયે એટલે હે દોહીત્રી ! એમ સ્ત્રી જાતીને ન બોલાવે બુદ્ધિવંત સાધુ. ૧૫

અર્થઃ—હ०हे हले अमकडी ह०हे हले सखी ए गुजरातदेशे ज्ञाषा अ०हे अन्य अनेरी ए नोमाग्रदेशे भाषा ॥ ज०हे जट्टे हे मेठाणो सा०हे सामिनी गो०हे गोमिणी गाइ घणी ले ताहरें ए पूज्य वाची शब्दथी ॥ हो०हे होले हे होलणो गो०हे गोले हे त्रिजाति व०हे वटिलि एग्रामीण गमार लोकना वचन तोछमां वचनें ॥ इ०स्त्री जातिनें एवं०इम नमा०न बोलावें साधु एहवें वचनें तेहनि रीस चढे ते जणो ॥१६॥ जो इम बोलाववुं नही तो किम बोलाववुं ते कहिये ॥

मुलः—हले हलेत्ति असेत्ति । भट्टेसामिणि गोमिणी ॥
होले गोले वसुलेत्ति । इत्थियं नेव मालवे ॥ १६ ॥

ગા. ૧૬ ભાવાર્થ—હે હલે અમ કડી ! હે હલે સખી ! હે અન્યે અનેરી ! ઈહાં આવ ! એવાં સામાન્ય વચને ન બોલાવે તથા હે ભટે ! હે સેઠાણી ! હે સ્વામીની ! હે ઘણી ગાયની ધણીયાણી ! ઇહાં પધારય ? એવાં પુજ્ય વચને પણ ન બોલાવે તથા હે હોલ ! હે ગોલ ! હે વસુલ ! હે વટલેલી ! કાંરે ! ઈહાં આવ્ય એ ગમાર લોકનાં તોછડાં વચને પણ ન બોલાવે, ભાષા સુમતીવંત સાધુ સ્ત્રી જાતીને રીસ ચડે તેમ०ન બોલાવે. ૧૬

અર્થઃ—ना०ते स्त्रीनुं नाम लेइने बू०बोलावें एं०वाक्या लंकारे हे देवानुप्रिय अथवा वली ॥ इ०स्त्री

नो जे गोत्र होइं ते गोत्रनें नामें करी बोलावें जिम हे वसिष्ट गोत्रिणि ॥ ज०जथा जोग्य वचन म०नामग्रहीनें एटले देश विशेषे रुडु बचन धारीनें आ०एकवार बोलावे ॥ ल०वारंवार बोलावे ॥ १७ ॥ हवे पुरुष आश्री आलाप बचन कहे छे ॥

मुलः—नामधीज्जे णणं बुया । इत्थि गुत्तेण वा पुणो ॥
जहारिह मभ्गिज्झ । आलवेज्ज लवेज्जवा ॥ १७ ॥

ગા. ૧૭ ભાવાર્થ—જો પુર્વોક્ત પ્રકારે બોલાવવું નહિ તો કેમ બોલાવવું? તે કહે છે-નામ લઈને રૂડે વચને કરીને તથા સ્ત્રીના ગોત્રને નામે કરી જેમ કે હે વાસીષ્ટ ગોત્રીણી! વળી જે દેસને વિષે જેવું રૂડું વચન હોય તે ધારીને એક વાર અથવા વારમવાર તે સ્ત્રીને બોલાવે. ૧૭

अर्थः—अ०हे अजे पितानो बाप तथा मातानो बाप प०पड आ जो पिताना बापनो बाप तथा माताना बापनो बाप ॥ व०हे स्व पिता चु०हे काका बापनो लघुभाइ पि०पितरोत्त बापनो वडो भाई ॥ मा०हे मांमा भा०भाणेज्य ॥ पु०हे पुत्र अंगजात ण०हे दोहित्रा बेटोनो बेटो ते नतुक कहीइं ॥ १८ ॥

मुलः—अज्जए पज्जए वावि । बप्पो चुल्लपिउत्तिय ॥
माउला भाइणेज्जत्ति । पुत्ते णत्तुनीयत्तिय ॥ १८ ॥

ગા. ૧૮ ભાવાર્થ—હવે પુરૂષ જાતીને એમ ન બોલાવે તે કહે છે—બાપનો બાપ તે હે આર્યા! બાપનો બાપ ને તેનો બાપ તે હે પર્યા! હે તાત! હે કાકા! બાપનો મોટો ભાઈ તે હે પીતરીયા! હે મામા! હે ભાણેજ! હે પુત્ર! હે દોહીત્રા! ૧૮

अर्थः—हे० हे हो अपकडा ह० हे हल्या अ० हे अन्य ए सामान्य जनवाची शब्द ॥ म० हे भट्ट सेठ हे सा० हे स्वामिन ठाकुर इश्वर गो० हे गोधना एटले गोजे प्रथवी तथा गोमहिष्यादिक अथवा सुवर्ण प्रमुख धन घणो छे ताहरें एउपमा वांची ॥ शब्द पूज्य उत्तम जनना वचन हो० हे होलरे मूर्खहाली ॥ गो० हे गोल हेत्र-जात व० रेविटिल इत्यादिक तुछ वचनें ॥ पु० पुरुषनें ए व० एहवी भाषाइं नमा० न बोलावे ॥ १ए ॥ तो किम बोलावे ते कहे छे ॥

मुलः—हे हो हलेत्ति अन्नेत्ति । नठे सामिय गोमिय ॥
होले गोले वसुलित्ति । पुरिसं नेव मालवे ॥ १ए ॥

ગા. ૧૯ ભાવાર્થ—અહે! અહો! હે અલ્યા? હે અન્ય! એ હીણુ વચન, હે ભટ! હે શેઠ! હે ગોમિન્ ગો-ધનના ધણી! એ પુજ્ય વચન, હે અન્યાઇ! હે દાસ! હે વટલેલ! એ નિચ વચન, એમ પુરૂષ જાતી દુઃખ પામે તેમ ન બોલાવે. ૧૯

अर्थः—ना० जे पुरुषनुं नाम हुइं तेणें नामे करीने बू० बोलावे एं० वाक्यालंकारे हे देवानु प्रिया ॥ पु० पुरुषनो गु० जे गोत्र हूइं तेणे गोत्रें बोलावे जिम हे गौतम ॥ ज० जथा जोग्य प्रस्ताव जाणी एटलि जेहवा देश विशेषें रुडुं वचन हूइं ते नाम म० प्रहीनें ॥ आ० एकवार ल० वारंवार बोलावे ॥ २० ॥

मुलः—नामधिज्जेणणं बूया । पुरिस गुत्तेण वा पुणो ॥
जहा रिह मभि गिझ । आलवेज्ज लविज्जवा ॥ २० ॥

ગા. ૨૦ ભાવાર્થ—જો પુર્વોક્ત પ્રકારે બોલાવવું નહિ તો કેમ બોલાવવું? તે કહે છે. નામ દઇને જેમ કે હે દેવદત્ત! હે યજ્ઞદત! એવે રૂડે વચને કરી પુરૂષ જાતીના ગોત્રને નામે કરી જેમ કે હે વાસીષ્ટ! વળી જે દેસને વિષે જેવું વચન રૂડું હોય તે ધારીને એક વાર અથવા વારમવાર પુરૂષને હે દેવાણું પ્રીય! કે મહાભાગ્ય? એમ બોલાવે. ૨૦

अर्थः—पं०पचेंद्रीय जाति० पा०प्राणी जीव नजरें देखीने गायादिक ॥ ए०ए स्त्री । अ०ए पु०पुरुष ॥ जा०जां लगें सुधु न०न जाणें मति स्युं निश्चय ॥ ता०तां लगें जा०जातिशब्दें आ०बोलावें ए पंखीयादिक जाति दीसे छे अने जाण्या पछी ए स्त्री पुरुष जू जूया कहे ए गाइ अथवा बलद इत्यादिक ॥ २१ ॥

मुलः—पंचिंदियाण पाणाणं । एस इत्थि अयं पुमं ॥
जावणं नविजाणिज्जा । तावजाइत्ति आलवे ॥ २१ ॥

ગા. ૨૧ ભાવાર્થ—ગાય પ્રમુખને વેગળાથી દેખીને એ સ્ત્રી છે કે પુરૂષ છે એમ નથી જાણતો ત્યાં સુધી એ પચેંદ્રી જાતીના જીવ છે એમ કહે અને જાણ્યા પછી સ્ત્રી પુરૂષ જુદા જુદા કહે. [શિષ્ય—એકેંદ્રી વીગલેંદ્રી નારકી એ સર્વે નપુંસકપણે વર્તે છે તિહાં માટી તથા અગ્ની લાગી તે સ્ત્રી લીંગ પાષણ તે પુરૂષ લીંગ એમ લીંગભેદ બોલતાં મૃષા કેમ ન લાગે? ગુરૂ—એ વ્યવહાર સત્યે કરી સત્ય છે માટે મૃષા ન લાગે] ૨૧

अर्थः—त०तिमज मा०मनुष्य तथा प०चनुपदनें देखीने ॥ पं०पंखी हंसादिकने सि०अजगरादिक सर्पने ॥ थु०जाडो प०मांस मेदवंत मांस घणुं छे व०ए वधवा जोग्य ॥ पा०ए पचवा जोग्य एहवुं साधु नो० न बोले ॥ २२ ॥ हवे कारणे इम बोलवुं ते कहे छे ॥

मूलः—तहेव माणु संपस्सु । पक्खिं वावि सिरी सिवं ॥
थूले पमेयले वज्झे । पाइमित्तिय नोवए ॥ २२ ॥

ગા. ૨૨ ભાવાર્થ—તેમજ મનુષ્ય પશુ પંખી અથવા સર્પાદીક એ જાડા છે. એના શરીરમાં માંસ ઘણો છે તેથી તે વધ કરવા યોગ્ય છે તથા રાંધવા યોગ્ય છે. ઘણે દિવસે વિણુસી (બગડી) જાસે એમ ન કહે. ૨૨

अर्थः—प०वृद्ध पाम्यो छे घणा कालनो छे बू०इम बोलें ए मनुष्यादिक ॥ बू०वली इम बोले उ० अतिहि मेद सहित दीसे छे गात्र ॥ स०ए हूत आहारने करवे करी पी०पुष्ट स्निग्ध ॥ महा०मोटो काया मोट छे ए०इम आ०बोले ॥ २३ ॥

मुलः—परि वुढेत्तिणं बूया । बूया उव चियात्तिय ॥
संजाए पीणीए वावि । महा काएत्ति आलवे ॥ २३ ॥

ગા. ૨૩ ભાવાર્થ—પુર્વોક્ત મનુષાદીક ને વૃધ દેખીને એ ઘણાં કાળનો વૃદ્ધ છે, માંસે કરીને પુષ્ટ ને સતેજ છે વળી મોટી કાયા ઉદ્ધર પ્રૌઢ છે એમ કહે. ૨૩

अर्थः—त०तिमज गा०ए गाइ ङ०दोहवा जोग्यछे ॥ द०नाथवा खेडवा जोग्यछे गो०नाहना वाछडा ॥ वी०वीहवा जोग्य थयाछे र०हलें रथे जोतरवाने ॥ एवं०इम नभा०न बोले प०प्रज्ञावंत साधु ॥२४॥ हवे साधुने जिम बोलवुं ते कहेछे ॥

मुलः—तहेव गाउ डुब्भाउ । दम्मा गोरह गत्तिय ॥
वाहिमारह जोगेत्ति । नेवंभासिज्ज पण्णवं ॥ २४ ॥

गा. २४ ભાવાર્થ—તેમજ ગાયને દેખીને એ દોહવા યોગ્ય છે તથા નાના વાછડાને દેખીને એ નાથવા યોગ્ય છે, દમવા યોગ્ય છે, હળે વહેવા યોગ્ય છે. રથે જોતરવા યોગ્ય છે, એમ પ્રજ્ઞાવંત સાધુ ન બોલે. ૨૪

अर्थः—जु०जुवान तरुणुछे ग०बलद त्ति०तेहप्रति बू०बोले ॥ धि०ए गाइं र०दूध दातार दुझेछे ॥ र०रथ नावाहक नान्हाछे म०मोटाछे ॥ व०कहे ॥ सं०धोरी रथ वहेछे ॥ २५ ॥

मुलः—जुवं गवेत्तिणं बूया । धेणु रस दयत्तिय ॥
रहस्से महल्लए वावि । वएसंवहणेत्तिय ॥ २५ ॥

गा. २५ ભાવાર્થ—હવે કેમ બોલવું તે કહે છે. એ બલદ જુવાન તરૂણો છે. એ ગાયરસની દાતા છે એટલે દુઝણી છે. એ બલદ નાનો છે અથવા મોટો છે, એ બલદ રથે વહે છે, એમ કહે. ૨૫

अर्थः—त०तिमज साधु ॥ गं०गयो थको उद्या०उद्याननें विषे ॥ प०पर्वतनें विषे व०वननें विषे ॥ रु०वृक्ष म०महामोटा पे०देखीने ॥ एवं०इम नजा०न बोलें प०प्रज्ञावंत साधु ॥ २६ ॥

मुलः—तहेव गंतु मुज्जाणं । पव्वयाणि वणाणिय ॥
रुक्खा महल्ल पेहाए । नेवं भासेज्ज पन्नवं ॥ २६ ॥

ગા. ૨૬ ભાવાર્થ—હવે કેમ ન બોલવું તે કહે છે. બુદ્ધિવંત સાધુ ઉદયાનને વિષે ગયો થકો તિહાં પર્વતને વિષે વનને વિષે મોટાં વૃક્ષ દેખીને એમ ન બોલે. ૨૬

अर्थः—अ०ए वृक्ष समर्थ छे पा०प्रासादना खं०स्थंभादिकने तो०तोरण नगरना ॥ गि०सामान्य घरने काजें मोभ करवा भणी ॥ फ०नगरनो भोगल अंगग०तथा गाडना वामानो अर्गलानें काजे ना०नावा अरहदने काजे ॥ अ०समर्थ उ०पाणीनी दो०प्रनालि प्रमुख करवा अरहदनो ॥ २७ ॥

मुलः—अलं पासाय खंभाणं । तोरणाणि गिहाणिय ॥
फलिहंगल नावाणं । अलंउदग दोणिणं ॥ २७ ॥

ગા. ૨૭ ભાવાર્થ—આ ગાથાનો સંબંધ ૨૮ મી ગાથાએ પૂર્ણ થાય છે. એ વૃક્ષ રાજાના પ્રાસાદના સ્થંભ કરવાને, તોરણ કરવાને, ઘરના મોભ પ્રમુખ કરવાને, કમાડ કરવાને, નગરની સોંગળ કરવાને, નાવા કરવાને, પાણીની પ્રનાળ પ્રમુખ કરવાને યોગ્ય છે, ૨૭

अर्थः-पी०बाजोठ चं०काष्टनी पात्री तब कडीयादिकनें काजे ॥ नं०हलने काजें म०समारभणी सि० हुस्ये ॥ जं०घांणीनी चरखानी कोल्हानी ल०लाठि ना०पाइमानो नाजि जणी ॥ गं०सोनारनो अहरणि-ना लाकमा भणी अ०समर्थ ए वृक्ष सि०छे ॥ २८ ॥

मुलः-पीढए चंगबेरेय । नंगले मईयं सिया ॥
जंतलठीव नाजीवा । गंडीया व अलंसिया॥ ॥२८ ॥

ગા. ૨૮ ભાવાર્થ—તથા બાજોઠ, કથરોટ, કાષ્ટનાં ભાજન હળના દાંતા, સમાર, ઇત્યાદિક, ઘાણીની, ચરખાની. શેરડી પ્રમુખના વાઢની લાટી પૈડાની નાભી સોનારની અહીરણ એટલાં વાનાં કરવાં યોગ્ય છે. ૨૮

अर्थः-आ०पाचीयादिक आसनजणी स०पलंगादिक जा०रथ पालखीयादिक भणी ॥ हो०हुस्ये व० अथवा किं०कांइक उव०उपाश्रे कमामादिक हुस्ये ॥ भू०जीवनें उ०घातकारी जा०जाषा ॥ एवं०इम न जा०न बोले प०प्रज्ञावंत साधु ॥ २९ ॥

मुलः-आसणं सयणं जाणं । होजा व किंतु वस्सए ॥
जू उवघायणी भासं । नेवंजा सेज पन्नवं॥ ॥२९ ॥

ગા. ૨૯ ભાવાર્થ—વળી સીંઘાસણ પ્રમુખ આસન પલંકાદિક સજ્યા વહીલની નીસરણી ઘરને વાસ્તે કાષ્ટનાં

ઉપગરણ કરવાને યોગ્ય છે. એ પૂર્વોક્ત જીવની ઘાતકારી એવી ભાષા જાણીને બુદ્ધિવંત સાધુ પૂર્વોક્ત પ્રકારે ન બોલે. ૨૯

अर्थः—त० तिमज साधु गं०गयो थको उज्जा०उद्यानने विषे ॥ प०पर्वतने विषे व०वनने विषे ॥ रु०वृक्ष म०मोटा पे०देखीनें ॥ ए०इम । भा०बोले प०बुद्धिवंत साधु ॥ ३० ॥

मुलः—तहेव गंतु मुज्जाणं । पव्वयाणि वणाणिय ॥
रूक्खा महल्ल पेहाए । एवं भासेज्ज पन्नवं ॥ ३० ॥

ગા. ૩૦ ભાવાર્થ—હવે કેમ બોલવું તે કહે છે. તેમજ ઉદ્યાનને વિષે ગયો થકો, પર્વતને વિષે, વન ખંડને વિષે, મોટાં વૃક્ષ દેખીને આગળ કહીશું, તેમ બુદ્ધિવંત સાધુ બોલે. ૩૦

अर्थः—जा०उत्तम जातिवंत असोकादिक इ०प्रत्यक्ष रु०ए वृक्ष ॥ दी०लांबा नालीयर प्रमुख व०वाटला आंबादिक म०मोटा विस्तारवंत वड वृक्षादिक ॥ प०नीपनी छे सा०साखा चउदिसि व०वडादिक वृक्षनो ॥ व०कहे द०ए वृक्ष देखवा जोग्य रमणीक सोभायमान छे इम कहे ॥ ३१ ॥

मुलः—जाइमंताइमे रुक्खा । दीह वट्टा महालया ॥
पयाय साल विडिमा । वए दरिसणि त्तिय ॥ ३१ ॥

ગા. ૩૧ ભાવાર્થ—એ અશોકાદી વૃક્ષ ઉત્તમ જાતીવંત ભલાં છે, વળી નાળિએરી પ્રમુખ દીર્ઘ છે, આંબા પ્રમુખ વાટલા છે, વડ પ્રમુખ ઘણા વિસ્તારવંત છે, જેહુની ડાળ નીપની છે, વચલી શાખા મોટી વધતી છે, એ વૃક્ષ જોવા યોગ્ય રમણિક છે. એમ કહે. ૩૧

अर्थः–त०तिम फ०फल आंबादिकना प०पाका ॥ पा०खाडमांहि घाली कोइ इत्यादिकनें पराले करी पचावीनें ख०खावा जोग्य छे नो०इम न बोले ॥ वे०वेरूवा जोग्य छे टा०नथी थइ गोटलो कुराछे ॥ वे०ते माटे बे फाडी करवा जोग्य छे खाता स्वाद पांमे इम नो०न बोले ॥ ३२ ॥

मुलः–तहा फलाइं पक्काइं । पाइ खज्जाइं नोवए ॥
वेलोइयाइं टालाइं । वेहिमायंत्ति नोवए ॥ ३२ ॥

ગા. ૩૨ ભાવાર્થ—હવે ફળ દેખીને જેમ ન બોલવું તે કહે છે, તેમજ એ ફળ ઘણાં રૂડાં પાકયાં છે, તે માટે પકવીને ખાવા યોગ્ય છે, વેડવા યોગ્ય છે. ઘણા દીવસ રહે નહીં, માટે કુણાં ખાવા યોગ્ય છે. વિરવા તથા ફાતળી કરવા યોગ્ય છે, એમ ન કહે. ૩૨

अर्थः–हवे इम बोले ते कहे छे इ०ए अं०आंबा फलना भार अ०म०उपाडी सकवा नथी ॥ ब०घणा नि०निपना छे फ०फल आंबाने विषे ॥ व०इम कहे ब०अतिहि पाका भू०कोमलरुप फल ॥ वा०अथवा पु०वली भू०अदभूत रुपालां छे काम उपनो इम बोले ॥ ३३ ॥

मुलः—असंथम्मा इमे अंबा । बहु निव्वडिमा फला ॥
वएज्ज बहु संभूया । भूयरुवेत्ति वा पुणो ॥ ३३ ॥

ગા. ૩૩ ભાવાર્થ—હવે કેમ બોલવું તે કહે છે. એ આંબા ઘણાં ફળનો ભાર ખમી શકતા નથી, અથવા એ આંબાને વિષે ઘણાં ફળ નીપજ્યાં છે, તથા એ ફળ ઘણાં પાકાં કોમળ ને અદ્દભૂત રૂપાળાં છે, તથા ઘણી વનસ્પતિ નીપજી છે, તે જીવ સ્વરૂપ છે, વળી અનંત જીવનું સ્થાનક છે, કામ પડે તો એમ બોલે. ૩૩

अर्थः—त०तिमज ऊस०ऊषधी साल्यादिक प०पाकी ॥ नो०वाल चण्यादिकनी ब०फलीयादिकनीलो ला०लणवा योग्य छे भ०सेकवा जोग्य छे ॥ पि०पहुंक करीने तथा चणाना ऊला करीने ख०खावा जोग्य छे नो०नबोले साधु ॥ ३४ ॥

मुलः—तहेवो सहिऊ पक्काऊ । नीलियाऊ छवीइय ॥
लाइमा भज्जिमाउत्ति । पिहु खज्जंत्ति नोवए ॥ ३४ ॥

ગા. ૩૪ ભાવાર્થ—તેમજ ચોવીસ ધાન્યની જાતી પાકી છે. એ ચોળાફળી પ્રમુખની છાલ લીલી છે. એ પાપડી કુણી છે. તેને લણુવા યોગ્ય છે. સેકવા યોગ્ય છે. પોંહોક કરીને તથા ઓળા કરીને ખાવા યોગ્ય છે, એમ સાધુ ન બોલે. ૩૪

अर्थः—रु०अंकुरा नीकल्या छे ब०घणा स०नीपना सरीखाज थया छे ॥ थि०एकगामिथी बीजे गामे रोपी

छे उ०तया वाधो उपघातथी नीकली छे ॥ गण्गर्न हुत ोलीछे प०कणसहुं नीकल्युं छे ॥ सं०सारदाणा नीपना छे तंडुलादिक आ०इम बोले कार्य विशेषे ॥ ३५ ॥

मुलः—रूढा बहु संभूया । थिरा उसढाविय ॥
गब्भिवाउ पसूयाउ । संसाराउत्ति आलवे ॥ ३५ ॥

गा. ३५ भावार्थ—हुवे जेम बोलवुं ते कहे छे. घणा अंकुरा फुटया छे. मोर, टीसो, उपज्यां छे. उपद्रव रहित पाडयां न पडे एवां, कोठादिकनां दृढ फळ नीपज्यां छे, कणसडां नीकळ्यां नथी. अथवा कणसडां उपज्यां छे, तथा फळ मांही गोटली बंधाणी नथी. तदुलादिक बीजे करीने सहित छे एम कार्य [illegible]ये थके बोले. ३५

अर्थः—त०तिमज सं०जिहां घणा लोक जिमे ते जिमणवार न०जाणीने ॥ कि०ए रूडुं कीधुं तुम्हे क०कार्य नो०नबोले ॥ ते०चोरनें व०इम न कहे ए चोर हणवा जोग्य छे [illegible] लोकना द्रव्य हर छे ॥ तथा नदी वहिती देखीने इम न कहे सु०नदीनो तीरकांठो भलो छे ॥ रूमी जायगा छे ते भणी आ०अवगाहीइं नाहीइं जलक्रीडा करीइं ए नदी तरतां सोहिली छे तरवा जोग्य छ ॥ ३६ ॥

मुलः—तहेव संखडिं नच्चा । किच्चं कज्जंति नोवए ॥
तेणगंवावि वज्झिति । सुतित्थिति य आवगा ॥ ३६ ॥

ગા. ૩૬ ભાવાર્થ--તેમજ જમણવાર કીધુ જાણીને એ રૂડું કીધુ, અને કરોછો તે રૂડું કરોછો, તથા ચોરને દેખીને એ ચોર ઘણાંનાં દ્રવ્ય હરે છે, માટે મારવા યોગ્ય છે. વળી નદીનો કાંઠો દેખીને તીર કાંઠો ભલો છે, ને જગ્યા પણ રૂડી છે. એ નદી તરતાં સોહિલી છે, ને તરવા યોગ્ય છે, ને માંહે પેસીને જળક્રીડા કરવા યોગ્ય છે અને પંથી લોકને આવવા યોગ્ય છે, એમ સાધુ ન બોલે. ૩૬

अर्थः-सं०जिमणवारने सं०जिमणवार वू०कहे जे इणे गृहस्थें घणा लोकने जोजन कराव्युं पण व-खाणें नदी ॥ प०क्रियाणानो अठे०अरथी छे इम कहे ते०चोरनें ॥ ब०घणुं स०सरीखा छे ति०तिर्थ आरा तरवाना ए नदीना ॥ आ०तथा वली आवता जाता पंथी लोक नदीने कांठे आवी उतरे छे धणा जीव पाणी पीइं छे गामना लोक पाणी जरे छे इम वि०कहे ॥ ३७ ॥

मुत्तः-संखडिं संखडिं बूया । पणियछेति तेणगं ॥
बहुसमाणि तित्थाणि । आवगाणं वियागरे ॥ ३७ ॥

ગા. ૩૭ ભાવાર્થ--એ પુરૂષે જમણવાર કીધું છે. ધનાદિક પદાર્થ લેવાને અર્થે એ ચોરે ચોરી કરી છે, એ નદીના કાંઠા સરખા છે, તથા આવતાં જતાં પંથી લોક એ નદીને કાંઠે ઉતરે છે. ઘણાં જીવ પાણી પીએ છે, અને ગામનાં લોક પણ પાણી ભરે છે. કામ પડે તો એમ સાધુ બોલે. ૩૭

अर्थः-व०तिमज न०नदी पु०पुर्ण जरी देखीने ॥ का०कायाइं करी ति०तरिवा जोग्य छे ति०इम

नो०न बोले ॥ ना०नावाइं करी ता०तरवा जोग्य छे ॥ पा०हाथें करी कांठे बइठां पाणी पी०पीवा जोग्य छे ति०इम नो०न बोले ॥ ३७ ॥

मुलः—तहा नईउ पुन्नाउ । काय तिज्जत्ति नोवए ॥
नावाहिं तारिमाउत्ति । पाणि पीज्जंति नोवए ॥ ३८ ॥

ગા. ૩૮ ભાવાર્થ—તેમજ નદીને પાણીએથી પૂર્ણ ભરેલી દેખીને એ નદી કાયાએ કરી તથા નાવાયે કરી તરવા યોગ્ય છે, કાંઠે બેસી હાથે કરી પાણી પીવા યોગ્ય છે એમ ન બોલે. ૩૮

अर्थः—ब०घणु वा०पाणी भरयुं छे अ०अगाध ऊंमी छे थाग न पामीये ॥ ब०घणु स०पाणी उछलें छे ऊपरा उपरि जलना कल्लोल लोढ जिहां ॥ ब०घणु वि०विस्तारे पाटि उद०पाणी वहे छे आपणा कांठाथी बाहिर नीकलुं छे ॥ कायाइं करी उत्तरी न सकाइं नदी ए०इम भा०बोले प०बुद्धिवंत साधु ॥३९॥

मुलः—बहुवाहडा अगाहा । बहु सलिलु प्पिलोदगा ॥
बहु विछडो दगायावि । एवं भासज्ज पन्नवं ॥ ३९ ॥

ગા. ૩૯ ભાવાર્થ—હવે નદીને દેખીને એમ કહે. એ નદીને વિષે ઘણું અગાધ પાણી ભર્યું છે. અને ઉપરા ઉપરી જળના કલ્લોલે કરી પાણી ઘણું ઉછળે છે, ઘણા વિસ્તાર પટે પાણી વહે છે. એ નદી ઉતરી શકાય નહીં, એમ બુદ્ધિવંત સાધુ બોલે. ૩૯

अर्थः—त०निमज्ञ सा०सावद्यनो जो०व्यापार ॥ प०अनेराने ग०अर्थे नि०कीधुं नोपजाव्युं ॥ की० वर्त्तमानकालि करे छे वा शब्दथी आगमियेंकाले करस्यें इति०एहवुं न०जाणीनें ॥ सा०पाप न०न बोले मु०साधु ॥ ४० ॥

मुत्तः—तहेव सावज्जं जोगं । परस्सट्ठाए निट्ठियं ॥
कीरमाणंति वा नच्चा । सावज्जं नलवे मुणी ॥ ४० ॥

ગા. ૪૦ ભાવાર્થ—તેમજ પારકાને અર્થે સાવદ્ય વ્યાપાર (પાપકારી કામ) વર્તમાનકાળે નિપજાવ્યો હોય અથવા ભવિષ્યકાળે નિપજાવવાનો જાણીને સાધુ પાપ લાગે તેવી ભાષા ન બોલે. ૪૦

अर्थः—सु०सुकृत कीधुं ए गृहादिक तथा चतुरंग सेनादिक भलो कीधो१ सु०भलुं पाकु ए अनादि तथा सहस पाकादिक२ ॥ सु०भलु छेद्यु ए वृक्षादिक३ सु०भलु लीधुं नीच कृपनिुं धन चोरे४ ॥ म०भलो मूउ ए चार्मीउ हुतो प्रत्यनीक५ सु०भले एहनो धन नीठिउ (क्षय थयो देवालुं काढयुं) तथा एहनो परवार क्षय गयो६ सु०भली ए कन्या फूटरी (सुदराकार) परणाववा जोग्य७ सा०एहवुं सावद्य वचन व०वर्जे मु०साधु स्या भणी अनुमोदनादिक दोष ऊपजें तेभणी हवे एणी गाथाइं निरवद्य बोले ते कहे छे सु०भलु कीधुं इणे वैयावचादिक१ सु०भलु पाकुं साधुनुं ब्रह्मचर्य२ सु०छे०भलो छेद्यो इणे स्नेहबंधन३ सुह०भलु हरिउ आतमा स्वजनादिक थकी४ सुम०भलुं पंडित मरणें मुउ५ सु०भलां निठ०ड्यां कर्म्म अप्रमतपणे करी६ सु०भलो एहनी क्रिया७ इम निरवद वचन बोले साधु ॥ ४१ ॥

मुलः—सुक्कडेत्ति सुपक्केत्ति । सुच्छिन्ने सुहडे मडे ॥
सुनिठ्ठिए सुलठेत्ति । सावज्जं वज्जए मुणी ॥ ४१ ॥

ગા. ૪૧ ભાવાર્થ—એ ઘરાદિક તથા વિવાહ પ્રમુખનું કામ ભલું કીધું. એ અન્નાદિક રૂડું પાક્યુ છે. એ શાક-પત્ર રૂડું છેદયું છે. એ કૃપીનું ધન ચોરે ભલું લીધું. એ ચાડીયો હતો તે મુવો તે સારૂં થયું. એનું ધન ગયું. તથા દેવાળું કાઢયુ તે ભલું થયું. વળી એ કન્યા ભલી રૂપ લાવણ્ય સુંદરાકારે કરીને પરણાવવા યોગ્ય છે, એહવું સાવદ્ય વચન સાધુ ન બોલે. ૪૧

[વળી તેજ ગાથાના ભાવાર્થને સવળી રીતે આ પ્રમાણે બોલે. એણે વૈયાવચ ભલી કીધી, રૂડું પાકયું બ્રહ્મચર્ય, ભલો છેધો સ્નેહનો પાસ, ભલાં તપે કરીને કર્મ ટાળ્યા. પંડિત મર્ણે ભલો મુઓ. ભલુ મોહની કર્મક્ષય કર્યું. તપ ક્રિયા ભલી કરી, એ પ્રમાણે સાધુ નિર્વદ્ય વચન બોલે.] ૪૧

अर्थः—प०मयत्नपणें प०पाकुं ए अनादि तथा सहश्र पाकादिक तेहनें प०पाकु मा०कहे ॥ प०मयत्न-पणें छि०छेद्युं ए वृक्षादिक तथा गुपमादिक तेहने व०छेद्यो मा०कहिइं ॥ प०घणें जत्नें ए कन्या फूटरी की-धी ल०मनोहर सुंदराकार कीधी क०ए कर्म बांधवानुं हे०हेतु कारण कन्या सोळ सिंगार सहित प०प्रहार गा०आकरो दीधो अनुकंपा रहित एहनी गा०गाढो प्रहार लागो मा०इम कहे साधु ॥ ४२ ॥ हवे कुणेंके व्या-पारनी वात पूछी हुती इम न कहेवो ते कहि छें ॥

मुलः—पयत्ति पक्कित्ति व पक्कमालवे । पयत्ती छिन्नेत्ति व
छिन्न मालवे ॥ पयती लठेति वकम्महेउयं । पहार
गाढति वगाढ मालवे ॥ ४१ ॥

ગા. ૪૨ ભાવાર્થ—હવે જેમ બોલવું તેમ કહે છે. ઘણે ઉદ્યમે કરી એ અન્નાદિક પકવ્યુ છે. એ શાકપત્રાદિક ઘણે ઉદ્યમે કરીને છેદ્યું છે, તથા એ સુંદરાકાર મનોહર રૂપવંત કન્યાકર્મ બાંધવાનો હેતુ છે, મારવા માટે અનુકંપા રહિત ગાઢો (આકરો) પ્રહાર દીધો છે એમ સાધુ બોલે. ૪૨

अर्थः—स० ए क्रियाणो सर्वथी उक्क० उतकृष्टो छे प० महामूल्य ते कस्तुरीनी परे मुहगु छे ॥ अ० अतुल न० नथि किहांइं ए० एहवी वस्तु वक्कि० ए वस्तु वेचाती ॥ अ० मिले नहो म० कहिवा जोग्य नहीं अनंत गुण छे ॥ अ० अप्रीति कारोउं एहवुं वचन चे० निश्चे नो० न बोले ॥ ४३ ॥

मुलः—सवुं कसं परघं वा । अउलं नत्थि एरिसं ॥
अवंक्कियं मवतवं । अचियतं चेव नोवए ॥ ४३ ॥

ગા. ૪૩ ભાવાર્થ—કોઈ ગૃહસ્થે વ્યાપાર સંબંધી વાત પૂછવાથી અથવા ગણુ પૂછવાથી એ વસ્તું સર્વથી ઉત્કૃષ્ટી બહુ મૂલ્ય છે. એ સરખી બીજી મોટી વસ્તુ કોઈ નથી. એ વસ્તુ કોઈપણ ઠેકાણે વેચાય નહીં. એ વસ્તુનું

મૂલ્ય કહેવાય નહીં તેવી છે. અપ્રતીતકારીયાં એવાં વચન નિશ્ચે સાધુ ન બોલે. ૪૩

अर्थः—कोईक गृहस्थें साधुने कह्युं मे०ए माहरा संदेसा स०ए सर्व तुम्हे व०कहिजो ॥ स०तिवारिं कहि हा हुं सर्व ए कहिसिउं इम नो०न कहि साधु काइंक अक्षर मात्रादिक आनु पाछुं कहिवाइं ते नणी अ०विचारीनें स०सरव नाषाना दोष टालिनें सव्व०सघलि द्रव्यक्षेत्रादिक ॥ ए०इम ना०बोलें प०बुद्धिवंत साधु ॥ ४४ ॥

मुलः—सवमेयं वइस्सामि । सव मेयंति नोवए ॥
अणुविय सवं सवछ । एवं नासेज्ज पन्नवं ॥ ४४ ॥

ગા. ૪૪ ભાવાર્થ—કોઈ સાધુ સાધુને સંદેશો કહેવરાવે તેવારે જેમ તમે કહ્યું તેમ સર્વ કહીશું. તથા જેમ સંદેશો કહ્યો હતો, તેમ તુજને કહ્યો એમ ન કહે પણ સાંભળશે તો કહેવાનો ભાવ છે એમ કહે. પછી સર્વ ભાષાના દોષ ટાળી સર્વ અર્થ પ્રકારને દ્રવ્ય ક્ષેત્રાદિકને વિચારીને જેમ હોય તેમ બુધિવંત સાધુ કહે. ૪૪

अर्थः—सु०कोइकें वस्तु लीधी मुलिं साधुने देखाडी तिवारि ए क्रियाणुं भलुं लीधुं सुव०ए क्रियाणुं नलुं वेचुं ॥ अ०ए कार्य न करवुं कि०ए कार्य करवुं ॥ इ०ए क्रियाणुं गि०ले ए लीधें लान थास्ये इ०ए क्रियाणुं मु०मुकि मलेइस ए लीधें लान नथी ॥ प०ए क्रियाणां आश्री नो०इम न बोले ॥ ४५ ॥

मुलः—सुक्कियं वा सुविक्कियं । अकिज्जं किज्जमेव वा ॥
इमं गिन्हं इमं मुंच । पणीयं नोवियागरे ॥ ४५ ॥

ગા. ૪૫ ભાવાર્થ—એ ક્રીયાણું વસાણું આદિક ભલું વેચાતું લીધું, એ વેચી નાંખ્યું તે ભલું કર્યું. એ લેવા યોગ્ય નથી. એ વસ્તુ લેવા યોગ્ય છે. એ લેવાથી લાભ થશે, અથવા એ લેવાથી લાભ નહીં થાય માટે લઈશ નહીં એમ સાવદ્ય વચન ન બોલે. ૪૫

अर्थः—अ० अल्प थोडे मूल्यें क्रियाणुं अथवा म० घणे मूलें क्रियाणु ॥ क० वेचातु लिउं अथवा वि० वेचो खपाडो ॥ प० क्रियांणानो अ० अर्थ स० ऊपने छते ॥ अ० निरवद्य वचन वि० बोले साधु ॥४६॥

मुलः—अप्पग्घे वा महग्घे वा । कए वा विकएवि वा ॥

पणियठे समुप्पन्ने । अणवज्जं वियागरे ॥ ४६ ॥

ગા. ૪૬ ભાવાર્થ—થોડા મુલની વસ્તુને વિષે અથવા ઘણા મુલની વસ્તુને વિષે મોંઘાં તથા સોંઘાંને વિષે વેચાતું લેવાને વિષે અથવા વેચી નાંખવાને વિષે એમ ક્રિયાણુંનો અર્થ ઉપજે તેવારે પાપ રહિત નિરવદ્ય વચન બોલે [તથા એ વાત સંબંધી અમને કાંઈ કહેવું નહીં એમ કહે.] ૪૬

अर्थः—त० तिमज अ० असं० गृहस्थनें धी० साधु आ० तुं बेसि १ ॥ ए० इहां आवि २ क० अमुको कार्य कर ३ ॥ स० सूइ रहे ४ चि० ऊभा रहे ५ व० व्रज अथवा, जा अमुकें ग्रामादिकें ६ ॥ एवं० एम न भा० न बोले प० बुद्धिवंत साधु ॥ ४७ ॥

मुलः—तहेवा संजयं धीरो । आस एहिं करेहि वा ॥

सयं चिठ वयाहिति । नेवं भासेज्ज पन्नवं ॥ ४७ ॥

ગા. ૪૭ ભાવાર્થ—કોઈ અસંયતિ ગૃહસ્થને ઈહાં આવ, ઈહાં બેસ, ઈહાં ઉભો રહે, ઈહાં સૂઈ જા, અમુક કામ કર? અમુક ગામે જા જેમ સાવદ્ય ક્રિયા લાગે તેમ પ્રજ્ઞાવંત સાધુ ન બોલે. ૪૭

अर्थः—ब०घणा इ०ए प्रत्यक्ष संसारने विषे आजीवोकाना करणहार पासथ्थादिक अ०असाधु गुण रहित चारित्रनो गुण नथी जे माहि एहवाने लो०लोक वु०कहे जे एह सा०साधु भलो चारीत्रवंत छे ॥ न०न कहे अ०असाधु असंयतीने सा०साधु ॥ सा०साधुनें २७गुणे विराजमान शुद्ध चारित्रपाले छे तेहनें सा०साधु मा०भ०कहे पण असाधुने साधु न कहे ॥ ४८ ॥

मूलः—बहवे इमे असाहु । लोए वुच्चंति साहुणो ॥
नलवे असाहुं साहुंत्ति । साहुं साहुंत्ति आलवे ॥ ४८ ॥

ગા. ૪૮ ભાવાર્થ—એ સંસારને વિષે અસાધુ ઘણા છે, અને જે લોક તેહને માને છે, તે તેહને સાધુ કહે છે. પણ જે વિતરાગની આજ્ઞાને પાળવાવાળા સાધુ છે, તે ઉપર કહેલા અસાધુને હે સાધુ! એમ કહીને ન બોલાવે [તો શું કહેવું. હે અમુક ગચ્છના યતી! એમ બોલાવે] અને સાધુ હોય તેહને હે સાધુ! એમ કહીને બોલાવે. ૪૮

अर्थः—ना०श्रुतादिक ज्ञान करी दं०सम्यके करी स०सहित ॥ सं०१७भेदे संजम त०१२भेदे तपने विषे र०रातो ॥ ए०इणें गु०गुणें करी स०सहित ॥ सं०संजतो निग्रंथने सा०साधु मा०कहे ॥४९॥

मूलः—नाण दंसण संपन्नं । संजमेण तवे रयं ॥
एवं गुण समाउत्तं । संजयं साहुं मालवे ॥ ४९ ॥

ગા. ૪૯ ભાવાર્થ—જ્ઞાને કરી સંયમને ગુણે કરી તપને વિષે રક્ત એહવા ગુણે કરીને સહિત હોય તેહવાને સાધુ કહીને બોલાવે. ૪૯

अर्थः—दे०देवतानें म०मनुष्य राजादिकना ॥ ति०तिर्यंच जेसादिकनो वु०ते संग्राम होतां ॥ अ० अमुका एकनो ज०जीपवो हो०होज्यो ॥ मा०अमुका एकनो जीपवो मां होस्युं इत्ति०एहवुं नो०न बोलवुं स्या जणी अधिकरण दोष उपजे अथवा तेहना स्वामीने ॥ द्वेष उपजे तेह जणी न बोलवुं ॥ ५० ॥

मुलः—देवाणं मणुयाणं च । तिरियाणंच वुग्गहे ॥

अमुयाणं जउ होउ । मावा होउत्ति नोवए ॥ ५० ॥

ગા. ૫૦ ભાવાર્થ—દેવતાનો મનુષ્યનો તિર્યંચનો ઝઘડો થતો દેખીને અમુકનો જય થજ્યો. ને અમુકનો જય ન થસ્યો એમ સાધુ ન કહે. ૫૦

अर्थः—वा०वायरो मलयाचलादिकनो १ वु०वरसात२ सी०ताढ३ उ०ताप४ ॥ खे०स्वचक्र पर- चक्र जय रहित५ धा०सुगाल सि०रोगादिक उपद्रव्य रहित तथा सी०देवादिकना ॥ उपसर्ग रहित क०ए बोलनो सुखकिवारि हो०हुस्यें ए०ए वातादिक वा०अथवा ॥ मा होजोइ त्ति०इम नो०न कहे साधु ५१

मुलः—वाउ वुठंच सी उन्हं । खेमं धायंसिवं तिवा ॥

कयाणि होइ एयाणि । मावाहोउत्ति नोवए ॥ ५१ ॥

ગા. ૫૧ ભાવાર્થ—વાયુ, વરસાદ, ટાઢ, તાપ, સ્વચક્ર, પરચક્રના ભય રહિત તથા રોગાદિક ઉપદ્રવ રહિત ક્ષેમપણું તથા સુગાળને દેવતાદિકના ઉપસર્ગ રહિતપણું કયારે થાશે કે જે થકી સુખ પામીએ અથવા એ લોક દુઃખ

પામે માટે એટલાં વાનાં થસ્યે નહિ એમ સાધુ ન કહે. ૫૧

अर्थः-त०तिमज ॥ मे०मेघनें१ न०आकासिनें२ मा०मनुष्य ते राजादिकनें३ ॥ दे०हे देव! तुं देव छे गि०एहवी वांणी न२०नबोले ॥ स०समुर्छिम ऊपनो छे उ०उनमु छे प०मेघ ॥ व०बोले कहे वु०वुठो ॥ ब०मेघ ॥ ५२ ॥

मुलः-तहेव मेहंव नहंव माणवं । न देवदेवेत्ति गिरंवइज्जा ॥

समुछिए उन्नए वा पओगे । वएज वा वुठो बलाहएति ॥५२॥

ગા. ૫૨ ભાવાર્થ—મેઘને, આકાશને, રાજાદિકને દેખીને હે દેવ! તું દેવ છે, એમ ન કહે તો તેહને શું કહેવું? તો કે એ મેઘ વરસ્યો તે સમુર્છિમ ઉપનો છે, તે પાણીનો દાતાર છે, એમ કહે. ૫૨

अर्थः-अं०निराधार रह्यो छे इति०एहवुं इम बू०कहे ॥ णं०वाक्यालंकारि । गु०मछन देवताने वसवानुं च०तथा गमना गमन करवानुं ए आकाशि स्थांनक छे ॥ रि०रिद्धिवंत न०राजाने द०देखीनें ॥ रि०रिद्धिवंत राजा इति०इम आ०बोले कहे ॥ ५३ ॥

मुलः-अंतलिक्केत्ति णं बूया । गुझाणु चरियंत्तिए ॥

रिद्धिमंतं नरंदिस्स । रिद्धिमंतंति आलवे ॥ ५३ ॥

ગા. ૫૩ ભાવાર્થ—વળી એ આકાશ નિરાધાર રહ્યો છે, ને દેવતાને વસવાનું તથા જવા આવવાનું એ ગુપ્ત સ્થાન છે, તથા રૂધીવંત રાજાદિકને દેખીને, એ રાજા રૂધીવંત છે એમ કહે. ૫૩

अर्थः-त०तिमज सा०सावद्य हिंसा कारिणी गि०वाणी अणु०अनुमोदे नही ॥ ज०तेए इमज निश्चय कारिणी जा०जे वाणी बोल्या थका य०वली प०अनेरा घणा जीवनी ॥ उव०उपघातनी करणहारो एहवी जिम मांस खावे दोष नही ॥ इत्यादिक जाषा से०ते साधु को०क्रोध थकी१ लो०लोजें करी२ ज०जयें करी ३ हा०हास्यें करी४ मा०माने करी५ तथा मा०मनुष्यनें ॥ हा०हसतांपणि गि०वाणी नव०न बोले ॥ ५४ ॥ हवे वचन शुद्धि कहे छे ॥

मुलः-तहेव सावज्जऽणु मोयणी गिरा । उहारिणी जाय परोवघायणी ॥ से कोह लोह जय हास माणवा । नहा समाणोवि गिरंवएज्जा ॥ ५४ ॥

ગા. ૫૪ ભાવાર્થ—તેમજ નિશ્ચયકારી ભાષા કે જે બોલ્યા થકી અનેરા ઘણા જીવની ઘાત થાય તેહની ભાષા, ક્રોધે કરી, અભિમાને કરી, માયાએ કરી, લોભે કરી, ભયે કરી, મશ્કરીએ કરી, અનેરો હસતો હોય તથા પોતે પણ સાધુ હસતો થકો હીંસાકારી ભાષા ન બોલે તથા તેહને વખાણે પણ નહીં. ૫૪

अर्थः—सु०जली व०वचननी सु०शुद्धि ते सत्य वचन तथा भाषा सुमति स०आलोचीने तथा स०सम्यग् प्रकारिइं पे०देखीनें मु०साधु ॥ गि०जे वाणी च०पुनः वली उ०उष्ट सावद्य हिंसाकारिणी पाडुई प०वर्जे स०सदाइ जावजीव लगें ॥ मि०थोडो मर्यादाई गण्यां वचन अ०अदुष्ट सकोमल परजीवने हितकारी एहवो वाणी अ०विमासीनें ॥ जा०बोले स०उत्तम साधु म०मांहि ल०पामें ॥ प०प्रसंसा कीर्त्ति सलाघा सोजा महिमा ॥ ५५ ॥

मुलः—सुवक्क सुद्धिंसमु प्पेहिया मुणी। गिरं च दुठं परि
वज्जए सया ॥ मियं अदुठं अणुवीय नासए ।
सयाण मझे लहई पसंसणं ॥ ५५ ॥

गा. ५५ ભાવાર્થ—હવે કેહવી ભાષા બોલે તે કહે છે. સદાકાળ ભાષા સુમતિ આલોચીને સત્યવચન તથા જે દુષ્ટ વચન હોય તેહને વિશેષે વર્જિને, દુષ્ટપણા રહિત, કોમળ ને ગણ્યાં વચન વિચારીને બોલે કે જેણે કરી સત્પુરૂષો માંહી પ્રસંશાને શોભા પામે. ૫૫

अर्थः-ना०भाषाना दो०दोष तथा नापाना गुण जा०जाणीनें ॥ ती०तेमांहि दु०दुष्ट पाडूई भाषा प० अतिहिइ व०वर्जे स०सदाइं ॥ छ०छकायनें विषे१ स०साधु सा०चारित्रनें विषे स०सदा ज०जत्नावंत उद्यमवंत ॥ व०बोले बु०तत्वनो जाण साधु हि०हितकारिणी अणु०प्रीयकारी मीठी सत्य निरवद्यवाणी बोले. ५६

मुलः—नासाए दोसेय गुणेय जाणिया । तीसेय दुठे परि
वज्जएसया ॥ छसु संजए सामाणिए सयाजए । वए
ज्ज बुद्धे हियमाणु लोमियं ॥ ५६ ॥

गा. ५६ ભાવાર્થ—ભાષાના દોષ અને ભાષાના ગુણ જાણીને તથા જે ભાષા દુષ્ટ હોય તેહને વિશેષે વર્જિને

સહાય છકાય જીવનું અને સંયમનું રક્ષણ થાય તેવી રીતે તત્વનો જાણ બુદ્ધિવંત સાધુ, મધુર અને પ્રીતિકારી વચન સદાકાળ બોલે. ૫૬

अर्थः-हवे उपसंहार कहि छे प०विचारीने भा०बोले भाषा सु०भला समाधिवंत इं०निश्चल जेहनी इंद्री छे ॥ वली साधु कहेवा छे च०च्यार कषाय कसाई थकी व०वेगला अ०कुलादिकनो निश्रा रहित एहवो साधु ॥ स०ते साधु नि०टाले म०आठकर्म्म रुपीउ तथा १८ पाप रुपीउ मयल पु०पूर्व जन्मांतरनुं क०कीधुं ॥ आ०आराधें लो०इहलोक एटले आ भवनें विषे साधु साधवीनो वंदनीक हुइ त०तिम प०परभवे वैमानीक देव तथा सिद्ध थाइ तिबेमि ॥ ५७ ॥

मुलः—परिक्ख भासी सु समाहि इंदिए। चउक्कसाया वगए अणिस्सिए ॥ स निधुणेधुन्न मलं पुरेकडं। आराहए लोगमिणं तहापरं। तिबेमि ॥ ५७ ॥

ગા. ૫૭ ભાવાર્થ—હવે ભાષા સુમતિ બોલ્યાનું ફળ કહે છે. ઇંદ્રિયોના વિષય વિકાર જેણે જીત્યા છે, એહવો ભલો સમાધીવંત સાધુ ભાષા સુમતી વિચારી બોલે. વળી તે સાધુ કહેવો છે, ચાર કષાએ કરી રહિત દ્રવ્યથી તથા ભાવથી નેશ્રા રહિત અને પક્ષપાત રહિત વચન બોલે તે સાધુ પૂર્વ ભવનાં કીધાં કર્મરૂપ મેલ ને ટાળીને અતિચાર આલોઈ આરાધિક થાય. અને આ લોકને વિષે સાધુ સાધ્વીનો વંદનીક થાય. ને પરલોકે વૈમાંનીક દેવ તથા સીધ થાય. એ પ્રમાણે સુધર્માસ્વામિએ પોતાના જંબુસ્વામિ નામના શિષ્યને સાતમા અધ્યયનનું ઉદાહરણ કહ્યું. ૫૭

पूर्वे सातमे अध्ययने भाषा सुमति बोलवुं कह्युं ते भाषा सुमति बोलतां आचाररुप निधान पामो ते भणी आठमें अध्ययने५ आचाररुप निधान कहे छे ॥ ७ ॥

॥ इति श्री संवक्कसुद्धिनामं सत्तमं झयणं सम्मतं ॥ ७ ॥

ઇતિ ભાષા નામે સાતમું અધ્યયન સંપૂર્ણમ્ ૭

अर्थः-आ०ज्ञानादिक पांच प्रकारे आचारनें विषे प०निधान तथा एकाग्र चित्तरुप विधि ल०पामो नें ॥ ज०जिम का०करिवुं अनुष्ठांन भि०साधुने तं०ते भे०तुम्हने हे शिष्य उ०कहिस्युं ॥ आ०अनुक्रमे सु०सांभलि मे०मुझने कहितां प्रति ॥ १ ॥

मुलः-आयार पणिहं लद्धु । जहा कायव भिक्खुणो ॥
तं भे उदाहरिस्सामि । आणु पुर्व्वि सुणेहमे ॥ १ ॥

અધ્યયન ૮ મું.

પૂર્વે સાતમે અધ્યયને ભાષા સુમતિ બોલવું કહ્યું. તે ભાષા સુમતિ બોલતાં આચાર રૂપ નીધાન પામે તે ઈહાં આઠમે અધ્યયને કહીએ છીએ.

ગા. ૧ ભાવાર્થ—સંજમ લઇને સાધુને આચાર પાળવો તે આચાર રૂપ નીધાન પામીને જેમ સાધુને કરવું. તેમ હે શિષ્ય હું તુજને કહીશ, તે તુમે અનુક્રમે મુજ કહેતાં પ્રતે સાંભળો ? ૧

अर्थः–पु०पृथिवी ४३ जातिनी१ द०पाणी७ जातिना२ अ०अग्नि ८ प्रकारनी३ मा०वायरो पांच प्रकारनो४ ॥ त०घास रु०वृक्ष बी०बीज ए वनस्पतिनी जाति प्रत्यक साधारणरूप५ एटले पांच थावर कह्या ॥ त०त्रस प्राणी बेंद्रियादिक जी०जीव६ ए छ प्रकारना जीवने ॥ इ०इम वु०कहिउं म०रूषभादिक तीर्थंकरें जे ए छकायनी दया पालजो जत्न करजो ॥ २ ॥

मुलः–पुढवि दग अगणिं मारुय । तण रुंक्खस्स बीयगा ॥
तसाय पाणा जीवंति । इइवुतं महेसिणा ॥ २ ॥

ગા. ૨ ભાવાર્થ—પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય ને ઘાસ વૃક્ષ, સાળી પ્રમુખ બીજ તે વનસ્પતિકાય, તથા બેંઇંદ્રિય, તેઇંદ્રિય, ચાૈઇંદ્રિય, પંચેદ્રિય, એ ત્રસ પ્રાણી એ છકાયના જીવની દયા પાળજો, એમ રૂષભાદિક તિર્થંકરે કહ્યું છે. ૨

अर्थः–ते०ते छकायना अ०दयारूप जो०व्यापारें करी ॥ नि०नित्य सदा॰हों०होइवो प्रवर्त्तवुं व०महाव्रत सहित स०सर्वदा जाव जीव ॥ म०मनेकरी । का०कायाइं करी व०वचने करी ॥ ए०इम आचारपालतां ज०हुइं स०साधु ॥ ३ ॥

मुलः—तेसिं अछण जोएण । निच्चं होयवयं सया ॥
मणसा काय वक्केणं । एवं नवइ संजए ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—નિત્ય પ્રત્યે છકાયની દયારૂપ વ્યાપારે કરીને તથા પંચમહાવૃતે કરીને સહિત અને મન વચન ને કાયાએ કરી આચાર પાળતાં સાધુને પ્રવર્તવું. ૩

अर्थः—पु०पृथिवी सचित्त माटी नि०नदीनी नेखडि सि०मोटुं पाषांण सिला ले०नान्हनो पाषाण ए सर्व प्रथवीकाय सजीव मार्टे ॥ ने०एहने बे कटका नकरें न०ए ऊपरि लकीरादिक न काढे ॥ ति०त्रिविध करण करावण अनुमोदन जो०मन वचन कायाने जोगें करी ॥ स०साधु सु०नली समाधिवंत ॥ ४ ॥

मुलः—पुढविंनित्तिं सिलं लेलु । नेवनिंदे नसंलिहे ॥
तिविहेण करण जोएणं । संजए सु समाहिए ॥ ४ ॥

ગા. ૪ ભાવાર્થ—પાષાણુ, નદીની ભેખડ, (પાષાણુના કટકા) એ પૃથ્વીકાય જીવ સહિત છે, માટે ત્રણુ કરણે ને ત્રણુ જોગે કરી ભલો સમાધિવંત સાધુ તેહના ખંડ કરે નહિ, તથા તેહના ઉપર લીટી પણુ કાઢે નહીં. ૪

अर्थः—सु०सचित्त पु०माटी ऊपरि न०न बइसें ॥ स०सचित्त रजें खरन्तिं होइ आ०आसन बाजटादिकने विषे न बेसे ॥ प०अचित्त ठामि रजोहरणादिकें पूजीनें नि०बइसें ॥ जा०जेहनी धरती हुइ तेहनी

आज्ञा मागीने धणी न हुइ तो (अणुजाणहज सउग्गंह) इम कहीने बेसे ॥ ५ ॥

मुलः—सुद्ध पुढवी न निस्सिए । ससरुक्कंमिय आसणे ॥
पमजितु निसीएज्जा । जाइता जस्स उग्गहं ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—સચેત પૃથ્વી ઉપરે તથા સચેત રજે કરી આસન ખરડેલ હોય, તેના ઉપર બેસે નહીં. અને અચેત જગ્યા જોઈ તે જગ્યાના ધણીની આજ્ઞા માગીને પુંજીને બેસે. [અને જો જગ્યાનો ધણી ન હોય તો (જસઉગહંઅણુ જાણહ) એમ કહીને બેસે.] ૫

अर्थः सी०काचो उ०पाणी न०नपीइं ॥ सि०करहा पड्या हुइं वु०वरसातनुं हि०हिमजामित्तं हुइं ते हने आजरूं नही ॥ उ०उन्हो पाणी व०उकलुं हुइं फा०अचित्त ॥ प०तेलीइं सं०साधु उपलक्षणथी २१ जातिना धोयण लिइं नदी उत्तरया तथा जिक्षाने गया वाटे वरसाते जोजो तांम्रु करवुं ते विधि कहेछे ६

मुलः—सीउदगं न सेवेज्जा । सिला वुठं हिमाणिय ॥
उसिणो दगं तत्त फासुयं । पडिगाहिज्ज संजए ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—વરસાદનું પાણી, કરા, બરફ, હીમ, ઈત્યાદિક કાચુ પાણી પીએ નહીં, તથા વાપરે પણ નહીં, તો કેવું પાણી પીવું, તે કહે છે. અગ્નિનું તપાવેલું ઉનું પાણી તથા એકવીસ જાતનાં ધોવણનું અચેત પાણી સાધુ લીએ. ૬

अर्थः—नदी उत्तरतां तथा मेह वरसतां उ०पाणीइं उ०भीजाणुं अ०आपणुं का०शरीर ॥ ने०तेवस्त्रे करी पुछे नही न०हाथेकरी लूहे नही ॥ स०सम्यग् प्रकारि पे०देखीनें त०पाणीइं भीनी कायाने ॥ नो०न करे सं०संघटो फर्श मु०साधु ॥ ७ ॥

मुलः—उद उल्लं अप्पणो कायं । नेव पुंछे न संलिहे ॥
समु प्पेह तहाभूयं । नोणं संघट्टए मुणी ॥७॥

ગા. ૭ ભાવાર્થ—કાચાં પાણીએ કરી પોતાની કાયા ભીંજાણી હોય તેને વસ્ત્રે કરી લુસે નહિ, હાથે કરી મસળે નહીં, અને તે જીવની અનુકંપા જાણીને સાધુ તેહનો સંઘટો પણ ન કરે. ૭

अर्थः—इं०अंगारा१ अ०लोहना गोलामांहि अग्नि२ अ०तूटती ज्वालानी अग्नि३ ॥ अ०उंबाडानी अग्नि४ स०अग्नि सहित भोजन ते प्रते ॥ न०फूंक द्ये नही इंधण घाले नही न०एक स्थानकथी बीजे स्थानके न मुकि ॥ नि०उल्हवे नो०नही ए अग्निने मु०साधु ॥ ८ ॥

मुलः—इंगालं अगणिं अच्चिं । अलायं वा सजोइयं ॥
नउं जिजा न घट्टिजा । नोणं निव्वावए मुणी ॥८॥

ગા. ૮ ભાવાર્થ—અંગારાનીઅગ્નિ, ઝાળનીઅગ્નિ, ઉંબાડાનીઅગ્નિ, અથવા દીવા પ્રમુખની અગ્નિને સાધુ વાયુઆદિકે ઝાપટ ન નાંખે, તથા હસ્તાદીકે સ્પર્શ ન કરે, ઓલવે નહિ, તથા પ્રદીપ્ત પણ ન કરે. ૮

अर्थः-वा०वे पर्मे वींजणे करी प०पानमें करी ए अग्निकायनी विधि कही हवे वाउकायनी विधि कहे छे ॥ सा०वृक्षनी माले करी वि०एक पडे वींजणें करी ॥ न०वीझे नही वाय घाले नही अ०आपणी का०काया शरीरने विषे ॥ बा०बाह्य अनेरा पु०पुदगल अन्न पाणी प्रमुख वायु न घाले टाढुं करवाने अरथे ॥ ७ ॥

मुलः-तालियंटेण पत्तेण । साहा विहुयणेण वा ॥
नवीएज्ज अप्पणोकायं । बाहिरं वावि पुग्गलं ॥ ए ॥

ગા. ૯ ભાવાર્થ—બે પડે વીંઝણે કરી, પાનડે કરી, ડાળે કરી, વીંજણે કરી, વસ્ત્રે કરી, સાધુ પોતાની કાયાને વાયુ ન નાંખે તથા આહાર પાણી પ્રમુખ બીજા પણ પુદગળ ટાઢાં કરવાને વાયુ ન નાંખે. ૯

अर्थः-त०डाभ्रादिक भणा रु०कंदबादिक वृक्ष ए वायरानी जयणा कहि हवे वनस्पतिनो विधि कहे छे न०छेदे नही साधु ॥ फ०केरीयादिक फल मू०मूल क०कोइ वृक्षादिकनां तथा क०किवारें पणि विदारे नही ॥ आ०काचा सचित्त वि०नाना प्रकारना बी०बीज तिलादिक ॥ म०मनें करीने न०वांछे नही ॥ १० ॥

मुलः-तणरुक्खं नछिंदेज्जा । फलं मूलंव कस्सइ ॥
आमगं विविहं बीयं । मणसावि न पत्थए ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—સાધુ ત્રણાં, દ્રો પ્રમુખ તથા વૃક્ષને છેદે નહીં, વળી ફળને મુળને અને કોઈપણુ કાચી વ-નસ્પતિને અથવા ઘણી જાતીનાં કાચાં બીજને મને કરીને પણ ખાવાં ઇચ્છે નહીં. ૧૦

अर्थः—ग०गहन वनने विषे सचित्त फल फुल पानमादिक पडयां हुइं ते उपर न०उज्ञो न रहे ॥ बी०बीज दाणा ह०हरो वनस्पति उपरि ॥ उ०मचित पाणीने विषे त०तिमज सजीव जाणीने नि०सदा सरवदा ॥ उ०भूइ फोडा छत्राकारें वनस्पति प०पंचवर्ण फूल ऊपरि उन्ना न रहे एटछे ठामे ॥११॥ ए वनस्पतिनी विधि कही हवे त्रसनो विधि कहे छे ॥

मुलः—गहणेसु न चिठ्ठेज्जा । बीएसु हरिएसु वा ॥
उदगंमि तहा निच्चं । उतिंग पणगेसु वा ॥११॥

ગા. ૧૧ ભાવાર્થ—વનને વિષે પુષ્પ, ફળ, પત્રાદિક સચેત પડ્યાં હોય, બીજ પડયાં હોય, લીલોત્રી ઉગી હોય, સચેત પાણી હોય, સદાકાળ કીડી પ્રમુખનાં નગરાં હોય, પંચવર્ણી લીલફુલ હોય, ભુંઇફોડા જીવ હોય, છત્રને આકારે વનસ્પતિ હોય, તેહને જીવ સહિત જાણીને તેહના ઉપર સાધુ ન બેસે. ૧૧

अर्थः—त०त्रस बेंद्रोयादिक पा०प्राणीनें न०न हणें ॥ वा०वचने करी अ०अथवा क०कायाइं करी मनपणि तेहमां आव्युं ते कोण ॥ उ०हिंसाथी निवरत्यो छे स०सर्व भूतने विषे ॥ पा०देखीने वि०विविध घणा प्रकारना ज०जीवनें ॥ १२ ॥

मुलः—तसे पाणे नहिंसेज्जा । वाया अडव कम्मुणा ॥
उवरउ सवभूएमु । पासेज्ज विविहं जगं ॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—સાધુ ઘણા પ્રકારના સર્વ ત્રસ જીવની હિંસા કરવાથી મન, વચન, કાયાએ કરી નિવર્તિને તે જીવને ન હણે. ૧૨

अर्थः—अ०आठ मकारना मु०सूक्ष्म जीव पे०देखीने ॥ जा०जे आठ मकारना सुक्ष्मने जा०जाणीने सं०साधु ॥ द०दयाना अहि०अधिकारी छता भू०भूत ते जीवने विषे ॥ आ०बइसतां चि०उन्ना रहितां स०सूतां ॥ १३ ॥

मुलः—अठ सुहुमाइं पेहाए । जाइंजाणिंतु संजए ॥
दयाहिगारी भूएसु । आस चिठ सएहिं वा ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—બેસતાં, સૂતાં, ઉભા રહેતાં આઠ પ્રકારના સૂક્ષ્મ જીવને દેખીને અથવા આઠ પ્રકારના સૂક્ષ્મ જીવને જાણીને તે જીવની દયા પાળનારો સાધુ હોય. ૧૩

अर्थः—हवे शिष्य पूछे छे हे स्वामिन् क०कोण ते अ०आठ सु०सूक्ष्म ॥ जा०जे सूक्ष्म आठ मकारना पु०पुछे छे सं०साधु ए शिष्यना वचन हवे गुरु कहे छे ॥ इ०ए मत्यक्ष ता०ते आठ सुक्ष्म मे०पंमित साधु ॥ आ०कहिता हूआ वि०विचक्षण बुद्धिवंत ॥ १४ ॥

मुलः–कयराइं अठ सुहुमाइं । जाइं पुछेज्ज संजए ॥
इमाइं ताइं मेहावी । आइक्खज्ज वियक्खणो ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—કોણ તે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવ એમ શિષ્યે પૂછયાં થકા, ગુરૂ કહેછે, એ પ્રત્યક્ષ આઠ સૂક્ષ્મ વિચક્ષણ બુદ્ધિવંત પંડિત સાધુ કહેતા હવા. ૧૪

अर्थः–सि०स्नेह पाणी सूक्ष्म ते उस ठार धूयरि हरतणूं हिमकरहा प्रमुख ए सर्व पाणी सूक्ष्म१ पु० फूल सूक्ष्म ते उवड प्रमुखना२ ॥ पा०प्राणसूक्ष्म ते कंथुयादिक३ उत्तिं०ते कीडोनां नगरादिक४ त०तिमज व-ली ॥ प०पणग सूक्ष्म ते पंचवर्णी लाल फूल५ बीज सूक्ष्म नहीं यादिक६ ह०हरिसूक्ष्म ते अंकुरादिक ७ अंडईम सूक्ष्म ते माखी कीमा प्रमुषना८ अ०ए आठमो सूक्ष्म ॥ १५ ॥

मुलः–सिणेहं पुप्फसुहुमंच । पाणुत्तिंगं तहेवय ॥
पणगं बीय हरियंच । अंडसुहुमंच अठमं ॥ १५ ॥

ગા. ૧૫ ભાવાર્થ—ઉસ ધુંવરનું પાણી સૂક્ષ્મ ૧ વડ પ્રમુખના પુલ સૂક્ષ્મ. ૨ કુંથુવાદિક પ્રાણી સૂક્ષ્મ. ૩ કીડીનાં નગરાં સૂક્ષ્મ ૪. પંચવર્ણી લીલ પુલ સૂક્ષ્મ. ૫ વડ પીંપર પ્રમુખનાં બીજ સૂક્ષ્મ. ૬ ક્ષેત્રણાંદીકનાં નવા અંકુરા સૂક્ષ્મ. ૭ ઘરોળીનાં તથા કીડી, માંખ, પ્રમુખનાં ઇંડાં સૂક્ષ્મ. ૮ એ આઠ પ્રકારનાં સૂક્ષ્મ કહ્યા. ૧૫

अर्थः-ए०एम ए या०ए आठनें जा०जाणीने ॥ स०सर्व पोतानी ज्ञा०शक्तिइं करीने स०साधु.॥ अ०निद्रादिक पांच प्रमादरहित ज०जीव रक्षा करें नि०सदाकाल ॥ स०पांचइंद्री जीतोने स०समाधिवंतथ सूक्ष्मनो दया पाले ॥ १६ ॥

मुलः—एवमेयाणि जाणित्ता । सव्व भावेण संजए ॥
अप्पमत्तो जए निच्चं । सव्विंदिय समाहिए ॥ १६ ॥

ગા. ૧૬ ભાવાર્થ—એમ એ આઠને જાણીને પોતાની સર્વ શક્તિએ કરી અપ્રમત્ત થકો સાધુ સદાકાળ જીવ રક્ષા કરે તથા પાંચ ઈંદ્રિયોને જીતીને શાંત, દાંત, સમાધીવંત થકો તે જીવની દયા પાળે. ૧૬

अर्थः-धु०सदायकाल प०प्रतिलेखें जीवादिक जोने दृष्टि करी ॥ जो०छती समर्थाईए पा०पात्रानें पात्राना सर्व उपगरणनी कं०कंबलनो तथा वस्त्रादिक सरव उपगरणनी ॥ से०थानकने मु०वडो नोतो लघु-नीतिनी से०उपाश्रो सेष काले बेवार पडि लेहें वरसातमांहिइं त्रिणिवार पडि लेहें ॥ भू०भूमिने सं०संथारो त्रणादिकनो तेहने अ०अथवा आसन काष्टादिकनुं पाय पुछन पमि लेहे ॥ १७ ॥

मुलः—धुवंच पडिलेहिज्जा । जोगसा पायं कंबलं ॥
सेज्ज मुच्चार भूमिंच । संथारं अडुवासाणं ॥ १७ ॥

ગા. ૧૭ ભાવાર્થ—સાધુ છતી સમર્થાઇએ કરી, પાત્રાને, કાંબળીને સ્થાનકને લઘુનીતી તથા વડીનીતીની ભૂમિકાને, સંથારાને આસણ પ્રમુખ સર્વ ઉપગરણને વિષે જીવાદિકને દ્રષ્ટીએ જોઇને સદાકાળ પ્રતિલેખન કરે. ૧૭

अर्थः—उ०वमीनीति पा०लघुनीतिने ॥ खे०मोनो बलखो मि०नाकनो मेल ज०शरीरनो मिल परमेषादि ॥ फा०नोरजीव अचित्त जायगा प०जोइ पूंजीने ॥ प०नाखे सं०साधु ॥ १८ ॥ ए उपाश्रा मांहिली विधि कही ॥ १८ ॥

मुलः—उच्चारं पासवणं । खेलं सिंघाण जल्लियं ॥

फासुयं पडिलेहित्ता । परिठवेज्ज संजए ॥ १८ ॥

ગા. ૧૮ ભાવાર્થ—લઘુનીતીને, વડીનીતીને, બળખાને, નાસીકાના મેલને, એ વસ્તુને સાધુ જીવ રહિત અચેત જગ્યા જોઇને તિહાં પરઠવીને વોસીરાવે. ૧૮

अर्थः—हवे गोचरी जावानी विधि कहे छे प०जइने प०गृहस्थनें घरि ॥ पा०पाणीने ग०अर्थे जो०जोजनने अर्थे वा०वा शब्दथी ग्लानादिकनें ऊषधादिकने अरथि ॥ ज०जत्नाइं चि०ऊनो रहे गवाक्षादिकने अणजोतो मि०मर्यादाइं थोडुं जा०बोले ॥ रू०स्त्रीयादिकनारुपने विषे म०मन न क०न करे य०वपुनः ॥ १९ ॥

मुलः—पविसितु परागारं । पाणठा जोयणस्स वा ॥

जयंचिठे मियंजासे । नयरूवेसु मणंकरे ॥ १९ ॥

ગા. ૧૯   ભાવાર્થ—ગૃહસ્થના ઘરને વિષે સાધુ આહાર પાણીને અર્થે ગયા થકો તીહાં જત્નાએ ઉભો રહે, અને થોડું બોલે સ્ત્રીયાદિકના રૂપને વિષે મન અણકરતો આહાર પાણી ગવેષે. ૧૯

अर्थः—ब०घणी रुडी भुंडी वात शब्द सु०सांभले क०काने करी साधु ॥ ब०घणो वस्तु रुप्नो भुंभी तथा रुप पि०देखे अ०आंखे करीने तोहिपणि ॥ दि०दिठुं सु०सांभल्युं स०सघलुं भि०साधुने अ०कहिवुं नम०जोग्य नही कोहनी गुह्य वात न करे ॥ २० ॥

मुलः—बहु सुणेइ कन्नेहिं । बहु अच्छीहिं पिच्छइ ॥
नयदिठ्ठं सुयं सव्वं । भिक्खु अक्खाउ मरिहइ ॥ २० ॥

ગા. ૨૦   ભાવાર્થ—સારી અથવા નઠારી ઘણી વાત કાને કરીને સાંભળે, અથવા આંખે કરીને દેખે અથવા નજરે દીઠું નથી, ને કાને સાંભળ્યું હોય તે સઘળી વાત સાધુ કહે નહીં, કારણ કે તેમાં કેટલીક ગુહ્ય વાત હોય, તથા મર્મની વાત હોય તે સાધુએ કહેવી યોગ્ય નહીં. ૨૦

अर्थः—सु०सांभल्युं अनेरा पासेथी ज०जथपी वा०अथवा दि०देषुं स्वयमेव ॥ न०न बोले ॥ जो० जे परजीवने उ०उपघात थाइ एहवुं तुं चोर इत्यादिक ॥ न०नही के०कोइ उ०उपाइ करी कारण उपने थके ॥ गि०गृहस्थनो जो०व्यापार न म०अंगीकार न करे ॥ २१ ॥

मुलः—सुयंवा जइवा दिठ्ठं । नलवे जोवघायइं ॥
नयकेणइ उवाएणं । गिहि जोगं समायरे ॥ २१ ॥

ગા. ૨૧ ભાવાર્થ—જે સાંભળ્યું હોય અથવા દીઠું હોય, તોપણ કારણ ઉપને થકે કોઈ ઉપાયે કરી જીવ ઘાત થાય તેહવું વચન ન બોલે. તથા બાળક રમાડવા રૂપ ગૃહસ્થની કરણી અંગીકાર ન કરે. ૨૧

अर्थः—नि०सरस आहार रस नि०निरस आहार ॥ भ०रूडु पा०पाडुउं आहार मिल्यो छे तिवारें ॥ पु०कोई अनेरे गृहस्थादिके पूछिउं वा०अथवा अ०अण पूछिउं ॥ ला०दातारि दीधुं अला०दातारे न दीधुं न नि०कम न कहे ॥ २२ ॥

मुलः—निधाणंरस निजूढं । भद्दगं पावगंति वा ॥
पुठो वावि अपुठो वा । लाना लाभं न निद्दिसे ॥ २२ ॥

ગા. ૨૨ ભાવાર્થ—સાધુને કોઇએ નીરસ આહાર વહોરાવ્યો હોય, અથવા સરસ આહાર વહોરાવ્યો હોય, તથા દાતારે દીધું હોય અથવા નહીં દીધું હોય તે વાત કોઈ પૂછે. અથવા અણ પૂછે કોઈની આગળ કહે નહીં. ૨૨

अर्थः—न०न होई भो०सरस आहारनो गि०गृद्ध लोलपी लालची ॥ च०विचरे उ०थोमो थोमो निर्दोष आहार लेतो अ०ग्रहस्थना गुण दोष अण कहेतो ॥ अ०सदोष आहार लेवाणो तो न०न जिमे॥ की०साधुने अर्थे मूल्य आण्यो उ०साधु निमित्तें राध्युं आह०साहमो आण्यो ॥ २३ ॥

मुलः—नयभोयणं मिगिधो । चरेउंछं अयंपिरो ॥
अफासुयं नभुंजेज्जा । कीय मुद्देसि याहडं ॥ २३ ॥

ગા. ૨૩   ભાવાર્થ—સરસ આહારને વિષે ગ્રધ ન થાય, સાધુને નીમીતે રાંધીને આપે તે સાહમો આણ્યો તે સદોષ આહારને ન જમે, અને ગૃહસ્થના અવગુણ અણુબોલતો થકો થોડો થોડો નિર્દોષ આહાર લેતો થકો વિચરે. ૨૩

अर्थः-सं०घृत दही गुलादिक रात्रि राखी भोगववुं न०नकरे ॥ अ०थोडु पणि सं०साधु ॥ मु०सावद्य व्यापार रहित जी०आजीविकानो करणहार अ०गृहस्थ सार्थे प्रतिबंध रहित ॥ ह०होइं ज०त्रस थावर जीवने नि०रखवानो करणाहार ॥ २४ ॥

मुलः-संनिहिंच नकुवेज्जा । अणुमायंपि संजए ॥
मुहाजीवी असंवुध्धे । हवेज्ज जग निस्सिए ॥ २४ ॥

ગા. ૨૪   ભાવાર્થ—ચાર પ્રકારના આહાર બીલકુલ રાત્રીએ વાસી ન રાખે, સાવદ્ય વ્યાપાર રહિત આજીવિકાનો કરણહાર ગૃહસ્થની સાથે પ્રતીબંધ રહિત ત્રસ અને સ્થાવર જીવની રક્ષા કરતો થકો વિચરે. ૨૪

अर्थः-लू०लुखाचोला चणादिकें करी वि०आजीवका जेहनें ते सं०जेणे तेणे आहारे संतोष ॥ अ०अणोदरी करवे करी ॥ आहारनी अल्प इछा सु०थोडें आहारें सि०मरजादा थाइं ॥ आ०सीघ्र क्रोध भावे न०न पुहुचे कोई ऊपरें क्रोध न करे ॥ सु०सांभलीने क्रोध विपाकनां फल जि०रुषभादिक तीर्थंकरनी सा०सीखामण ॥ २५ ॥

मुलः—लूहवित्ती सु संतुट्ठे । अप्पिच्छे सुभरे सिया ॥
आसुरुत्तं नगच्छेज्जा । सुच्चाणं जिणसासणं ॥ २५ ॥

ગા. ૨૫ ભાવાર્થ—લુખો આહાર મળે અથવા ઉણોદરી કરવે કરી અલ્પ ઇચ્છાવંત મર્યાદાએ થોડે આહારે કરી સાધુ સંતોષી હોય, પણ રૂષભાદીક તિર્થંકરની શીખામણ સાંભળીને કોઇના ઉપર ક્રોધ ન કરે. ૨૫

अर्थः क०कानने सो०सुखकारी स०शब्द वीणादिकना तेहने विषे ॥ पे०राग ना०मनमाहि नि०न धरे ॥ दा०अनिष्ट । क०कठोर फा०फरस अणगमता दुखकारीया तेहने ॥ का०कायाई करी अ०खमे ॥२६॥

मुलः—कन्नसोखेहिं सद्देहिं । पेमं नाभि निवेसए ॥
दारुणं कक्कसं फासं । काएण अहियासए ॥ २६ ॥

ગા. ૨૬ ભાવાર્થ—કાનને સુખ ઉપજે એહવા વિણાદીકના શબ્દાદીકે કરી, મન માંહે રાગ ધરે નહીં, અને અણગમતા કઠોર સ્પર્શ તેહને કાયાએ કરી સમે પ્રણામે ખમે. ૨૬

अर्थः—खु०भूखनो परीसह१ पि०तृषानो परीसह२ दु०स्थानकनो परीसह३ ॥ सी०टाढिनो परीसह४ उ०तापनो५ अ०अरतिनो६ भ०भयनो परीसह७ ॥ भ०चोर वाघ सिंघादिकनो भई अ०खमे अ०व०दिनपणा रहित ॥ दे०आपणी कायानें दु०दुख ते म०मोटुं फ०फल छे मोक्षरुप एहवुं जाणीने ॥ २७ ॥

मुलः—खुहंपिवासं दुसेज्जं । सी उन्हं अरई जयं ॥
अहियासे अव्वहिउ । देहे दुक्कं महाफलं ॥ २७ ॥

ગા. ૨૭ ભાવાર્થ—ભુખનો પરીસહ. તાપનો પરીસહ, ટાઢનો પરીસહ, તાપનો પરીસહ. વિષમ સજ્યાનો પરીસહ, અરતીનો પરીસહ, સીંહ વ્યાઘ્રાદિકના ભયનો પરીસહ, ઇત્યાદિક પરીસહને વિષે આપણી કાયાને દુઃખ દેવું તે મહા ફળ છે, એમ જાણી તે પરીસહને દીનપણા રહિત શુરવીર થકો સહન કરે. ૨૭

अर्थः—अ० आथिम्यो आ० सूर्य ते वेलाथी मांमी ॥ पु० प्रभातसमें पूर्वदिसें अ० ऊग्यो नथी तिहां लगे ॥ आ० आहारादिक स० सर्वे ॥ म० मनेंकरी न० न वांछे लेवुं ॥ २८ ॥

मुलः—अत्थंगयंमि आइच्चे । पुरत्थाय अणुग्गए ॥
आहारमाईयं सव्वं । मणसावि नपत्थए ॥ २८ ॥

ગા. ૨૮ ભાવાર્થ—સૂર્ય અસ્ત પામ્યા પછી પૂર્વ દિશાએ સૂર્ય ઉગ્યો નથી, તીહાં સૂધી ચાર પ્રકારના આહાર મને કરીને પણ કરવા ઇચ્છે નહીં. ૨૮

अर्थः—अ० तए तणाट नकरे अ० चपलपणा रहित ॥ अ० थोडुं भा० बोले ॥ मि० मर्यादाइं जिमे ॥ ह० होइं उ० भूखनें दं० मारे थोडे संतोष करे ॥ थो० थोडो अनादिक मलें ल० पामीने न० दातारनी हेलना नकरे. २९

मुलः-अंतितणे अचवले । अप्पनासी मियासणे ॥
हविज्ज उयरेदंते । थोवं लद्धुं नखिंसए ॥ २९ ॥

ગા. ૨૯ ભાવાર્થ—લોભી થકો તણુતણાટ ન કરે. ચપળપણા રહિત થોડું બોલે. પ્રયોગ વિના ન બોલે. ગુરૂ થકી મર્યાદાએ આસને બેસે. આહાર મર્યાદાએ કરે. ભુખનો મારનાર થોડું મળે તોપણ સંતોષ કરે, તથા થોડો આહાર મળવાથી દાતારની હેલણા નીંદા ન કરે. ૨૯

अर्थः-बा०अनेराने नप०पराभवें नही ॥ अ०पोते न०अहंकार नकरे ॥ सु०आचारंगादिक सूत्र सिद्धांत ला०जाणीनें न०मदनकरे १ ॥ ज०जातिनो२ त०तपनो३ बु०बुद्धिनो४ मदन करे उपलक्षणथी कुलनो५ बलनो६ रुपनो७ ठकुराईनो८ मदन करे ॥ ३० ॥

मुलः-नयबाहिरं परिभवे । अताणं नसमुक्कसे ॥
सुय लाभेनमज्जेज्जा । जच्चा तवस्सि बुद्धिए ॥ ३० ॥

ગા. ૩૦ ભાવાર્થ—અનેરાને પરાભવ ન કરે. પોતાના વખાણ પોતે ન કરે. સૂત્ર જ્ઞાનનો લાભ પામીને અભિમાન ન કરે. વળી જાતીનો તપનો વીગેરે અષ્ટ પ્રકારનો મદ બુદ્ધિવંત સાધુ ન કરે. ૩૦

अर्थः-से०ते साधुइं जा०जाणीनें म०अंजाणपणें ॥ क०करीनें आ०अधर्मिक पद रागद्वेषे करो

मूलगुण उत्तरगुणनी विराधनारूप छे ॥ सं०गांर्ं खि०शीघ्र उतावलो म०आत्मा थकी ते करणीने पछे आलोइ प्रायछित ॥ तप लेइने बीजीवार तं०ते अधर्मनुं पद स्थानक न०सेवे नही ॥ ३१ ॥

मुलः-से जाण मजाणं वा । कट्टु आहम्मियं पयं ॥
संवरे खिप्प मप्पाणं । बीइयं तं नसमायरे ॥ ३१ ॥

ગા. ૩૧ ભાવાર્થ—તે સાધુએ જાણતાં અથવા અજાણતાં ચારિત્રને વિષે મૂળ ગુણ ઉત્તર ગુણની વિરાધના રૂપ અધર્મ કરેલ હોય, તેહનું પ્રાયશ્ચિત લઇને તે પાપ કરણીને ઉતાવળો આત્મા થકી છાંડે. પછી બીજીવાર તે અધર્મનું સ્થાનક ન સેવે. ૩૧

अर्थः-अ०कदाचि अनाचार सावद्य व्यापाररूप प०सेवीनें गुरुनें समीपें आलोइ तिवारे नें०गोपवे नही काइक कहे काइक नकहे ननि०ते सर्वथा प्रकारे उलवे नही ॥ सु०निर्मल चित्त स०थाइ वि०फट प्रगट जावें माया रहितपणे करी ॥ अ०गृहस्थना प्रतिबंध रहित जि०पंचेंद्री जीतीने विचरे ॥ ३२ ॥

मुलः-अणायारं परक्कम्म । नेवगूहे ननिन्हवे ॥
सुईसया वियडभावे । असंसते जिइंदिए ॥३२॥

ગા. ૩૨ ભાવાર્થ—જે અણાચાર સેવેલ હોય તે ગુરૂની સમીપે આલોવે (કહી બતાવે) તેવારે તે પાપ

ગોપવે નહિ, તથા ઓળવે નહીં, અને કપટાઇએ કરી રહિત જેવી રીતે કર્યું હોય તેવી રીતે સ્પષ્ટપણે કહી બતાવે ને તેથી ચિત્ત નિર્મળ થાય [પછી] આસક્તપણાએ કરી રહિત પાંચ ઈંદ્રિયોને જીતીને વિચરે. ૩૨

अर्थः–अ०सफल फल सहित छे एहवुं वचन कु०तेहनें प्रमाण करे ते कोहनुं ॥ आ०पांच प्रकारि आचार तथा ३६ छत्रीस गुणें करी सहित छे,जे आचार्य म०गुणे करी मोटो अप्प०आत्मा छे जेहनो ॥ तं०ते आचार्यना वचननें प०मन संघाते ग्रहीने वा०वचनें तहत्ति करीनें ॥ क०कायाइं करी गुरुनुं जे जे कार्य ते उ०निपजावे सुविनीत साधु ॥ ३३ ॥

मुलः–अमोहं वयणं कुज्जा । आयरियस्स महप्पणो ॥
तं परिगिज्झ वायाए । कम्मुणा उवयायए ॥ ३३ ॥

ગા. ૩૩ ભાવાર્થ—ગુણે કરીને મોટો છે આત્મા જેહનો, જેહનું વચન સફળકારક છે, એહવા આચાર્યનું વચન પ્રમાણ કરીને ગુરૂનાં જે જે કાર્ય હોય, તેહને કાયાએ કરી સુવનીત સાધુ નીપજાવે. ૩૩

अर्थः—अ०अशाश्वता चपल स्वभाव जी०मनुष्यना आउखो न०जाणीनें ॥ सि०मुक्तिनो म०मार्गने ज्ञानादिक४ वि०जाणीनें ॥ वि०ठांमे भो०भोगने पांचइंद्रीना विषय२३ने ॥ आ०आउखुं प०थोडा कालनुं जाणीनें १०० वरस प्रमाण अ०पोतानुं ॥ ३४ ॥

मुलः—अधुवं जीवियं नच्चा । सिद्धिमग्ग वियाणिया ॥
विणियट्टिज्ज भोगेसु । आउंदर मिय मप्पणो ॥ ३४ ॥

ગા. ૩૪ ભાવાર્થ—મનુષ્યનું આયુષ્ય થોડું ને ચપળ સ્વભાવવાળું જાણીને, જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મુક્તિનો માર્ગ સાચો જાણીને, કામ ભોગ અને પાચ ઈંદ્રિના વિષય વિકારને તજે. ૩૪

अर्थः—हवे धर्म्मनो संजोग कहे छे ब०मननुं बल१ था०सरीरनुं बल२ पे०देखीने ॥ स०सम्यक्त पामीने३ मा०रोग रहित शरीर४ म०पोतानुं जाणीने ॥ खि०आर्यक्षेत्र पामीने५ का०अवसर तथा जोवनादिक वय च०च शब्दथी द्रव्य थकी मनुष्य भवजातथो सुगुरु संजोग वि०जाणीने ॥ त०तेणे अवसरे प्पा०आत्मा ने निजु०धर्म्मनें विषे जोडे (उक्तंच) नरंच आयरिय खित्तं खित्तेण विपुलं कुलं कुलेण उत्तमा जाई जाईए रूव संपया१ रूवेण निरोगत्तं निरोगे चिरजीवियं हियाहियंच विनाणं जीविउ खलुडल्लह१२ मूइ धम्म सवणंचेव सवणेय धारणातहा धारणे सद्दहाणंपि सद्दहाणंमि संजमे३ इत्यादिक ॥ ३५ ॥

मुलः—बलं थामंच पेहाए । सद्धा मारोग मप्पणो ॥
खित्तं कालंच विन्नाय । तह प्पाणं निजुंजए ॥ ३५ ॥

ગા. ૩૫ ભાવાર્થ—મનનું બળ, શરીરનું બળ દેખીને, સમ્યક્ત પામીને, પોતાનું શરીર રોગ રહિત જાણીને,

આર્ય ક્ષેત્ર પામીને, દ્રવ્ય થકી મનુષ્ય ભવ અને ભાવથી સુગુરૂનો સંજોગ જાણીને, યૌવનાદીક વયનો અવસર હોય તેવે અવસરે પોતાના આત્માને ધર્મને વિષે જોડે. ૩૫

अर्थः–ज०गरढपणे जा०जिहां लगे न०पीमा नथी थइ एटले जरा आवी नथी ॥ वा०रोग१०७ जा० जिहां लगे न०नथी रोगनी पीमा व्याधी नथी ॥ जा०जिहां लगे इ०पांचे इंद्रीना बल न०हीण थया नथी ॥ ता०तिवारे पहिलुं ध०धर्म्मनी करणी स०आचरजे करजे ॥ ३६ ॥

मुलः–जरा जाव नपीलेइ । वाही जाव नवढ्ढई ॥
जावइंदिया नहायंति । ताव धम्मं समायरे ॥ ३६ ॥

ગા. ૩૬ ભાવાર્થ—જ્યાં સૂધી વૃદ્ધાવસ્થાની પીડા થઈ નથી [એટલે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી.] જ્યાં સૂધી શરિરને વિષે રોગની વૃદ્ધિ થઈ નથી; જ્યાં સૂધી પાંચ ઈંદ્રિયોનું બળ હીણું થયું નથી, ત્યાં સૂધી ધર્મ કરણી આચરજે. ૩૬

अर्थः–हवे धर्म्मनुं उपाय कहे छे को०क्रोध मा०मान मा०माया ॥ लो०लोभ तृष्णारुप ए च्यारें पा० ते दुखना व०वधारण हारछे इम जाणी स्युं करि ॥ व०छांमे च०च्यारि दो०नरगादिक पामवारुप दोष ॥ इ०वांछतो हि०हित स्वर्गादिक रुप पामवुं ३७ हवे ए क्रोधादिक४ नां इह लोकें फल देखाडे छे. ३७

मुलः–कोहं माणंच मायंच । लोभंच पाव वढ्ढणं ॥
वमे चत्तारि दोसेउ । इछंतो हियमप्पणो ॥ ३७ ॥

ગા. ૩૭ ભાવાર્થ—પોતાના આત્માને હીત વંછતો થકો, ક્રોધ, માન, માયાને લોભ, એ ચોર દોષને પાપકર્મને વધારનાર જાણીને છાંડે. ૩૭

अर्थ—को॰क्रोध कीधा थकी पी॰प्रीतिनो वाहली वस्तुनो प॰निनाश करे ॥ मा॰मान अहंकार वि॰ ५५ प्रकारना विनयनो ना॰विनाश करे ॥ मा॰माया कीधा थकी मि॰मित्राई प्रीतिनो ना॰विनास करे ॥ लो॰लोभ थकी स॰सर्व गुणने वि॰विनाश करे ३७ हवे क्रोधादिकथ जीतवाना उपाय कहे छे. ॥ ३८ ॥

मुलः—कोहो पीइं पणासेइ । माणोविणय नासणो ॥
माया मित्ताणि नासेइ । लोभो सव्व विणासणो ॥ ३७ ॥

ગા. ૩૮ ભાવાર્થ—ક્રોધ, પ્રીતીનો તથા પ્રીયકારી વસ્તુનો નાશ કરે, માન વિનયનો નાશ કરે. માયા (કપટાઈ) મિત્રાઈનો નાશ કરે, અને લોભ સર્વ ગુણનો નાશ કરે ૩૮

अर्थः—उ॰उपशम क्षमा करवे करी ह॰टालें जीते को॰क्रोध ॥ मा॰मान अहंकारनें म॰नरमाइभावे जि॰जीते ॥ मा॰मायाने अज॰सरलभावे जीते ॥ लो॰लोभनें सं॰संतोषें करी जि॰जीते ॥ ३९ ॥ हवे एहने परलोकना फल कहे छे. ॥

मुलः—उवसमेण हणे कोहं । माणं मद्दवया जिणे ॥
मायंच अज्जव भावेणं । लोभोसंतोसउ जिणे ॥ ३९ ॥

ગા. ૩૯ ભાવાર્થ—ક્રોધને ક્ષમા કરવે કરીને જીતે, માનને નમૃતા ભાવે જીતે, માયાને સરળ સ્વભાવે જીતે, અને લોભને સંતોષે કરી જીતે. ૩૯

अर्थः–को०क्रोध मा०मान अ०जीत्या नथो ॥ माय । लोन । वाधतायका । च०च्यारे ए०ए क्रोधादि क०संपूर्ण क०कषाय ॥ सिं०अशुनन्नाव रुपीये पाणीइं करो सींचे मू०ए कर्म्मरुपी या मूल केहना मूलने पु०जन्म मरणरुपी या वृक्षनां ॥ ४० ॥

मुलः–कोहोय माणोय अणेग्गहिया । मायाय लोनोय पवढमाणा ॥ चत्तारि एए कसिणा कसाया । सिंचिंति मूलाइ पुणप्भवस्स ॥ ४० ॥

ગા. ૪૦ ભાવાર્થ—ક્રોધ માનને અણુ જીતવે કરી અને માયાને લોભને વધારવે કરી એ સંપૂર્ણ ક્રોધાદિક ચાર કષાય ભવ રૂપી વૃક્ષનાં આઠ કર્મરૂપી મૂળને અશુભ ભાવ રૂપી પાણીએ કરી સીંચે, વારંવાર સંસાર માંહે પરિભ્રમણ કરાવે એમ જાણીને કષાયને જીતે. ૪૦

अर्थः–४कषाय जोतीने जे करवुं ते कहे छे रा०ते घणा कालनो दक्षित तेहनो वि०उठी उन्ना थवादिक विनय प०करवो ॥ धु०निर्श्रे सी०सीलादिक आचारने स०सदाइं न०न छांभे ॥ कु०काछवानीपरें अ०बोढुं स्युंइ अंग उपांग गु०गोपवोने प०प्रकर्षे सर्वथा अंगउपांग गु०गोपवीने ॥ प०उद्यम करे त०तप सं०संजमने विषे ॥ ४१ ॥

मुल:-राइणिएसु विणयं पउंजे । धुव सीलयं सययंनहा
वएज्जा ॥ कुम्मुव्व अल्लीण पल्लीणगुत्तो । परक्कमे
ज्जा तवसंजमंमि ॥ ४१ ॥

ગા. ૪૧ ભાવાર્થ—કષાયને જીતીને જે કરવું તે કહે છે. રત્ન સરખા ઘણા કાળની દીક્ષાવાળા એવા જે ગુરૂ તથા પોતાના થકી દીક્ષાએ વડેરા સાધુ, તેમનો વિનય કરવો. શિયળાદીક આચારને વિષે સદા નિશ્ચળ થવું. અને પરીસહ ઉપને થકે શિયળાદીક આચાર હીણો ન કરવો, તથા કાચબાની પેરે અંગોપાંગ થોડાં ગોપવીને તથા સર્વથા પ્રકારે ગોપવીને તપ સંયમને વિષે ઉદ્યમ કરવો. ૪૧

अर्थ:-नि०निद्राने ब०घणु नम०मन न दिइं पगपसारोने न सुवे ॥ स० अतिहि हा०हसवुं वि०वर्जे गांम ॥ मि०मैथुननो शृंगारनो हास्यनी क०कथानें विषे न०रति न पामे ॥ स०सज्झायने विषे र०रातो स०सदा साधु ४२

मुल:-निद्दंच नबहुमनिज्जा । सप्पहासं विवज्जाए ॥
मिहो कहाहिं नरम्मे । सज्झायंमि रउसया ॥ ४२ ॥

ગા. ૪૨ ભાવાર્થ—નિંદ્રાને ઘણું માન ન દીએ, અતીહી હસવું વર્જે, મૈથુનની, શ્રૃંગારની, હાસ્યની કથાને વિષે રતી વર્જીને સદાકાળ વાંચનાદીક પાંચ પ્રકારની સઝાય કરે. ૪૨

अर्थः-जो०जोगमन वचन कायानो व्यापार स०साधुनो ध०क्षमादिक दशप्रकारे धर्मनें विषे ॥ जु० थापे अ०उगाह सहित धु०नित्य सदाइं ॥ जु०सहित स०साधुने ध०धर्में करी ॥ अ०अर्थ ल०पामे अ०प्रधान केवलज्ञानरुप ॥ ४३ ॥

मुलः-जोगंच समण धम्मंमि । जुंजे अनिलसो धुवं ॥
जुत्तोय समण धम्मंमि । अठंलहइ अणुत्तरं ॥ ४३ ॥

ગા. ૪૩ ભાવાર્થ—ઉત્સાહ સહિત સાધુના આચારને વિષે મન, વચન. કાયાના જોગને નિશ્ચળપણે સ્થાપે નિત્ય સાધુના દશ પ્રકારના ધર્મે કરી સહિત તે, જ્ઞાન, દર્શન. ચારિત્રરૂપ ઉત્કૃષ્ટો અર્થ પામે. ૪૩

अर्थः-इ०इह लोके पा०परलोकि हो०हेतने ॥ जे०जे आराधवें करी ग०जाइं सु०देवलोके तथा मोक्ष ब०बहु श्रुत साधुनो प०सेवा करीने ॥ पु०पुछे ज०जिहां वि०अर्थनो निश्चय पामें ॥ ४४ ॥

मुलः-इहलोग पारतहियं । जेणं गच्छई सुगइं ॥
बहुस्सुयं पज्जुवासिज्जा । पुछेजछ विणिछियं ॥ ४४ ॥

ગા. ૪૪ ભાવાર્થ—એ જ્ઞાનાદીક કેહવા છે, તે કહેછે. મનુષ્ય ભવને વિષે તથા દેવતાના ભવને વિષે હિતકારી છે, અને તેહને આરાધવાથી દેવલોક તથા મોક્ષની ભલી ગતીએ જાય, તે માટે બહુ શ્રુત સાધુની સેવા, ભક્તિ, વિનય કરીને મોક્ષ પામવાનો માર્ગ ને અર્થનો નિશ્ચય પુછીને ધારે. ૪૪

अर्थः—ह०हाथनें पा०पगनें का०कायाने एटलें शरीरना सर्व अवेंवने ॥ प०संवरीने जि०इंद्री पांचना विकार जीतोने ॥ अ०थोमोइ विकार इंद्रोनो अण करतो थको नि०बइसें ॥ स०पासे गु०गुरुनें मु०साधु ॥ ४५ ॥

मुलः—हत्थं पायंच कायंच । पणिहाय जिइंदिए ॥
अल्लीण गुतो निसिए । सगासे गुरुणो मुणी ॥ ४५ ॥

ગા. ૪૫ ભાવાર્થ—હાથ,પગ,કાયા, પ્રમુખને ભલી પેરે સ્થાપીને, પાંચ ઇંદ્રિયના વિકારને જીતીને, ઇંદ્રિયોના થોડાય પણ વિકાર હોય તેહને છાંડીને, ગુપ્ત થકો ગુરૂની પાસે સાધુ બેસે. ૪૫

अर्थः—न०गुरुने पासेबराबरी अमोने न बइसवुं स्या जणी भविनय लागे ते जणी न०गुरुने आगलि अडीने न बइसवुं स्याजणी वांदणाहारने अंतराय थाइं तेह जणी ॥ कि०आचार्यने पूठि अमोने नबइसवुं स्याजणी गुरुने वाख्यान करतां हाथ अमे तेहजणी ॥ ऊ०गुरुनी साथल आपणी साथलें नस०लगाडे नही स्याजणी आसातना दोष लागे तेजणी ॥ सि०इम बेसे गु०गुरुने पासे ए कायानो संजम कह्यो हवे वचननो संजम कहे छे.४६

मुलः—नपखत नपुरत । नेव किच्चाण पिठत ॥
नयऊरं समासिजा । चिठेजा गुरुणंतिए ॥ ४६ ॥

ગા. ૪૬ ભાવાર્થ—ગુરૂની પાસે બરાબર અડીને બેસવું નહીં, [તે સ્યાથી ? ગુરૂનો અવિનય થાય તેથી]. ગુ-રૂની આગળ બેસવું નહીં, [તે સ્યાથી ? વંદણા કરનારને અંતરાય થાય તેથી.] ગુરૂની પુંઠે અડીને બેસવું નહીં તે સ્યાથી ? ગુરૂને વાંખ્યાન કરતા હાથ અડે તેથી. ગુરૂની સાથળે પોતાની સાથળ લગાડે નહી [તે સ્યાથી ? ગુરૂનો અશાત-નાનો દોષ લાગે તેથી]. વળી પલાંઠી વાળીને વિનય સહિત ગુરૂની પાસે બેસે. એ કાયાનો વિનય કહ્યો. ૪૬

अर्थः-अ०अण पुछयुं कारण विना न०न बोले ॥ ना०गुरुनें बोलतां हुतां अ०विचाले न बोलिवुं ॥ पि०पूठि पाछलि मं०गुरुना तथा बीजाना दोष अवगुण न०न बोलें ॥ मा०मायाइं करी मो०जुठु बोलवुं वि०छांडे ॥ ४७ ॥

मुलः-अपुछित्त न नासेज्जा । नास माणस्स अंतरा ॥
पिठिमंसं नखाएजा । माया मोसं वि वज्जए ॥ ४७ ॥

ગા. ૪૭ ભાવાર્થ—હવે વચનનો વિનય કહેછે. કારણ વિના અણ પૂછયે ન બોલે, ગુરૂ બોલતા હોય તો વ-ચમાં ન બોલે. ગુરૂના તથા બીજાના પુંઠ પાછળ અવગુણ ન બોલે, તથા કપટાઈએ કરી જૂઠું બોલવાનું વર્જે. ૪૭

अर्थः अ०अप्रीति अविसवास जे०जेणे वचने बोलतां सि०शीघ्र होइं जे सांभलीने दुख पामे ॥ आ०सीघ्र उतावलो कु०क्रोध करे जेणी भाषाइं प०अनेरो ॥ स०सर्व अवस्थानें विषे तं०ते एहवी भाषा न०न बोले ॥ भा०वलो जे भाषा बोल्याथी अ०छकायना जीवनें अहित थाइं हिंसा थाइं तथा नरगादिक दुरगतें लेइं जाइं एहवो भाषा न बोले ॥ ४८ ॥

मुलः-अप्पत्तियं जेणसिया। आसुकुप्पेज्ज वा परो ॥
सव्वसो तं नज्ञासेज्जा। ज्ञासं अहिय गामिणीं ॥ ४८ ॥

ગા. ૪૮ ભાવાથ—જે ભાષા બોલતાં અપ્રતીતને અવિસ્વાસ હોય અને જે અનેરો સાંભળીને તત્કાળ કોપ કરે ને દુઃખ પામે તેવી ભાષા, સર્વથા પ્રકારે મરણાંત સુધી પણ ન બોલે, તથા જે ભાષા બોલ્યા થકી છ કાયના જીવને અહીત થાય તથા નર્કાદી દુર્ગતી લઇ જાય તેહવી ભાષા ન બોલે. ૪૮

अर्थः-दि०आंखि दोठुं मि०मात्राइं थोडुं अ०संदेह रहित फट प्रगट ॥ प०प्रति पूर्ण स्वरादिकें करी वि०प्रमणादिकें रहित जि०सुखकारी ॥ अ०अति ऊचुं अति निचुं न बोले म०ऊद्वेग रहित ज्ञा०एहवी ज्ञाषा ॥ नि०बोले अ०आत्माना स्वरुपनो जाण ॥ ४९ ॥

मुलः-दिठ्ठं मियं असंदिद्धं। पडिपुन्नं वियं जियं॥
अयंपिरं मणुव्विग्गं। ज्ञासं निसिर अतवं ॥ ४९॥

ગા. ૪૯ ભાવાર્થ—દેખવાના પદાર્થ દેખીને પ્રતિપુર્ણ અક્ષરે કરી સ્પષ્ટ સ્વરે કરી સુખકારી અને પરના અવગુણ અણ બોલતો થકો સંશય તથા ઉદ્વેગ પણાયે કરી રહીત આત્માના સ્વરૂપનો જાણ એહવી ભાષા બોલે. ૪૯

अर्थः-आ०आचारांगनो। प०ज्ञगवतीनो। दि०दृष्टिवाद बारमुं अंग बेहनो म०ज्ञणणहार ॥ व०व-

चन विभक्ति बोलतां वि०चूको न०जाणीनें ॥ तं०ते आचारांगादिक भणणहारने न ७०हसवुं नही ५० मु०साधुइं ॥ ५० ॥

मुलः–आयार पन्नत्ति धरं । दिठिवाय महिज्जगं ॥
वइ विखलियं नच्चा । न तं उवहसे मुणी ॥ ५० ॥

ગા. ૫૦ ભાવાર્થ—આચારંગ તથા ભગવતીનો ધરણુહાર તથા બારમુ દ્રષ્ટીવાદ અંગ ભણેલ છે એહવો બહું સુત્રી સાધુ તે કદાચિત વચન વિભક્તી બોલતાં ચુકયો તે જાણીને બીજા આચારંગાદીકના ભણુવાવાળા સાધુયે તેહને હસવું નહીં. ૫૦

अर्थः–गृहस्थें पूछयुं हू तु न०नक्षत्र अस्वनीयादिकनो विचार । सु०सुपन शुभाशुभनुं फल२ जो०जोग ते वसीकरणादि३ नि०निमित्त अतीत१ अनागत२ वर्त्तमान३ काल आदिक शुभाशुभनुं भाषवुं४ म०मंत्र सर्प्प वींछीयादिकना५ भे०भेषज ते अती सारादिक रोगनां ऊषध६ ए ७ बोल ॥ गि०गृहस्थनें तथा असंजतीने तं०ते ७ बोलनो विचार न०न कहिवो स्या भणी ॥ भू०एकेंद्रीयादिकनें ए गृहस्थ असंजती अहि०हिंस्यानुं स्थानक छे तेह भणी ॥ ५१ ॥

मुलः–नक्खत्तं सुमिणं जोगं । निमित्तं मंत भेसज्जं ॥
गिहिणोतं न आइखे । भूयाहि गरणं पयं ॥ ५१ ॥

ગા. ૫૧ ભાવાર્થ—નક્ષેત્રનો વિચાર. ૧ સ્વપ્નનો વિચાર. ૨ વસીકરણ ૩ ભૂત ભવીષ્ય અને વર્તમાનકાળનું નીમીત. ૪ સર્પ વીંછી પ્રમુખંના મંત્ર, ૫ અતીસારાદીક રોગનું ઓષધ. ૬ એ છ વાનાં ગ્રહસ્થ તથા અસંજતીને કહેવાં નહીં. શાભણી ? છકાય જીવની હીંસ્યાનું સ્થાનક થાય તેથી કહેવું નહીં. ૫૧

अर्थः—हवे उपाश्रे रहिवानी विधि कहिवें अ० अनेरानें अर्थे प० कीधो ल० स्थानक ते ॥ उ० सेवे स० पाटिआ स० बाजोगादिक वली स्थानक कहेवुं जोइइं ते कहे छे ॥ उ० वमीनोती लघुनीतिनी भु० भुमिकाइं करी स० सहित ॥ इ० स्रीइं करी नपुंसकें करी गाइयादिकें वि० रहित होइ तिहां रहि साधु ५२

मुलः—अनठं पगडं लयणं । भएज्ज सयणासणं ॥
उच्चार भूमि संपन्नं । इत्थिपसु वि वज्जिया ॥ ५२ ॥

ગા. ૫૨ ભાવાર્થ—હવે સ્થાનકે રેહેવાની વીધી કહેછે, અનેરાને અર્થે કીધું છે એમ સ્પષ્ટ નિર્દોષ સ્થાનક જાણીને સજ્યા, પાટ, પાટલા—બાજોઠ પ્રમુખ ભોગવે. વળી સ્થાનક કહેવું જોઈયે જીહાં લઘુ નીતી વડીનીતી પરઠવાની ભૂમિકાયે કરી સહીત. અને સ્રી પશુને નપુશકે કરી વર્જિત હોય તેહવા સ્થાનકને વિષે સાધુ રહે. ૫૨

अर्थः—वि० बीजा साधु रहित एक साधुइं सहित भ० होइं सि० उपाश्रो हवे ते एहवो उपाश्रो सेवताने धर्म्मकथा कहिवानी विधि कहे छे ॥ ना० तिहां स्री एकलीने न० न कहे क० कथा धर्मनी स्याभणी अनेरानें शंकादिक दोष ॥ ऊपजे ते भणी गि० गृहस्थ संघाते सं० परिचउ न० नकरे स्याभणी स्नेहादिक दोष उपजे

ते जाणी ॥ कु०करे सा०साधुनो सं०संगति ।५३। कदाचि गृहस्थ संघाते परिचो करि पणि स्त्री संघाते परिचो न करवो ते इहां कारण कहे छे ॥ ५३ ॥

मुलः-विवित्ताय जवेसिजा । नारीणं नलवे कहं ॥
गिहि संथवं नकुज्जा । कुज्जा साहूहिं संछवं ॥ ५३ ॥

ગા. ૫૩ ભાવાર્થ—જે ઉપાશ્રયને વિષે એકલો સાધુ હોય અને બીજા કોઈ સાધુ ન હોય તો તીહાં એકલી સ્ત્રીને ધર્મ કથા પણ ન કહે કેમકે અનેરાને સંકાદીક દોષ ઊપજે તથા ગ્રહસ્થ સંઘાતે પરીચય ન કરે કેમકે સ્નેહાદીક દોષ ઉપજે [કદાચીત ગ્રહસ્થ સંઘાતે પરિચય કરે પણ સ્ત્રી સંઘાતે પરિચય ન કરવો.] માટે બહુ શ્રુત તપસ્વી આચારવંત સાધુની સંગત કરવી. ૫૩

अर्थः-ज०जिम कु०कुकुडानां पो०बालकने ॥ नि०नित्यप्रतें सदा कु०बिलाडी थकी ज०विनाश भय ॥ ए०इम ब०ब्रह्मचारी साधुने खु०निश्चें ॥ इ०स्त्रीना वि०शरीरथी भ०भय एटले शरीर ग्रहणथी स्त्रीना मृतकलेवरथी जय कह्यो ॥ ५४ ॥

मुलः-जहा कुकुड पोयस्स । निच्चं कुललउ जयं ॥
एवंखु बंभयारिस्स । इछी विग्गहउ जयं ॥५४॥

ગા. ૫૪ ભાવાર્થ—હવે સ્ત્રીનો પરિચય કરવાથી જેમ કુકડાનાં બાળકને નિત્ય પ્રત્યે બીલાડી થકી ભય હોય તેમ બ્રહ્મચારીને સ્ત્રીના શરિર થકી ભય ઉપજે [ઈહાં સ્ત્રીના શરીર થકી ભય કીધો તે સ્ત્રીના મૃતક કલેવરથી ભય કહ્યો છે.] ૫૪

अर्थः—भि०घरनी भींतें चि०चित्रामण आलेख्युं हुइं स्त्रीनुं ते न०जूइं नही ॥ ना०स्त्री सचेतन अ०अ-लंकार सहित तेहनें नजूइं हवे कदाचित दृष्टि पमीतो किम करे ते कहेछे ॥ न०सूर्यनेद०जिम देखीनें दि०दृष्टि प०पाछीवालें तिम ब्रह्मचारी साधु स्त्रीनें देखी दृष्टि पाछीवालें ॥ ५५ ॥ किं बहुना ॥ ५५ ॥

मुलः—चित्त भित्तिं न निझ्झाए । नारिंवासु अलंकियं ॥
भक्खरंपिव दठुणं । दिठ्ठिं पडि समाहरे ॥ ५५ ॥

ગા. ૫૫   ભાવાર્થ—ઘરની ભીંતે સ્ત્રીનું ચીત્રામણ આલેખ્યું હોય તે જુવે નહીં. સ્ત્રીયે રૂડાં આભણ અલંકાર પેહેર્યા હોય તેહવી દેખીને જેમ સુર્યને દેખીને દ્રષ્ટી પાછી વાળે તેમ સ્ત્રીને દેખીને દ્રષ્ટી પાછી વાળે. ૫૫

अर्थः—ह०हाथ? पा०पग बे प०छेद्या छे२ ॥ क०कान बे ना०नाशिका क०काप्यां हुइं ॥ अ०अपि निश्चें वा०सो वरसनी गरढी ना०स्त्री ॥ बं०ब्रह्मचारी चारित्ररुप धनने तस्कररुप स्त्री जांणीनें वि०वर्जे ॥५६॥

मुलः—हत्थ पाय पडिछिन्नं । कन्नं नासवि कप्पियं ॥
अवि वाससयं नारिं । बंभयारी वि वज्जए ॥ ५६ ॥

ગા. ૫૬   ભાવાર્થ—જેના હાથ પગ છેદયા છે અને કાન—નાક—કાપ્યા છે. વળી સો વરસની ડોશી થયેલી એહવી સ્ત્રી હોય તોપણ બ્રહ્મચારી સાધુ વિસેષે વર્જે તેહની સંગત ન કરે તથા તેના ઘરમાં રાત્રી વાસો ન રહે. [એહવી વૃધ સ્ત્રીને વર્જે તો તરૂણ અવસ્થા વાળીનું તો કેહેવુંજ શું ? એ તો વિશેષે વર્જવી] ૫૬

अर्थः—वि०विभूषानख केशादि संस्कार करी सहित१ इ०स्त्रीनो सं०संबंध करवो ते परीचउ२ ॥ प० ते झरता घृत बिंदु जो०एहवो आहार३ ए त्रण बोलने ठांमे कोण ॥ न०साधु अत्त०आत्मानो ग०गवेषी एटले आत्माने हितनो वांछणहार स्युं जाणे ॥ वि०विष ता०तालपुट नामे ज०खाधुं थकु जिम थोमी वेला-मांहिइ माणहरे तिम ए अनंता जन्म मरण ॥ स्त्रीना भोग दिइ ॥ ५७ ॥ वली विशेषथी कहे छें ॥

मुलः—विभूसा इत्थि संसग्गि । पणीयंरस भोयणं ॥
नर स्सत्तगवेसिस्स । विसं तालउडंजहा ॥ ५७ ॥

ગા. ૫૭ ભાવાર્થ—શરિરની શોભા કરવી, સ્ત્રીનો સંબંધ કરવો અને પ્રણીત રસતે ધૃતના બીંદુ ઝરતા હોય તેહુવો સરસ આહાર એ ત્રણ વસ્તુ આત્મા અર્થિ સાધુને તાલપુટ વિષના જેવી છે. જેમ તામપુટ વિષ ખાધા થકી તતકાળ મર્ણ પામે તેમ શરીરની વિભુષાદી ત્રણ વસ્તુ સાધુને ધર્મથી પાડે. ૫૭

अर्थः—अं०ते मस्तकादिक प०नयनादिक सं०संस्थान ते सर्व शरीरनो आकार ॥ चा०मनोहर वचनें करी ल्ल०बोलवुं पे०कटाक्ष नेत्रे जोवुं ॥ इ०स्त्रीनां अंगादिक तं०तें साधु न०नजूइ विकारभावे स्या भणो ॥ का०कामनुं रा०रागनुं वि०विशेषे व०वधारणहार छे तेह भणी ॥ ५८ ॥

मुलः—अंग पच्चंग संठाणं । चारु ल्लविय पेहियं ॥
इत्थिणं तं ननिझाए । कामराग वि वड्ढणं ॥ ५८ ॥

ગા. ૫૮ ભાવાર્થ—મસ્તક આંખ્ય પ્રમુખ સર્વ સરીરનો આકાર, મનોહર વચને બોલવું ને કટાક્ષ નેત્રે (આડીનજરે) જોવું, એટલાં વાનાં સ્ત્રીનાં જોવાં નહી, કેમકે કામરાગના વધારણહારછે. ૫૮

अर्थः-वि०विषय शब्दादिक म०मनोज्ञ रूपनें विषे ॥ पे०पेमराग नी०नकरे इम अमनोज्ञनें विषे द्वेष नकरे ॥ अ०अनित्यपणुं विणसवानो स्वन्नाव तें०ते शब्दादिक पुदगलनो वि०जाणीने ॥ प०परगमवानो स्वभाव मनोज्ञ ना अमनोज्ञ थाइं पु०पुदगल स्वभाव एहवुं ॥ ५९ ॥

मुलः-विसएसु मणुन्नेसु । पेमंनाभि निवेसए ॥
अणिच्चं तेसिं विन्नाय । परिणामं पुग्गलाणउ ॥ ५९ ॥

ગા. ૫૯ ભાવાર્થ—વિષયના મનોજ્ઞ (મનગમતાં) પુદગળને વિષે રાગ ધરીને ચિત્તને વિષે સ્થાપે નહી તે શું જાણીને ? એ શબ્દાદીક પંચ વિષય અનીત્ય અને વિણાસવાનો સ્વભાવ છે અને વિણસી ગયેલ હોય તેહનો સારો થવાનો સ્વભાવ છે [એમ જાણીને તેહના ઉપરથી પ્રેમ ઉતારે.] ૫૯

अर्थः-पु०पुदगलनो प०परगमवानो पलटवानो स्वन्नाव छे ॥ ते०तेहने न०जाणोनें ज०जिम छे त०तिम ॥ वि०निवरत्नावी ढांमीने ति०तृष्णाने वि०विचरे किम ॥ सी०सीतलन्नावे क्रोधने त्यागे अ०पांते ६०

मुलः-पुग्गलाण परिणामं । तेसिं नच्चा जहा तहा ॥
विणीय तन्हाविहरे । सीईभूएण अप्पणो ॥ ६० ॥

ગા. ૬૦ ભાવાર્થ—પુદ્દગળનો પલટવાનો સ્વભાવ જેમ છે તેમ જાણીને તેની ત્રસ્નાને લલુપ્તા છાંડીને પોતે ક્રોધને ત્યાગવે કરી સીતળ ભાવે વિચરે. ૬૦

अर्थः—जा०जेहवी स०श्रद्धाइं विरागभावे करी नि०गृहस्था वासथी नीकल्या ॥ प०संजम ठा०स्थानक लीधुं छे उत्त०प्रधान ॥ त०तेहवें वैरागे अ०पाले गु०मूलगुण उत्तरगुणने विषे आ०आचारने विषे स० संजमने विषे तथा अरिहंतादिकने विषे संमत ॥ ६१ ॥

मुलः—जाए सद्धाइं निखंतो । परियाय ठाण मुत्तमं ॥
तमेव अणुपालेज्जा । गुणे आयरिय सम्मए ॥ ६१ ॥

ગા. ૬૧ ભાવાર્થ—જેહવી શ્રધાયે ને વૈરાગ ભાવે ગ્રહસ્થાવાસથી નીકળીને ઉતમવ્રત પચખાણરૂપ સંયમ સ્થાનક લીધું છે તેહવેજ વૈરાગ ભાવે મુળ ગુણ ઉત્તર ગુણે કરી સહીત આચાર્યે ભલાવત જાણી અંગીકાર કરાવ્યા છે તેહવા વિશેષે પાળે. ૬૧

अर्थः—हवे ज्ञानादिक पांच आचार पाल्यानां फल कहि छे त०तप १२ भेदि सं०संजम १७ भेदि१ जो०व्यापाररूप२ ॥ स०पांच प्रकारनी सज्झायने विषे जो०व्यापार३ स०सदाइ अ०करे एहवो साधु सू०सूर सुभट व०जिम से०सेन्याइं करी मा०खडगादिक हथीयारें करी सम्म०सहित अथवा सू०सूरसुभट व०जिम से० चतुरंगी सेन्याइं करी रूंध्यो थको (घेरयो थको) सम्म०संपूर्ण षडगादिक मा०हथीयारे करी सहित अलं०समर्थ म०आपणा आत्माने हो०हुइं वइरी थकी उगारवा अलं०समर्थ हुइं परे०अनेराने उगारवा राखवा ए द्रव्य दृ-

ष्टांत कह्युं हवे भावदृष्टांत कहे छे ॥ सु०सूरसुभट व०तेहनी परेसाधु से०सेन्या चतुरंग कषायादिकरुप तेणे करी रूंध्यो हुतो सम्म०संपूर्ण तपादिकरुप माउ०हथीयार खग्गादिकें मप्प० आपणा आत्माने कषायादिक वइरीथी राखवा अलं०समर्थ हो०हुइं परे०वली अनेराने कषायादिकथी निराकरवा समरथ हुइ६२ सु०साधुनी कर्म्म टालवाने धीर्यरुप हाथी१ मनरुपघोमो२ सीलरुपरथ३ ज्ञानरुपभंडार४ सम्यक्तरुपप्रधान५ जीवरुपराजा ६ संजमनाभेद रुपपायक७ तपरुपहथीयार८ ध्यानरुपनेजा९ सझायरुपवाजीत्र१० कर्म्म वैरो जीतवा छकायरुप रहित राखवाने ए भाव संग्राम रच्युं छे एहज वली प्रगट करी देखाडे छे ॥ ६२ ॥

मुल—तवंचिमं संजम जोगयंच । सझाय जोगंच सया अहिठिए ॥ सूरेव सेणाए सम्मत्त माउहे। अलम प्पणोहोइअलंपरेसिं ॥ ६२ ॥

આ. ૬૨ ભાવાર્થ—તપે કરી, સંયમના યોગે કરી, પૃથ્વીયાદી છકાય જીવની રક્ષાયે કરી, સઝાયના યોગે કરી સહીત એહવા સાધુ, જે સુર સુભટ સેન્યાયે કરી આયુધે કરીને વૈરીને જીતવાને સમર્થ હોય તેમ [જીવ રૂપી રાજા, સમ્યક્ત રૂપી પ્રધાન, જ્ઞાનરૂપ ભંડારી, ધૈર્ય રૂપ હાથી, મન રૂપ અશ્વ—શીયળ રૂપ રથ, સતરે ભેદે સંયમરૂપ પાયદળ, સઝા રૂપ વાજીંત્ર, ધ્યાનરૂપ નિશાન એ પ્રમાણે છકાયના જીવરૂપ રૈયતની રક્ષાને માટે અને મોક્ષ રૂપ રાજદ્ધાની લેવા (અર્થે ભાવ સંગ્રામ કરી] કર્મરૂપી શત્રુને જીતવાને માટે સાધુ સમર્થ હોય તથા અનેરા સાધુને પણ કર્મથી ન્યારા કરાવવા સમર્થ હોય. ૬૨

अर्थः—सं०पांच प्रकारनी सज्झायरुप वाजीत्रने विषे सु०सुभध्यानरुप नेजाने विषे र०राता ता०छकाय रुप प्रजानो रखपाल साधु ॥ अ०नथी पापने विषे भा०परिणाम जेहनो एहवो त०तपनें विषे र०सावधान छे साधु ॥ वि०निर्मल करे जं०जे से०ते साधु म०ठ कर्म्मरुप मेलनें पु०पूर्व जन्मनां कं०कुपराज्यां केणे दृष्टांते ॥ व०जिम समी०वायरे करी उदेरुं रु०रुपानो म०मेलबाली रुपु निर्मल करे जो०अग्निकरी तिम जीव ते रुपु१ कर्म ते मेल२ तप ते अग्नि३ ध्यान ते वायु शुद्ध करे४ ॥६३॥ तथा समी०जिम वायरे प्रेरयो परहोकरयो रु० रुपानो म०मैल जो०अग्नि करी शुद्ध थाइ तिम साधु कर्म मेल टाले ॥ ६३ ॥

मुलः—सुज्झाय सुज्झाण रयस्स ताइणो । अप्पाव भावस्स तवेरयस्स ॥ विसुज्झई जंसे मलं पुरेकडं । समीरियं रूप्पमलंव जोइणा ॥ ६३ ॥

ગા. ૬૩ ભાવાર્થ—સઝાય કરવારૂપ વાજીંત્રને વિષે, સુભ ધ્યાનરૂપી નેજાને વિષે, સાવધાન છકાયરૂપ રૈયતનો રક્ષપાળ ને પાપને વિષે જેહનાં પ્રણામ નથી અને તપને વિષે રક્ત છે એહવો સાધુ પુર્વ ભવના કીધાં કર્મરૂપ મેલને ટાળવે કરી પોતાના આત્માને નિર્મળ કરે, જેમ સોની રૂપાનો મેલ વાયરે કરી તથા અગ્નીયે કરી બાળીને નિર્મળ કરે તેમ જીવ તે રૂપુ, કર્મ તે મેલ, તપ તે અગ્ની, અને ધ્યાન તે વાયુ, એ પ્રમાણે પોતાના આત્માને નિર્મળ કરે. ૬૩

अर्थः—से०ते साधु ता०पूर्वोक्त गुणे करी सहित ड०बावीस परीसहानो जीतणहार जि०प इंद्रोनो

जितणहार सु०सुत्र सिध्धांतनु श्रुतज्ञान तेणे करी जु०सहित अ०ममता रहित अ०परिग्रह रहित एहवुं साधु ॥ वि०सोभे क०कर्म्मरुप घ०मेघ ते वादल अवग०गये हुं ते केवलज्ञान रुपीयें सूर्य करी क०संपूर्ण सोलकला सहित अभ्प०आज्ञना ॥ पु०पडल ते वादल अव०गये हु ते व०जिम च०चंद्रमा सोभे तिम साधु सोभे सोल वचन(युक्तंच)वयणतिय३ लिंगतिय३ कालतियं३ तहपरोख्ख१ पचखं१ उवणीवाइंच उक्कं४ अभ्भष्ठंचेव सोलसमं१ सोलवचन सुद्ध बोलवानी कलाइं करो तिबेमि ॥ ६४ ॥

मुलः—सेतारिसे दुक्खसहे जिइंदिए । सुएणजुत्ते अममे
अकिंचणे ॥ विरायई कम्म घणंमि अवगए ।
कसिणब्भ पुडाव गमेव चंदिमे त्तिबेमि ॥ ६४ ॥

ગા. ૬૪ ભાવાર્થ—તે સાધુ પુર્વોક્ત ગુણે કરી સહીત પરિસહનો જીતણહાર, ઇંદ્રીયોને દમણહાર શ્રુત જ્ઞાને કરી સહીત, મમતાયે કરી રહીત, પરિગ્રહ રહીત, એહવો સાધુ જેમ વાદળા રહીત આકાસને વિષે સંપૂર્ણ સોળ કળાયે કરી ચંદ્રમા શોભે, તેમ કર્મ રૂપ વાદળાયે કરી રહીત અને સોળ વચન સુધ બોલવાનો સોળ કળાયે કરી સહીત એહવો નિર્મળો થકો શોભે. એમ સુધર્મા સ્વામીયે પોતાના જંબુસ્વામી નામના શીષ્યને આઠમા અધ્યયનનું ઉદાહરણ કહ્યું. ૬૪

पूर्वि आठमें अध्ययने पांच आचाररुप निधान कह्युं तेतो विनित पामे ते माटे नवमे अध्ययने विनयनां संबंध कहीइं छे ॥ ८ ॥

॥इति श्री आयरपडिणीहि अठम अझयणं सम्मत्तं ॥ ८ ॥

ઈતી આચાર રૂપ નીધાન નામે આઠમું અધ્યયન સંપૂર્ણ. ૮

अर्थः-थं०जात्यादिकने अहंकारें करी१ को०क्रोध ते क्षमा रहित तेणें करी२ म०आठ मदे करी३ प्प०प्रमाद निद्रादिके करी४ मय०अथवा माया थकी शक्तिवंत हुइ अने कहे जे मुझने शक्ति नथी ॥ एहवो च्यार बोल सहित साधु गु०उत्तम गुरुने स०पासे थकी वि०विनय मार्ग न०शीखे नहि ॥ सो०तेहज अहंकारादिक४ च्यारि त०तेह अविनीतने अ०विनयरुप शिष्यानो विनाश हुइ इहां एक दृष्टांत कहे छे ॥ फलनीपरे फ०फल व०जिम आगुं थकुं को०वांसने व०विनाश हो०उपजावे तिम जडमतिने गुण लक्षणरुप प्राणनो वध हुइ१ हवे तेह गुणना वधथी बोले ते कहे छे ॥ १ ॥

मुलः-थंभाव कोहाव मय प्पमाया । गुरुसगासे विणयं नसिक्खे ॥ सोचेवउ तस्स अभूइ भावो । फलं व कीयस्स वहाय होइ ॥ १ ॥

અધ્યયન૯ મું ઉદ્દેશો ૧ લો.

પુર્વે આઠમે અધ્યયને આચાર રૂપનીધ્યાન કહ્યું તેતો વનીત હોય તે પામે તે માટે નવમે અધ્યયનને વિનયનો અધીકાર કહીયે છીયે.

ગા. ૧ ભાવાર્થ—જાત્યાદીકના અહંકારે કરી, ક્રોધે કરી, મદે કરી ને પ્રમાદે કરી એહવા અવગુણે કરી સહીત અવનિત સાધુ ગુરૂની પાસે વિનય માર્ગ ન સીખે [તેહવા અવનીત સાધુને કેવી નુકસાની થાય ?] જેમ વાંસનું ફળ લાગ્યું થકું વાંસનેજ વિનાસ ઉપજાવે તેમ તે અવનિતને વિનયરૂપ શિક્ષાનો વિનાસ હોય ? ૧

अर्थः—जे०जे कोइ द्रव्य साधु मं०अविनीत शिष्य मूर्ख गु०गुरुने व०कहे तथा व०जाणीने ॥ ड०ए ड०बालिक छे अ०ए गुरु थोडुं ज्ञण्या छे इत्ति०इम न०जाणीनें ते अविनीत शिष्य ॥ ही०मूर्खादिक शब्दे करी हीले अमर्षइं करी कहे तु सबल महा मज्ञावंत इत्यादिक मि०मिथ्यात्व खोटो मतिने प०पामीने ॥ क०करि आ०आसातना ते०ते गुरुनी ॥ २ ॥

मुलः—जेयावि मंदेत्ति गुरुंवइत्ता । डहरेइमे अप्पसुएत्ति नच्चा ॥
हिलंति मिछ्ंपडिवज्जमाणा । करंतिआसायणतेगुरुणं ॥२॥

ગા. ૨ ભાવાર્થ—જે કોઇઅવનીતમુર્ખ ગુરૂને એમ કહે એ ગુરૂ થોડું ભણ્યા છે તથા ઉંમરે નાના છે, એમ જાણીને તે અવનીત શીષ્ય અવિનયરૂપ મિથ્યાત્વ પામીને તે ગુરૂની હેલણા ને અસાતના કરે. ૨

अर्थः—प०स्वभावे करी सहित थकी मं०मंद सीतल ताढा सांसतां सुंहाला भ०होइ ए०एक कोइक गुरुवादि गर्गाचार्यवत् तथा जाजल मान हुइ सेलग आचार्यवत् ॥ ड०वयें करी नाहना जे०जे गुरु सु०श्रुतज्ञाने करी? बु०बुद्धें करी उव०सहित महागीतार्थ हुइं ॥ आ०ज्ञानादिक पांच प्रकारे आचारे करी म०सहित गु०

मूलगुण उत्तरगुणने विषे सु०रूमोपरि ठि०रह्योछे अप्पा०आतमा जेहनो तथा गु०गुण क्षमाना दयाना ॥ विनयना तेहने विषे ठि०थाप्योछे अप्पा०आतमा जेणे एहवा गुरुने हीलवा नही जे०जे गुरुने ही०हील्या थकां स्युं करे सि०अग्नि व०तेहनी परें भा०भस्म कु०करे बाले एटले जिम अग्नि इंधणाना समोहने भस्म करे तिम ज्ञानादिक गुणना समूहने गुरुनो हिलणारुप अग्निभस्म करे ॥ ३ ॥

मुलः—पगईए मंदावि भवंति एगे । डहरावियजे सुय बुद्धोववेया ॥ आयारमंता गुण सु ठिअप्पा । जेहि लीया सिहिरिव भासकुज्जा ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—એકેક ગુરૂ વયે કરીને નાના છે પણ સ્વભાવના સોતળને સુંહાળા હોય તથા શ્રુત જ્ઞાને કરી બુદ્ધીયે કરી મહા ગીતાર્થ, વળી પંચ પ્રકારના આચારના પાળણહાર ક્ષમા દયા ને વિનયના ગુણને વિષે જેણે પોતાનો આત્મા સ્થાપ્યો છે એહવા ગુરૂની હેલણા કરવાથી અગ્નીની પેરે બાળે એટલે જેમ અગ્ની કાષ્ટના સમુહને ભસ્મ કરે તેમ જ્ઞાનાદીક ગુણના સમુહને ગુરૂની હેલણા રૂપ અગ્ની ભસ્મ કરે. ૩

अर्थः—हवे विशेषे बालक हीलवाना दोष कहिछि जे०जे कोई ना०सर्प्पने ड०बालिक न०जांणीने ॥ आ०लाकमी आदिकें खीजवें से०ते पुरुषने अ०अहितनुं कारण हो०हुई एटले मसीने प्राणनो त्याग करे ॥ ए०इम आय०आचार्य कारणे बालिक स्थापिउं हुं तो तथा गुरुने हु०निश्चे ही०हील्या थका ते अविनीत ॥

नि०पामे जाइं जा०जाति एकेंद्रीयादिक प०मार्ग्रगतिने विषे खु०निश्चे म०मूर्ख एटले अज्ञानी संसारमांहिजमे ॥

मुल:—जेयावि नागं डहरंति नच्चा । आसायए से अहिया

य होइ ॥ एवा यरियं पिहु हीलयंतो । नियच्छइ

जाइ पहं खु मंदो ॥ ४ ॥

गा. ४ ભાવાર્થ—હવે અસાતનાના અવગુણ ઉપમાયે કરી કહેછે. જે કોઈ મુર્ખ સર્પને નાનો જાણીને તેહને ખીજવે તે પુરૂષને અહેતનું કારણ હોય એટલે તે ડંસવાથી પ્રાણનો ત્યાગ કરે, તેમ અજ્ઞાનપણે કરી ગુરૂની હેલણા કરવાથી એકેંદ્રીયાદીક જાતીને વિષે જવાનો નિશ્ચય કરે. ૪

अर्थ:—हवे ए थकी विशेषे दृढ छे ते कहिछे आ०आसी विषसर्प दृष्टि विषसर्प वा०जिम प०अनेरा प्रति अतिहि रु०कोपे चड्यो थको ॥ किं०स्युं करे जी०आउषानो ना०नाश कु०करे पर०एटला उपरांत तु० वली कु०बीजुं कांइ नकरे ॥ आ०आचार्य जे पा०पूज्य छते पु०वली आसातना करवे करी अ०कोप पमाड्या थका ॥ अ०मिथ्यात्वनी प्राप्ति हुइं आ०जेहजणी आसातनाथी ॥ न०मोक्ष न पामे ॥ ५ ॥

मुल:—आसी विसो वा वि परंसु रुठ्ठो । किंजीविनासाउ

परंतु कुज्जा ॥ आयरिय पाया पुण अप्पसन्ना ।

अबोहि यासायण नत्थिमोक्खो ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—જેમ દ્રષ્ટી વિષ સર્પ કોપે ચડયો થકો અનેરાના જીવતવ્યનો વિનાસ કરે એથી વધારે શું કહેવું? જે આચાર્ય પુજ્ય છે તેની અસાતના કર્વે કરી કોપ પમાડયા થકા મિથ્યાત્વની પ્રાપ્તિ હોય ને અસાતનાથી મોક્ષ ન પામે. ૫.

अर्थः-हवे दृष्टांते करी कहे छे ॥ जो०जे कोइ पा०अग्निने ज०जाजलमान बलतोने म०चांपीनें चाले तेहने अग्निबाले ॥ आ०आसीविष सर्प दृष्टिविष सर्प अवि०जिम हु०निश्चे को०कोप्यो थको घात करे ॥ जो०जे कोइ वि०विषतालपुमादिक खा०खाइं जी०जीवदाने अ०अर्थे ते मरे ॥ ए०एज व०उपमा मा०आसातना गु०गुरुनी एटले ए त्रिण बोलनी परि नरगादिक दुखनुं कारण थाइं ॥ ६ ॥ इहां विशेष कहिछे ॥

मुलः-जोपावगं जलिय मुवक्कमेज्जा । आसीविसं वा वि
हु कोवएज्जा ॥ जोवावि संखायइ जीविअठी ।
एसोव मासायणयागुरुणं ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—હવે દ્રષ્ટાંત કહે છે. જે કોઇ જાજ્વલ માન અગ્ની ને પગે કરીને ચાંપે તેહુને અગ્નિ બાળે નિશ્ચે દ્રષ્ટી વિષ સર્પ કોપ્યો થકો ઘાત કરે, જે કોઈ વિષ ખાઇને જીવવાની અભીલાષા કરે [પણ તે મરણ પામે] એ ત્રણ ઉપમા ગુરૂની અસાતનાના કરણહારને જાણવી જેમ તે ત્રણ જણા દુખી થાય તે ગુરૂની અસમાતના કરવાથી નરકાદીક દુઃખનું કારણ થાય. ૬

अर्थः-सि०कदाचित् विद्याने बले बांध्याथी हु०निश्चे से०तें अग्नि नो०न बाले ॥ आ०आसी विषस र्पे कु०कोप्यो थको न०नडसे मंत्रादिकने बले ॥ सि०कदाचित्त चूर्णादिक जोगें तथा देवताने प्रभावे वि०विष हालाहलनामां खाधु थकु न०न मारे ॥ न०न पामे । मो०मोक्ष गु०गुरुने ही०हीलवे आसातना करवे करीने ७

मुलः-सिया हु सेपावय नोडहेज्जा । आसीविसोवा कुवि
उ नभक्खे ॥ सिया विसं हालहलं नमारे । नयावि
मोक्खो गुरुहीलणाए ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—કદાચિત્ તે અગ્ની•[વીદ્યાને બળે] ન બાળે, આસીવિષ સર્પ [મંત્રના બળે કરીને] ન મારે તથા તાલપુટ વિષ ખાધું થકું [દેવ પ્રભાવે કરી] ન મારે પણ અસાતનાનો કરણહાર અને ગુરૂની નિંધાનો કરણહાર નિશ્ચે મુક્તિ ન પામે. ૭

अर्थः-जो०जे कोइ मूर्ख प०पर्वतने सि०मस्तके करी भि०भांजवो मि०वांछे तेहनुं मस्तक भागे ॥ सु० सुता व०जिम सी०सीहने कोईक मूर्ख प०जगाडे ते मृत्यु पामे ॥ जो०जे कोइ मूर्ख द०दिये स०भालाना अ० अणी उपरि प०हाथना तथा पगना प्रहार ते हाथपग सतखंड थाइं ॥ ए०एउ व०उपमा जाणवी आ०आ-सातनाने विषे गु०गुरुनी एटले तेहनी परि डुखनुं कारण थाइं ॥ ८ ॥

मुलः-जो पव्वयं सिरसा भित्तुमिच्छे । सुत्तंव सीहं पडिबोह

एज्जा ॥ जोवादए सत्ति अग्गेपहारं । एसोवमा
सायणया गुरुणं ॥ ८ ॥

ગા. ૮ ભાવાર્થ—જે કોઈ મૂર્ખ પર્વતને મસ્તકે કરી ભાંગવા ઇચ્છે તો [તેહનું મસ્તક ભાંગે પણ પર્વતને કાંઈ થાય નહિ] જે કોઈ મૂર્ખ ભાલાની અણી ઉપરે પગનો પ્રહાર દીયે (લાત મારે) [તો તેહના પગ ના શત ખંડ થાય પણ ભાલાને કાંઈ થાય નહીં] એ ઉપમા ગુરૂની અસાતનાના કરણહારને જાણવી. ૮

अर्थः—सि०कदाचित मंत्र साधनाइं करी तथा वासुदेवादिक हु०निश्चे सी०मस्तके करी गि०पर्वतने ॥ भि०भेदे सि०कदाचित् मंत्रादिकनी समर्थाइए हु०निश्चे सी०जगामित्त सीह कु०कोप्यो हुनो न०न खाइं ॥ सि०कदाचित अणीधार बंधादिक मंत्रने जोगे न०न भेदिं ज०जे स०भालानुं अ०अणी ए तिन बोल कदाचि होइ पण ॥ न०न पामे मो०मोक्ष गु०गुरुनी हीला निंदा करवे करी ॥ ९ ॥

मूल—सिया हु सीसेण गिरिंपि भिंदे । सिया हु सीहो कुविड नभक्खे ॥ सिया नाभिंदे ज्ञवसत्ति अग्गं । नयावि मोक्खो गुरुहीलणाए ॥ ९ ॥

ગા. ૯ ભાવાર્થ—કદાચિત્ [વાસુદેવ તથા લબ્ધીવંત સાધુ તથા દેવતા પ્રમુખ] પર્વતને મસ્તકે કરી ભેદે

કદાચિત્ [સીયળાદીકનાં પ્રભાવે] સીંહ પણ ભક્ષણ ન કરે તથા [મંત્રના પ્રભાવથી] ભાલાની અણી ન વાગે પણ ગુરૂની હેલણા કરવાથી તો મુક્તી મળેજ નહી એવા દોષ જાણીને ગુરૂની અસાતના ન કરવી. ૯

अर्थः-आ०गुरु पा०पूज्यनी छे ते पु०वली अ०अप्रश्न क्रोधायमान करया थका ॥ अ०मिथ्यात्वनो प्राप्ति हुई आ०आसातना करवे करी, मो०मोक्ष न०न पामे ॥ त०ते माटि अ०मोक्षना सु०सुखना कं०अभिलाषी साधु ते ॥ गु०गुरुने प्प०हर्षवंत करीने तेहनी आज्ञाने विषे अभि०तेहना चित्तने अभिप्राय उद्यमवंत र०चालवुं वर्त्तवुं ॥ १० ॥

मुत्तः—आयरिय पाया पुण अप्पसन्ना । अबोहि या सायण नत्थि मोक्खो ॥ तम्हा अणाबाह सुहाभि कंखी । गुरु प्प सायाभिमुहो रमेज्जा ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—જે આચાર્ય પુજ્ય છે તેની અસાતના કર્વે કરી અપ્રસન્ન કોપ પામ્યા થકા મીથ્યાત્વ પામીયે અને અસાતના કરવે કરી મોક્ષની ગતી નથી તે માટે જે નિરાબાધ સુખના લેનાર સાધુયે તે કોપવંત ગુરૂને હર્ષવંત કરીને તેહના ચિતના અભીપ્રાયે ચાલે. ૧૦

अर्थः-केणे प्रकारि ते कहे छे ज०जिम हि०निश्चे अ०अग्नोहोत्री ब्राह्मण ज०अग्निने न०नमस्कार करे॥ ना०घणा प्रकारनी आ०आहूति मधु घृतादिकनो होम मं०मंत्रनां पद अग्नयेस्वाहा इत्यादिक जणी २ ने अ-

जि०सींचे होमे ॥ ए०इम अग्निनी परिइं आय०गुरुने उ०समीपे पासे चि०रहीने सर्वे विनय करे जिहां वि- हार करे तिहांपण गुरुनी आज्ञा पाले ॥ अ०अनंतज्ञान चउदपूर्व तेहने विषे उव०पहुतो थको तथा केवल ज्ञान पामीने केवली थको पण गुरुनी सेवा भक्ति विनय करे ॥ ११ ॥

मुलः—जहाहि अग्गि जलणं नमंसे। नाणाहुई मंत पयाभिसिंत्तं ॥ एवायरियं उवचिठएज्जा। अणंत नाणो वगउ विसंतो ॥ ११ ॥

ગા. ૧૧ ભાવાર્થ—જેમ અગ્નીહોત્રી બ્રાહ્મણ ઘણા પ્રકારની આહુતી મધુ ઘૃતાદીકનો હોમ કરી વેદપદના મંત્ર જાણીને અગ્નીને સીંચી નમસ્કાર કરીને સેવે તેમ સાધુ પણ આચાર્યની સમીપે રહીને તેહને સેવે અને જીહાં વિ- હાર કરે તીહાં ગુરૂની આજ્ઞા પાળે તે ક્યાં સુધી કે જ્યાં સુધી અનંત જ્ઞાન તે કેવળ જ્ઞાન પામીને કેવળી થકો પણ ગુરૂની સેવા ભક્તી વિનય કરે. ૧૧

अर्थः—ज०जे गुरुने अति०पासे ध०धर्मपद ते सिद्धांतनां पद सि०शिष्यो एटले सूत्र सिद्धांत भण्या व्रत पचखांण करया ॥ त०तेहने अंति०पासे रही वि०विनय वेयावच क०करे ॥ स०सत्कार द्ये आवो स्वामी! भले पधारया इम कहे सन्मान द्ये बइसवाने आसन आपे सि०मस्तकिं पं०हाथजोडी प्रणाम करे ॥ का०का याइं करी गुरुनां कार्य करे गि०वंचने करी तहत्ति प्रमाण करे गुरुनां वचन म०मनेकरी भलो जाणे पण वेठ

नजाणे नि०नित्यप्रति सदाकाल जावजीव लगें विनय गुरुनुं करवुं पण इम न करवुं जे सूत्र लेवानी वेलाए सतकारादिक दिइं पछे न दिइं ॥ १२ ॥

मुलः—जस्संतिए धम्मपयाइं सिक्खे। तस्संतिए विणइयं पउंजे ॥ सक्कारए सिरसा पंजलीउ । कायगिरा भो मणसायनिच्चं ॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—જે ગુરૂની પાસે ધર્મ માર્ગ સીખ્યો, સુત્ર સીધાંત ભણ્યો, તથા વ્રત પચખાણ કર્યા, તે ગુરૂની પાસે થકો વિનય વૈયાવચ્ચ કરે અને તેહને આવો સ્વામી ભલે પધાર્યા એમ સત્કાર દીયે. બેસવાનાં આસન આપવા રૂપ સન્માન દીયે, મસ્તકે હાથ જોડીને પ્રણામ કરે, કાયાયે કરી ગુરૂનાં કાર્ય કરે, વચને કરી ગુરૂનાં વચનને તહત પ્રમાણ કરે અને મને કરીને ભલુ જાણે પણ વેઠ ન જાણે એમ સદાકાળ વિનય કરે. ૧૨

अर्थः—हवे गुरुना गुण कहे छे गुरु केहवा छे॥ ल०लज्जावंत अपवादथी बीहे१ द०अनुकंपावंत२ सं०संजमवंत३ बं०ब्रह्मचर्ये करी सहित४ ॥ क०कल्याणनां जे स्थानक तेहना भा०अरथी कल्याणना करणहार वि०आत्माने निर्मल करवानुं ठा०थानक जे तप तथा ध्यान तेणे करी सहित ॥ एहवा थानक पाम्या छे जे०जे गुणवंत मे०मुझने गु०गुरु स०सदा निरंतर अ०जली सीखामण सीखवतां ॥ ते०तेहवा गुणवंत गु०गुरुने हुं स०सदाइंकाल पू०पूजु छुं मणमुंछुं वांछुं ॥ १३ ॥

मुलः—लज्जा दया संजम बंभचेरं । कल्लाण भागिस्स वि
सोहिगणं ॥ जेमे गुरु सययं अणुसासयंति । ते
हं गुरूं सययं पुययामि ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—હવે ગુરૂનાં ગુણ કહે છે. ગુરૂ કહેવા છે. લજાવંત છે, દયાવંત છે, સતરે ભેદ સંયમ સહીતછે બ્રહ્મચર્યે કરી સહીત છે, કલ્યાણના કરણહાર છે, આત્માને નિર્મલ કરવાનું સ્થાનક જે તપ તથા ધ્યાન તેણે કરી સહીત છે, એહવા નિર્મળ સ્થાનકને પામેલા છે તે ગુણવંત ગુરૂ મુજને નિરંતર ભલી સીખામણ સીખવે છે તેવા ગુરૂને હું સદાકાળ પુજુછું અને તેહવા ગુણવંત ગુરૂને નમસ્કાર કરૂંછું. ૧૩

अर्थः—ज०जिम नि०रात्रिने अंते०छेहडे प्रभात समये त०तेजवंत दे दीपमान अचि०हज्जारकिर्ण सहित सूर्य ॥ प०घणो उद्योत करे के०संपूर्ण भा०भरतक्षेत्रने विषे तु शब्दथी अनेरेक्षेत्रे पणि यथास्थिति अनुसारे ॥ ए०इम आय०आचार्यगुरु रुपीउ सूर्य उद्योत करे सु०सुत्रें करी१ सी०ब्रह्मचर्यें करी२ बु०च्यार बुधिइं करी ते रुप किर्णें करी तथा सी०भदोहसीले करी ॥ वि०सोभे व०जिम सु०देवता म०माहि इ०इंद्र तिम आचार्यगुरु सामान्य साधुमांहि सोभे ॥ १४ ॥

मुलः—जहा निसंते तवणि च्चिमाली । पभासई केवल भा

रहंतु ॥ एवायरिउ सुय सीलबुध्धिए । विरायई
सूर मझेवइंदो ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—જેમ રાત્રીને છેડે પ્રભાતની વેળાયે તેજવંત દેદીપ્યમાંન કીર્ણે કરી સહીત એવો સુર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રને વિષે ઉધ્યોત કરે, એમ આચાર્યરૂપી સુર્ય, શ્રુત જ્ઞાન રૂપ બ્રહ્મચર્યરૂપ બુધીરૂપ કિરણે કરીને ઉધ્યોત કરે. વલી જેમ દેવતામાંહી ઇંદ્રસોભે તેમ સામાન્ય સાધુમાંહી આચાર્ય સોભે. ૧૪

अर्थः—ज०जिम स०चंद्रमा को०कार्त्तिकी पूनिमनो सोल कलाइं सहित ते वली केहवो ॥ न०२८ नक्षत्र ता०तारा ६६ हजार कोमा कोमि ।९ सें कोमा कोमि ७५ कोमा कोमि तथा ८८ ग्रह तेहनें ग०समूहे प०परिवरयो एटले परिवारे करी सहित चंद्रमा ॥ ख०आकाशने विषे सो०सोजे वि०निर्मल अ०वादल मु० रहित घणो सोजे उद्योत करे ॥ ए०इम जिनमार्गरुप आकाशमांहि ग०आचार्यरुप चंद्रमा सो०ज्ञानरुप उद्योत करता सोजे ।जि०साधु ते ग्रह गण परिवार म०ते मांहि घणो रुमो दीसे ॥ १९ ॥

मुलः—जहा ससी कोमुई जोग जुत्ते । नक्खत्त तारा गण
परिवुडप्पा ॥ खे सोहई विमले अब्भमुक्के । एवं
गणी सोहई भिक्खु मझे ॥ १५ ॥

ગા. ૧૫ ભાવાર્થ—જેમ કાર્તિકી પુન્યમનો ચંદ્રમા, અઠાવીશ નક્ષેત્ર, અઠયાસી ગ્રહ, છાસઠહજાર નવસે પંચોતેર કોડાકોડી તારાને પરિવારે પરિવર્યો થકો, વાદળા રહીત આકાસને વિષે નિર્મળો થકો સોળ કળાયે કરી સોભે એમ જૈન માર્ગ રૂપ આકાસને વિષે સાધુ રૂપી ગ્રહ, ગણના પરિવારે પરિવર્યો થકો, આચાર્યરૂપ ચંદ્રમા જ્ઞાનરૂપ કળાયે કરી ઉદયોત કરતો થકો સોભે. ૧૫

अर्थः-ते आचार्य केह्वा छे म०मोटा आग०आगर ज्ञानादिक२ भाव रत्नना आ०एह्वां आचार्य म० मोटाऋषी मोक्षना अभिलाषी केणे करी ॥ स०ध्यान विशेषे करी तथा स०समाधिवंत१ जो०मन वचन कायाना भला जोग जेह्नार२ सु०बार अंगने भणवे करी३ सी०सीले करी४ बु०बुद्धेकरी५ सं०ते गुरुइं नीपजाव्याछे ज्ञानादिके करी का०ते सुखपामवाना अरथी॥अ०प्रधान मोक्षगतिना तथा सं०एह्वा ते आचार्य थकी सं०पामवानो का०अभि लाषी अ०प्रधान ज्ञानादिकनो तथा मोक्षनो आ०आराधे विनय करी ॥ ते आचार्यने तो०संतोषें वारंवार विनय करवे करी ध०धर्म निर्जरारुप तेह्नो का०अभिलाषी साधु ॥ १६ ॥

मुलः-महागरा आयरिया महेसी । समाहिजोगे सुय सी ल बुद्धिए ॥ संपाविउ कामे अणुत्तराइं। आराहिए तो सइधम्म कामी ॥ १६ ॥

ગા. ૧૬ ભાવાર્થ—જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નનો આગર છકાય જીવની દયાના પાળનાર જેના મન વચન કાયના ભોગ સમાધીવંત શ્રુત જ્ઞાને કરી સહીત બુધીવંત અને જ્ઞાન દર્શન ચારિત્ર તપે કરી પ્રધાન મોક્ષગતીનાં સુખ

નિપજાવ્યાં છે તથા તે મોક્ષના સુખના અર્થી છે એહવા આચાર્યને ધર્મનો અર્થી વિનયે કરીને વારમવાર સંતોષે ત્થા વિનયે કરી આરાધે. ૧૬

अर्थः–सु०सांभलीने मे०म्हाहो बद्धिवंत विनीत साधु सु०भलां वचन गणधरना त्रा०भाख्यां सु०सुश्रुखा सेवा भक्ति करे आ०गुरुनी म०प्रमाद रहित आलस त्यजीनें ॥ आ०आराधे गु०ज्ञानादिक अनेक गुणनें ॥ से०ते पा०पामे सि०मोक्ष म०प्रधान अनंत सुखने ति०इम श्री सुधर्मस्वामीइं बे०जंबू मते कह्यो १७

मुलः–सुच्चाण मेहावी सुभासियाइं। सुस्सूसए आयरि
य मप्पमत्तो॥ आराहइत्ताणं गुणे अणेगे। से पा
वई सिद्धि मणुत्तरं त्तिबेमि॥१७॥

ગા. ૧૭ ભાવાર્થ—ગણધરનાં ભલાં વચન ભાંખેલાં તે બુધીવંત સાંભળીને, પ્રમાદ તજીને, આચાર્યની સેવા ભક્તી કરે. વલી જ્ઞાનના, વિનયના, તપના, ક્ષમાના, દયાના, ઘણા ગુણને આરાધીને તે સાધુ ઉપમા રહીત ઉતમ એહવી સીધ ગતીને પામે. એમ સુધર્મા સ્વામીયે પોતાના જંબુ સ્વામી નામના શીષ્યને નવમા અધ્યયનના પેહેલા ઉદેશાનું ઉદાહરણ કહ્યું. ૧૭

पहिलें उद्देसे शिष्यने गुरुनो विनय करवो कह्यो ॥ बीजे उद्देसे तेहज विनय वृक्षने दृष्टांते करी कहे छे इ०इति वि०विनय स०समाधि नामे अ०अध्ययननो प०पहिलो उ०उद्देशो संपूर्ण ॥

॥ इतिश्री विणय समाही नामं नवमंऽज्झयणस्स पढमो उद्देसो समत्तो ॥ ए ॥ १ ॥

એ વિનયની સમાધી એહવે નામે નવમા અધ્યયનનો પહેલો ઉદ્દેસો સંપૂર્ણ.

अर्थः-दु०कल्पवृक्षना मू०मूल प्रथम होय१ मूल थकी पछे कंद होय२ खंध०कंद थकी पछे खंध थड होय३ प्प०ऊपजे खं०खंध थकी प०पछे ॥ स०ऊपजे त्वचा४ त्वचा थकी पछि ऊपजे सा०साखा मोटी डालि ५ सा०डालि थकी ऊपजे प०प्रतिसाखा नाहनी डालो६ वि०पछे नाहनी डालि थकी ऊपजे प०पांनडां७ ॥ त०तिवारे पछो अंकुरा पलव नोकले८ से०ते वृक्षने पल्लव थको पु०फुल होइ९ फ०पछे फल होइ१० र० पछे रस होइ११ ए इग्यार बोले करी वृक्षनुं दृष्टांत कह्युं ॥ १ ॥

मुलः-मूलाउ खंध प्पभवो डुमस्स । खंधाउपच्छा समुवेंति साहा ॥ साहा पसाह विरुहंति पत्ता । तउ से पुप्फंच फलं रसोय ॥ १ ॥

પેહેલે ઉદ્દેશે વિજેય કરવો કહ્યો તે વલી વૃક્ષની ઉપમાયે કરી આ બીજા ઉદ્દેશાને વિષે કહેછે.

ગા. ૧ ભાવાર્થ—મુળથી વૃક્ષનું થડ થયું, થડથી સાખા થઈ, શાખાથી પ્રતીસાખા (નાની સાખા) થઇ, પ્રતી-સાખાથી પાનડાં થયાં, તે વાર પછી તે વૃક્ષને અનુક્રમે પુલ ફળ મીઠો રસ થયો. ૧

अर्थः—हवे ए दृष्टांत धर्म्मने विषे मेळे छे एवं०ए प्रकारे एणी उपमाइं धर्म्म०धर्म्मरूपी या कल्प-वृक्षनुं विण०पंचावन प्रकारनो विनय अने समकितरूप मूल छे १ धीर्यरुपीउ कंद २ ज्ञान अने जस-रुपीउ खंध थइ छे ३ पांच महाव्रतनो २५ भावनारूप त्वचा छाल ४ पांच महाव्रतरुप साखा ५ पांचसुमति त्रिणगुप्तीरुपप्रतासाखा ६ धर्म्मध्यान शुक्लध्यान भला जोगरूप अंकुरा पल्लव ७ सतरभेदे संजम पांच इंद्रीना २३ विषयनुं जीतवुं ते पानमां ८ क्षमा तप सझाय सरलपणुं निरलोभता उत्तरगुण पचखाणरूप फूल सोलरुप फूलनी सुगंध ९ मोक्षरुप फल १० परमो०प्रधान रससमान से०ते धर्म्मरूपी या वृक्षनुं मोखो०मोक्षना सास्वता सुख ११ अथवा खंध सरीखा वैमानिक देवतानां सुख १ साखा सरिखा भवनपतिना सुख २ प्रतिशाखा तुल्य मनुष्यना सुख ३ जेण०जेह विनय थकी कि०पानडा तुल्य कीर्त्ति महिमा ४ सुयं०फूल समान श्रुत सिद्धांतनी प्राप्ति ५ सिग्घं०फल समान सलाघ्या समस्त प्रसंसानी प्राप्ति अथवा तीर्थंकर गणधरादिकनी पदवीनी प्राप्ति ६ रस ते मोक्ष७ (उक्तंच गाहा) विणउ सासणे मूलं विणउ निव्वाण साहगो विणयाउ विप्प मुक्कस्स कउ धम्मो कउतवो१ अविणाउ पणस्सइ नाणा इति गंचमोखाहेउ जेइलोए जसकीत्तिं पावइ मिछत्त संसारे२ तम्हा धम्मस्स दुमस्सउ विणउ मूलंच खंधअसुरत्तं साहा होइसुरत्तं पसा हसुकुमालो-पयाय ३ पत्त सम्मंजस कीत्तियं पुष्फस परमरसो सिद्धत्तं परमसुखं परम पयंच पावंति तम्हा चरित्तसारं विणउ वत्तचेस होयव्वं ५ इति वचनात् ।। नि०एटलां वांनां समस्त चा०पामे नि०अथवा मोक्ष चा०पामे विनयवंत२

मुलः—एवं धम्मस्स विणउ । मूलं परमो से मोक्खो ॥
जेण कित्तिं सुयंसिग्घं । निसेसं चाभिगछइ ॥ ७ ॥

ગા. ૨ ભાવાર્થ—એ ઉપમાયે ધર્મરૂપીઆ વૃક્ષને વિનયરૂપ મુલ, ધૈર્ય રૂપ થડ, મહાવ્રત રૂપ સાખા, અણુવ્રત તે પ્રતીસાખા, જ્ઞાનરૂપ પત્ર, સીયળ રૂપ પુષ્પ, મુક્તીરૂપ ફળ અને સીધનાં સુખરૂપ મધુર રસ, [જેહ વિનય મુળ ધર્મે કરી ખંધ સરીખા વૈમાનાદીક દેવતાના સુખ, સાખા સરીખા ભવનપતીના સુખ, પ્રતી સાખા તુલ્ય મનુષનાં સુખ, પાનડા તુલ્ય કીત મહીમા, પુષ્પ તૃલ્ય શ્રુત સીધાંતની પ્રાપ્તી, ફળ સમાન શ્લાઘા સમસ્ત પ્રસંસાની પ્રાપ્તી અથવા તિર્થંકર ગણધરાદીકની પદવીની પ્રાપ્તી રસતે મોક્ષ પામે.] ૨

अर्थ—हवइ अविनीतनें दोष कहे छे जे०जो कोइ चं०क्रोधी हुइं १ मि०मूर्ख अज्ञानी २ थ० अहंकारी हुइं ३ दु०मागा वचननो बोलणहार ४ नि०मायावीत ५ स०धूर्त्त ६ ए छ बोले करी सहित हुइ ते ॥ ब०बूडे संसार समुद्र मांहि से०ते अ०अविनीत अ०आत्मा केहनीपरें ॥ क०लाकडुं सो०पाणीना पूरमांहि ग०पड्युं हुतुं ज०जिम तणाइं तिम तिम तणाइ ३ तेम दुख पामे ॥ ३ ॥

मुलः—जेय चंडे मिएथद्धे । दुव्वाई नियडे सढे ॥
बज्झेई से अविणीअप्पा । कट्ठं सोय गयं जहा ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—હવે અવનિતને દોષ કહે છે. જે કોઈ મુર્ખ અજ્ઞાની હોય, અહંકારી હોય, દુષ્ટ વચનનો બોલણાર હોય, કપટી ધૂર્ત હોય તે જેમ પાણીના પ્રવાહમાંહી કાષ્ટ તણાય તેમ અવનિત આત્માનો ધણી સંસારરૂપી સમુદ્રમાંહી તણાય ને તે અવનિત આત્માનો ધણી એમ ઘણાં દુખ પામે. ૩

अर्थः—वि०विनय मारग सीखववाने निमित्तें एकांति, जो०जे कोइ गुरवादिक उ०उपाइं करी मुको-

मल वचने करी ॥ चो०सीखवतां थकां कु०रीस करें क्रोध करे न०अविनीत मनुष्य ॥ दि०देवता संबंधी तथा मनुष्य संबंधी सो०तेह सि०श्री लक्ष्मी मि०आवतो सो०ते मुर्ख अजाण ॥ दं०लाकडीइं करी प०ठेली काढे जिम स्वानने काढे तिम ज्ञान रूपणी लक्ष्मी क्रोध रुपीये दंड करी ठेली काढे तेहनें मूर्ख कहीए ४

मुलः—विणयंपिजो उवाएणं । चोईउ कुप्पई नरो ॥
दिव्वं सो सिरिमिज्जंति । दंडेणं पडिसेहए ॥ ४ ॥

गा. ४ ભાવાર્થ—જે કોઈ ગુર્વાદીક કોઈ ઉપાયે કરી, સકોમળ વચને કરી, વિનયરૂપ માર્ગને સીખવતાં ક્રોધ કરે, તે અવનિત નર કેવું કરે છે, જેમ મૂર્ખ અજ્ઞાની પ્રધાન લક્ષ્મી દેવીને ઘરને વિષે આવતાં લાકડીયે કરી પાછી વાળે છે!!! ૪

अर्थः—हवे अविनयना दोष कहे छे ते०तिमज अ०अविनीत अकह्यागरा अ०पसु तिर्यंच ते ॥ उ०उपन्या छें तथा उ०राजादिकनें वाहन जोग्य ह०घोडापणे ग०हाथीपणें ॥ दो०ते दीसे छे तृणादिक वहितां दु०दुख कलेश मे०पामता थका ॥ आ०चाकरपणें मु०पुहुता थका ॥ ५ ॥

मुलः—तहेव अविणी अप्पा । उववज्झा हया गया ॥
दीसंति दुह मेहंता । आभिउग मुवट्ठिया ॥ ५ ॥

ગા. ૫ ભાવાર્થ—હવે અવિનયના દોષ કહે છે. અવનિત આત્માવાલા અકહ્યાગરા પશુતિર્યંચ તે ઘોડાપણે હાથીપણે ચાકરપણે ઉપના છે તે અવનિત ને ભાર પ્રમુખ વેહેવાથી દુખ પામતાં થકા દેખો!!!૫

अर्थः—एहनेंज विनयनां फल देखाडे छे तं०तिमज सु०विनीत अ०तिर्यंच ॥ उ०राज वाहन जोग्य उपना छे ह०घोडापणें ग०हाथीपणें ॥ दी०दीसें छे सु०सुख मे०पामतां ॥ इ०रुद्धि प०प्राप्त एटलें भलां विभूषण भला स्थानक भला भोजननी प्राप्तिरूप. रुद्धिवंत म०मोटो ख्यातरुप य०जस ॥ ६ ॥

मुलः—तहेव सुविणी अप्पा । उववज्झा हया गया ॥
दीसंति सुहमेहंता । इढ्ढिंपत्ता महायसा ॥ ६ ॥

ગા. ૬ ભાવાર્થ—તેમજ વિનિત આત્માવાળા પશુતિર્યંચ ઘોડાપણે હાથીપણે ચાકરપણે ઉપના છે તે મહા યશવંત મોટા પદને પામેલા આભરણરૂપ રૂધી પામવે કરી સુખ પામતા થકા દેખો!!!૬

अर्थः—हवे अविनयनांफल मनुष्य आश्री देखाडे छे ॥ त०तिमज अ०अविनीत अ०आत्मा लो०इह लोकनें विषें न०पुरुष ना०स्त्री ॥ दो०देखो दु०दुख असाता मे०पांमता ॥ छा०चाबखादिकना महारे करो वि०कान नाक छेद्यां छे तेणें करी विगलेंद्रो एहवा थका ॥ ७ ॥

मुलः—तहेव अविणी अप्पा । लोगंसि नरनारीउ ॥
दीसंति दुहमेहंता । छायाते विगलिंदिया ॥ ७ ॥

ગા. ૭ ભાવાર્થ—હવે અવિનયનાં ફળ મનુષ્ય આશ્રી દેખાડે છે તેમજ અવનિત આત્માવાળા લોકને વિષે જે સ્ત્રી પુરૂષ છે તે કેવા દુઃખ પામે છે તે દેખો!!! તેહનું શરીર વિગલેંદ્રીય સરખુ છે, કાન નાક છેધા છે, તેણે કરી બોકડા સરીખા. ૭

અર્થઃ-દં०નેત્રાદિકના ડાંડાના પ્રહાર સ०खड्गादिक शस्त्रे करी प०दुर्बल जात पाम्या ॥ अ०अशुभ स्वर करकसादिक व०वचनें करी एहवा थका ॥ क०दिनपणानें पहुता छं०आपणा छांदा त्रि०रहित ॥ खु० भुख प्पि०तृषाए करी प०व्याप्या ॥ ८ ॥

मुलः-दंडसत्थ परिजुन्ना । असुन्नवयणे हिय ॥
कलुणा विवसछंदा । खुप्पिवासा परिगया ॥ ८ ॥

ગા. ૮ ભાવાર્થ—વળી લાકડીના પ્રહાર પામે, શસ્ત્રઘાતે કરી શરિર ઘણુંજ જીર્ણ થાય, અસુભ વચને કરી દુખ પામે, તેહના કોઇ અવગુણ બોલે તે સાંભલી પછી તેહને દીન વચન બોલીને ઘણા લોકનાં વિવિધ પ્રકારનાં અભીપ્રાય મન સાચવવાં પડે અને ઘણા લોકનો ઓસીયાળો થાય ને ક્ષુધ્યા ત્રષાયે કરી પીડાય એમ જાણીને અવિનય છાંડવો. ૮

અર્થઃ-त०तिमज सु०विनीत आत्मा ॥ लो०इहलोकने विषें न०पुरुष ना०स्त्री ॥ दी०देखो सु० सुख मे०पांमता जे विनीत हुइ तेहने गुरुवादिक तथा माता पिता सासु सुसरा तुष्टमान थाइ ॥ इ०रुद्धि लब्धिरुप लक्ष्मी पामें म०घणो य०जस पामें ॥ ९ ॥

मुलः—तहेव सुविणी अप्पा । लोगंसि नरनारीउ ॥
दीसंति सुहमेहंता । इड्ढिपत्ता महायसा ॥ ए ॥

ગા. ૯ ભાવાર્થ—તેમજ લોકને વિષે જે વનિત સ્ત્રી પુરૂષો હોય તેહને ગુર્વાદીક તથા માતાપીતા તુષ્ટમાન થાય અને ઘણો યસ ને લક્ષ્મીયે કરી વનિતને સુખ પામતાં દેખો!!! ૯

अर्थः—हवे विनय अविनयनां फल देवता आश्री कहिए छे ॥ त०तिमज अ०अविनीत अकह्यागरा अ०आत्मा ॥ दे०देव वैमानीक जोतषी ज०व्यंतर गु०गुह्यवासी (जवनपति) ॥ दी०मिथ्यांतरूपणी आंखे दीसे छे दु०दुख मे०पामता अनेरा देवतानी रुध्धि देखीने ॥ आ०आ चाकरपणें मु०रूपना छे ॥ १० ॥ ते परवसे दुखी छे ॥ १० ॥

मूलः—तहेव अविणीअप्पा । देवाजरकाय गुज्झगा ॥
दीसंति दुहमेहंता । आनिउग मुवठिया ॥ १० ॥

ગા. ૧૦ ભાવાર્થ—તેમજ અવનિત દેવતા ભવનપતી વાંણુ વ્યંતર જોતીષીને વૈમાનીક ચાકરપણું પામ્યા છે તે પરવસ થકા તેહને દુઃખ પામતા દેખો!!! ૧૦

अर्थः—एहनेज विनयनां फल कहे छे ॥ त०तिमज सु०सुविनीत अ०आत्मा एटले जन्मांतरि कीधुं गु-

रुवादिकनो ॥ विनय निरतीचार धर्मना आराधक दे०वैमानीक जोतीषी ज०व्यंतर गु०भवनपति ॥ दो० देखो सु०सुख मे०पामतां ॥ इ०मोटां कल्प विमानांदिकने विषे रुध्दि पं०पांम्या छे म०महा जसवंत छे. ॥११॥

मुल:–तहेव सुविणीअप्पा। देवाजरकाय गुझगा ॥
दीसंति सुहमेहंता। इढिंपत्ता महायसा ॥ ११ ॥

ગા. ૧૧ ભાવાર્થ—તેમજ વિનિત દેવતા ભવનપતી વાંણુવ્યંતર જોતષીને વૈમાનિક મહાયશને રૂધી પામ્યા છે તેહને સુખ પામતા દેખો!!! ૧૧

अर्थः-हवे विशेषथी लोकोत्तर विनयनां फल कहे छे ॥ जे०जे आ०आचार्यनां गुरुना उ०उपाध्यायना तथा आपणथी वडेरा तेहनी ॥ सु०सेवा भक्ति आहारादिक वैयावचना करणहार व०तेहना वचन प्रमाणना क०करणहार हुइं ॥ ते०ते पुण्यवंत शिष्यनो सि०ज्ञान१ महाव्रत२ ए प्रकारनो सिख्या प०वाधें केहनिपरें ॥ ज०पाणीइं करी सि०सींच्युं पा०वृक्ष वा०तेहनीपरें ॥ १२ ॥

मुल:–जे आयरिय उवझायाणं। सुस्सू सा वयणं करा ॥
तेसिंसिरका पवढंति। जलसित्ताइव पायवा ॥ १२ ॥

ગા. ૧૨ ભાવાર્થ—જે કોઈ આચાર્ય ઉપાધ્યાય પોતાથી દીક્ષાયે વડેરા તેહની સેવા ભક્તી વૈયા વચ કરે તથા

તેહના વચન પ્રમાણ કરે, તે શિષ્યને, જેમ પાણી સીંચવાથી વૃક્ષની વૃધી થાય તેમ બે પ્રકારથી શિક્ષાની વૃધી થાય, ૧૨

अर्थः–अ०आपणा आत्मानें ग०अर्थे इणे माहरी आजीवका हुस्ये प०पुत्रादिकनें ग०अर्थे निमित्तें ॥ सि०सोनारादिक सो १००शिल्प विज्ञान णि०७२ कलादिक सीखें सि०सोनार१ लोहार२ कुंभार३ चितारा४ तुनारा५ ए अकेकना ॥ वीस वीसभेद करतां वीसपंचां १०० भेद शिल्प नाथाइ गि०गृहस्थ भु० अन पानादिक भोगने ग०अर्थे सीखे ॥ इ०इहलोके संसारनां सुख पामवाने अर्थे ॥ १३ ॥

मुलः–अप्पणठा परठा वा । सिप्पाणे ऊणियाणिय ॥
गिहिणो उवभोगठा । इह लोगस्स कारणा ॥ १३ ॥

ગા. ૧૩ ભાવાર્થ—સંસારની કળા શીખવ્યા આશ્રી કહે છે. કોઇ કળાચાર્ય પોતાના સ્વાર્થે અથવા પરના બેટા પ્રમુખને અર્થે ચિત્રામણાદીક વિજ્ઞાન લખીત ગણીતાદીક બહોતેર કળા તથા સ્ત્રીઓની ચોસઠ કળા તે ગ્રહસ્થને ઈહ લોકને નિમિત્તે તથા ભોગને અર્થે શીખવે. ૧૩

अर्थः–जे०जे सिल्पादिक सीखवतां बं०रासमी आदिक बंधन व०चापखादिक वध घो०रौद्र खमतां दोहिला ॥ प०परितापनां दा०कठिन निर्भछनादिकथी ऊपनी ॥ सि०गुरुने समीपे सीखतां नि०एटलांवानां पामे जु०जे सिल्पशास्त्र लेवाने विषे जोग्य छे ॥ ल०राजादिकना पुत्र ल०तथा मनवंछित सुखना भोगवणहार ॥ १४ ॥

मुलः—जेण बंधं वहंघोरं । परियावंच दारुणं ॥
सिक्कमाणा नियच्छंति । जुत्ताते ललिइं दिया ॥ १४ ॥

ગા. ૧૪ ભાવાર્થ—વળી જેહની ઇંદ્રિયો સકોમળ છે અને ક્રિડાના કરણહાર એવા રાજકુમ.રાદીક તે વિનયે કરી યુક્ત થકા, કળા સીખવાને અર્થે તે કળાચાર્યનાં રાસડીનાં બંધન ખમે, લાકડીના છડીનાં માર ખમે, વળી કઠણ વચનની પીડા પણ ખમે. ૧૪

अर्थः—त०तेपणि त०ते गुरु वधादिकना करणहारने पु०पूजे ॥ त०ते सि०सिल्प शास्त्र सीखवा का०निमित्तें ॥ स०सत्कारदिइं वस्त्रादिके करी न०वली नमस्कार करें ॥ तु०हर्षवंत थका नि०आज्ञा प्रमाणे करे ॥ १५ ॥

मुलः—तेवि तं गुरुं पूयंति । तस्स सिप्पस्स कारणा ॥
सक्कारंति नमंसंति । तुट्ठा निद्देस वत्तिणो ॥ १५ ॥

ગા. ૧૫ ભાવાર્થ—તથા કળા વિજ્ઞાન સીખવાના કારણુ માટે તે રાજ કુમરાદીક સંતોષાણા થકા તે ગુરૂને પુજીને તેની સેવા કરે, વસ્ત્રાદીક દેવાથી સત્કાર કરી નમસ્કાક કરે, વળી આજ્ઞાકારી કિંકર થકા પ્રવર્તે. ૧૫

अर्थः—किं०घणुं स्युं पु०वली कहीइं जो०जे मु०सिद्धांतना गा०जाणणहार ॥ म०मोक्षनो का०अ-

त्निलाखी जेहथी मोक्ष पामीइं ॥ आ०आचार्य गुरु जं०जे व०कहे त्नि०शिष्यने ॥ त०ते माटे तं०ते गुरुनुं वचन ना०उल्लंघें नही सर्व प्रमाण करे ॥ १६ ॥

मुलः-किं पुण जो सुहगाही । अणंतहिय कामए ॥
आयरिया जंवए भिक्खु । तम्हा तं नाइवत्तए ॥ १६ ॥

ગા. ૧૬ ભાવાર્થ—એ પુર્વોક્ત રાજકુમરાદીક ઘણુંજ કષ્ટ સહન કરી કળાચાર્યની સેવા ભક્તી કરે છે તો ગુરૂની સેવા ભક્તીનું તો ઘણું કેહેવુંજ શું ? કારણ કે ગુરૂતો સીધાંત માર્ગ સીખવે અને જેહનાથી અનંતા હીતકારી સીધ ગતીનાં સુખ પામીયે, એમ જાણીને તે આચાર્યની તો સેવા ભક્તી ઘણીજ કરીયે અને તેહનાં વચન ઓલંઘીયે નહી અને તે વચન તહત્ત પ્રમાણ કરીયે. ૧૬

अर्थः-हवे विनयनो उपाय कहे छे ॥ नि०गुरुना सेज्याथी नीची सि०सिज्झा संथारारुप१ ग०चालवुं ॥ नीचें२ ठा०नीचो उभो रहे३ नी०नीचे आ०बाजटादि आसणें बेसे४ ॥ नी०नीचा नमीने पा०पगे वं०वांदे५ ॥ नी०नीचा थइने कु०करे अ०हाथ बे जोडी माथे चढावे ॥ १७ ॥

मुलः-नियं सेज्जं गइं ठाणं । नीयंच आसणाणिय ॥
नीयंच पाए वंदेज्जा । नीयं कुज्जाय अंजलिं ॥ १७ ॥

ગા. ૧૭ ભાવાર્થ—વળી ગુરૂના થકી શિષ્ય નીચે પથારી કરે તથા નીચી ભૂમિયે ઉભો રહે, નીચે આસને બેસે, નીચો નમીને ગુરૂના પગે વંદણા કરે, નીચા થઇને બે હાથ માથે ચઢાવી વંદણા કરે. ૧૭

अर्थः–सं०संघटु कीधो होय का०गुरुने कायाए करो ॥ त०तिम ड०वस्त्रादिकनें संघटो थयो हुइ तो इम कहे खमावुं छुं हे स्वामी ! ॥ ख०खमां मे०तुम्हे माहरो अ०अपराध ॥ व०कहे न०वली अपराध ४ नही करुं ॥ १८ ॥

मुलः–संघट्टइत्ता काएणं । तहा उवहिणामवि ॥
खमेह अवराहंमे । वएज्ज न पुणोत्तिय ॥ १८ ॥

ગા, ૧૮ ભાવાર્થ—કાયાયે કરી ગુરૂને સંઘટો કર્યો હોય તેમ ગુરૂનાં વસ્ત્રાદીકનો સંઘટો થયો હોય તો હે સ્વામી ! ખમાવુંછું, એ માહરો અપરાધ ખમો, હવેથી એમ અપરાધ નહિ કરૂં. ૧૮

अर्थः—हवे अविनीत उपरे दृष्टांत कहे छे ॥ ड०गलीया बलद प०प्रोणे करी ॥ चो०बोंध्यो थको व०चाले र०रथने विषे ॥ ए०इम ड०माठी बुद्धिनो धणी अविनीत शिष्य कि०गुरुनां कार्य आदर सहित नकरें ॥ तो किम करे वु०कह्युं२ प०काम करे वेठनी परे अण गमतुं ॥ १९ ॥

मुलः–डुग्गउ वा पउएणं । चोईउ वहइरहं ॥
एवंडुबुद्धि किच्चाणं । वुत्तो वुत्तो पकुव्वई ॥ १९ ॥

ગા. ૧૯ ભાવાર્થ—હવે અવનિત ઉપરે દ્રષ્ટાંત કહે છે. જેમ ગળીયો બળદ લાકડીના મારથી રથને વિષે ચાલે તેમ માઠી (ભુંડી) બુધીનો ધણી અવનિત શિષ્ય, ગુરૂનાં કાર્ય ઉમંગ સહીત ન કરે અને ગુરૂયે જે કામ કરવાનું કહ્યું હોય તે રાજાની વેઠની પેરે અણુગમતું કરે. ૧૯

अर्थः—आ०एकवार बोलावें गुरु ल०घणीवार बोलावे तो ॥ नि०आसणे बइठो न प०न सांभले किम सांभले ॥ मु०मुकीने ॥ आ०पोतातु बेसणुं धी०विनीत शिष्य धीर्यवंत ॥ सु०गुरुनी सेवा करतो विनय सहित प०सांभले ॥ २० ॥ काम नीपजावें. ॥२०॥

मुलः-आलवं तेलवंते वा । ननिसेज्जाए पडिसुणे ॥
मुतुण आसणं धीरो । सुस्सूसाए पडि सूणे ॥ २० ॥

ગા. ૨૦ ભાવાર્થ—હવે વિનીતના ગુણ કહે છે. ગુરૂયે એકવાર બોલાવ્યો થકો અથવા ઘણીવાર બોલાવ્યો થકો સજ્યાયે સૂતો થકો સાંભળે નહિ [મતલબ કે ગુરૂ બોલાવે કે તરતજ પોતાનું બેસણું મુકી) ધૈર્યવંત થકો ગુરૂની પાસે જઈ બે હાથ જોડીને હે સ્વામી ! શું કહોછો એમ ગુરૂની સેવા કરતો થકો સાંભળે અને જે ગુરૂનાં કાર્ય હોય તે કરે. ૨૦

अर्थः—का०काल सरदरूतादिक१ छं०इछारूप२ उव०आराधना कालरूप३ च शब्दथी मगधादिक देशेध ॥ प०जाणीने हे०जथा जोग्य कारणे करी ॥ तेण्तेणे तेणे उ०उपाइ ॥ तं०ते ते आहार उषधादिक सं०उपाइ करे इम सुविनीत गुरुनी सेवा करे ॥ २१ ॥

मुलः-कालं छंदो वयारंच । पडिलेहित्ताण हेउहिं ॥
तेणं तेणं उवाएहिं । तंतं संपडि वायए ॥ २१ ॥

ગા. ૨૧ ભાવાર્થ—વર્ષાદીક કાળના અવસરને, મનના અભીપ્રાયને, ગુરૂને આરાધવાના ઉપચારને એ સિવાય બીજા પણ વિનયના કર્તવ્યને જાણીને, ગુરૂની આજ્ઞા અંગીકાર કરીને, તે તે ઉપાયે કરી ને ગુરૂનાં અભીપ્રાયનાં કાર્યને નીપજાવે. ૨૧

अर्थः-वि०ज्ञानादिक गुणनो विनाश हुइं अ०अविनीतनें ॥ सं०ज्ञानादिकनी संपदा पामे वि०विनीत शिष्य होइ ते ॥ ज०जेहने एयं०ए ज्ञानादिक गुणनो प्राप्ति अप्राप्तिरूप दु०बेहु विनय अविनयथी ना० जाणोने ॥ सि०सिख्या से०ते साधु अ०पामे ॥ २२ ॥

मुलः-विवत्ती अविणीयस्स । संपत्ती विणयस्सय ॥
जस्सेयं दुहउनायं । सिखं से अभिगच्छइ ॥ २२ ॥

ગા. ૨૨ ભાવાર્થ—અવનિતને જ્ઞાનાદીક ગુણની હાણી હોય અને વનિત જ્ઞાનાદીકની સંપદા પામે. જેણે એ જ્ઞાનાદીક ગુણની પ્રાપ્તી અપ્રાપ્તી વિનય અવિનયથી જાણી હોય તે વિનયવંત આસેવણા સીક્ષા ને ગ્રહણા સીક્ષા પામે.૨૨

अर्थः-जे०जे दीक्षा लेइने चं०क्रोधी रीसाल हुइ१ म०आठमद करे२ इ०त्रिणिगारव करे३ पि०चा-

मोत्त होइ४ ॥ न०मनुष्य सा०अकार्य पाप करतो बीहे नही५ प०गुरुनी आज्ञा काम काज ही०हीणा करे ६ ॥ अ०नथी लाधनु ध०धर्मनो भेद सिद्धांतनो आचार७ वि०५५ प्रकारना विनयमार्गनो अ०अज्ञाण मूर्ख८ ॥ अ०साधुने संविभाग नकरे वस्त्र पात्र असनादिक नापें९ न०नहीज नपामे त०ते नव बोलना साधने मो० मोक्ष नथी ॥ २३ ॥

मुल:–जेयावि चंडे मय इड्ढिगारवे । पिसुणे नरेसाहसु
हीण पेंसणे ॥ अदिठ धम्मेविणए अकोविए ।
असंविभागी नहुतस्स मोखो ॥ २३ ॥

ગા. ૨૩ ભાવાર્થ—જે સાધુ ક્રોધી હોય, મદવંત હોય, ઋધીનો અહંકાર કરણહાર હોય, ચાડીગો હોય, પાપ કરવાને વિષે સાહસીકને ભૂડાં કામ કરતાં બીહે નહી, ગુરૂની આજ્ઞાનો લોપણહાર, ધર્મનો અજાણ, વિનયને વિષે અ-કુશળ, વસ્ત્ર પાત્રાંદીકના સંવીભાગનો અણ કરણહાર, તેહવા અવગુણના ધણીને નિશ્ચે મુક્તી નહોય. ૨૩

अर्थ:–जे०जे विनीत शिष्य गु०गुरुनी नि०आज्ञा व०प्रमाण करे पु०वली१ ॥ सु०सुत्र अर्थनो२ ध० दश प्रकारे जती धर्मनो जाण हुइ३ वि०विनय मार्गनो को०जाण हुइ ते४ ॥ त०तरीने ते०ते विनीत शिष्य उ०संसाररूपो या समुद्रनुं पुर मि०ए प्रत्यक्ष दु०तरतां दोहिलुं ते ॥ ख०क्षये करी क०८ कर्म्मनें गु०उत्तम म०गति सिद्धिरूपणी तिहां गइं०गया पहुता त्तिबेमि ॥ २४ ॥

मुलः–निद्देस वत्तीपुण ज गुरुणं । सुयछ धम्मा विणयंमि कोविया ॥ तरितु ते उघमिणं डुरुत्तरं । खवितु कम्मंगइ मुत्तमंगइं त्तिबेमि ॥ २४ ॥

ગા. ૨૪ ભાવાર્થ—ગુરૂની આજ્ઞાને પ્રમાણુનો કરણુહાર, સુત્રાર્થનો તથા દશ પ્રકારે યતી ધર્મનો ને વિનય માર્ગનો જાણુ હોય, તે વનિત શિષ્ય, જે સંસારરૂપી સમુદ્ર તરતાં દુક્કર છે તે તરીને, આઠ કર્મ ખપાવીને, ઊત્તમ સીધ ગતિંને વિષે ગયા ને જાય, એમ સુધર્માસ્વામીયે પોતાના જંબુસ્વામિ નામના શિષ્યને નવમા અધ્યયનના બીજા ઉદ્દેશાનું ઉદાહરણુ કહ્યું. ૨૪

बीजे उद्देशे वृक्षने दृष्टांते करी विनयना फल कह्यां तेहज वली आचार्यनी सेवा करतां पामीए ते माटे त्रीजे उद्देशे कहे छे ॥ इति श्री विनय स०समाधि ना०नामे न०नवमा अ०अध्ययननो बी०बीजो उद्देशो सं०संपूर्ण. ॥ २ ॥

॥ इति विणयसमाही नामंनवमं अज्ञयणस्सबीउ उद्देसो समत्तो ॥ ए ॥ २ ॥

ઇતિ બીજો ઉદ્દેશો સંપૂર્ણ. ૨

બીજે ઉદ્દેશે વૃક્ષને દૃષ્ટાંતે કરીને વિનયનાં ફળ કહ્યાં તેહજ વળી આચાર્યની સેવા કરતાં થકાં પામીયે તે માટે આ ત્રીજે ઉદ્દેસે તે કહે છે.

अर्थः—आ०आचार्य सूत्र अर्थना दातार पोताना गुरु तेहने अग्गि० अग्निइ व०तेहनीपरें सु शिष्य आराधे आहि०जिम अग्निहोत्री ब्राह्मण अ०अग्निनें आराधे ।। तिम आचार्य रुपणी अग्निनें आराधे सु०सेवा करतो थको प०दिवस रात्रि विचरे ॥ आ०आंखिनी समसादि यं०अंग चेष्टा मे०इम न०जाणीने आचार्यनी ॥ जो०जे शिष्य छं०गुरुनो अभिप्राय जाणीने आरा०आराधे नीपजावे स०ते शिष्य पु०पूजनीक थाइं ॥१॥

मुलः—आयरिय अग्गिमिवाहि अग्गी । सुस्सूसमाणो पडिजागरिज्जा ॥ आलोइ यंगियमेव नच्चा । जो छंदमाराहयईस पुज्जो ॥ १ ॥

અધ્યયન. ૯ મું ઉદ્દેશો. ૩

ગા. ૧ ભાવાર્થ—જેમ અગ્નીહોત્રી બ્રાહ્મણ અગ્નીને પુજે, તેમ વનીત શિષ્ય આચાર્યની ભક્તી કરતો થકો સાવધાન રહીને સેવા કરે, જે વનીત શીષ્ય ગુરૂના નેત્રની, શરીરની ચેષ્ટાને જાણીને ગુરૂના અભીપ્રાયને આરાધે તે શિષ્ય પુજનીક થાય. ૧

|| सु०स

अर्थः—आ०ज्ञानादिक ५ आचार पामवानें म०अरथें वि०विनयकार्य काम प०करे '' ।श्रुषा क-
रतो विनय सहित श्री गुरु स्युं कहिस्ये इम गुरुनुं व०वचन प०तहत्ति कही धारीने ते शिष्य ॥ ज०जिम गु-
रुइं कह्यो छे कार्य तिमज नीपजावे अ०माया रहित श्रद्धा सहित हर्ष धरीने वांछता गु०गुरुनी तु०वल्ली ॥
आसा०आसातना न करे स०ते शिष्य पु०पूजनीक थाइं ॥ २ ॥

मुलः—आयार मठा विणयंपउंजे । सुस्सूसमाणो परिगि
झवक्कं ॥ जहो वयठं अभिकंखमाणो । गुरुंतु ना
सायई स पुज्जो ॥ २ ॥

ગા. ૨ ભાવાર્થ—ગુરૂના વચન સાંભળવાની ઈચ્છા કરતો થકો આચારને અર્થે વિનય કરે. ગુરૂના વચનને ગ્ર-
હીને જેમ ગુરૂયે કહ્યું હોય તેમ ઈચ્છતો થકો ગુરૂની અસાતના ન કરે તે શીષ પુજનીક હોય. ૨

अर्थः—रा०जे गुरु ज्ञाने करी रत्न सरीखा वि०तेहनो विनय प०करे ॥ ड०वये करी बालिक नान्हा
छे जे०जे गुरु प०दीक्षाइं करी जे०वमेरा छे तेहनो विनय करवो ॥ नि०नीचपणे नमणीक गुण धरीने व०म
र्त्ते स०सत्यवचन बोलतो ॥ उ०सदा गुरुनें समीपे रहे व०गुरुनुं वचन प्रमाण करे स०ते शिष्य पु०पूज-
नीक थाइ ॥ ३ ॥

मुलः—रायणिए सु विणयं पउंजे । डहराविय जे परिया

य जेग ॥ नियत्तणे वट्टइ सच्चवाई । उवायवं वक्क
करेस पुज्जो ॥ ३ ॥

ગા. ૩ ભાવાર્થ—જે ગુરૂ ઊમરે કરી નાના હોય પણ દીક્ષાએ કરી વડેરા અને જ્ઞાને કરી રત્ન સરીખા છે. તેહુનો વિનય કરવો. તથા નમ્રતા ગુણ ધરીને સત્યવાદી ગુરૂની સમીપ રહ્યો થકો ગુરૂના વચનને તહતનો કરણહાર તે શિષ્ય પુજયનીક હોય. ૩

अर्थः—अ०अण उलखीता कुलनें विषे उ०गाइनीपरें थोडुं थोडुं च०लिइं वि०४२ दोष रहित किसे अर्थें ॥ ज०संजम भार वहिवाने ठ०अर्थे स०सामुदाणी गोचरी करे पण ए माहरो ने ए पारको इम फेर नकरे नि०सदाकाल लगे ॥ अ०आहारादिक अण लाधे नो०खेद नकरे हुं अभागीउ अथवा ए कुदेश इत्यादिक गृहस्थना अवगुण न बोले ॥ ल०आहारादिक पामीने न०गृहस्थना गुण कीर्त्तन नकरे स०ते शिष्य पु०पूज्यनीक थाइ ॥ ४ ॥

मुलः—अन्नाय उंछं चरई विसुद्धं । जवणठ्या समुयाणंच
निच्चं ॥ अलद्धुयं नो परिदेवएज्जा । लद्धुं नवि कं
थयई सपुज्जो ॥ ४ ॥

૪ ભાવાર્થ—ગૃહસ્થને અણ જણાવતો થકો સામુંદાણી નિર્દોષ આહાર થોડો થોડો નિર્વાહને